દુવા નાંમસેતાએશને

તરજુમો તથા સરેહ સાથે.

શેઠ નવરોજજી ફરદુનજીની ઈઆદગારીનો
ઈનામનો રીસાલો.

બનાવનાર—એરવદ ખુરશેદજી મીનોચેરજી કટેલી,
સર જમશેદજી જીજીભાઈ જરતોશતી મદરેસાનો શીક્ષક અને શીષ્ય.

સઘલા જરથોસતીઓને વાકેફ થાવા શારૂં રાહાનુમાએ
માજદીઅશના સભાની કારોબાર મંડલીએ છપાવી
પરગટ કરેઓછે.

એ સભાનું પુસતક ૪ થું—આંક ૨ જો.

મુંબઈ,

દફતર આશકારા છાપાખાના મધે
બેહરાંમજી ફરદુનજીની કુંપનીએ છાપીઉં છે.
કોટ—બેહરામજી હોરમજજી સ્ટ્રીટ, નાં૦ ૬ તથા ૧૧.

સને ૧૨૪૧ ઇઅજદેજરદી.
સને ૧૮૭૨ ઇશાવી.

દીબાચો.

રાહાનુમાએ માનદીઅશનાં સભાની કારોબાર મંડલીએ એ મંડલીના આગલા સરનશીનની ઇઆદગારી રાખવા સારૂં કરેલા ઠરાવ મુજબ એક જાહેર ખબર પરગટ કરાવીને "નવરોજજી ફરદુનજી ઇનામનો રીશાલો" જરથોશતીઓ પાશેથી માંગેઓ હતો અને શરવેથી સરશ લખનારને રૂ૫૦૦) નું ઇનામ આપવા જણાવેઉં હતું. એ રીસાલાની બાબદ "દુવા નામસેતાએશને" (તરજુમો તથા શરેહ) એ પરમાંણે જણાવી હતી. એ રીસાલો લખવાની શરત હેવી કરવામાં આવી હતી જે તે ગુજરાતી ભાશામાં લખવો અને લખનારે નામસેતાએશને મધેનો અસલ એબારતમાં દરેક ફકરો લઈને જરથોસતી ફેરકાનાં લોકોને સમજ પડે હેવી રીતે તેનો ગુજરાતી તરજુમો તથા જરૂર જોગ હોએતો તે તરજુમાને લગતો ખોલાશો આપવો અને જરથોશતીઓની એ એબાદત ઉપરથી માનદીઅશની દીનનાં જે કાંઇ તરીકા, કાનુન અને ફરમાનો તથા નીતી સંબંધી ગણેઆન જાએજ થાએછે તે શઘલું સરેહ સાથે તથા લખનારનાં પોતાની તરફનાં વીચારો સુધાં જણાવવું અને તે તરીકા, કાનુન, ફરમાનો અને નીતીનાં વચનો વીશે રશીલી અને ઉલટ ભરેલી ભાશામાં આલમનાં લોકોને બોધ આપવો તથા એ રીસાલાની એબારત સેહેલી અને જરથોશતી લોકો વચે સારીપઠે સમજ પડે એવી લખવી.

હેવી રીતની જાહેર ખબર ઉપરથી નીચે જણાવેલા "મોટો" અથવા નીશાન શાથ ૮) રીસાલા આવેઆ હતા.

૧. આથરવન નાંમ હમી.
૨. ઉઠ પરભાત ભયો કર સાહેબ સેવા.
૩. હુમતે અહમે
૪. નોશીરવાન.
૫. જમશીદ.
૬. રેહેશે માતર ખોદા તાહારૂ એક નામ.
૭. સેતાઇશ સજાવારે જાતે ખુદાસ્ત.
૮. અનેમ અહુરહે મજદાઓ સ્તૌત અહમી.

એ સરવે રીસાલાઓ તપાશીને સરવેથી સરસ લખનારને રૂપીઆ ૫૦૦) નું ઇનામ ઠેરવી આપવાને સારૂ રાહાનુમાએ માનદીઅશના સભાની કારોબાર મંડલીએ હેઠલ જણાવેલા ગરહસથોની એક કમીટી ઠેરવી હતી.

૧. દસતુરજી સાહેબ પેશોતનજી બેહરાંમજી શનજાણા.
૨. દસતુરજી સાહેબ હોશંગજી જામાશપજી જામાશપ આશાનાં.
૩. શેઠ ખુરશેદજી રૂશતમજી કાંમાજી.
૪. શેઠ હોરમનજી દાદાભાઈ પલીડર.
૫. શેઠ જાંહાંગીરજી હોરમનજી પંથકી.

આએ કમીટીએ મેહેરબાંનીની રાહે તસદી લેઇ સરવે રીસાલાઓ તપાશીને "અજેમ અહુરહે મજદાઓ સ્તૌત અહમી" નાં "મોટો" નો રીસાલો ઈનામને લાએક ઠેરવેઆથી એ મોટોનું પરબીડું ઉઘાડવામાં આવેઉં અને તે ઉપરથી લખનારનું નામ "એરવદ ખુરશેદજી મીનોચેરજી કટેલી તે સર જમશેદજી જીજીભાઈ બારોનેટની જરથોશતી મદરેશાના વીદીઆરથી" નું નામ જાહેર પડેઉં.

તપાશ કરનાર શાહેબોને એ અશલ રીસાલામાં કેટલોએક ફેરફાર કરવાની અગત માલમ પડવાથી રાહાનુમાએ માજદીઅશનાં શભાની કારોબાર મંડલીએ દશતુરજી સાહેબ પેશોતનજી બેહરાંમજી શનજાણાને અરજ કીધાથી તેઓએ તસદી લેઈને એ રીસાલો ફરીને તપાશેઓ હતો અને તેમાં ઘટતું ફેરફાર કરાવીઉં હતું.

આએ રીસાલો જરથોશતી ફેરકાનાં સાહેબોની હજુર મેલતાં રાહાનુમાએ માજદીઅશનાં સભાની કારોબાર મંડલી ઇઆદ આપવાને રજા લીએછે કે આગલ એજ એરવદ ખુરશેદજી મીનોચેહેરજી કટેલીએ "પરસતેશ કરવાને લાએકનો એકલો પરવરદેગારછે" એ બાબેનો નવરોજજી ફરદુનજી ઈતામનો રીસાલો લખેઓ હતો જે એ શભાના પુસતક ૨ જાં, આંક ૬ ઠાનાં ચોપાંનીઆમાં પરગટ કરવામાં આવેઓછે.

આએ રીસાલાને શફે ૩૯ પછે ચહડતા આંક જોવામાં આવશે તે આંક મુજબ રીસાલો બનાવનારે છુટા સફાઓમાં અવસતા પેહલવી વગેરેની ગુવાહી તેની અસલ એબારત સાથે આપીછે કે જેથી વાંચનાર સાહેબોને વધારે શારી રીતે સવલ પડે.


રોજ ૩૦ મો માહા ૧૧ મો શેહેનશાહી, માહા ૧૨ મો કદમી સને ૧૨૪૧ ઈઅજદેજરદી. તા૦ ૧૬ મી આગસટ સને ૧૮૭૨ ઇશવી.

પેશતનજી દાદાભાઈ,
રાહાનુમાએ માજદીઅશનાં સભાનો
સેક્રેટરી.

સાંકલીઉં.

પાને.

સાંકલીઉં નોટોનું.



યજશને.

હા.	ફકરો.	નોટનો નાં.	પાને.
૧	૧	૯	૧૩૧
૧	૧	૧૨	૧૩૨
૩	૨૧	૩૪	૧૩૯
૯	૧૫	૭૨	૧૫૮
૧૦	૯	૯૭	૧૭૭
૧૧	૧૭	૪૯	૧૪૫
૧૨	૧	૪૨	૧૪૨
૧૨	૬	૪૦	૧૪૧
૧૨	૮	૪૮	૧૪૪
૧૨	૯	૪૩	૧૪૨
૧૬	૮	૨૬	૧૩૭
૧૯	૧૦	૮	૧૩૧
૨૨	૨૫	૪૪	૧૪૩
૨૮	૫	૩૨	૧૩૯
૨૮	૫	૫૪	૧૪૬
૨૮	૬	૪૫	૧૪૩
૨૮	૧૧	૪૭	૧૪૪
૨૮	૧૨	૪૭	૧૪૪
૨૯	૭	૨૯	૧૩૮
૨૯	૮	૩૦	૧૩૮
૩૧	૮	૫૩	૧૪૬
૩૬	૧	૪૧	૧૪૨
૩૬	૫	૫૨	૧૪૫
૩૭	૧	૨૩	૧૩૬
૩૯	૪	૯૬	૧૭૬
૪૨	૬	૮૦	૧૬૨
૪૪	૩	૨૨	૧૩૫
૪૪	૪	૨૨	૧૩૫
૪૬	૧૧	૫૫	૧૪૬
૪૬	૧૫	૨૫	૧૩૬
૪૭	૨	૧૫	૧૩૩
૫૦	૮	૯૪	૧૭૬
૫૧	૮	૨૪	૧૩૬
૬૮	૧૧	૫૭	૧૪૭
૭૧	૭	૬૫	૧૫૧
૭૧	૮	૬૫	૧૫૧

વીસપરદ.

હા.	ફકરો.	નોટનો નાં.	પાને.
૨	૪	૧૦	૧૩૨
૨૦	૨	૫૦	૧૪૫

વંદીદાદ.


પ.	ફકરો.	નોટનો નાં.	પાને.
૨	૪૨	૮૮	૧૬૯
૪	૪૪	૮૧	૧૬૩
૪	૪૫	૮૧	૧૬૩
૧૩	૩	૫૧	૧૪૫
૧૯	૧	૬૬	૧૫૨
૧૯	૨	૬૬	૧૫૨
૧૯	૩	૬૬	૧૫૨
૧૯	૭	૪૬	૧૪૩
૧૯	૨૯	૫૬	૧૪૭
૧૯	૩૦	૮૪	૧૬૭
૧૯	૩૧	૮૫	૧૬૮
૧૯	૩૨	૨૧	૧૩૫
૧૯	૩૨	૮૬	૧૬૮
૧૯	૪૩	૬૬	૧૫૨
૧૯	૪૪	૬૬	૧૫૨
૧૯	૪૫	૬૬	૧૫૨
૧૯	૪૬	૬૬	૧૫૨
૧૯	૪૭	૬૬	૧૫૨

હોરમજદ યશત.

ફકરો.	નોટનો નાં.	પાને.
૧	૧	૧૨૬
૨	૧	૧૨૬
૩	૨	૧૨૭
૪	૩૭	૧૪૦
૯	૩	૧૨૭
૧૨	૯૩	૧૭૫
૧૩	૯૩	૧૭૫
૧૪	૯૩	૧૭૫
૧૪	૧૩	૧૩૩
૧૫	૯૩	૧૭૫
૧૬	૪	૧૨૭
૧૭	૪	૧૨૭
૧૮	૪	૧૨૭
૧૯	૪	૧૨૭
૨૫	૧૬	૧૩૩
૨૬	૭	૧૩૧
૨૮	૨૭	૧૩૭
૨૮	૨૮	૧૩૮
૩૧	૩૬	૧૪૦

આવાં યશત.

ફકરો.	નોટનો નાં.	પાને.
૩૩	૭૦	૧૫૭
૩૪	૭૦	૧૫૭
૩૫	૭૦	૧૫૭
૩૭	૬૭	૧૫૫
૩૮	૬૭	૧૫૫
૬૮	૯૦	૧૭૧
૬૯	૯૦	૧૭૧
૭૦	૯૦	૧૭૧
૮૮	૩૧	૧૩૮
૮૯	૩૧	૧૩૮
૧૦૮	૯૦	૧૭૦
૧૦૯	૯૦	૧૭૦
૧૧૦	૯૦	૧૭૦



દુવા નાંમસેતાએશને

તરજુમો તથા શરેહ સાથે.

દુવા નામસેતાએશનેનું નામ.

નામ સેતાએશનેની બંદગી, કે જેને, આપણ જરતોશતીઓ આજ લામબી મુદત થઈ, પાંચે વખતની અવસતાની બંદગીથી ફારેગ થાએઆ પછે, પઢતા આવીઆ છઈએ, તે ખાલેસ પાજંદ જબાનમાં લખાએલીછે. એના સઘળા ભાગો, દાદગર દાદાર હોરમજદની તરફથી આપણ બંદાઓ ઉપર જે અપાર અને અમુલીઅ બખશેશો હરપલે ઉતરેછે, અને જે બેહદ અને બેકીમત નેયામતોથી આપણે આએ દુનીઆમાં શુખ ભોગવીએ છેઈએ, તેનો આભાર માનવાનાં બાબમાં લખાએલાછે; તેમજ તે મોટી શકતીવાળા સાહેબે, આપણ માણુસ જાતનાં ગુજરાન અને શુખને અરથે, દુનીઆની તમામ પેદાએશને જેવી બેકીમત તેવીજ જથાબન, અને જેવી ઘણી જરૂરની તેવીજ મુફત મલી આવે એવી, જાહાં જાહાં ઈનસાનનું કદમ તાહાં તાહાં પેદા કીધીછે, અને કરેછે, તેનાં હેસાનમાં તે મોટા દીલવાળા માહ શકતીવાન સાહેબની જનાબમાં આપણે પોતાનું સર નમાવી, તે રેહમદીલ ખાવંદની સતુતી ગાઈએ; અને તેની મોકલેલી બરહક દીન ઉપર ખરાં અંત:કરણથી ઉસતવાર રહીને ભલા કાંમો કરવાની કબુલાતો આપીએ; એવા બાબમાં રચાએલાછે. એથી એ બંદગીને મથાલે 'દુવા' એવો બોલ જે વીશેશન તરીકે લખવામાં આવીઓછે, તે પાછળથી જેયારે અરબોના દોરમાં ફારસી ભાશામાં અરબી શબદો ભેલાયા તેયારે એને લાગુ પડેલો ધારવામાં આવેછે; કેમકે એ બોલ અરબી ભાશાનોછે, અને નામસેતાએશનેની બંદગી ખાલેસ પાજંદ જબાનમાં

લખાઇછે, તેમા 'સેમેટીક' ભાશાઓનો એકબી બોલ વાપડીઓ ન થી. વળી પેહલવી જબાનમાં જોકે સેમેટીક ભાશાનાં ઘણા શબદો આમેજ થએલા આપણુને મલેછે, તો પણુ તેમાં "દુવા" નો બોલ માહરા અભીઆસમાં આજદીન સુધી મહને નજરે આવીઓ નથી. એ ઉપરાંત પાજંદનાં વખતમાં આપણા ઈરાની નીઆગાનો એ જેમ બને તેમ પોતાની ભાશામાં વપરાતા સેમેટીક શબદોને વાપર વશમાંથી કાહાડી નાખીઆછે. આએ બીના ધેયાનમાં લેતાં આવી ખાલેસ પાજંદ બંદગીનું નામ તેનો રચનાર અરબી શબદથી, તેબી વળી તેને નહી લાગુ પડતો આપે, એ માનવામાં આવતું નથી. હવે માહરે જણાવવું જોયેછે કે આએ બંદગીનું અસલ નામ 'નામસેતા એશને' કરીનેછે, તે એ બંદગીની શરૂઆતનાં બોલ ઉપરથી આપવામાં આવીઉંછે. ઈરાની જરતોશતીઓની પઢવાની ફારસી અખશરે છપાએલી ખુરદેહ અવસતામાં એ બંદગીનું નામ કોઈમાં 'નામસેતાએશને' અને કોઈમાં 'સેતાએશને ખોદા' એમ આપેલું મલેછે; જે ઉપલી બાબતને મદદ કરેછે. વળી એ બંદગીના આપેલા ખુદ નામનો અરથ, તેમજ એ બંદગીના સઘળા ભાગોની ઉપર આપેલી મતલબ, એ બેહુ આપણુને બોધ આપેછે કે એ બંદગીમાં ફકત અશો હોરમજદના નામની સતુતીછે. એબી દેખાડી આપેછે કે, એ બંદગીનું અશલ નામ દુવા નામસેતાએશને નહી, પણુ નામસેતાએશને આપેલુંછે. એથી આપણુને હાલમાં જે હાથે લખેલાં અને છાપેલાં પુસતકોમાં એ બંદગીને મથાલે દુવાનો શબદ લખાએલો મલેછે, તે બેશક પાછળા વખતનોછે. ઉપલી તપાસ મુજબ એ બંદગીને 'દુવા નામસેતાએશને' લખવાને બદલે 'નામસેતાએશનેની બંદગી' એમ લખવામાં આવેતો વધારે વાજબી ગણાએ.

એ બંદગીનું અસલ મુલ.

એ સતુતીને, પાજંદ ભાશાનાં આપણા જરતોશતી ઓલમાએ પોતાના મગજમાંથી જોડી કાહાડીને લખીછે, કે કોઈ એવી બંદગી પાજંદ વખતના ઉપરના જમાનાની આપણી કોઈબી ઈરાનની જબાનોમાં કે ખુદ આપણા પાક અવસતામાં લખાએલી હતી? જેનો, તે પછેની ઉતરતી જબાનોમાં તરજુમો થતો ચાલી આવી આપણી પાસે

છેલો પાજંદ ભાશાનો તરજુમો બચી રહેલોછે, એ જાણવાની ઘણુ ખરા જરતોશતીઓની ખાહેશ હશે.

તપાસ લેતા માલમ પડેછે કે આપણી પાસે જે હાલ અવસતાનાં પુસતકો બચી રહયાંછે, તેની અંદર એ નામસેતાએશનેના જેવી મુસ લસલ એબારતમાં રચેલી આખી બંદગી આપણને મલી આવતી ન થી; કે જે ઉપરથી આપણે એમ ધારીએ કે અવસતાના વખત પછેની આપણી ઈરાની ભાશાઓમાં એક પછે એક ઉતરતી જબાનોમાં તરજુ માઓ થઈ, છેલલો પાજંદ જબાનમાં તરજુમો થઈ અટકાવ પામી ઓછે; જે આપણી પાશે હાલ શુધી બચી રહયોછે.

અવસતાનાં વખત પછે, એટલે આપણા કયાની પાદશાહોના દોર પછે, ઈરાન દેશમાં આપણા 'હખામેનીશ' નસલના જરતોશ તી પાદશાહોની હકુમત ચાલુ થઈ હતી, તે વેલા ઈરાન દેશમાં જે ભાશા વપડાતી હતી, તેને આપણે હાલમાં 'ખીલારોકી' જબાનને ના મે ઓળખીએ છેઈએ, તેના પુસતકો આપણી પાશે કમનસીબે રહયાં નથી, તેથી તેમાં એ બંદગી સીલસેલાબંદ હતી કે નહી, તે તપાસ વાને આજે આપણ બેનસીબ રહયા છઈએ.

આપણ જરતોશતીઓમાં આએ એક નહી માની શકાએ અને કોઈબી કોમમાં નહી બનેલો, એવો મોટામાં મોટી અજાએબીમા ના ખનાર બનાવ બનીઓછે, કે આપણમાંથી હખામેનીશ જેવા નામા ક્રીત પાદશાહો અને શેહનશાહોની કારકીરદી, રીતભાંત, ભાશા અને લખાણનાં પુસતકો એ સરવે એકદમ ગુમ થઈ ગીઆંછે! અને એ તબકાની ઉપરનાં છેક ઘણામાં ઘણા જુના વખતનાં બે તબકાનાં પાદ શાહો અને શેહનશાહોની તવારીખ અને રીતભાંત આપણામાં આજ દીન સુધી જલવાઈ રહીછે, તેમાં એક તબકા વાલાઓની તો જબાન અને લખાણનાં પુસતકો વટીક આપણામાં બચી રહયાંછે!

એ ખીલારોકી જબાનનાં વખત પછે આપણા ઈરાનમાં પેહલવી ભાશા ચાલુ થઈ હતી, એ જબાનનાં થોડાંએક પુસતકો આપણી પાસે સારાં ભાયેગે બચી રહયાંછે, જેથી આજે આપણને તેમાં ઉપલી બંદ ગી સરાસર લખેલીછે કે નહી, તે તપાસવાને બની આવીઉંછે. જેવી આપણી પાસે હાલમાં પાજંદ નામસેતાએશને મોજુદછે, તેવીજ લગ ભગ સઘળી સીલસેલાબંદ આખી બંદગી આપણા પેહલવી પુસતકમાં

લખેલી મલી આવેછે, એ ખુશાહાલી ભરેલુંછે. એ બંદગી આપણા મજહબની 'દીનકરદ' નામની નામીચી પેહલવી કેતબતાં પેહેલાં દફતરમાં લખાએલી આપણી પાસ મોજુદછે. આએ રેસાલામાં પાજંદ નામસેતાએશને તેનાં ગુજરાતી અરથ સાથે લખીઆ પછે, એ પેહલવી નામસેતાએશનેબી તેના ગુજરાતી અખશરે ઉચાર સહીત દીનદાર જરતોશતીઓની સેવામાં રજુ કરવામાં આવશે.

જેમ જેમ પેહલવીનો જમાનો અસત પામતો ગીયો, અને પાજંદ ભાશાનો વખત તલુ થતો ચાલીઓ, તેમ તેમ જેમ આપણા પાક ધરમના કેટલાએક પુસતકો અને બંદગીનાં ભાગોનાં પેહલવીમાંથી પાજંદમા ઉતારા થતા આવીઆછે, તેમ આએ નામસેતાએશને બંદગીનો પણ તરજુમો થયોછે, એ પરમાણે પાજંદ નામસેતાએશનેની મુળ ઉતપતી થઈછે.

પાજંદ નામસેતાએશનેની ઊતપતીનો વખત અને જગા.

એ નામસેતાએશનેની સતુતીને આપણા સાસાની તબકાના પાદશાહોનાં વખતમાં, કે જે વેળાએ આપણી દીનને લગતી બીજી પાજંદ બંદગીઓ લખાઇ હતી, તે વેલાએ દસતુર આદરબાદ મારેસપંદે પોતાની કલમે લખી હતી, એમ કેટલાએકોનું મતછે; જેને આજ લગભગ પંદરશો વરશ થવા આવેલાં ધારવામાં આવેછે, પણ તપાસ લેતાં ચોકસ માલમ પડેછે, કે પાજંદ નામ સેતાએશનેની બંદગીનાં એ જુદે જુદે વખતે, બે જુદા જુદા દેશમાં, અને બે જુદા જુદા સાહેબોથી, પેહેલવીમાંથી તરજુમાઓ થયાછે. તેમાનો એક ઈરાનમાં, અને બીજો હીંદોસતાનમાં, આપણે પડીએ છઈએ તે હીંદોસતાનનાં દીનદાર આલેમે લખીઓછે, અને ઈરાની જરતોશતીઓ પઢેછે તે ઈરાની વીદવાને રચીઓછે, જેને આજ લગભગ એક હજાર વરશ થવા આવેલાં હું ધારૂંછેઉં. એ બેહુ પાજંદ બંદગીઓ આપણી પાસે હાલમા મોજુદછે. એ બેહુમાં કેટલોએક ફેરફાર અને વધઘટ થયલો જોવામાં આવેછે, તે તેની ઘટતી જગાએ અસલ પેહલવી નામસેતાએશનેની સાથે સરખાવતાં દેખાડવામાં આવશે.

આએ બંદગી ઊપરથી ઊતપન થતા વીચારો.

જેમ આપણા હાલ જમાનેનાં જરતોશતીઓ પાંચે વખતની બંદગીના અવસતા પઢા રહેયા પછે પાજંદ નામસેતાએશનેની બંદગીનેબી આજ લાંબી મુદત થઈ છેક પાજંદ જબાનનાં વખતથી ભણતા આવીઆ છે, તેમ પેહલવી વખતનાં આપણા સાસાની અને અશકાની નીયાગાનોબી પોતાની ઉપલી પેહલવી નામસેતાએશનેને પઢતા હશે, એમા કસો શક નથી, કારણ કે એજ સબબને લીધે પેહલવીના વખત પછે આપણા પાજંદ વખતના ઉપલા બેહુ આલેમોએ પોતાની જબાનમાં એ નામસેતાએશનેના તરજુમા કીધાછે, એટલુંજ નહી, પણ તેને ઉપર પરમાણે દર વખતની અવસતાની બંદગી પછે પોતાના પેહલવી વખતના વડવાઓથી ઉતરતા આવેલા કાનુને જોઇને તેઓની મીસાલે પોતાના ભણવામાં ચાલુ રાખીઆછે, જેને આપણેબી આજ લામબી મુદત થઈ પોતાના પાજંદ નીઆગાનોની ઉતરતી આવેલી ચાલ મુજબ અવસતાની બંદગી પછે બંદગીના ખુદ એક ભાગ તરીકે પઢતા આવીઆ છઈએ.

આએ બીના ધેયાનમાં રાખતાં આપણે વધારે ઉસતવારીથી કહી શકીએ છઈએ કે, પેહલવી ભાશાની ઉપરના વખતમાં પણ, આપણી ખીલારોકી અને અવસતા જબાનમાં એ નામસેતાએશનેનાં જેવી સીલસીલાબંદ આખી બંદગી લખાયલી હશે, અને તેને પણ આપણા પાજંદ અને પેહલવીનાં વડવાઓની મીસાલે હખામેનીશ અને કયાની નોઆગાનોબી વખતે વખત પઢતા હશે.

જેથી પેહલવીના નીઆગાનોએ પોતાના વડવાઓનો એવો કાનુન જોઈને, પોતાની નામસેતાએશનેનો પોતાના ઉપરની ઉપલી બેહુ ભાશાઓમાંથી ઉતારો કરી લીધો હોય, અને તેને પોતાના ઉપલા બેહુ વખતના બુજોરગવારોની ચાલતી આવેલી રસમ પરમાણે બંદગીના પઢાણમાં ચાલુ રાખીઓ હશે; એમ માનવાને આપણી અકલ વધારે કબુલ રાખેછે, કારણ કે એ પેહલવી નામસેતાએશને આપણી પાસે હાલ સુધી મોજુદછે એટલુંજ નહીં, પણ તેના ઉપરથી પાજંદમાં તરજુમો થયોછે, તેબી આપણી પાસેછે અને તેને આપણે પણ બંદગીમાં આજ દીન સુધી પઢતા આવીઆ છઈએ. આપણા કમનસીબે

આપણી પાસે અવસતાનાં અને ખીલારેકી જબાનનાં સઘળાં પુસ્તકો રહયાં નથી, તેથી તેમનામાં એ બંદગીની હસતીને આપણે ખચીતાઈમાં લાવી શકતા નથી; તો પણ આપણી અકલ ગવાહી આપેછે કે અસલ એ બંદગી અવસતામાંથી ખીલારેકી જબાનમાં, ખીલારેકીમાંથી પેહલવીમાં અને પેહલવીમાંથી પાજંદ ભાશામાં, એમ એક પછે એક ઉતરતી જબાનોમા તરજુમો થતી અને પઢાતી ચાલી આવીછે.

આપણા અવસતાનો ઘણો ભાગ બરબાદ થવાથી, જેમ આપણા ધરમની બીજી ઘણી અગતની બાબદો આપણામાંથી ગુમ થઈ ગઈછે, અને તેની માતર ચાલતી આવેલી કેટલીએક કીરીઆઓ અને કાનુનો આપણામાં આજ સુધી તેમની નીશાની દાખલ જલવાઈ રહયાછે, તેમ ખચીત, આપણે હાલમાં જે પાંચે વખતની ફરજની બંદગીના અવસતા પઢીએ છઈએ તેના કરતાં આએ નામસેતાએશનેના જેવી માકુલ બંદગી, અને એના જેવી બીજી બંદગીઓ કે જેને ખરેખરી બંદગી કેહવી જોયે તેબી ગુમ થઈ ગઈછે; જેની ઇધાની દાખલ આએ નામસેતાએશનેનાં એક પછે એક ઉતરતી ભાશાઓમા થતા આવેલા તરજુમાંછે, તેમજ તેની આજ દીન સુધી વખતે વખતની બંદગીના પઢાણમાં ખુદ બંદગીનો ભાગ હોએ એમ ફરજ તરીકે પઢવાની ચાલુ રહેલી રીતછે. એ બંદગીને આપણે પાંચે વખતમાંથી કોઈબી વખત પઢીઆ વગર રેહતા નથી.

નામસેતાએશને તથા તેનો ગુજરાતી તરજુમો.

પ્રકરો ૧ લો.

પાજંદ.

બ નામે યજદે બખ્શાયંદેહે બખ્શાયશ્ગરે મેહર્બાન.

અરથ.

ખોદાએતાલાના નામની મદદથી (હું આએ બંદગી શરૂ કરૂં છેઉં) કે જે સાહેબ નેઆમતનો બખ્શનાર, કસુરનો માફ કરનાર, અને મયાલુછે.

પ્રકરો ૨ જો.

પાજંદ.

નામ્‌સેતાયશ્નને હોર્મજદ્‌ હમાબુદ્‌ ઉ હમા હસ્ત્‌ ઉ હમાબેદ્‌ નામે યજદે સ્પેના-મીનો. અંદરચ્‌ મીનોઆન્‌ મીનો. અજશ્‌ ખુદશ્‌ યક્‌ નામ્‌ હોર્મ જદચ્‌. ખોદાઇ મેહસ્ત્‌ ઉ તવાના ઉ દાના ઉ દાદાર ઉ પર્વર્તાર્‌ ઉ પાના ઉ ખાવર્‌ ઉ કેર્ફેગર્‌ ઉ અવક્ષીદાર્‌ ઉ અવીજેહ્‌ વેહ-દાદસ્તાની હમા-જોર.

અરથ.

હું વખાણ કરૂં છેઉં હોરમનજદના નામની, કે જે સાહેબ હતો, છે, અને રેહેશે; જેનું નામ ગેબી (કોઈને જાણ અને મશવરત કરવા વગર) વરધીનો કરનાર ખોદાએછે. જે છુપાઓમા છુપો (યજદ અને અમશાસપંદોનેબી અનદીઠ) છે. જે સાહેબનું પોતાનું એક નામ હોરમનજદછે. જે ખોદા સરવથી બુજોરગ, શકતીવાન, દાનાઈનો સાહેબ, પેદાનો કરનાર, પાળનાર, પાસબાનીનો કરનાર, બરદાશતનો ખાવંદ, સવાબનો સાહેબ, ચોકસાઈનો ધણી, અપખશપાત ઈનસાફનો માલેક, અને સરવ શકતીવાન સાહેબછે.

પ્રકરો ૩ જો.

પાજંદ.

સેપાસે ખોઇ બુજોર્ગે હસ્તીયાન્‌, કે આફ્રીદ્‌ અવનીદ્‌ ઉ પએશ્‌ અંગામ્‌ બતી જોર્‌ ઉ દાનાઈ અવર્તરે શશ્‌ અમેશાસ્પંદાન્‌ અવદ્‌ વેશ્‌ યજદાન્‌ ઉ રોશન્‌ બેહશ્ત્‌ ઉ ગરૂત્માન્‌ ઉ ગર્દે આસ્માન્‌ ઉ ખુરે તાવાન્‌ ઉ માહે બામી ઉ સતરે વશ-તોખ્મ્‌ ઉ બાદ્‌ ઉ અંદર-વાએ ઉ આવ્‌ ઉ આતશ્‌ ઉ જમીન્‌ ઉ ઓર્વર્‌ ઉ ગોસ્પંદ્‌ ઉ યોક્ષસ્ત્‌ ઉ મર્દુમ્‌.

અરથ.

હું આભાર માનું છેઉં તે હયાતી ધરાવનારાઓના બુજોરગ સાહેબનો, કે જે પેદાએશનો પેદા કરનાર અને નાશ કરનારછે, અને જેણે પોતાની જાતી શકતી અને દાનાઈથી બુલંદ ૭ અમશાસપંદો, ઘણાએક બુજોરગ યજદો, રોશન (સુખ ભરેલું) બેહશત, ગરૂથમાન, ગરહ-મંડળનું ફરવું, રોશન આફતાબ, નુર ભરેલો માહતાબ, ઘણી જાતનાં તારા, પવન, હવા, પાણી, આતશ, પરથવી, જાડ, પશુ, ધાતુ, અને માણસને (પેદા કીધાંછે.)

પ્રકરો ૪ થો.

પાજંદ.

પજ્અસ્ને ઉ ન્યાયસ્ને અજ્‌ ખ્વાઇ ખોદાઇ કેર્કેગર્ કે મેહકર્દ્ અજ્‌ હર ગેતીહા દેહસ્તાન્ મર્દુમ્ ૫ ગોવાએશ્ ઉ માદાન્ દાદ્ ઉ ઓહર-પારેશે હંગામ્ ઉ રાએની દારેશે દામાન્ પરમ્ ઉ અંગેજ્અસ્ને ઉ પહેન્જ્ દેવાન્.

અરથ.

હું માનું છેઉં અને વખાણું છઉં તે સવાબનાં ખાવંદ ખોદા એતાલાને, કે જે સાહેબે દુનીઆની તમામ પેદાએશનાં કરતાં ઇનસાન જાતને વીચાર શકતી બખશીને મોટાઇ આપીછે; અને દેવો (બદ હવસો) ની સાહમને હરીફાઇ કરવા, લડવા, અને મારી હટાવા, તથા દુનીઆના લોકોને (ખોદાઇ મારગની રેહનુમાઇ કરી) ચલાવાને સારૂં, અકળ બખશીને વખતની હકુમત આપીછે.

પ્રકરો ૫ મો.

પાજંદ.

નેમાજે ઓઇ વીસ્પ-આગાહ અશ્ ખાવર્ કેશ્ ફરસ્તીદ્ ૫ જર્થોસ્તરે સ્પેંતમાન્ અશો ફરોહર્ અસ્તશે ઓઇ દામાન્ દીન-દાનેસ્ને ઉ વરોએસ્ને આસ્ને-ખેરદી ઉ ગોશો-સરૂદેહ-ખેરદી. દાનાએશ ઉ રાએની દારેશે વીસ્પ હસ્તાન્ ઉ બુદાન્ ઉ બેદાન્ ફરહંગાન્ ફરહંગ્ માંથ્રે સ્પેંત્ કુએદ્ રવાન્ હુ-પુલ્ ઉ બોખ્તારેશ્ અજ્‌ દોજખ્ ઉ વદા-દારે ઓઇ આને પેહલુમ્ અખાન્ અશોઆન રોશન્ હન્દ્ હુ-બોઇ ઉ હમા-નેકશ્.

અરથ.

હું, તે સમપુરણ આગાહીવાળા, અને બરદાશતના કરનાર ખોદાએતાલાને સર નમાવી સજદો કરૂં છેઉં; કે જે સાહેબે પવીતર રૂહવાળા જરતોશત સપેંતમાનની મારફતે ખલકના લોકોની સલાહ સંપ જ, દીનનો એલમ, જાતી અકલ અને શીખેલી અકલને ઇમાન લાવવું, અને તમામ માણસો જેઓ છે, થઇ ગીઆંચ, અને થશે, તે સરવેની વાકેફગારી અને રેહનુમાઇને સારૂં, ઉતમમાં ઉતમ વીદીઆ જે પવીતર માંથરે વાણીછે, કે જે રવાનને સારીપકે આસાનીથી પુલ ગુજાર કરાવનાર, દોજખથી છુટકારો આપનાર અને પુરતી સુખાકારી વાળાં, રોશન અને ખુશબોથી ભરપુર અશો લોકોના ઉતમ મકાન (બેહશત અને ગરૂથમાન) માં રશતો આપનારછે, તે મોકલી.

ક્કરો ૬ ઠો.

પાઝંદ.

પ ફ્ર્માને તા ખાવર્ પ ફ્ર્માને તા ખાવર્ પ ફ્ર્માને તા ખાવર્ પદીરમ્ ઉ મીનમ્ ઉ ગોયમ્ ઉ વર્જ્મ્ દીને અવીજેહ્ ઉ અસ્તુઆન્ હોમ્ પહર્ કેર્ફે ઉ અવાક્ષમ્ અજ્ વીસ્પ બજેહ. ઉ અવીજેહ્ દાર્ હોમ્ ખુદશ્ આસ્ની દેહ્-કુનસ્ને ઉ પરેહજસ્ને ઉ પાક્ શશ્ જોરાને જાન્ મનસ્ને ઉ ગવસ્ને ઉ કુનસ્ને ઉ વીર ઉ હોશ્ ઉ એરદ્.

અરથ.

એ બરદાશતના કરનાર સાહેબ! એ પરવશીના કરનાર! અને એ ખલકના ખાલેક! તાહરા હોકમ મુજબ, તાહરા ફરમાન પરમાણે અને તાહરી મરજીને અનુકુળ હું (તાહરી મોકલેલી) ખાલેસ (જરતોશતી) દીનને કબુલ કરૂંચ, મનમાં રાખુંચ, (હરવખત યાદ કરીઆ કરૂં વાને શીખું) કેહુંચ, (બીજાઓને શીખવુંછું અને તે ઉપર વાઅજ કરી જાહેર કરૂંછેઉં) અને અખતીઆર કરૂંચ, તેમજ દરેક સવાબના કામો કરવાને હું ઉસતવાર રેહુંચ અને સઘળા ગુનાહના કામો કરવાથી હું પસતાવો કરી પાછો (દુર) રેહુંચ તથા પોતાની જાતી કરણીને હું પાક રાખુંચ અને મારા જાનની છ શકતીઓઃ—વીચારવું, બોલવું, તરક કરવી, સહમજવું, અને અકલછે તેને પરહેજ (બદ હવસોથી કાબુ) મા રાખી પવીતર રાખુંછું.

ક્કરો ૭ મો.

પાઝંદ.

પ કામે તો કેર્ફેગર તવાનમ્ કર્દ્ આનેતો પરસ્તશ્ને પ બેહ્-મનસ્ને બેહ્-ગવસ્ને બેહ્-વર્જ્સ્ને ઉ વશાયમ્ રાહે રોશન્ કે ઓમ્ ન રસદ્ ગેરાન્-પ જ્દે દોજ્ખ્ ઉ વદીરમ્ પ ચેશંદર્ગ્ ઉ રસમ્ આને બેહસ્તે પુર્-બોઇ હર્વ સ્પ-પેસીદેહ્ ઉ હમા-ખારશ્.

અરથ.

એ સવાબકાર સાહેબ! તાહરી ઇછછા પરમાણે, ભલા વીચાર. ભલી વાણી અને ભલી કરણીથી હું તાહરી બંદગી કરી શકું અને (માહારા પોતાનાં રવાનને વાસતે) રોશન મારગ (બેહશત મેળવવા

નો રશતો) બોલયા કરૂં, કે જેથી માહરા (રવાન) ઉપર દોજખનો ભારી અજાબ નહી પોહચે, અને ચીનવદ પુલને પાર કરી હમેશાની સુખાકારીવાળાં, જવાહેરોથી જડેલાં, અને ખુશબોથી ભરપુર, બેહશ્તમાં હું પોહચું.

ફ્રકરો ૮ મો.

પાજંદ.

સેતાયમ્ને ઓઇ અશોદાદ્ ઓદાઇ કુ ક્રાનિહ-દેદ્ પાદ દેહમ્ને કુનંદ ફર્માન્-રાયની દારાન્ અવહુમ્ ખુશેદ દવંદાનશ્ અજ્ દોજખ્ અવીજેહા વીનારેદ્ વીસ્પ.

અરથ.

તે તજવીજાત રાખનાર સાહેબ ખોદાએતાલાની હું બંદગી કરૂં છું, કે જે સાહેબ સવાબની ઇછછા (પુણનો બદલો ખોદાએતાલા આપનારછે એવી આશા) થી ફરમાન પરમાણે ચાલનારાઓને સવાબનો બદલો આપેછે; અને જે (રેહમદેલ સાહેબ) કેયામતના વખત પછે દોજખીઓ (પાપીઓ) નેબી દોજખમાંથી છુટા કરીને તમામ (ખલક) ને ખાલેસી ભરેલી કરશે.

ફ્રકરો ૯ મો.

પાજંદ.

સેતાયમ્ને દાદાર્ હોર્મજદ્ રેવંત્ આગાહ્ કુ તવાના કુ તવંગર્ હફ્ત્ અમેશાસ્પંદ્ કુ બેહરામ્ યજદ્ પીરોજગર્ દુશ્મન્ જદાર્ અમોહ્ હુતાશ્તોહ્ બેરઝાદ્.

અરથ.

હું સતુતી ગાઉંછેઉં દાદાર હોરમજદની, કે જે તમામ આગાહી નો સાહેબ અને શકતીવાનછે; અને શકતીવાળા સાત અમશાસપંદો તથા ફતેહમંદ, દુશમનને મારનાર, હીમતવાન અને ખુબસુરત બેહરામ યજદ (માહરી મદદે) પોહચો.

નામસેતાએશનેનો એકઠો તરજુમો.

ખોદાએતાલાના નામની મદદથી (હું આએ બંદગી શરૂ કરૂં છઉં) કે જે સાહેબ નેઆમતનો બખશનાર, કસુરનો માફ કરનાર, અને મયાલુછે.

હું વખાણ કરૂં છઉં હોરમજદના નામની કે જે સાહેબ હતો, છે, અને રેહશે; જેતું નામ ગેબી (કોઈને જાણ અને મશાવરત કરવા વગર) વરધીનો કરનાર ખોદાએછે; જે છુપાઓમા છુપો (યજદ અને અમંશાસપંદોનેબી અનદીઠ) છે; અને જે સાહેબનું પોતાનું એક નામ હોરમજદછે; તે સાહેબ સરવથી બુજોરગ, શકતીવાન, દાનાઈનો સાહેબ, પેદાનો કરનાર, પાલનાર, પાસબાનીનો કરનાર, બરદાશતનો ખાવંદ, સવાબનો સાહેબ, ચોકસાઈનો ધણી, અપખશપાત ઈનસાફ નો માલેક, અને સરવ શકતીવાન સાહેબછે.

હું આભાર માનું છેઉં તે હયાતી ધરાવનારાઓના બુજોરગ સાહેબનો, કે જે પેદાએશનો પેદા કરનાર અને નાશ કરનારછે; અને જેણે પોતે પોતાની જાતી શકતી અને દાનાઈથી બુલંદ છ અમશાસપંદો, ઘણાએક બુજોરગ યજદો, રોશન (શુખ ભરેલું) બેહશત, ગરૂથમાન, ગરહ-મંડળનું ફરવું, રોશન આફતાબ, નુર ભરેલો માહતાબ, ઘણી જાતનાં તારા, પવન, હવા, પાણી, આતશ, પરથવી, ઝાડ, પશુ, ધાતુ, અને માણસને (પેદાં કીધાંછે).

હું માનું છેઉં અને વખાણું છેઉં તે સવાબનાં ખાવંદ ખોદાએતાલાને, કે જે સાહેબે દુનીઆની તમામ પેદાએશનાં કરતાં ઈનસાન જાતને વીચાર શકતી બખશીને મોટાઈ આપીછે;અને દેવો (બદ હવસો) ની સાહમને હરીફાઈ કરવા, લડવા, અને મારી હટાવા તથા દુનીઆના લોકોને (ખોદાઈ મારગની રેહનુંમાઇ કરી) ચલાવા ને સારૂ અકલ બખશીને વખતની હકુમત આપીછે.

હું તે સમપુરણ આગાહી વાળા, અને બરદાશતના કરનાર ખોદાએતાલાને સર નમાવી શજદો કરૂં છેઉં, કે જે સાહેબે પવીતર રૂહ વાળા જરતોશત સપેંતમાનની મારફતે ખલકના લોકોની સલાહ સંપજ, દીનનો એલમ, જાતી અકલ અને શીખેલી અકલને ઈમાન લાવવું, અને તમામ માણસો જેઓછે, થઈ ગીઆચ, અને થશે, તે

સરવની વાકેફગારી અને રેહનુંમાઇને સારૂં ઉતમમાં ઉતમ વીહીઆ જે પવીતર માંથરે વાણી, કે જે રવાનને સારીપેઠે આસાનીથી પુલ ગુજાર કરાવનાર, દોજખથી છુટકારો આપનાર અને પુરતી સુખાકારી વાલાં રોશન અને ખુશઓથી ભરપુર અશો લોકોના ઉતમ મકાન (બેહશત અને ગરૂથમાન) માં રશતો આપનારછે, તે મોકલી.

એ બરદાશતના કરનાર સાહેબ ! એ પરવરીના કરનાર ! અને એ ખલકના ખાલેક ! તાહરા હોકમ મુજબ, તાહરા ફરમાન પરમાણે, અને તાહરી મરજીને અનુકુલ હું (તાહરી મોકલેલી) ખાલેસ (જરતોશતી) દીનને કબુલ કરૂંચ, મનમા રાખુંચ, (હર વખત યાદ કરીઆ કરૂં, યાને શીખું) કેહુંચ, (બીજાઓને શીખવુંછું અને તે ઉપર વાઅજ કરી જાહેર કરૂં છેઉં) અને અખતીઆર કરૂંચ, તેમજ દરેક સવાબનાં કામો કરવાને હું ઉસ્તવાર રેહુંચ, અને સઘળા ગુનાહના કામો કરવાથી હું પસતાવો કરી પાછો (દુર) રેહુંચ, તથા પોતાની જાતી કરણીને હું પાક રાખુંચ, અને મારા જાનની છ શકતી ઓઃ—વીચારવું, બોળવું, તરક કરવી, સહમજવું, અને અકલછે, તેને પરહેજ (બદ હવસોથી કાબુ) માં રાખી પવીતર રાખુંછું.

એ સવાબકાર સાહેબ ! તાહરી ઇછા પરમાણે, ભલા વીચાર, ભલી વાણી અને ભલી કરણીથી હું તાહરી બંદગી કરી શકું અને (માહરા પોતાના રવાનને વાસતે) રોશન મારગ (બેહશત મેળવવાનો રશતો) ખોલલો કરૂં, કે જેથી માહરા (રવાન) ઉપર દોજખનો ભારી અજાબ નહી પોંહચે; અને ચીનવદ પુલને પાર કરી હમેશાની સુખાકારી વાળાં, જવાહેરોથી જડેલાં, અને ખુશઓથી ભરપુર બેહશતમાં હું પોંહચું.

તે તજવીજાત રાખનાર સાહેબ ખોદાએતાલાની હું બંદગી કરૂં છું, કે જે સાહેબ સવાબની ઇછાથી (પુણનો બદલો ખોદાએતાલા આપનારછે એવી આશાથી) ફરમાન પરમાણે ચાળનારાઓને સવાબનો બદલો આપેછે, અને જે (રેહમ દેલ સાહેબ) કેયામત પછી દોજખીઓ (પાપીઓ) નેબી દોજખમાંથી છુટા કરીને તમામ (ખલક) ને ખાલેસો ભરેલી, યાને ગુનાહનાં કામો કરવાનો વીચારબી ઉતપન નહી થાએ એવી, બનાવશે.

હું સતુતી ગાઉં છેઉં દાદાર હોરમજદની, કે જે તમામ આગા હીનો સાહેબ અને શકતીવાનછે; અને શકતીવાળા સાત અમશાસ્પંદો, તથા ફતેહમંદ, દુશમનને મારનાર, હીમતવાન, અને ખુબસુરત બેહરામ યજદ (માહરી મદદે) પોંહચો.

નામસેતાએશને બંદગીનો સાર.

એ બંદગીનાં અસલ સાત વીશય ઉપર સાત ફકરાઓ રચીયાછે, પેહલામા ખોદાતાલાની હસતી, કુદરત, અને હીકમતનું બીઆન આપીઉંછે; તેમાં તે સાહેબ જે કંઈબી કરેછે, તે બીલકુલ આપખુદીથી કરેછે; કોઈને જણાવાની, કે મશરવત લેવાની તે સાહેબને કસી અગત નથી. તે સાહેબે કોઈને પોતે જાતે દેખાવ આપીઓ નથી, તે હયાં સુધી કે તેની નજદીકનાં યજદ અમશાસપંદો, કે જેઓને આપણે જોઈ શકતા નથી, તેઓને પણ તે સાહેબે પોતાનો દેખાવ દીધો નથી. પણ તે મોટી કુદરતનો સાહેબ પોતાનાં માહુભારત અને સરવથી મોટી હેકમતનાં કામો બનાવાથી સરવ કોઈને જાણીતો થયલોછે. તેનું પોતાનું નામ હોરમજદ યાને જે કંઈબી થયુંચ, થાયચ અને થશે તે શરવને ઘણું સારીપકે જાણનાર સાહેબછે. તે સાહેબની મોટાઈ, શકતી અને દાનાઈ વગરે શકતીઓ સરવથી ઉંચે દરજજેનીછે, એવું આએ ફકરામાં બીઆન આપેલુંછે.

બીજા ફકરામાં તે માહ શકતીવાન ખાલેકને પોતાની ઉપલી કુદરત, દાનાઈ અને બુજોરગી જાહેરમાં મુકી સરવ કોઈને દેખાડવાની ખાહેશ થઈ, તેથી તે સાહેબે તમામ પેદાએશને બનાવી અને તે બનાવામાં તે આપઅખતીઆર માલેકે આપણ માણસ જાતના સુખનાં હેતુને પેહલો રાખીઓછે. ટુકમા કહીએતો, તે મોટા મનવાળા સાહેબે આપણ માણસ જાતને સારૂંજ આ સરવ સરશતી સરજીછે. એથી બી વધારે આગળ વધીને બોલીંએતો જાણે તે સાહેબે પોતાની કુદરત, દાનાઈ, અને મોટાઈ માતર આપણનેજ દેખાડવાની ખાહેશ રાખીછે. આએ મતલબ પાર પાડવાને સારૂ તે મોટી હીકમતનાં સાહેબે, આપણે આએ દુનીઆમા જનમ લેઈ તે સાહેબની અજીમ કુદરતને

પોછાણીએ, પોતાના જનમ આપનારની ખોદાઈનો એકરાર કરીએ, અને તેની મરજીનો સોદો કરી લઈએ, એ હેતુથી આપણુને અકલનું જવાહેર બખશી આપણી નજર શાહમને સરવ પેદા કીધુંછે. એ તમામ પેદાએશ બનાવામાં તે સાહેબે પોતાનીજ શકતી અને ડાહપણ વાપરીઉંછે, બીજા કોઈનો આધાર રાખીઓ નથી. એ પછે તે અજીમ કુદરતનાં સાહેબે દુનીઆની તમામ પેદાએશો બનાવીછે; તેમાંની મુખીય ઉતપતીનાં કેટલાએક એક પછે એક દરજજાસર નામો આપીઆછે; તેમાંની નવ ઉતપતી આપણી પરથવી ઉપરની, અને આઠ આપણી ભુમીથી દુરની યાને આકાસીછે. એ ટીપમાં પેહલું અમશાસપંદોનું અને છેલલું માણસનું નામ આપીઉંછે.

તરીજામાં તે આપખુદ સાહેબે પોતાની ઉપલી કુદરત દેખાડવાની મકસદથી પોતાની તમામ પેદાએશને પેદા કરી, તેની ભર મજલેસમાં માતર આપણનેજ પોતાના હેકમતી ખજાનામાંથી વીચાર શકતીના જેવું બેમુલ જવાહેર બખશીઉંછે, અને તે અનજુમનમાં આપણનેજ માતર મોટાઈનો સરપાવ એનાયત કરી સરવથી ચહડતી પદવીએ જગા બખશીછે. એ સરવનું મુળ કારણ એજકે આપણે તે સાહેબની ઉપલી મરજી મુજબ તેના બખશેલા અકલના ગોહરનો નેક ઉપયોગ કરી તેની મારફતે તેની અજીમ ખોદાઈને પીછાણીએ, અને તે ખરા માલેકની તાબેદારીમાં રહી તેના પસંદગી વાળા શખસની પાશે મોકલાવેલા પેગામ મુજબ આપણે ચાલીએ; એવી મતલબ આ વાકયમાં શમાવીછે.

ચોથામાં ખોદાએતાલાએ ઉપર જણાવીઆ મુજબ પોતાની પસંદગી વાલા શખસની પાશે આપણને કેહવાડવાને સારૂં તે સાહેબ જાતે સરવથા અતીઘણો પવીતરછે તેથી આપણ માણસ જાતમાથી સરવથી પવીતર તરીકે અશો જરતોશત સપેંતમાન અનુશેહરવાનને પસંદ કીધા, અને તે સાહેબને પોતાના પેગમબર બનાવી, તેની મારફતે પોતાની પસંદ પડતી સરવ બાબનો આપણને કેહવડાવી; અને તેમા ખોલલી રીતે જણાવીઉંછે, કે ફલાનું કરવું, અને ફલાનું નહી કરવું. તેમાં વળી તે મેહરબાન સાહેબે આએ પણ જાહેર કીધુંછે, કે મારી પસંદ પડતી બીનાઓને જે શખસ પોતા ઉપર રંજ ખેંચીને કરશે, તેને હું બેહુ જેહાનમાં ભલો બદલો આપશ અને તે

ને મારી તમામ પેદાએશમાં શરવથી ચડતો દરજ્જો બખ્શશ, તથા જે માહરી નાપસંદ બાબતોથી બાજ નહી રેહશે, તેને ભારી સજાએ પોંહ ચાડશ, અને તેવા શખ્સને તમામ મારી ખલકમાં નીચ અને ધીકાર ભરેલો કરશ.

પાંચમાં અને છઠા ફકરામાં આએ બંદગી પઠનાર શખ્સ ખોદા તાલાનું ઉપલું કેહવડાવેલું:—જરતોશતી દીનને પોતાના દીલોજાનથી કબુલ રાખી, તે પરમાણે ચાલવાની પુરતી કબુલાત આપેછે; તેમાં મુ ખીય નવ બાબતો બજાવી લાવાનો એકરાર કરેછે, અને કેહછે, કે તાહરી ખાલેસ દીનને હું કબુલ કરૂં, તેને શીખું, બીજાઓને શીખ વું, અને તે ઉપર વાએજો કરી તેનો પુરતો ફેલાવો કરૂં, ભલા કામો કરવાને હમેશાં તઈયાર રહું, ભુંડાં કામો કરવાથી સદા બાજ રહું, પો તાની કરણીને મારા છેલા દમ સુધી પાક રાખું, મારા મોતના બીછા ના સુધી તારીજ બંદગી કરૂં, મારા રવાનનાં સુખને સારૂં રોશની ભ રેલો મારગ અખતીઆર કરૂં, અને સેવટે મારા રવાનને ચીનવત પુલ આસાંનીથી પાર કરી બેહશત અને ગરોથમાનમાં જવાને લાયેકનું બનાઉં; એવી અગતની બાબદો એ ફકરાઓમાં આપીછે.

સાતમાં ફકરામાં, જે શખ્સ ઉપલી કબુલાત પરમાણે ચાલશે, તે ને તે સાહેબ ભલો બદલો આપનારછે, એ ઉપરાંત વલી તે રેહમદીલ સાહેબ કયામત પછે ગુનેહગારોને, યાને તેની મરજીથી ઉલટા ચાલના રનેબી દોજખનાં ભારી આજાબથી મોકલા કરશે, તથા દુનીઆને નવે સરથી ખાલેસ બનાવી મુકશે. એ કયામતનાં વખત પછે જેમ આ પણે હાલમાં આએ દુનીઆના નાપાયદાર લોભ અને હવસમાં ફસી જઈ પોતાના ઉપકારી પરવરદેગારને ભુલી જઈએ છેઈએ, અને તે આ પણા તન અને જાનના માલેક ખોદાતાલાની મરજીથી ઉલટા ચાલી અ ને તે સાહેબનો અપકાર કરી માહપાપી બનીઇએ છઈએ, તેમ કોઈ પણ શખ્સને બદ કરવાનો વીચાર ઉતપન થશે નહી.

દીનકરદમાની પેહલવી નામસેતાએશને.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

---

* મહને છુટી લખેલી બે પેહલવી નામસેતાએશને મલીછે તેમા [illegible] ની જગાએ [illegible] લખીઊંછે.

† ઊપલી બેઉ નકલોમાં [illegible] લખેલુંછે.

‡ [illegible] પછે [illegible] લખેલોછે.

§ ઊપલી બેઉ નકલોમા [illegible] ને બદલે [illegible] છે.

¶ ઊપલી બેઉ નકલોમાં [illegible] પછે [illegible] સુધીની એબારતને બદલે [illegible] લખેલું છે.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

---

* આએ જગાએ [illegible] લખેલુંછે.

† આએ જગાએ મારી પાસની નકલોમાં . (ઇબારતની) લખેલીછે.

‡ મારી પાસની નકલોમાં [illegible] વધારે લખેલુંછે.

§ ઊપલી નકલોમાં [illegible] લખેલોછે.

¶ [illegible] બોલને ઠેકાણે [illegible] લખેલોછે.

‖ [illegible] થીતે [illegible] સુધીની એબારતને મારી પાસની ઊપલી નકલોમાની એકમાં બેવાર લખીછે અને બીજીમાં અસલ એકવાર લખીને હાંશીઆ ઊપર ફરીને એ એબારત લખીછે.

§ ઊપલી નકલોમાંની એકમાં [illegible] પેહલાં અને [illegible] છેલાં અને બીજીમાં દીનકરદ પરમાણે લખેલુંછે.

‡ [illegible] પછે . (ઇબારતની) ઊપલી બેહુ નકલોમા લખેલીછે.

[illegible] * [illegible]
† [illegible] ‡ [illegible]
[illegible]
[illegible]

[illegible] § [illegible]
[illegible]
[illegible] ¶ [illegible]

દીનકરદમાની પેહલવી નામસેતાએશને.

પ્રકરે ૧ લો.

શમ્ સેતાયસ્ને વર્મન્ હમા જહ્‌ન્ત્ વ હમા અફત્ હમા જહ્‌નેદ્ યજદે સ્પેનાક્-મીનોઇ દરચ્ મીનોયાન્ મીનોઇ અવશ્ ખુદશ્ અયોક્ શમ્ અનો માચ્ ઓદાઇ મહેસ્ત્ દાનાક્ દાદાર્ વ પર્વતાર્ વ પાનાક્ વ આવર વ કનક્ કૃગર્ વ અવક્ષુદાર્ વ અવીજેહ્ શપીર્-દાદસ્તાની વ હમાક્-જોર્.

પ્રકરે ૨ જો.

સેપાસે વર્મન્ રબાઇ હોસ્તીગાન્ મવન્ આફરીદ્ પવન્ નપશ્મનાન્ હમ્ગ્રુદી જોર્ વ દાનાકશ્ અવર્તર્ શશ્ અમ્હોસ્પંદ્ વ અવદે કબદે દેહાન્ વ રોશન્ વેહસ્ત્ ગરૂત્માન્ વ ગેદે આસ્માન્ વ ખુરે તાવાક્ વ માહે બામી વ સ્તરે

---

* ઊપલી બેહુ નકલોમાં [illegible] નથી લખેલો.

† [illegible] શબ્દની જગાએ મારી પારાની નકલોમા [illegible] લખેલોછે.

‡ ઊપલી બે નકલોમાની એકમાં [illegible] અને બીજીમાં [illegible] લખેલછે.

§ આએ જગાએ મારી પાસની એક નકલમાં [illegible] અને બીજીમાં અસલ દીનકરદ પરમાણેછે.

¶ ઊપલી બેહુ નકલોમાં નીચે લખેલી એબારત અસલ દીનકરદ કરતાં વધારે લખેલી મલીછે.

[illegible]
[illegible]

ફ્અદ્-તોઅ્મે વ વાદ્ અન્દર્-વાઇ વ આતશ વ મીયા વ જમીક્ વ ઉર્વર્ વ ગોસ્પંદ્ વ અયોક્ષોસ્ત વ અન્શોતા.

પ્રકરો ૩ જો.

યજશ્ને વ ન્યાયશ્ને વર્મને ઓદાઇ કંક્કગર્ મવનશ્ મશ્ કંત્ મિન્ ફનાગેતી દેહસ્તાન્ મર્દુમ્ પવન્ ગોબાયશ્ વ કેરૂકશ્ દાદ્ શેતુન્-યારેશે અંબામ્ વ રાઇની દારેશે દામાન્ પવન્ રજ્મી વ અયોજશ્ને પદીરફ શેદા આન્.

પ્રકરો ૪ થો.

નેમાજ્ વર્ વિસ્પ-આકાસે ખાવર્ મવનશ્ ફરેસ્તીદ્ યશ્ત ફરોહરે જર તોશ્તે સપીતામાન્ આસ્તશે દામાન્ દીન્-દાનશ્ને અઇમુનશને આસ્ને-એર દી ગોશો-સરૂદે-એરદી સનાસગશ્ રાઇનીદારેશે વિસ્પ અઇતાન્ જહૂન્તાન્ જહૂનેદાન્ ફર્હંગાન્ ફર્હંગ્ આગ્ જહૂનેદ્ રોબાન્ પોહલ્ ઓષ્નારે મિન્ દોશ્ખાન્ વ વદાર્દારે વર્ જ્કે પેહલુમ્ ખાનાને એહ્લોબાન્ રોશન્ હુ-બોઇ હમાક્-ખારશ્.

પ્રકરો ૫ મો.

પવન્ ફ્ર્માને રક્ ખાવર્ મક્દરૂનીમ્ વ મીનમ્ વ જમ્નૂનમ્ વ વર્જમ્ વ દીને અવીજેહ્ અસ્તોબાન્ ઓમનમ્ પવન્ કના કંરેહ્ વ અવાક્ષમ્ મિન્ ફ્અદ્ બજેહ્ અવીજેહ્ જાસુનમ્ ખુદશ્ આસ્નીદેહ્-કુનશ્ને પહરીજશ્ને દક્યા શશ્ જોરાને હયા કુનશ્ને વ ગોબશ્ને વ મીનશ્ને વ વીર્ વ હોશ્ વ એરદ્.

પ્રકરો ૬ ઠો.

પવન્ કામે રક્ કંક્કગર્ તોબાન્ સામાન્નીહાં વાદુનમી જક્ જેત્ પરસ્તશ્ને પવન્ વેહ-મીનશ્નશ્ વેહ-ગોબશ્નશ્ વેહ-કુનશ્નશ્ આગ્ શરીતુનમ્ પવન્ રાસે રોશન્ આગમ્ લાજામ્તુનેદ્ ગેરાન્-પજ્દે દોશ્ખાન્ વદીરમ્ પવન્ ચીન્વદર્ગ જામ્તુનમ્ વર્ જક્ માન્ વેહશ્તે પુર્-બોઇ હર્વિસ્પ-પેસીદેહે હમાક્-ખારશ્.

પ્રકરો ૭ મો.

સતાયશ્ને વર્મન્ અવક્ષુદાર્ ઓદાઇ મવન્ કામે-કંક્ક્ પાદ્દે હશ્ને વાદુનદ ફ્ર્માન્-રાઇનીદારાન્ અવદુમચ બુજેદ્ દર્વંદાનચ્ મિન્ દોશ્ખાન્ અવીજગીહા વીનારેદ્ વિસ્પ દામ્.

આગલ આપણે સીધ કરી ચુકા છઈએ. કે આપણી પાસ પાજંદ નામસેતાએશને બેછે. એ બેહુ બંદગીનો પેહલવીનાથી તરજુમો થતી વખતે પેહલવી ભાશાનાં અખશરો ઘણાખરા એકસરખા આકાર નાં હોવાને લીધે, તેમનામાં કેટલાએક શબદોનું વાચણ તેમના ખરા ઉકલામણથી ફેરફાર કરવામાં આવીઉછે; અને કેટલાએક બોલો તથા ફકરાઓ વધારવામાં પણ આવીઆછે, એથી એ બેહુ નામસેતાએશનેને અસલ પેહલવી નામસેતાએશનેની સાથે સરખાવી, તેમનો તફાવત અતરે બતલાવામાં આવેછે.

નામસેતાએશનેનો પેહલવી અને ઈરાની જરતોશતીઓની નામસેતાએશનેની સાથે મુકાબલો અને શરેહ.

'બનામે યજદ' વાલો પેહલો ફકરો પેહલવી અને ઈરાની નામસેતાએશનેમાં નથી.*

ફકરો ૨ જો.

નામસેતાએશનેથી તે હુમાએદ સુધીની એબારત એ બંદગીના મથાલાં (Heading) તરીકે લખાએલી માલમ પડેછે. એ બંદગીની ખરી શરૂઆત 'નામેયજદ' થી થાયછે. પાજંદ બંદગીની શરૂઆત ઘણું કરીને નામેયજદથી અથવા તેની અગારી 'પ' મુકાવાથી થાયછે. ઈરાની પતેત, કદમી જરતોશતીઓના આફરંગાનનો દીબાચો અને કુશતી કરવાની બંદગી તેમજ શેહનશાહી જરતોશતીઓનાં નીઆયશ યશતોનાં દીબાચાઓ એજ શરૂઆતે ચાલેછે.

'નામસેતાયશને' નાં શબદની આગમજ ઈરાની નામસેતાએશનેમાં ૯ઙ (ફ=પ) લખેછે, જે પેહેલવીમાં નથી. એથી દેખાઈ આપેછે, કે નામસેતાએશને થીતે હુમાએદ સુધીની એબારત, ઉપર જણાવીઆ પરમાણે મથાલાં તરીકે અથવાતો બનામે યજદ વાલા ફકરાની જગાએ લખાએલીછે, જેને ઈરાની નામસેતાએશનેનાં કરતાએ મથાલે 'ફ' મેલીને વધારે સાબેત કીધુંછે. "ફ નામસેતાએશને થીતે

---

* કદમી વાલા સાહેબો એ ઈરાની નામસેતાએશનેની ગુજરાતીમાં નકલ કરી તેમાં આપણી નામસેતાએશનેનો પેહલો અને છેલો ફકરો વધારીને પડેછે, ઈરાની જરતોશતીઓ એ બે ફકરાઓને પડતા નથી.

હમાએદ" સુધીનું લખાણ આપણી નામસેતાએશનેને મથાલેના 'બનામે યજદ' વાલા પેહલલા ફકરાને મલતુંછે. એનો અરથ 'જે હોરમજદ હતો, છે, અને રેહશે તેના નામની વખાણથી' (હું આએ બંદગી શરૂ કરૂંછું) એમ ઉપલાં બનામે યજદના ફકરાની મતલબને મલતો થાએછે. એ પછે નામસેતાએશનેની અસલ બંદગીની શરૂઆત થાયછે.

'નામ,' 'હોર્મજદ' અને 'તવાનાં' એ તરણ બોલો પેહલવી અને ઈરાની નામસેતાએશનેમા નથી લખેલા, પણ 'હોર્મજદ' એ શબદને ઠેકાણે પેહલવીમાં ... (વર્મન=તે) અને ઈરાની નામસેતાએશનેમાં ... (ઉએ=તે) લખેલુંછે.

'અજશ' એ શબદ પેહલવીમાં ... એમ લખેલો મલેછે, તેને આગમજ કહીઉં તેમ પેહલવીનાં ઘણાખરા અખશરો એક આકારના હોવાને લીધે 'અજશ' ઉકલાવીને લખ્યોઓછે, જેનો અરથ 'તેથી, તેનાથી, તે કારણથી, અથવા તેને લીધે' એટલા થાએછે. એમાનો એકબી અરથ આએ જગાએ બનએસતો લાગુ પડતો નથી. એ બોલ 'અવશ' બી વંચાઈ શકેછે, જેનો અરથ 'તે' અથવા 'જે' થાએછે, તે આએ જગાએ બનએસતો અરથ કરેછે. ઈરાની નામસેતાએશનેમાં એનો જગાએ 'અશ' લખ્યોઉંછે. એ ઉપલા 'અવશ' શબદનો અપભરંસ બનેલો બોલછે. એ પરમાણે તપાસ લેતાં ઉપલા 'અજશ' બોલને 'અવશ' પટવો વધારે વાજબીછે.

'ખુદશ' એ શબદ દીનકરદમાની પેહલવી નામસેતાએશને જે મહને મલીછે તેમાં ખોલી રીતે 'ખુદશ'જ બોલ લખેલોછે. મારી પાસે પેહલવીમાં લખેલી જુટી બે નામસેતાએશનેછે, તેમાની એકમાં ઉપર પરમાણે, અને બીજીમાં એ બોલની જગાએ ... (મોના=ખોદા) લખેલોછે. ઈરાની નામસેતાએશનેમાં ... (ખોદા) લખેલો મલેછે; તે કદાચ તેના રચનાર ઈરાની આલેમને પેહલવીમાં ઉપર પરમાણે 'મોના' શબદ લખેલો મલીઓ હશે; નહીતોકે પેહલવી લખાણે 'ખુદશ' બોલ કોઈબી પરકારે 'ખોદા' વંચાઈ શકાતો નથી. 'ખુદશ' નો અરથ 'તેનું પોતાનું' થાએછે, અને 'ખોદા' નો અરથતો શરવને જાણીતોછે.

'યક,' એ બોલ પછે ઈરાની નામસેતાએશનેમાં '...' (ઉ=અને) નો લખેલોછે, જે આપણી અને પેહલવી નામસેતાએશનેમાં નથી.

પ્રકરણ ૩ જો.

'અવતીદ્' એ શબદ પેહ્લવી નામસેતાએશનેમા નથી. ઇરાનીમાં એની જગાએ [illegible], (વ દાદ્) લખેલુંછે, અવતીદનો અરથ 'મારી નાખીઓ અથવા નાશ કીધો' થાએછે. ગુજરાતીમાં એનો અરથ 'તમામ બુલંદ દુનીઆને' એમ કીધોછે. 'વ દાદ્' નો અરથ 'અને આપીઉં' થાએછે.

'અંગામ્બતી' એ શબદ પેહલવીમાં [illegible] (અન્ હમ્ બુદી) લખેલોછે, તેને આપણા હીંદી પાજંદ કરતાએ અંગામ્ બતી વાંચી લખીઓછે, તે કોઇબી રીતે તેમ વંચાઇ શકાતો નથી, ઉપલા 'અન્ હમ્ બુદી' ને જો તેમાના 'અન' ને જુદો પાડી તેની આગમજના [illegible] (નપશમન્) બોલ સાથે મેળવીએતો (હમ્બુદી) બાકી રેહ, જેનો અરથ 'સાથે જનમેલો=જાતી' થાએછે, તેયારે આપણે [illegible] [illegible] (નપશ્મનાન હમ્બુદી) એમ જુદા પાડી 'પોતાની જાતી શકતી અને દાનાઇથી' એવો અરથ કરીએતો કાયદાસરનો અને માકુળ અરથ થાએ. ઇરાનીઓની નામસેતાએશનેમાં એ 'અંગામ્ બતી' ની જગાએ [illegible] (હમ્ બીદેહ) લખેલુંછે, જે ઉપલા 'હમ્બુદી' ઉપરથી બનેલોછે. ઇરાની નામસેતાએશનેનાં બનાવનારેબી ઉપર પરમાણે 'અન્' ને જુદો પાડી ઉકલાવીઓછે. 'અંગામ્ બતી' નો અરથ ગુજરાતીમાં 'બરાબર રેહનાર' કરવામાં આવીઓછે, તે સા આધારે કીધોછે, તે સમજ પડતો નથી. તેમજ તેનો અરથબી અતરે બનએ સતો થતો નથી. જંદ અખશરે લખેલા નીયાએશ યશતના ખુમસાઓમાંબી "અંગામ્ બતી' લખેલુંછે અને તેનો જુની ગુજરાતી કે જેને આપણા લોકો પરાકરીત કરી કેહછે તેમા 'આપણશી' (પોતાની) એવો અરથ કીધોછે.

'આવ્' એ શબદ પછે 'આતશ' બોલ લખીઓછે. પેહ્લવી અને ઇરાની નામસેતાએશનેમાં એનું ઉલટું 'આતશ' શબદને પેહલા અને 'આવ્' ને પછે લખેલોછે, તે વાજબીછે. કેમકે આગલી ફીલસુફી પરમાણે 'અરબાઅનાસેર' (ચેયારમુલ પદારથ) માં 'આતશ' ને પેહલાં મુકેલોછે.

પ્રકરે ૪ થો.

'અજ્' એ શબ્દ પેહલવી અને ઇરાની નામસેતાએશનેમાં નથી.

'માદાન્' એ બોલને ઠેકાણે પેહેલવી નામ સેતાએશનેમા [illegible] (કેરૂકશ=હકુમત) લખેલુંછે. ઇરાની નામ સેતાએશનેમાં گرویه (ગેરોયેહ) લખી 'તાબેદાર અને ઈમાન' ના અરથ કીધોછે અને 'માદાન્' ના અરથ અકલ થાએછે.

'હંગામ્' એની જગાએ પેહલવીમાં [illegible] (અંબામ) લખેલોછે, તે કોઈબી રીતે 'હંગામ' વંચાતો નથી. હંગામનો અરથ 'વખત' અને અંબામનો 'ખલકના લોકો' થાયછે, તેથી કદાચ પાજંદ વાલાએ 'અંબામ' ના અરથની મતલબને મલતો 'હંગામ' શબદ મુકીઓ હશે, કેમકે બેહુના અરથથી મતલબમાં કંઈ જાજો ફેર પડતો નથી. ઇરાની નામસેતાએશનેમાં ઉપલા અંબામને 'હુબામ્' ઉકલાવીને લખીઓછે, અને તેનો અરથ 'હીંગામ્' (વખત) નો કીધો છે. આગમચ જણાવીઉં તેમ પેહલવીના અઘરાં વંચાણને લીધે એ બોલને 'હુબામ્' ઉકલાવી ઉપલો અરથ કીધોછે. હુબામનો અરથ વખત અને હીંગામનો થતો નથી.

'રખ્મ' એ શબદને ઠેકાણે પેહલવી અને ઇરાની નામસેતાએશનેમાં 'રજ્.મ્' લખેલોછે, તેનો અરથ 'લડાઈ કરવી' થાએછે. મારી પાસનાં જંદ નીયાએશ યશતોના બેહુ ખુમસામાં 'રખ્મ' બોલ લખી તેનો અરથ જુની ગુજરાતીમા सर्वश्रग्नृथाक्रि કીધોછે, જેને હું સમજી શકતો નથી. કદાચ 'તમામ સુરખરૂથી' એમ અરથ કીધો હોએ.

'અંગેજ્સને' એ બોલની જગાએ પેહેલવી અને ઇરાની નામસેતાએશનેમાં 'અયોજશ્ને' લખેલોછે. 'અંગેજશ્ને' નો અરથ 'કોશેશથી' કરવામાં આવીઓછે; પણ એનો અરથ 'ઉશકેરવું' થાએછે, અને 'અયોજશ્ને' નો માએનો 'લડાઇ કરવી' થાએછે, તે વધારે દરોસતછે.

'પર્હેજ્' એ શબદની જગાએ પેહલવી અને ઇરાની નામસેતાએશનેમાં 'પદીરેહ્' લખેલોછે. 'પર્હેજ્' ના અરથ 'દુર રહેવું', અને 'પદીરેહ' ના 'હરીફાઈ કરવી, સાહમને થવું અને મારી હટાવવું' થાએછે.

પ્રકરો ૫ મો.

'અશ' એ શબદ પેહલવી અને ઈરાની નામસેતાએશનેમા નથી.

'જર્થોસ્તર' બોલની આગમજ '૫' મુકવામાં આવીએછે. તે દીનકરદમાની પેહલવી નામસેતાએશનેમા નથી. મારી પાસની હુદી લખેલી બેહુ પેહલવી નામસેતાએશનેમાં [illegible] (૫૨ન=૫) લખેલોછે. ઈરાની નામસેતાએશનેમાંથી [illegible] (ફ=૫) લખેલોછે.

'માંશ્ર સપેંત' એ બોલ દીનકરદમાની નામસેતાએશનેમા નથી. મારી પાસની બેમાની એકમાં એ બોલ મતનમાં લખેલાછે. અને બીજીમાં હાંશીઆ ઉપર લખ્યોઓછે. ઈરાની નામસેતાએશનમાંથી એ બોલ લખેલો મલેછે.

'હુ પુલ' માનો 'હુ' દીનકરદમાની પેહલવી નામસેતાએશનેમાં નથી, મારી પાસની ઉપલી બેહુ પેહલવી નામસેતાએશનમાં એ બોલ લખેલાછે. ઈરાનીઓના નામસેતાએશનેમાં એ 'હુ' લખેલા નથી. 'પુલ' એ બોલ પેહલવીમાં [illegible] આએં પરમાણે લખાએછે. તેને ઈરાની પાજંદ કરતાએ (પનાર) વાંચીઓછે: અને આપણી પાજંદ વાલાએ 'પુહલ' ઉકલાવીઆછે. એ શબદ પેહલવી લખાણથી બેહુ રીતે વંચાઈ શકાએછે, તેમાનું છેલું વંચાણ વાજબીછે. એમાનો 'હ' નીકલી જઈ આપણી પાસે 'પુલ' બોલ આજ સુધી રહ્યોછે, જે અવસતાના ધાતુને મલતોછે, પણ 'પનાર' બોલ પુલને અરથે અવસતા શાથે મલતો નથી.

'હુ—પુલ' અને 'દોજખ' એ બેહુ શબદ પછે '.'('અને'ના) લખેલા નથી, તે પેહલવી અને ઈરાની નામસેતાએશનેમાં ઉપલી બેહુ જગાએ લખેલા મલેછે, અને એ બેહુ જગાઓમાં 'અને' ના અરથ કરવાને સારૂ તેની જરૂરથીછે તેથી મેં તેઓને ઉપલી જગાએ લખીઆછે.

'હન્દ' એ શબદ પેહલવી અને ઈરાની નામસેતાએશનેમાં નથી. એ બોલ ક્રીઆપદ વરતમાનકાળ તરીજા પુરૂશ બહુવચનમાંછે. એનો અરથ 'તેઓછે' એમ થાએછે અને એનો કરતા 'અખ્યાન' બોલછે તે એકવચનમાંછે; તથા એને લખવાની જગાબી હીયાં નથી. એની કાયદાસરની જગા 'હુમાનકરા' પછી છે. એવો એ બોલ આપણી નામસેતાએશનેમાં બેકાયદે લખાયલા અને વપરાયલોછે.

ફકરો ૬ ઠો.

'૫ ફ્રર્માનેતો ખ્ખાવર' એ ફકરો દીનકરદમાની પેહલવી નામસેતાએશનેમાં એકવાર લખેલોછે. મારી પાસની છુટી લખેલી બે પેહલવી નામસેતાએશનેમાંની એકમાં એ ફકરો બેવાર અને બીજીમાં અસલ એકવાર લખી હાંશીઆ ઉપર ફરીને લખેલોછે. ઈરાનીઓની નામસેતાએશનેમાં, શેહનશાહી અને કદમી છાપેલી ખુરદેહ અવસતાની ચોપડીમાં અને જંદ નીઆએશ યશતના લખેલા ખુમસાઓમાં એ ફકરો તરણવાર લખેલોછે.

નામસેતાએશનેનો આએ છઠો ફકરો સદાબરો દીન ઉપર ઈમાન લાવો અને તે ઉપર ઉસતવાર રહીને સવાબના કામો કરવા વગરેની કબુલાત આપવામાં લખાએલોછે; તેથી પઢનાર પોતાના પેદા કરનારની હજુરમાં તે વીશે પોતાના દીલની ખચીતાઈ અને ઈમાનદારી વધારે મજબુત અસરથી બતલાવી શકે એવા હેતુથી આએ બંદગી રચનારે ઉપલા '૫ ફ્રર્માનેતો ખ્ખાવર' ના ફકરાને એકથી વધારેવાર લખીઓ છે. શાએર, કવી અને વીદવાનોને પોતાની કોઈબી ચોકશ બાબતની અસર અથવા ખચીતાઈ વધારે બતલાવવી હોયછે, તો તેઓ તેને પોતાના લખાણમાં એકથી વધારેવાર લખેછે, તે ઘણુંકરીને બેવાર અને કોઈજ વખતે તરણવાર લખવામાં આવેછે. એવું લખાણ પરથમ આપણા અવસતામા થયેલુંછે, તેની ઉપરથી સરવે નકલ કરેછે.

'ખુદશ્' જોકે આએ શબદ દીનકરદમાંની પેહલવી નામસેતાએશનેમાબી 'ખુદશ્'જ લખેલોછે, અને મારી પાસની ઉપલી બે પેહલવી નામસેતાએશનેમાની એકમાં ખુદી (ખુદી) અને બીજીમાં 'ખુદશ્' લખેલુંછે, તે છતાં ઈરાની નામસેતાએશનેમા خوده (ખોદાએ) ઉકલાવી તેનો અરથ 'ખોદા' નો કીધોછે ! ખુદશ અને ખુદીનો અરથ 'પોતાનો' થાયછે તેને ઈરાની નામસેતાએશને કરતાએ 'ખોદાએ' ઉકલાવીઓછે, તે કોઈબી રીતે વંચાઈ શકાતો નથી; તેમજ તેનો અરથ 'ખોદા' નો કીધોછે તેબી અતરે બંન બેશતો અરથ થતો નથી.

'આસ્નીદેહ' એ શબદને દીનકરદમાની અને ઈરાની નામસેતાએશનેમાં 'આસ્નીદેહ' જ લખેલોછે. મારી પાસની બે છુટી લખેલી પેહલવી નકલોમાની એકમા 'આસુદેહ' અને બીજીમા 'આસ્નુદેહ' લખેલુંછે. ગુજરાતી ખુરદેહ અવસતામા અને મારી પાસના

જંદ અખશરે લખેલા નીયાએશ પશતના ખુમસાઓમાં 'આશુદ' લખેલુંછે, અને તેનો અરથ હાલની ગુજરાતીમાં 'નેક' અને જુનીમાં ઉત્તમ કોધોછે. 'આસ્તીહ' નો અરથ 'પોતાની જાતી' એવો થાએછે, જેની અતરે જરૂરછે.

'જાન્' એ બોલને ઠેકાણે પેહલવી નામસેતાએશનેમાં [illegible] (હયા=જાન) લખેલોછે, ઈરાની નામસેતાએશનેમાં گان (ગાન=જાન) લખેલું છે, જંદ અખશરે લખેલા ખુમસાઓમાં એ બોલની જગાએ 'બકુનમ' લખી તેનો અરથ 'હું કરૂં' આપીઓછે અને કદમી ખુરદેહ અવસતાની ગુજરાતીમાં છપાવેલી લગભગ બધી ચોપડીમાં એ બોલને ઠેકાણે 'કાન્' શબદ લખીઓછે! જેનો અરથ ધાતુની 'ખાણ' થાએછે.

આએ જગા જેમ ધેઆન આપવાજોગ તેમજ લગાર રમુજી થઈ પડીછે. ઉપલા 'જાન' શબદનો અરથ બતલાવનારા પેહલવીમાં બે બોલ 'હયા' અને 'ગાન' આવેલાછે. એમાનો પેહલલો "સેમેટીક" અને છેલલો "ઈરાની" બોલછે. ઈરાની નામસેતાએશને વાલાએ પોતાની બંદગીમાં પાજંદનો બોલ જાન લખવાને બદલે ઉપલા પેહલવી બે શબદમાનાં 'ગાન' બોલનેજ લખી દીધોછે, જે ફારસીમાં گان એમ લખાએછે. ફારસીનો આએ આકાર 'ગાન' અને 'કાન' બેહુ રીતે વંચાઈ શકેછે. કદમી વાલા સાહેબોની તમામ પાજંદ બંદગીઓ ઈરાનમાં બનેલી અને તાંહથીજ આવેલીછે; જેમાં તેઓની પઢવાની નામસેતાએશનેબી એકછે. એ સરવ બંદગી ઈરાનથી અતરે આવી તે પેહલલાં ફારસી અખશરે લખાએલી હતી, તે ઉપરથી ગુજરાતી અખશરે લખી લઈ કદમીવાલા સાહેબો અતરે પઢતા હતા, જેયારે છાપવાનું કામ આગલ વધીઉં તેયારે તે ગુજરાતી લખેલાં ઉપરથી અથવા અસલ ફારસી લખાણ ઉપરથી મજકુર બંદગીઓ છાપવામાં આવીછે.

ફારસીના અખશરોમાં 'કાફ' અને 'ગાફ' નો આકાર એકજ છે. બીજા બોલોમા કહીએતો એકજ અખશરને બે ઉચારે વાંચેછે. તેથી ઈરાનથી આવેલી નામસેતાએશનેનો ગુજરાતી અખશરે પેહલવેહલાં ઉતારો કરનારને પેહલવી ભાશાનું પોખત ગનેઆન નહી હોવાને લીધે, તેમા લખેલા ઉપલા 'ગાન્' શબદને ભુલ ભરેલી રીતે 'કાન્' ઉકલાવીને લખીઓછે! જે ભુલ આજ દીન સુધી ચાલુ રહી

છે અને એજ ભુલે સરવ કદમી વાલા સાહેબો પઢીઆ જાયેછે. એજ દાખલે પેહલવી ભાશાનાં પોખ્ત ગનેઆન વગરના આપણા હીંદી અને ઈરાની વડવાએોથી પેહલવીનું ઉકલામણ કંઈનું કંઈ થયું હશે; અને વંચાણ ઉપરથી અરથ થાએછે તેથી તેના અરથો સુંના સું થતા ચાલી આવતા હશે.

ઉપલા 'કાન્' શબદની ભુલને મરહુમ દસતુરજી સાહેબ અરદેશર રૂસતમજી મુલલા ફીરોજજીનાએ પોતાની માએની સાથની છપાવેલી ખુરદેહ અવસતામાં સુધારીછે, અને ઉપલા ભુલ ભરેલા 'કાન્' શબદની જગાએ શેહનશાહીઓની મીસાલે પાજંદનો બોલ 'જાન્' મુકીઓછે.

શેહનશાહીઓના પઢવાના જંદ હરફે લખેલા નીઆએશ યશતનાં જુના ખુમસાઓમાં અને બાજે ગુજરાતી છપાવેલી ખુરદેહ અવસતામાંબી એ 'જાન' શબદને સારૂં પેહલવીમાં ઉપર જોઈ ગીઆ તેમ 'હયા' અને 'ગાન' શબદો હોવા છતાં, તેના તરજુમાનો બોલ 'જાન્' લખવાને બદલે 'બકુતમ્' લખીઓછે ! તે શા ઉપરથી મેલીઓછે, તે સમજાઈ શકાતો નથી.

ફારસી ભાશાના હરફોમાં ઉપલા 'કાફ' અને 'ગાફ' ની મીસાલે એકસરખા આકારનાં બીજા અખશરો છેજ નહી, અને પેહલવી જબાનના મુલ હરફોતો એવા પોતા ભાગ કરતાંબી વધારેછે, જેથી પેહલવીમાં લખેલો એક બોલ ઘણામો ઘણો પચાશથીબી વધારે પરકારે અને ઓછામાં ઓછો પાંચ રીતે વંચાઈ શકે એવા શબદનો મોટો ભાગ મલી આવશે. બલકે લગભગ આખી ભાશાજ એવીછે. તેની સાથે વલી એ જબાન 'એરીયન' અને 'સેમેટીક' જેવા બોહલા અને એક એકથી જુદા મુલ અને રીતભાંત વાલા બે ભંડારની ભાશાઓથી બનેલીછે. તેયારે પેહલવી જબાન જે ભાશાઓથી બનીછે, તેના જાતી પોખ્ત ગનેઆન વગર આપણા હીંદી અને ઈરાની વડવાઓ ઉપલા 'ગાન' ને 'કાન' વાંચવાને દાખલે, કેટલાએક જાણીતા ચોકશ શબદો વગર પેહલવી ભાશાને કંઈની કંઈ વાંચતા આવીઆ હશે; અને ઉકલાવીઆ ઉપરથી અરથ થાએછે, તેયારે તેના અરથોબી કંઈના કંઈ થતા ચાલી આવીઆ હશે. હાલમાં આપણેબી ઘણાખરા આપણા બોજોરગવારોનાં કદમે ચાલીએ છેઈએ. દાખલા

તરીકે 'જાન્' શબદનો પેહલવી બોલ 'ગાન્' લઈએ, જે પેહલવીમાં આએ આકારે લખાયછે. એ ઘણું પરકારે વંચાઈ શકાયછે, તેમા 'ગાન' અને 'જાન' એ બે રીતેબી વંચાએછે. હવે પેહલવીવાલા સાહેબો પોતાના વખતમા એ બોલને 'ગાન' જ વાંચતા હતા, કે 'જાન', તે કોઈથી ચોકશ કેહવાઈ શકાતું નથી. પાછલા વખતમાં જેયારે પેહલવીનો દોર નરમ પડતો ગયો અને આપણામાંથી તેનું ગનેયાન કમી થતું ચાલીઉં તેયારે કેટલાએક પેહલવી શબદોની નીચે પાજંદ અખશરે ઉચારો લખાવા માંડીઆ, તેમા એ શબદને જોકે 'ગાન્' લખીઓછે, તેથીબી કંઈ ખચીતાઈથી કેહવાઈ શકાતું નથી, કે પેહલવીના નીઆગાનો એનો એમજ ઉચાર કરતા હતા, કેમકે તે પાજંદ ઉચારો લખાતી વખતે ઉપર જણાવેલા ફારસીમાંથી ગુજરાતીમાં ઉતારો કરતારની મીસાલે, પેહલવીનું જાતી ગનેઆન નહીં હોવાને લીધે, તેને ભુલ ભરેલી રીતે ઉકલાવીને લખીઓ હશે. એવા પાજંદ ઉચારે લખેલા બોલોમાથી આજે આપણે ઘણાને હાલની સોધ પરમાંણે ફેરવીએ છઈએ. ઉપલાં પેહલવી શબદને પેહલવીનાં વડવાઓએ 'જાન' વાંચીઓ હશે, એ વધારે મનાઈ શકાએછે: કેમકે ફારસીમાં આપણી પાશે 'જાન' બોલ આજ સુધી રહેલોછે, જે ઉપલા પાજંદ હરફે ઉચાર લખનારાઓની સાહમને આવેછે: અને સવાલ કરેછે, કે 'જાન' એ શબદ સા ઉપરથી આવીઓ ? વલી પેહલવીનો એજ શબદ એવોછે, કે એને આપણે ઉપલી બેહુ પરકારે વાંચીએ તોબી 'જાન' નો અરથ કરવાને સારૂ અવસતાનાં બે જુદા જુદા ધાતુને મલી આવેછે, તેયારે પેહલવીનાં વખતમાં ઉપલી બે રીતમાંથી કઈ રીતે એનો ઉચાર કરતા હતા, તે ચોકશ કેહવાઈ શકાતું નથી. પણ ફારસીમાં આજ દીન સુધી 'જાન' નો શબદ આપણી પાસે રહેલોછે, તે તકરારે પેહલવીવાલા સાહેબો ઉપલા પેહલવી આકારને 'જાન' વાંચતા હતા; એમ કહીએતો તે તરફ અકલનું પલડું વધારે નમેછે. એ શબદતો આપણા દસતુર સાહેબોને જાણીતો અને આપણો ઈરાનીછે અને એને ઉપર પરમાંણે બેહુ રીતે વાંચતાં કંઈ વધારે વાંધા ભરેલું નથી. પણ બીજા બોલો જે પારકી 'શેમેટીક' ભાશાના અને વલી તે આપણા દસતુર સાહેબોને ઘણાજ અનજાણાછે, તેના વંચાણ અને અરથો કેહવા થયાંછે, અને થાયછે. તેનો આ

ધાર આપણે કહી શકતા નથી. એની સાબેતીમાં આપણા આગલા અને હાલનાં દસતુર સાહેબો, અને યોરપખંડના વીદવાનો, પેહલવી નું બરાબર સહી વાંચણ કરી, તેનાં માકુલ અરથ કરવામાં એક બી જાથી કેટલા બધા ઉલટા જાએછે, તે હું આએ જગાએ મેલી એ બા બતને ખતમ કરૂંછું. એ બનાવનું મુલ કારણ એજકે પેહલવીનાં મુલાખશરો જુદા આકારનાં માતર પાંચ કે છજછે, તેની સાથે વલી એ ભાશા, ઉપર કહીઉં તેમ, એક એકથી ઉલટા મુલવાલા ભંડારોની જબાનોથી મોશર બનેલીછે; એવી એ ભાશા બીકટ થઈ પડીછે. એ નાં જેવી બીજી જબાનો આ પરથવી ઉપર થોડીજ મુશકેલ હશે; તે થી જાંહસુધી આપણામા અવસતા, ફારસી, અરબી અને તેની ઉપર ની પેહલવીને લગતી બીજી ભાશાઓનું પકું ગનેઆન નહી થાએ, તાંહસુધી પેહલવીનાં માકુલ વંચાણો અને અરથો થવા માહા માહા લછે. એથી આપણ જરતોશતીઓને પોતાનાં ઉપાધીઆઓને ઉપલી ભાશાઓની પોખત તાલીમ આપવાની એને ફરજછે.

નામસેતાએશનેના એજ ફકરામાં જાનની છ શકતીઓ આપેલી છે. તેમાની વીચાર, તરક, સમજ અને અકલ એ ચેઆર શકતી ઓને મલતી પાંચ શકતી ફારસી ભાશામાં જાણીતીછે; જેને અરબે એ યુનાની વઈદક શાસતરમાંથી લીધીછે, તેની ચોકશ જગા અને કા મો હકીમાની કીતાબોમા નીચે પરમાણે લખેલાંછે, તે અતરે જરતોશ તી આલમની વાકેફગારીને સારૂ દાખલ કીધાંછે.

ખોદાતાલાએ આપણા મનને આપણા તનની અને બાહેરની ખ બર મલવાના હેતુથી આપણા બદનમાં ભેજું પેદા કીધુંછે અને તેની મારફતે દશ શકતીઓ બનાવીછે; તેમાં પાંચ બાહરની શકતીઓ, જે વી કે જોવું, સાંભલવું, ચાખવું, શુંગવું અને લાગવુંછે. એ શકતીઓ ની જગા અને કામ હાલ જમાને શરવને જાણીતાંછે, તેમજ બીજી પાં ચ શકતી અંદરનીછે, જેઓને 'હિસ્સે મુશતરેક, ખયાલ્, મુતસર્રેફેહ્, વહમ્ અને હાફેજેહ' કેહછે, તેમની જગા ખોદાએતાલાએ આપણા ભેજાનાં તરણ જુદા જુદા ભાગોમાં નીચે મુજબ કીધીછે.

આપણા ભેજાંના પેહલલા ભાગમાં 'હિસ્સે મુશ્તરેક' શકતીને મુકીછે. એનું કામ આપણા શરીરની ઉપર જણાવેલી બાહેરની પાંચ ઈંદરીઓની ઉપર અથવા રૂબરૂ દુનીઆંનાં બનાવોમાંનો કોઈબી બ

નાવ બનેછેતો તેનો આકાર અથવા બીનાં તે ઈંદરીઓમાથી એકની, બેની અથવા કોઈ વખતે તરણુની મારફતે પેહલલાં એ હીસ્સે મુશ્રત રેક શકતીને મલેછે. બીજા બોલોમા કહીએતો દુનીઆંના બનાવો જે મા ણસની ઉપર અથવા આગલ બનેછે, તે તેની પાંચ ઈંદરીઓમાની કોઈનીબી મારફતે પેહલાં એ શકતીમાં 'ફોટોગ્રાફ' ની મીસાલે છપાય છે. જેમ એક મોટા તલાવમાં જુદી જુદી પાંચ નેહરનું પાણી આ વી મલે, અને એકઠું થાય, તેમ બાહરની ખબરો આપણી ઉપલી પાંચ ઈંદરીઓથી પેહલલાં એ શકતીમા આવી મલેછે. તે કામેલ હ કીમે એ શકતીમા તેને મલેલી ખબરોને સાચવી રાખવાની તાકત બ ખશી નથી, એની પછાડી બીજી શકતીને ખોદાતાલાએ મુકી તેમા એ ગુણ બખશીઓછે.

ભેજાંનાં પેહુલલા ભાગમાં ઉપલી હીસ્સે મુશ્રતરેક શકતીની પછા ડી 'ખયાલ' શકતીને મેલીછે. એનું કામ, જે આકાર કે બીના આપ ણી પાંચ ઈંદરીઓથી ઉપલી પેહલલી શકતીને મલેછે, તેને તે પોતા માં લઈ પકડી રાખવાનું છે. તે શેહનશાહોનાં શેહનશાહે એ શકતી ને પેહલી શકતીનો ખજાનચી બનાવીઓછે. જેયારે કોઈબી બનાવ અથવા આકાર આપણી આગલ બની ગીયા પછે, આપણે તેને પાછો મેળવવા માગીએ છેઈએ, તેયારે એ ખયાલ શકતી પોતાનાં ખજાના માંથી લાવી, આપણી મનશકતી, કે જે આપણા તનનો પાદશાહછે, તેની હજુરમાં રજુ કરેછે. એ બેહુ શકતીઓ આપણા ભેજાંનાં પે હલા કોઠામાં એક બીજીની પછાડી રેહછે.

તરીજી શકતીને 'મુતસર્રેફેહ' કરી કેહછે. એની જગા આપ ણા ભેજાંના બીજા ખાનામાછે. એનું કામ, એની પછેની બીજી બે શકતીઓનાં કામનું બોઆન કીધા પછે વધારે સારીપઠે શમજમાં આવી શકેછે, તેથી તેને છેલલે લખીઉંછે.

ચોથીને 'વહમ' કરીને કેહેછે, તેની જગા ઉપલી તરીજી શકતી ની પછાડીછે. એનું કામ એછે, કે જે બીના અથવા આકારો પેહ લાં એ શકતીને મલેછે, તેના હેવાલને પામી જાયછે. જેમકે આપણે એક માણસને જોતાનેવાર અથવા તેની સાથે વેહવાર ચાલવાથી તે ભ લુંછે કે બુરું અથવા સખીછે કે બખીલ. તેમજ એક ચીજને શુંગવા. સાખતા અથવા જોવાથી તે ખાટીછે કે મીઠી. અથવા કારીછે કે રાતે

દ, તથા એક આવાજ શાંભલવાથી તે માઠો છે કે સારો અથવા દોસ તનો છે કે દુશમનનો ઈતીઆદી ગુણોને જે આપણે પીછાણી કાહડી એ છઈએ, તે એ શકતી બોલી કહાહેછે. એ શકતીને પેહલા શકતોનાં મોસાલે પોતાની સોધ કીધેલી બાબતને પકડી રાખવાનો ગુણ બખ શીઓ નથી, એ ચોથી અને તરીજી શકતીઓ આપણા મગજનાં બીજા ખાનાંમાં યાને ભેજાનાં મધીયે ભાગમાં એક બીજીનાં પછાડી મુકાયેલીછે.

પાંચમી શકતી 'હાફેજેહ' છે. એની જગા આપણા દેમાગનાં તરીજા કોઠામાંછે. એનું કામ ચોથી શકતી જે શોધ કરેછે, તેને પોતાની અંદર લઈ, બીજી શકતીની મોસાલે પોતામાં શાચવી રાખેછે. જેમ હીસસે મુશતરેક શકતીનો ખજાનચી ખયાલ શકતીછે, તેમ વહ મ શકતીનો હાફેજેહ છે. પેહલો ખજાનચી બાહારનાં બનાવો અથવા આકારોને પોતાના ખજાનામાં જાલવી રાખેછે; અને બીજો તે બનાવ અથવા આકારની અંદરનાં હેવાલ અથવા ખાશીએતને પોતાનાં ભંડારમાં સાચવી રાખેછે. એ પાંચમી શકતીની જગા ભેજાનાં પાછલા ભાગમાં કીધીછે.

ઉપલી તરીજી 'મુતસર્રેફેહ' શકતીનું કામ એછેકે, આપણા તનના ઉપલા બેહુ ખજાનચીઓ જે કંઈ પોતાનાં ભંડારમાં જાલવી રાખેછે, તેમાં તે કંઈએક વધઘટ કરેછે. જેમકે જાનવરને એકજ માથું હોવા છતાં તેને તે બે તરણ માથાવાલું અથવા માથાં વગરનું વીચારે, તેમજ એક માણસ પોતાનો દોસત હોવા છતાં, તે દોસત નથી એમ, અથવાતો તે દુશમનછે એમ ધારે. માણસમાં ઉપર પરમાણે વીચારો બાંધવાની શકતીછે, તે એ મુતસર્રેફેહ શકતીથીછે. આપણાં ભેજાંમાં તે માહ શકતીવાન હકીમે ઉપર પરમાંણે તરણ કોઠા યાને ખાડા બનાવી એ પાંચ શકતીઓને ઉપલી વીગતે રાખીછે.

'મનશ્ને' એ શબદની જગાએ દીનકરદમાની પેહલવી અને ઇરાની નામસેતાએશનેમાં 'કુનશ્ને' બોલ, અને 'કુનશ્ને' શબદને ઠેકાણે 'મનશ્ને' લખેલોછે. મારી પાશની બીજી બે પેહલવી નામસેતાએશનેમાંની એકમાં દીનકરદ પરમાણે, અને બીજીમાં આપણી પાજંદ નામસેતાએશને મુજબ લખેલુંછે. જંદના ખુમસાઓમાંબી 'મનશ્ને' પેહલા અને 'કુનશ્ને' છેલે લખેલુંછે, તે વાજબીછે.

ફકરો ૭ મો.

'તવાનમ્' એ શબદ પછે પેહલવી અને ઈરાની નામસેતાએશનેમાં (સામાનીહા) બોલ વધારે લખેલોછે. એનો અરથ 'કાયદા પરમાણે' અથવા 'કામ' એમ કરવામાં આવેછે.

'વશાએમ્' બોલની જગાએ પેહલવીમાં 'શરીતુનમ્' (હું જાઉં) લખેલોછે. જંદના નીઆએશ યશતના ખુમસામાં 'વસીમ્' લખેલોછે.

'ચેશંદર્ગ' એ શબદને દીનકરદમાની પેહલવીમાં અને મારી પાસની બેમાની એકમાં અને બીજીમાં એમ તરણ આકાર લખેલા મલેછે. એમાંનો છેલો 'ચીન્વદર્ગ' ખોલી રીતે વંચાયછે; અને તેનો અરથ 'ચીનવદનો રસતો' (ચીનવદ પુલ) થાયેછે, જેની આએ જગાએ જરૂરછે. પેહલા બે આકારો ઘણી રીતે વંચાઈ શકેછે; તેમાં આપણી પાજંદ વાલા સાહેબે ચેશંદર્ગ વાંચીઓછે, તેમબી વંચાએછે; પણ તેનો અરથ ચીનવદ પુલનો કરવામાં આવીઓછે, તે જોતાં, એને 'ચેશંદર્ગ' વાંચવો ઠીક નથી; કેમકે ઉપલા અરથને વાસતે એવું વંચાણ કોઇબી અવસતાના ધાતુને મલતું નથી. વલી એ બેહુ આકારો 'ચ્યાન્વદર્ગ્' બી વંચાયછે, તેમ ઉકલાવી લખવામાં આવીઓ હતે, તો ઉપલો ચીનવદ પુલનો અરથ કરવાને સારૂં આપણા અવસતાનું (ચિ) ધાતુ, કે જેના ઉપરથી 'ચિન્વત્' બોલ બનીઓછે, તેને મલી આવતે; જેથી માકુલ વંચાણ અને અરથ થઈ શકતે. ઈરાની નામસેતાએશનેમાં 'ચીનવદ પુલ' લખેલુંછે.

'આને' એ શબદ પછે પેહલવી અને ઈરાની નામસેતાએશનેમાં 'માને' (મકાન) બોલ વધારે લખેલોછે. જંદ ખુમસાઓમાં એ 'આને' શબદને બદલે 'માને' જ લખેલોછે.

ફકરો ૮ મો.

'વિસ્પ' એ બોલ પછે પેહલવીમા 'દામ્' અને ઈરાનીમા 'દામાન' બોલ લખેલોછે. એનો અરથ 'ખલક' યાને 'પેદાએશ' થાએછે, જેની અતરે જરૂરબીછે.

ફકરો ૯ મો.

એ નવમો ફકરો આખો દીનકરદમાના પેહલવી અને ઈરાની નામસેતાએશનેમા નથી.

'અમહે હુતાશતહે' એ બેહુ શબદો પાજંદ ભાશાના નથી. એ અવસતા જબાનનાંછે, એટલુંજ નહી, પણ અવસતાને કાયદે છડી વીભકતોનાં પરતયયો લાગેલાં સાથે એમનાએમજ મુકો દીધાછે ! એ બેહુ શબદો બેહરામયજદના વીશેષણ તરીકે લખાયલાછે, અને પેહલવાનાં જમાનાથી વીશેષણને તેના વાશેષીયનાં જેવી જાતો, વચન અને વીભકતીનાં પરતયયો લાગતાં બન થયાંછે. વલી બેહરામયજદ પેહલી એકવચનમાં અને એ બેહુ છડી એક વચનમાં એમ એકએકથી જુદી વીભકતીમાં બેકાયેદે મુકાયાછે.

આએ અને બીજી શાહદતો ઉપરથી આપણને જણાએછે, કે આપણા પેહલવી જમાનાના નોઆગાનોને અવસતા જબાનનું વીઆકરણને કાએદે જેટલું ગનેઆન હતું, તેટલું પાજંદ વડવાઓને નહી હતું. પેહલવીના જમાનાથી વીઆકરણને કાયદે અવસતા સમજવાનું ગનેઆન આપણામાંથી ધીમે ધીમે નીકલી જવા આરંભેલું દેખાએછે.

એ 'અમહે હુતાશતહે' ની ભુલ આપણી દરરોજની પઢવાની 'અહુમાએરએશચ' ની પછાડી 'જસમે અવંઘહે મજ્દ' નો બંદગી કે જે અવસતા જબાનમાં રચેલીછે તેમાબી થએલીછે, જે આજ દીન સુધી સુધારવામાં આવી નથી. એ બંદગીમાં હોરમજદને તેમજ બેહરામયજદ વગરે ફરેશતાઓને પટનાર પોતાની મદદે બોલાવેછે. પણ એ બંદગીમાનાં 'મજદ' બોલ શીવાએ બીજા સઘલા બોલો ઉપલો અરથ થાએ તેમ લખાએલા નથી. 'મજદ' આઠમી એકવચનમાં, અને બાકીના બધા બોલો છડી એકવચનમાછે; તે તમામ 'મજદ' પરમાણેની વીભકતીમાં હોવા જોઈએ, તેયારે ઉપર પરમાંણે અરથ કરવાને સારૂં તેઓ કાયદાસરના ગણાએ.

એથી એ 'જસમે અવંગહે મજ્દ' ની બંદગીને, પાછલા વખતમાં જેયારે આપણાંમાંથી અવસતા ભાશાનું વીઆકરણને કાયદેનું ગનેઆન જતું રહયું, તેયારે બીજી જગાએથી તેને જુદી પાડીને લખવામાં આવીછે, એમ ખોલલું દેખાયેછે.

જેમ નામસેતાએશનેમાં અમહે હુતાશતહેનાં બે બોલોને અવસતાનું પોખ્ત ગનેયાન નહી હોવાને લીધે ઉપર પરમાણે એક બીજાતાં સંબંધ વગર મેલી દીધાછે, તેમજ આએ જસમે અવંગહે મજદની અવસતાની બંદગીમાંબી 'અમહે હુતાશતેહ' થી તે શેવટ શુધીની

એબારતને સીરોજામાના બે ફકરાઓ લઈને તેની ઉપર જસમે અવં ગહે મજદનો જુદી જગાનો ફકરો એકબીજાનાં સંબંધ વગર મેલી દીધોછે અને તેને અહુમાએરએશયનની પછાડી બંદગીના પટાણમાં ચાલુ કીધોછે. કદમીવાલા સાહેબો એ બંદગીને 'જસ્મે અવંગહે મજ્દ' ના ફકરા વગર અમહે હુતાશતહેથા શરૂ કરી પઢેછે.

મારી પાસની છુટી લખેલી બે પેહલવી નામસેતાએશનેમાં એ નવમા ફકરાની જગાએ નીચે પરમાણે લખેલુંછે:—

પીરોજ્ જહુનાદ્ ગદ્મને અવીજેહ વેહ-દીને માજ્દેયસ્નાન્ (તરણવાર પઢવું) અશેમ વોહુ (એક પઢવી).

ઈરાની નામસેતાએશનેમાં એનું પાજંદ કરી પટવામાં દાખલ કીધુંછે, જેને કદમીવાલા સાહેબો પઢીને વલી આપણી નામસેતાએશનેમાનો 'વિસ્પ સેતાએશ્ને' વાલા નવમા ફકરાનેબી પઢેછે. એ 'ફીરોજબાદ' નો ફકરો ઈરાનીઓ અને કદમીવાલા સાહેબો ઘણું કરીને દરેક બંદગીની પછાડી પઢેછે.

જેમ ઈરાની નામસેતાએશનેના રચનારે ઉપલા પેહલવી ફકરાનું પાજંદ કરી પોતાની નામસેતાએશનેને છેડે વધારીઉંછે, તેમ આપણી નામસેતાએશનેનાં કરતાએ તેને બદલે ઉપલો વીસ્પસેતાએશનેનો નવમો ફકરો સેવટે દાખલ કીધો હોય, એમ લાગેછે. તપારા લેતાં માલમ પડેછે, કે પેહલવી વાલા સાહેબો પોતાના દરેક લખાણની સમાપતીએ ઉપલો 'પીરોજહુનાદ્' નો ફકરો લખતા આવીઆછે. કોઈબી કીતાબ પુરી થઈ કે તેનો પછાડી એને લખવાના; એમ આપણને ઘણું મલી આવશે. એનો અરથ 'ખાલેસ અને ભલી માજદીએસની દીનનું ખોરેહ (હમેશાં) ફતેહ પામેલું હોજો' એવો થાએછે.

આએ તરણે નામસેતાએશનેને એક બીજી સાથે સરખાવાથી નીકલતો સાર.

આપણી પાજંદ નામસેતાએશનેને દીનકરદમાની પેહલવી અને ઈરાની જરતોશતીઓના પઢવાની નામસેતાએશનેની સાથે ઉપર પરમાણે સરખાવી જોતાં માલમ પડેછે, કે આપણી પાજંદ નામસેતાએશને રચનારનાં કરતાં ઈરાની પાજંદ વાલાએ ઉપલી પેહલવી નામસે

તાએશનેને સારી ચોકાસીથી ઉકલાવીછે, અને તેનો તરજુમો કરવા માં શબદોનો કે વાકયનો વધારો ઘટારોબી કીધો નથી.

આએ બેહુ પાજંદ નામસેતાએશનેને તેની અસલ પેહલવી નામસેતાએશનેની સાથે સરખામણી આપતાં, વાંચનારી આલમે જોઇ લીધું હશે, કે એ બેહુ બંદગીઓનો એકજ સાહેબથી નહી. પણ બે જુદા જુદા વીદવાનોથી અસલ પેહલવી ઉપરથી તરજુમો થયોછે, એટલુંજ નહી, પણ બે જુદી જુદી જગાએ અને વખતે એક બીજાના ઉતારાઓ જોવા વગરે લખાએલાછે. આવી જગા અને તકનો જે યારે આપણે વીચાર કરીયે છેઈએ, તેયારે જાંહાંસુધી આપણી સલતનત કાયમ હતી અને આપણ સરવે જરતોશતીઓ ઈરાન દેશમાં સાથે એકઠા રેહતા હતા તેહવા વખતમાં એ બંદગીઓનો તરજુમો થયો હોય, એમ જોવામાં આવતું નથી, કારણ કે સાથે રેહતી વખતે જે બંદગીઓ હતી, તે અતરે અને તતરે આજ દીન સુધી વગર ફેરફાર થવે સરવેમાં એકજ સરખી રહેલીછે, અને તેમા કદીબી ફેરફાર થવાનો નથી. એ પાજંદ બંદગીઓ આપણી પાદશાહી ગીઆ પછે અથવા આપણે ઈરાનથી જુદા પડી હીંદોસતાન તરફ નીકલી ચુકા બાદ, શોબશો વરશનાં અરસામાં લખાઈછે; એમ વધારે ખચીતાઈથી સાબેત થાયેછે. આએ મારા વીચારને આજે હીંદોસતાન ખાતે જેટલીબી પાજંદ બંદગીઓ મોજુદછે, તેટલી લગભગ સઘલી વધારે મજબુતાઈથી મદદ આપેછે.

અતરે હીંદોસતાન ખાતે આપણી પાસે જેટલી પાજંદ જબાનમાં રચાએલી બંદગીઓ અને નીરંગો મોજુદછે, તે લગભગ તમામ બેએ પરકારનીછે. એથી ઉલટું ઈરાન દેશમાં જે સઘલી પાજંદ બંદગીઓ આજ દીન સુધી જલવાઈ રહેલીછે, તે તમામ એકજ કીસમનીછે. એજ મોસાને આપણે ઈરાનથી જુદા પડીઆ પછે, જાંહાંસુધી આપણી તરફથી ઈરાનમાં અને ઈરાનથી આપણી તરફ એક બીજાનાં માણસો આવજાવ કરી નહી શકતા હતા અને તેમની સાથે આપણો કસોબી વેહવાર કે જાણ પીછાણ ચાલુ નહી થઈ હતી, તાંહાંસુધી આપણા હીંદોસતાનમાંબી જેટલી પાજંદ બંદગીઓ હતી તે સરવે એકજ જાતની હતી. પણ જેયારે આપણો ઈરાનીઓની સાથે દીનને લગતા સવાલ જવાબોનો વેહવાર ચાલુ થયો અને એક બીજાનાં માણસો ત

રફેનમાં આવજાવ કરવા લાગા, તેયારે જેમ આપણા ધરમને લગતી કેટલીએક કીતાબો, કે જે અતરે આપણી પાશે પેશતર નહી હતી, તે ઇરાનથી આવીછે, તેમ આપણે ઇરાનથી હીંદોસતાન તરફ નીકલી ચુકા પછેની તાંહાંની જોડાએલી પાજંદ બંદગીઓબી અતરે આવીછે, જેને આજ દીન સુધી અતરે કદમીવાલા સાહેબો પડેછે, અને આપણી તરફની જોડાએલી પાજંદ બંદગીઓને આપણે શેહનશાહીઓ પડીએ છઇએ. આપણી શેહનશાહી પખશવાલાઓમાથી આજ દીન સુધી કોઇ ઇરાનમાં જઇને વાસીઉં નથી, તેમજ ઇરાનીઓમાથી કોઇએ અતીઆર સુધી આપણી પખશ અખતીઆર કીધી નથી, તેથી આપણી હીંદોસતાન ખાતેની જોડાએલી પાજંદ બંદગીઓ હાલ સુધી ઇરાનમા જઇ પહાણમાં ચાલુ થઇ નથી. એથીજ ઇરાન દેશમાં આજ દીન સુધી પાજંદ બંદગીઓ એકજ જાતની અને અતરે આપણા ઇરાનીઓની સાથે ઉપર કહીઉં તેમ વેહવાર ચાલવા પછે બે કીસમની ચાલુછે. એ પાજંદ જબાનમા રચેલી બંદગીઓ જેવી કે નીઆએશ, યશત, અને આફરંગાનનાં દીબાચાઓ, આશરવાદ, કુશતી કરવાની બંદગી, રોજે નેકનામ અને નીરંગો ઇતીઆદી ઉપર કહીઉં તેમ અતરે અને ઇરાનમાં જોડાએલી બે બે પરકારનીછે. એથી ઉલટું આપણા અવસતાની બંદગીઓ :—નીયાએશ, યશત, આફરંગાન, ઇજશને, વીસપરદ અને વંદીદાદ ઇતીઆદી શું શેહનશાહી કે કદમી સરવે એકજ સરખીછે. આએ બીનાં ખોલલી રીતે ચોકશ કરી આપેછે, કે છેલલી બંદગીઓ જેયારે આપણે સરવે શાથે એકજ દેશમાં એકઠા રેહતા તેયારની, અને પેહલલી જેયારે આપણે એકબીજાથી ઘણા દુર વેરના દેશોમાં જુદા પડીઆ પછેની બનેલીછે. જેથી છેલલી બંદગીઓ પરથમથી તે હાલ જમાને સુધી આપણ બેહુ પખશવાલાઓમાં એકજ કીસમની અને પેહલલી બે જુદી જુદી જાતની ચાલુછે. આપણી પાજંદ નામસેતાએશને આપણા સાસાની પાદશાહોના વખતમા નહી, પણ એક હજાર વરશ ઉપર લખાઇછે, એમ જે મેં આગમચ કહીઉંછે. તે આએ દલીલો ઉપરથીછે.

———

નામસેતાએશનેમાં આવેલી મજમુનને મલતા અવસતા.

જેમ આપણા પાક અવસતામાં તમામ પેદાએશના પેદા કરનાર દાદગર દાદાર હોરમજદની હસતી, કુદરત, અને દાનાઇ વગેરેનું લખાણ આપણને જાબજા મલી આવેછે, અને આપણા ભલાં મનથી જરતોશતી દીન ઉપર ઉસતવાર રહીને નેકીના કામો કરવા વગરેની કબુલાત આપવાનાં ફકરાઓ આવીઆછે, તેમ આએ નામસેતાએશનેની ટુક બંદગીમાંબી લખાણ થયલુંછે; તેનો મુકાબલો મારા અભીઆસ પરમાણે જરતોશતી આલમની હજુરમાં મેલું છેઉં.

એ બંદગીનો 'બનામે યજદ' વાલો પેહલલો ફકરો ખુદ એ બંદગીનો ભાગ હોય, એમ આપણે હાલમાં જાણીએ છઇએ, તે વીશે આપણે આગલ સીધ કંધુંછે, કે અસલ બંદગીનો એ ભાગ નથી. એ ફકરો આપણા આગલા ભલા ઇરાની જરતોશતીઓનાં ઉતરતા આવેલા નેક કાનુન મુજબ એ બંદગીને મથાલે લખાએલોછે. આપણા આગલા જરતોશતીઓ કોઇબી લખાણ શરૂ કરતા હતા, તો પેહલલાં તેને મથાલે એ ખુબી ભરેલો ફકરો લખતા હતા. કોઇબી દીનદાર શખસ એવું લખાણ કરવા વગર બીજું કોઇબી લખાણ નહી કરતો હતો. બલકે તે વગરનાને રદબાતેલ જેવું ગણતા હતા. આએ નેક ચાલ આપણામાં ગીઆં પચોસ વરસ સુધી ચાલુ હતી; તે પછેથી એ ખુબી ભરેલી રીત ધીમે ધીમે આપણામાથી નીકલી જવા લાગીછે.

એ નેક કાનુનને આપણા જરતોશતીઓએ અખતીઆર કીધોછે, તે શા આધારે કીધોછે ? તેમજ તેઓએ કોઇથી એની નકલ કીધીછે, કે પોતાનાં સાસાની, અશકાની, કે કયાની વડવાઓની ઉતરતી આવેલી નેક ચાલછે ? એ તપાસવાની અગતછે.

ઇરાનને લગતી જુની તવારીખો આપણે વાંચીએ છઇએ, તેમાતો ખોલલી રીતે લખેછે, કે આગલા ઇરાનીઓ પોતાના પુસતકો, લેખો, અને હોકમનામાઓ ઉપર હોરમજદનું નામ પેહલલાં મથાલે લખતા હતા.

એજ મુજબ આપણે આપણા દીનને લગતાં પુસતકો વાંચીશુંતો તેમા એવો ખોદાના નામની મદદનો ફકરો મથાલે લખેલો પેહલલે જો

વાના. એવી મતલબનું મથાલે લખાણ કીધા વગરની દીનને લગતી કોઈબી કીતાબ આપણે લખેલી જોઈશું નહી; એટલુંજ નહી, પણ દીનને લગતી કીતાબો સીવાએની ઉપરબી એવો ફકરો પેહલાં લખેલો આપણને મલી આવશે. તેમા ફારસી અને ગુજરાતી ચોપડીઓને મથાલે ઉપલું 'બનામે યજદ,' પાજંદ કીતાબો ઉપર 'પનામે યજ્દાન્', અને પેહલવી દફતરો ઉપર 'પવન્ શમે ઈહાન્', એમ લખેલું આપણે પેહલે વાંચવાના. છેલલી બેહુ ભાશાનાં ફકરાઓનો અરથ 'ખોદાના નામની મદદથી' (હું શરૂ કરૂંછું) થાએછે અને પેહલલા ફકરાનો અરથ આગલ આપેલોછે. આપણા હખામેનીશ પાદશાહોની પાહડો ઉપર કોતરાવેલી તખ્તીઓમાંબી લખેછે, કે 'હોરમજદની મેહરબાનીથી' હમો રાજ કરીએ છેઈએ, ઈતીઆદી.

હવે છેલલું અવસતામાં તપાસવાનું બાકી રહીઉંછે. અવસતાનું દફતર આપણે લઈને જોઈશુંતો તેમા મોટામા મોટી બંદગીથી તે નાહાનામા નાહની બંદગીની શરૂઆતમાં ઉપર પરમાણેની મતલબનું લખાણ આપણે પેહલાં વાંચીશું. તે લખાણ 'ક્ષ્નઓથ્ર અહુરહે મજ્દાઓ' નો ફકરોછે. એનો અરથ 'હોરમજદને ખુશી રાખવાથી' (હું આએ પઢવાનું શરૂ કરૂં છેઉં) એવો થાએછે. એ લખાણ મુજબ આપણે એ ફકરો પરથમ પઢીઆ વગર કોઈબી મોટામા મોટી કે નાહનામાં નાહની બંદગી પઢતા નથી.

ઉપર પરમાણે તપાસ લેતાં નામસેતાએશનેને મથાલે લખાએલા બનામે યજદના ફકરાની ઉતપતી આપણા અવસતામાથીછે. અવસતામાં માતરે 'હોરમજદને ખુશહાલ કરવાથી' (હું ફલાણું ભણવાનું કે લખવાનું સરૂ કરૂંછું) એવું લખાણ થયુંછે. એ પછે જેમ જેમ વખત આગલ વધતો ગોયો, તેમ તેમ ઉપલાં લખાણમાં ફેરફાર અને વધારો થતો ચાલીઓ. જેમકે પેહલવીના જમાનામા 'હોરમજદને ખુશહાલ કરવાથી' ને બદલે કેટલીએક કીતાબો ઉપર 'ખોદાના નામથી', તો કેટલીએકમાં 'નેકીના આપનાર ખોદાના નામથી' (હું શરૂ કરૂંછું), એમ ફેરફાર અને વધારાથી ફકરાઓ બનેલા મલેછે. પાજંદના વખતમાં 'ખોદાના નામથી' (હું શરૂ કરૂંછું), અને ફારસીના જમાનામા તેમા વધારે વધારો થઇ, 'ખોદાએતાલા કે જે (બંદાઓને) રોજીનો આપનાર અને (તેમનાં) કસુરો માફ કરનારછે, તેના

નામથી' (હું ફલાણું લખવાને શરૂ કરૂં છઉં) એમ એટલા બધા વ ધારા સાથે લખાવા માડીઉં.

ઉપલી તપાસ ઉપરથી દરેક કામ અને લખાણની શરૂમાં ખોદાનું નામ પઢવા અને લખવાનો નેક કાનુન આપણો પોતાનોછે; બીજા કોઈથી નકલ કીધેલો નથી. એ ભલી રીતને પરથમ જનમ આપનાર આપણ માણસ જાતના તન અને જાનનાં નેકખાહ પેગમબર સાહેબ અશો જરતોશત સપેંતમાનછે. એ સાહેબથી આએ દુનીઆમાં પેહલલાં આએ નેક રેવાજ ચાલુ થયોછે, તેબી વલી તે સાહેબની પોતાની તરફનો, કે ખાહેશનો નથી; બલકે આપણા તન અને જાનનાં પેદા કરનાર દાદાર હોરમજદ નાં ખાસ ફરમાનથીછે, જેને સપેતમાને ચાલુ કીધોછે. હોરમજદ યશ તમાં આપણા પેગમબર સાહેબ દાદાર હોરમજદને પુછેછે, કે કીયા એ વા માથરેવાણીના શબદોછે, કે જે, અતીઘણા હીમત આપનાર, ફતેહ મંદ, નુર ભરેલા, અસર કરનાર, દુશમનને દફે કરનાર, તંદરોસતી બખશનાર, બદ હવસોને અને બદકાર માણસોથી પોહચતાં દુખોને ટા ળનાર, તમામ હાડમંદ લોકોને પઢતાને વાર મદદે આવનાર, અને માણસના જાનને અતીઘણો પાક રાખનારાછે? (૧)

હોરમજદે જરતોશતને જવાબ દીધો, કે ઓ સપેતમાન જરથોશત! તે મારા નામોછે(૨).

એ પછે આપણા પેગમબર સાહેબે હોરમજદને તે નામો પુછીઆં છે, તે એજ યશતનાં સાતમાં અને આઠમાં ફકરાઓમાં પોતાનાં અ જમતી નામો કહી સંભળાવીને, નવમા ફકરામાં ફરમાવીઉંછે, કે ઓ જરતોશત! તું મહને (મારા નામોને) યજશને સાથનાં જોરથી રાત અને દાહડો પઢ, કે હું જે હોરમજદ છું, તે તારી મદદ અને ખુશહાલીએ આવશ, તેમજ પાસબાનીનો કરનાર અને ભલો સરોશ, તથા પાણી, ઓરવર અને અશોઓના ફરોહરોબી તાહરી મદદ અને ખુશહાલીને સારૂં આવશે(૩).

દાદાર હોરમજદે પોતાનું નામ દર વખતે લેવાને સારૂં એજ યશતમાં આપણા પેગમબર સાહેબને ફરમાવીઉંછે; એટલુંજ નહી, પણ તે સાહેબ ની મારફતે આપણેબી દરેક કામની શરૂઆતમાં તેનું અજમતી નામ લઈએ, તેને સારૂં આપણને તાકીદ સાથે કેહવડાવીઉંછે. અએ સપે

તમાન જરતોશત ! હાડમંદ દુનીઆમાં જે કોઈ મારો (અંદો) રાત અને દાહડો બેસતાં અને ઉઠતાં, કપડાં પેહરતાં અને છોડતાં, યાને ઘરમાથી બાહેર જતાં અને આવતાં, પોતાના મોહલલા, ગામ, અને દેશથી બાહેર જતાં અને આવતાં, આએ નામોને પટશે, તો તે નરને તે રાત અને દાહડામાં દરવંદનો હેશમ (ઘાટકી માણસનો ગોસસો) કે મીનો દરૂજ (જુડા મન વાલો) ઈજા પોહચાડી શકશે નહી. નહી તો તેને સામણેથી ફેંકાતી આંકરીઓ, ગેફનો, તીરો, તલવારો, ગરૂજો, અને પથરો આજાર દઈ શકશે, કેમકે આએ નામોનું પટવું તે નરને એક મોટી મદદ અને કીલલો થઈ પડેછે, તેથી એ નામોને પટનારાઓ મીનો દરૂજથી, કીના ભરેલી દેવોથી, નુકસાન પોહચાડનાર બદકારથી અને પુર મોત ભરેલો દરવંદ, કે જે અંગરોમીનોછે, તેથી બંચેછે; તેમજ એક માણસની હજાર માણસ શંભાળ કરે, તેમ આએ મારાં નામો પઢનારનું રખશણ કરેછે(૪).

ખોદાતાલાનાં આએ ખાસ ફરમાનથી આપણા અવસતાની દરેક બંદગીને મથાલે ઉપલો 'ખશનોથરહે અહુરહે મજદાઓ' નો ફકરો લખાએઓછે. આએ ફરમાન સરવ જરતોશતીઓ ઉપર ખોલલી રીતે ફરજ નાખેછે, કે દુનીઆમાં જે કોઈબી પોતાનું કામ કરે તેની શરૂઆતમાં ઉપર ફરમાવીઆ મુજબ પરથમ પોતાના પેદા કરનારનું નામ પઢે; તેમજ દરેક લખાણની શરૂમાં પોતાના તન અને જાનના માલેકનું અજમતી નામ લખે. એ નામ લખીઆ અથવા પટીઆ વગર આગલ વધે નહી. ઉપલી ફરજને લીધેજ અવસતાના વખત પછે એ ખશનોથરહે અહુરહે મજદાઓ ફકરાનો પેહલવી, પાજંદ અને ફારસીમાં ઉપર જણાવીઆ પરમાણે તરજુમો થઈ દરેક લખાણ પટાણની શરૂમાં ચાલુ થયોછે.

આપણા ધરમની આએ ઉતમ રીતને આપણ જરતોશતીઓએજ માતર માન આપીને પોતામા ચાલુ રાખીછે, એમ નથી, બલકે એ નેક કાનુન એવોતો મુજરબ અસર વાલો અને અજમતી ભરેલોછે, કે તેણે બીજા તમામ નામીચા ધરમ લાવનારા જેવા કે ઈબરાહીમ, મુસા, ઈસા, અને મોહમદ જેવાના દીલ ઉપર એવીતો અસર કીધીછે, કે તેઓએ પોતાના ધરમમાં તેની નકલ કીધીછે. ઉપલા પેગમબરોએ અનેક ચાલને અતીશે પસંદ કરી, આપણા ધરમની અવસતા, પેહ

લવી, અને પાજંદ ભાશાઓમાથી પોતપોતાના વખતને મલતી જબાનમાંના ઉપલા ખોદાના નામની મદદના ફકરાનો પોતાની ભાશામાં તરજુમો કરી લઈને આપણી રીત પરમાણે પોતપોતાનાં ધરમ પુસતકને મથાલે માન આપીને લખીઓછે; એટલુંજ નહી પણ તેઓ દરેકે પોતપોતાની ઉમતને આપણ જરતોશતીઓની મીસાલે તેઓના દરેક કામની અને લખાણ પઢાણની શરૂઆતમા લખવા અને પઢવાને સારૂં પુરતી તાકીદનું ફરમાન આપીઉંછે. જેમકે આપણે હાલમાંબી ઉપલા પેગમબરોની દીન પાલનારાઓમાં એ નેક કાનુન વપરાતો જોઇએ છઇએ.

મુસલમાનના પેગમબર મોહમદના દીલ ઉપર એ ફકરાએ એવીતો અસર કીધીછે, કે તેણે પોતાના વખતને મલતી પાજંદ જબાનનાં 'પનામે યજદાન' ફેકરામાં વધારો કરી અથવા નામસેતાએશનેને મથાલે લખાએલા 'બનામે યજદ' ના આખા ફકરાને જરાબી ફેર ફરક કીધા વગર પોતાની અરબી ભાશામાં બોલેબોલ તરજુમો કીધોછે; એટલુંજ નહી, પણ પોતાની દીન માનનારાઓ ઉપર એક જબરદસતીની ફરજ નાખીછે, કે કોઇબી કામ આરંભતાં, લખતાં અને પઢતાં પેહલાં તેને લખવો, યા પઢવો. તે પઢીઆ કે લખીઆ વગરનું સરવ કામ રદબાતેલ જાણવું.

એ તાકીદનો હોકમ હમેશાં ચાલુ રેહ એટલા વાસતે મોહમદને 'હદીસ્' (પેગમબરની કહેલી રવાએત) બનાવી પડીછે. તે પોતાની હદીસમાં લખેછે કે "સહમજુ માણસ (ગેહલા વગર) નું કોઇબી કામ કે જેમા 'બીસ્મલ્લાહ' (બનામે યજદ) શરૂઆતમાં (લખેલી કે પઢેલી) નહી હોયતો, તે કામ વધારે રદ અને બાતેલ (જાણવું) (પ). આએ હદીસના ફકરાએ મુસલમાન લોકો ઉપર એવીતો જબરી ફરજ નાખીછે, કે તેઓથી તે પઢવા કે લખવા વગર કોઇબી કામમાં એક પગલું આગલ ભરાતું નથી.

આએ ખશનોથરહે અહુરહે મજદાઓનો નાહનો જેવો ફકરો અને તેના ચાલુ રેહવાનો નેક કાનુન જરતોશતી દીનની કેટલી બધી મોટાઇ બતલાવેછે! કે જેને ઉપલા પેગમબરો જેવાઓએ પોતાની ભાશામાં તરજુમો કરી લઇ પોતપોતાની દીનમાં આપણીજ મીસાલે ફરજ તરીકેનો હોકમ આપીઓછે, જે આજ દીન સુધી પરથવી ઉપર

ના માણસોનાં મોટા ભાગમાં ચાલુછે. એથી શું જરતોશતીઓને થોડું માન અને ફખરછે ?

નસીહતનાં બાબમાં પરથવી ઉપરના વખાણુંનો શાએર શેખ શાદીએ આપણ જરતોશતીઓ ખાણું ખાતી વખતે જમવાનો બાજ તરીકે 'બનામે યજદ' નથી ભણતા, બલકે તેમ કરવું જરતોશતી મ જહબથી બદછે, એમ ભુલ ભરેલી રીતે પોતાની બોસતાન કીતાબનાં બીજા ભાગમાં એક વાત લખી, આપણ જરતોશતીઓ ઉપર એટેક ઘ સારો કીધોછે. તે લખેછે કે, 'ઇબરાહીમ પેગમબર હમેશાં કોઇભી ગરીબ પરોહનાં વગર ખાણું નહી ખાતો હતો. એક હફતા સુધી તે ને તાંહાં કોઇ નહી આવીઆથી તેવા શખસની સોધ કરવા તે નીક લીઓ, તેને એક જઈફ મરદ મલી આવીઓ, તેને જમવાની અરજ કરી પુરતાં માન સાથે પોતાનાં ઘરમા લાવી જમવા બેઠા. જેયારે ખા ણું ખાતી વખતે સરવ લોકો બીસમલલાહ પટીઆ, તેયારે પેલો જઈ ફ મરદ કંઈ પટીઓ નહીઃ તે જોઇ ઇબરાહીમે તેને પુછીઉં કે, ખાણા જેવાં નેયામતની વખતે ખોદાતાલાનું નામ લેવું શું માણસને ઘટાર ત નથી ? કે તેમ તું કરતો નથી. પેલા જઈફ મરદે જવાબ દીધો, કે મારી જરતોશતી દીનનાં દસતુરે આવા તારા બદ તરીકા વીશે કહી સંભલાવીઉંછે, માટે હું તારા એવા બદ રસમને કબુલ કરનાર નથી. જેયારે ઇબરાહીમે જાણીઉં કે એતો જરતોશતીછે અને એનાં ધરમમાં ખાણું ખાતી વખતે ખોદાનું નામ લેવાની મનાઇછે. તેયારે બોલીઓ, કે પાક લોકોની નજદીક એવો નાપાક મરદ નહી જોઈએ, એમ કહીને પેલા પીર મરદને ખાણા ઉપરથી ધીકકાર સાથે ઉઠારીને કાહડી મુકીઓ' (કા.

આએ લખાણ કેટલું બધું પાયા વગરનુંછે. એને ઉપલું ખશ નોયરહે અહુરહે મજદાઓ વાલું લખાણ કેટલું બધું ખોટું પાડી રદ બાતેલ કરેછે. એ પરમાણે આપણી ઉપર તાસસુબી ભરેલા મુસલમા નોએ પોતાના દોરમાં પોતે જાણે જરતોશતી દીનથી પુરવીન હોએ, એમ ખોટું ડોળ ઘાલીને, પોતાના લખાણોમાં બનાવટથી જુઠા લખા ણો કરી ઘણા નીચ ધસારા કીધાછે. પણ અંતે સચાઈ સાત પરમાથી બો દીપી નીકલે, એ કેહવત પરમાણે આએ જમાનો એવો આવીઓ છે. કે આપણી ઉપર એવા નાપાયેદાર હમલો કરનારાઓને યોરપ જે વા વગર તાસસુબી વાલા વીદવાનો જરતોશતી દીનથી પુરતી માહીતી

ધરાવીને, પોતે જાતે પર મજહબ વાલા હોવા છતાં, આપણી તરફથી જુઠા પાડેછે. શેખસાદીએ ઉપલી હેકાએત લખી આપણી ઉપર ખોટો ધસારો કરવામાં પોતે નીકલી જવાની એક તક રાખીછે, તે એછે કે એ હેકાએત મથાલે લખેછે કે 'મં શાંભલીઉંછે' એમ કહી આગલ વધે છે. એવું લખ્યાણ વધારે ભરોશેદાર ગણાતું નથી. મારા સાંભલવા માં શતા ભરેલી રીતે એમ પણ આવીઉંછે કે સાદીએ એ હેકાએત લખીછે તે 'હદીસ' (મોહમમદે કહેલી રવાએત) ઉપરથી લીધોછે. તેયારે શેખસાદીએ નહી, પણ ખુદ મોહમમદે આપણી ઉપર ઉપલો હમલો કીધોછે. એ હદીસ મહુને મલી નહી, તેથી તેમાં કેમ લખેલુંછે, તે તપાસવાને બનીઉં નથી.

ઉપલી હેકાએત ઉપરથી માલમ પડેછે, કે આપણો જરતોશતી ધરમ ઈબરાહીમ પેગમબરનીબી આગમજ ચાલુ હતો.

નામસેતાએશનેનાં બીજા ફકરામાં ખોદાતાલા હતો, છે, અને રેહશે એમ લખીઉંછે, તે હોરમજદ યશતમાં દાદાર હોરમજદ પોતે પોતાની ઉપર પરમાણેની હસતી વીશે આપણા પેગમબર સાહેબને કેહછે. પ વીતર જરતોશત ! મારી અકલ અને દાનાઇ, કે જેનાથી પરથમ દુનીઆ બની હતી, બનેછે, અને સેવટ સુધી બનશે, તેની મારફતે ત નદરોસતી, કે જે હજાર ઘણી કીમતી નેયામતછે, તેને તું પીછાણ; અને તે કેમ, અને કેહવી રીતેછે, તેને તું જાણ(૭). વલી એજ પર માણે ઈજશનેનાં ૧૯ માં હામાં પોતે ફરમાવેછે. (મેં ઘણા) સખુનો કહયાછે, તેમાંના સરવથી સરસ સખુનો (હોનુવરના તરણ ભાગો) છે, કે જેઓને સારૂં હું હમેશાં પુછતો આવીઓછું, પુછુછું, અને સદા પુછતો રેહશ(૮).

ખોદાતાલા છુપી રીતે દુનીઆની વરધી કરનારછે, એમ લખીઉં છે, તે ઈજશનેના પેહલલા હા ઉપરથીછે. જે (હોરમજદે) આપણને પેદા કીધાછે, જેણે આપણો ઘાટ ઘટમ ઘડીઓછે, જે આપણું પોશાણ કરેછે, અને જે સાહેબ કોઈને પણ જાણ કીધા વગર દુનીઆની ઉત પતીનો અતીઘણો વરધીનો કરનારછે(૯).

તે સાહેબ યજદ અમશાસપંદોનેબી અનદીઠછે, એમ લખીઉંછે તે વીસપરદનાં ચોથા હામા આવેલુંછે. તું સરદાર હોરમજદ કે જે

છુપી પેદાએશોમાં (યાને યજદ અમશાસપંદોને) બી છુપોછે, તેને હું યજશને કરવા સાથે ચાહુંછું(૧૦).

ખોદાતાલાએ પોતે પોતાનું નામ હોરમજદ ધારણ કીધુંછે, એમ નામસેતાએશનેમાં લખેછે, તે હોરમજદ યશતમા દાદાર હોરમજદ પોતેજ પોતાનું નામ આપણા પેગમબર સાહેબને કહી શંભલાવેછે, કે એ સપેતમાન જરતોશત હું જે હોરમજદછું, તે તારી મદદ અને ખુશહાલીને સારૂં આવી પોંહચશ(૧૧). એ મુજબ અવસતામાં ખોદાએતાલા પોતેજ પોતાના નામની નીશાની આપતાં જાબજા એ પરમાણે નામ બોલેછે.

એ પછે ખોદાતાલાની કુદરત, મોટાઇ અને દાનાઈનું બીઆન આપીઉંછે, તે ઇજશનેનાં પેહલા હામા આવેલુંછે. પેદાનાં કરનાર હોરમજદને કે જે નુરમંદ, અજમતી ભરેલો, સરવથી મોટો, સરવથી ભલો, સરવથી સરસ, (ઇનસાફના કામમા) સરવથી સખત, અતીઘણો ડાહપણ વાલો, અતીઘણો નેકજાત, અતીઘણો અશો, ભલા મત વાલો અને બોહલી ખુશી વાલોછે; જેણે આપણને પેદા કીધાછે, જેણે આપણો આકાર ઘડીઓછે, જે આપણું પુરૂં પાડેછે અને જે સાહેબ છુપી રીતે અતીઘણી વરધીનો કરનારછે, તેને હમો અરજ કરી (આએ ઇજશનેની) ભેટ આપીએ છઇએ(૧૨).

એ પછે, ખોદાતાલા પેદાએશનો પેદા કરનાર અને નાશ કરનાર છે, એમ લખીઉંછે, તે હોરમજદ યશતમાં ખોદાતાલા પોતે કહી શંભલાવેછે. તમામનો નાશ કરનાર નામે હું છું, અને તમામનો બનાવનાર નામે હું છું(૧૩).

ખોદાતાલાએ જે કંઇબી પેદા કીધુંછે, તે પોતે પોતાની દાનાઇથીજ બનાવીઉંછે, તે હોરમજદ યશતમાં દાદાર હોરમજદ પોતેજ આપણા પેગમબર સાહેબને કેહછે, કે અશો જરતોશત ! માહરી અકલ અને દાનાઇ કે જેનાથી પરથમ દુનીઆ બની હતી, બનેછે, અને સેવટ સુધી બની જશે, તેની મારફતે જે મોટામાં મોટી નેઆમત તં દરોસતીછે, તેની કદરને તું સારીપેઠે જાણ(૧૪). એજ મુજબ ઇજશનેના ૪૫ માં હામાં આવેલુંછે, કે મજદ પોતાનાં ડાહપણથીજ અશોઇનો માલેકછે(૧૫).

એ પછે દાદગર દાદાર હોરમજદે તમામ પેદાએશને પેદા કીધીછે, તેની મુખીઅ ચાજોનાં એક પછે એક નામો આપીઆંછે. તેમા ત

મામ પેદાએશમાં સરવથી મોટો દરજ્જો ભોગવનાર ૭ અમશાસપંદોનેબી પેદા કીધાછે, એમ લખીઉંછે તે હોરમજદ યશતના અવસતા પરમાણેછે. તેમાં દાદાર હોરમજદ અશો જરતોશતને કેહછે કે જરતોશત ! બેહમન, અરદીબેહશત, શેહરેવર, અસપંદાદ, ખોરદાદ, અને અમેરદાદ મારા બનાવેલાછે, કે જેઓમાના છેલા બે હાડમંદ દુનીઆથી ગુજરી જનાર અશો નર નારીને ભલો બદલો આપનારાછે(૧૬).

અમશાસપંદો તે શું, કોણને કેહવા, તેઓ સાનાં બનેલા અને કેહવા તનનાછે; તથા તેઓની દીન, કરણી અને ખવાસ કેહવાંછે; તે જાણવાની ઘણાખરા જરતોશતીઓની ખાહેશ હશે, તે વીશે ફરવરદીન યશતમાં લખાણ આવેલુંછે, તે જરતોશતીઓની વાકેફગારીને સારૂં અગતનું જાણીને અતરે દાખલ કીધુંછે. અમશાસપંદો કે જેઓ નુર ભરેલા, અસરકારી આંખ વાલા, બુજોરગ, મદદ કરનાર, જોરાવર, અને હોરમજદી મજહબ રાખનારાછે, જેઓ અમરગ અને અશોછે, જેઓ સાતે એકસરખા વીચાર, વાણી અને કરણી વાલાછે, જેઓના વીચાર, વાણી અને કરણી એકમલતાંછે, જેઓનો એકસરખી રીતે હોકમ કરનાર માલેક પેદાનો કરનાર હોરમજદછે, જેઓમાના દરેક નેક વીચાર, વાણી અને કરણીમા ગરૂથમાનને યાદ કરતાં એક બીજાના રવાનને આરપાર જોઈ શકેછે, અને જેઓના કીરીઆની તરફ ઉડીને આવવાના રસતા રોશની ભરેલાછે(૧૭). યાને તેઓનાં તન નુરથી બનેલાછે, તેથી તેઓ જે તરફ જાયછે, તે તરફ તેમનાં તનનાં નુરથી રોશની અને પરકારશ ચોતરફ ફેલાઈ રેહછે, તેઓ મરજી ચાહે એવા આકાર લઈ શકેછે, અને તેઓ મરજી ચાહે તાંહા જઈ શકેછે. અરબનાં ફીલસુફોએબી ઉપર પરમાણે મલતું ફરેશતાઓનું લખશણ આપેલુંછે, કે ફરેશતાઓ નુરના બનેલાછે અને તેઓ મરજી ચાહે તેવો આકાર લઈ શકેછે(૧૮). એ આપણા અવસતા ઉપરથી નકલ થતું અરબોએ લીધુંછે.

બેશુમાર યજદોને પેદા કીધાછે તે કુશતો કાપવાના અવસતામા આવીઉંછે. મીનો યજદો કે જેઓ દુનીઆને ભલાઈના આપનારા અને અશો પેદા કીધેલાછે, તેઓ તારા ઈંજાએલા થાય(૧૯).

રોશન બેહશત બનાવીઉંછે, તે આપણી દરરોજની પઢવાની અ

હમાએરએશચ બંદગીમાં આવેલુંછે. પુરતી સુખાકારી વાલું રોશન અને અશો લોકોનું મકાન બેહુશતછે, તે તેહવા શખ્સને સારૂછે(૨૦).

તે સાહેબે ગરૂથમાનબી પેદા કીધુંછે, તે વંદીદાદની ૧૯ મી ૫૨ ગરદમાં લખેલુંછે. ગરૂથમાન કે જે હોરમજદ, અમશાસપંદો અને બીજા અશો લોકોનું મકાનછે, તે તરફ (તે અશોનું રવાન) જાયછે(૨૧).

(ખોદાતાલાએ આફતાબ, માહતાબ, આસમાન, જમીન, ગરહ મંડલ, ઈતીઆદી પેદા કીધાંછે તે ઇજશનેના ૪૪ માં હામા આવેલું છે. જરતોશત હોરમજદને પુછેછે, આફતાબ અને સીતારાઓને તેઓનાં મારગમા ચાલતા કોણે કીધા ? તારા સીવાએ એવો બીજો કોણછે ? કે જેનાથી માહતાબ રોશનીમાં વધો અને ઘટી શકે. કોણ જમીનને અતરંગ પકડી રાખનારછે ? કોણ પાણી અને ઓરવરને ધરી રાખનારછે ? અને કોણ પવનની સાથે વાદલાંઓને જડફથી દોડતાં કરેછે ? (૨૨) યાને તું હોરમજદ શીવાએ બીજું કોઇ એવું કરી શકનાર નથી. એજ મુજબ આપણી ટુંક પણ પુરતી અસર વાલી બંદગી, કે જે આપણે ખાણું ખાતી અને પાણી પીતી વખતે પઢીએ છઈએ, તેમાંબી આવેલુંછે. આએ (ખાણું ખાવાની અથવા પાણી પીવાની) જગાએ હમો હોરમજદને (આએ ટુંક બંદગીની) ભેટ આપીએ છઈએ; કે જેણે (હમારે સારૂં) ગોસપંદો અને અનાજ પેદા કીધાંછે, પાણી અને ઝાડો બનાવીઆંછે, રોશની, પરથવી અને (તેની ઉપરની) તમામ નેઆમતને પેદા કીધીછે(૨૩).

એ પછે માણસો ભલા અને બુરાને પીછાને તેને સારૂં વીચાર શકતી બખશીછે, તે ઇજશનેના ૫૧ માં હાના ઈશારા ઉપરથીછે. ઓ મજદ ! તારા ફરમાનો કે જે ખચીત બુરા લોકોને સારૂં દુખ ભરેલાં અને ભલા લોકોને સારૂં સુખ ભરેલાંછે, તેને માણસો પોતાના ગનેઆનમાં વધારો કરવાને સારૂં યાદ કરતા રેહ. યાને સદા શીખતા રેહ(૨૪). આએથી વધારે ખુલાસાવાર ઇજશનેના ૬૪ મા હામાં આવેલુંછે. કેમકે તમો (માણસો) ખરૂં શું અને ખોટું શું છે, તે પીછાની શકો છેઓ(૨૫).

એ પછે દેવો (બદ હવસો) ની સાહમને આપણે હરીફાઈ કરી તેઓનો નાશ કરાએ એમ લખીઉંછે, તે ઇજશનેના ૧૬ મા હામા આવેલુંછે. હમો આએ 'મુશ' અને 'પરી' ની સાહમને થવા, નાશ

કરવા અને હાંકી કાહડવાને સારૂં તથા જુઠી સમજાવત કરનાર ગુનેહ ગાર શખ્સ અને પુરતી સજાને લાયેકનાં જુલમગાર માણસની શાહમને દુખ પોહચાડવાને સારૂં દેવ (બદ હવસ) નાં લોભનાં (મુખીએ) બે હરીફો, જે વેહતાં પાણીની મીઠાશ અને વરધી પામતાં ઝાહોની તરાવતછે, તેને ચાહીએચ (૨૬). એજ મુજબ હોરમજદ યશતમાંબી લખેલુંછે, માણસો ! તમો ભલી તાબેદારીથી તેઓ (દેવો યાને બદ હવસો) નાં દુખને તોડો, તેઓની અકલને ધાંકી (ગુમ કરી) નાખો, તેઓનાં બેહુ હાથ બાંધો, બેહુ પગ ભાંજો, અને તેઓની ઉપર બેડી બાંધો (૨૭). એ પછે હોરમજદને સવાલ કરેછે, કે મજદ ! શું અશો નર પાપીને મારી શકશે ? હોરમજદ જવાબ દેછે, કે અશો નર પાપી અને જુઠાને બેહુને મારી શકશે (૨૮).

એ પછે નામસેતાએશનેના પાંચમાં ફકરામાં આપણા બંદાઓની રેહનુમાઈને સારૂં અશો જરતોશતને પેગમબરીમાં પસંદ કરી તેની મારફતે માંથરેવાણી મોકલીછે, તે ઈજશનેના ૨૯ માં હામાં આવેલુંછે. એ હામા અરદીબેહશત અને અસપંદાદમદ અમશાસપંદ દાદાર હોરમજદને પુછેછે, કે કોણ એવો તારો બંદોછે, કે જે પોતાની અકલથી આએ બે ખાસીએત વાલી * તારી બનાવેલી માથરવાણીને દુનીઆનાં માણસોને સદા આપે, (૨૯) યાને હમેશાં સુધી શીખવીઓ જાએ ? હોરમજદ ઉપલા બેહુ અમશાસપંદોને જવાબ દેછે. આએ સપેતમાનનો જરતોશત માતર મહને એખલો મલીઓછે, કે જેણે માહરી શીખામણ માનીછે; (૩૦) યાને તમામ ઈનસાન જાતમાંથી મહને પેગમબરીને લાયેક એખલો જરતોશત સપેતમાનજ પસંદ પડીઓછે. તેનેજ મેં મારી દીન શીખવીછે, અને તેજ માહરી દીન અને માંથરેવાણીને દુનીઆના લોકોને હમેશાં શીખવીઓ જશે.

એ આપણા જરતોશતને દાદાર હોરમજદે પેગમબરીમાં પસંદ કીધા, તે વીશે આવાં અરદુઈસુર ફરેશતો અશો જરતોશતને મુબારકબાદી પોહચાડી ખબર આપેછે. ઓ સાચા અને અશો સપીતમ (જરતોશત)! હોરમજદે તુંને શરીર ધરાવનાર દુનીઆનો સરદાર (પેગમબર) બનાવીઓછે (૩૧).

---

* માંથરેવાણીની બે ખાસીએતમાં એક દુનીઆની આબાદાની કરનાર અને બીજી માણસોને સારૂં વરધીની સીખામણ આપનાર, એમ એજ ફકરામાં ઉપર લખીઉંછે.

દાદાર હોરમજદે આપણા પેગમબર સાહેબને પેગમબરી આપી, તે તેણે દીલોજાનથી કબુલ રાખી અને તે વીશે આએ દુનીઆના લો કોની રેહનુમાઈ કરવાની કબુલાત ઈજશનેના ૨૮ મા હામાં આપેછે. જાંહાં સુધી મારામાં શકતીછે, અને હું શકતીવાન રેહશ તાંહાં સુધી પવીતરાઈની ખાહેશ (દીન) તરફ લોકોને હું (ચાલતાં) શીખવશ (૩૨). એ કબુલાત મુજબ તે સાહેબે તમામ આદમી જાતની રેહનુમાઈ કીધી હતી અને તેણે હોરમજદી જરતોશતી દીન અતરે ચાલુ કીધી હતી, તે ફરવરદીન યશતમાંથી આપણને મલેછે. જે (જરતોશત) ની ઉપર તમામ માંથરેવાણી અને પવીતરાઈના સખુનો (હોરમજદથી) સંભલાવીઆમાં આવીઆ હતા, જે દીન અને દુનીઆનો સરદાર (પેગમબર) હતો, જે, સચાઈ કે જે અતીઘણી મોટી, સરસ અને ઉતમછે, તેની સતુતી કરનાર હતો, અને જે સાહેબ, સરવે દીનોમાં જે અતી ઉતમ દીનછે, તેનો (દુનીઆના લોકોને) શીખવનાર હતો(૩૩).

નામસેતાએશનેના એજ ફકરામાં આપણા પેગમબર સાહેબને 'પવીતર રૂહ વાલો' લખીઓછે, તે ઇજશનેના ૩ જા હા ઉપરથીછે. 'યજદ' નામનો નામીચો ખેતાબ ધરાવનાર જરતોશતની ફરવશીને ખુશી કરવાને સારૂ ઈજશને કરવા સાથે હોમ અને પરાહોમ + ને હું ચાહું છું (૩૪). માણસમાથી કોઈને 'યજદ' ના જેવો મોટે દરજજેનો નામીચો ખેતાબ મલીઓ નથી. એ 'યજદ' બોલનો તરજુમો પેહલવીમાં 'યશત ફરોહર,' અને 'એહલોબ ફરોહર' કીધોછે તેનો પાજંદમા 'અશો ફરોહર' અને ગુજરાતીમાં 'પવીતર રૂહવાલો' અરથ થાયેછે.

+ 'હોમ' એક જાતનું ઝાડછે, જેની દાંખરીઓ ઇજશને. વંદીદાદ અને વીસપરદ કરતી વખતે કીરીયાના કામમાં વાપડેછે, જેને હોમ સલી કરીને કેહછે. 'પરાહોમ' તે કે ઉપલા હોમને મોટી ખુપની ઇજશને કરવામાં ચોકશ જગાએ પટતી વખતે છુંદીને તેનો રસ બનાવી મુકેછે. એ રસમાંથી ઇજશને, વંદીદાદ અને વીસપરદ કરતી વખતે થોડો ભાગ લઇ બીજા પાણી સાથે ભેલીને ઉપલું કામ કરનાર મોબેદ ચોકશ જગાએ પીએછે. એ વગરે ઉપલું કામ કીધેલું રવા નથી. એ રસને ઉપલાં કામો કરતી વખતે દરરોજ નવો બનાવીને તાજો લેવો, નાચારીએ તરણ રાત સુધીનો વાપડવો, ચોથા દાહાડાની રપીથવનથી તેને રદ બાતલ જાણવો, એવો આપણી દીનનો હોકમછે. હીંદુ લોકો 'સોમ' ને છુંદી તેને સરાવીને કેફવાલો થાય તેયારે પીએછે, તેમ આપણા મજહબમાં 'હોમ' ને નીશેવાલો કરીને પીવાની મનાઇછે.

એ પછે માથરેવાણીનાં ગુણોમાં સરવેથી દાનાઇ ભરેલી વીદીઆ, દોજખથી બંચાવનાર અને બેહશતમાં પોહચાડનાર એવી ખુબીઓ આપીછે, તે ફરવરદીન યશત ઉપરથીછે. જેનો (હોરમજદનો) જાન શફેદ, રોશન અને પવીતર માથરે વાણીછે, અને જે, અમશાસપંદો નાં સોહામનાં, ખુબસુરત અને ઉદીયોગી તનને બનાવેછે(૩૫); યાને માથરેવાણી એટલી બધીતો ઉંચામાં ઉંચી વાણીછે, કે તે ગોયા હોરમજદનો પોતાનો જાન યાને ખુદ હોરમજદની જાતમાથી નીકલેલીછે, અને જેમાથી અમશાસપંદો જેવા ભલા ગુણો બનીઆછે.

એ વીદીઆ એટલી બધીતો ઉંચીછે, કે જેને શીખવાને સારૂ હોરમજદી યાને ખોદાઈ હોશ, અકલ, અને જબાન જોયેછે. હોરમજદ યશતમાં લખેછે, કે માંથરંવાણીને (હમારી યાદદાશતમાં) અજબર કરી રાખવાને સારૂં હોરમજદી ચાલાકી, યાદ કરી શીખવાને શારૂ હોરમજદી અકલ, અને શીખો કહી સંભલાવા યાને ખલકના લોકોને શીખવવાને સારૂં હોરમજદી જબાનને, હમો ચાહીએ છેઈએ(૩૬).

માંથરેવાણી રવાનને દોજખથી છુટકારો આપનારછે, તે પણ હોરમજદ યશતનાં અવસતાને આધારેછે. તે (માંથરે) તમામ હાડમંદ દુનીઆના જાનને અતીઘણો પાક કરનારછે(૩૭); યાને માણસનાં રવાનને અતીઘણો પવીતર કરનારછે, જેથી તે દોજખના અજાબથી છુટકારો ભોગવી શકેછે.

માંથરેવાણી રવાનને બેહશતમાં પોંહચાડનારછે, તે સરોશ હાદોખત યશતમાં આવેલુંછે. પવીતર માથરેવાણી છુપા દરૂજ (તનની અંદરનાં બદ હવશ) ને અતીઘણો બાહર કાહડનારછે(૩૮).

માંથરેવાણીનાં એકંદર નેક ગુણો રશને યશતમાં આવેલાછે. હોરમજદે જવાબ દીધો કે પવીતર અને સાચા સપીતમ (જરતોશત)! તેં જે માંથરે વીશે પુછીઉંછે, તે હું તુંને કહી સંભલાવુંછું, તેને જરૂર (તું ધીઆન આપીને સાંભલ). વરધીની કરનાર માથરેવાણી તે છે, કે જે (મેં) બીજી પેદાએશો કરતાં પુર ખુરેહ વાલી, અશોઈથી પેદા કીધેલી, સરવેથી સરસ બનાવેલી, વખણાએલી, તંદરોસતી આપનાર, રોશની (મારી દીનની રેહનુમાઈ) ભરેલી, (માણસને ગુનાહ કરવાથી બંચાવાને) શકતીમાન અને ઉંચા દરજજા વાલી (બનાવી) છે(૩૯).

નામસેતાએશ્નેનાં છઠા ફકરામાં 'પ ફ્રર્ષાનેતો ખાવર' એકથી

વધારેવાર પઢવાને લખીઉંછે, તેની શરૂઆત આપણા અવસ્તા ઉપર થી થઈછે. દીન ઉપર ઈમાન લાવી તે ઉપર ઉસ્તવાર રેહવાનો એ કરાર કરતી વખતે, નેક કામો બજાવી લાવાની કબુલાત આપતી વ ખતે, અને હોરમજદની હજુરમાં પોંહચવાની ઈંતેજારી બતલાવતી વખતે, ઈતીઆદી બાબતોમાં જેવારે આપણા દીલની પુરતી અસર અથવા ખચીતાઈ વધારે બતલાવવી હોયછે, તયારે આપણા અવસ્ તામાં એવી જગાએ એકથી વધારેવાર લખાણ કરવામાં આવીઉંછે, જે નીચે આપવામાં આવીઉંછે. આપણા અવસ્તા ઉપરથી તે પછે ની ભાશાઓમો ઉપર પરમાણેની જગાઓમા એવું લખાણ કરવાની નકલ થઈછે. આજેબી શાએર, કવી અને લખનારાઓ પોતાનાં લ ખાણમાં મજકુર જગાઓમાં પોતાના દીલની પુરતી અસર બતલાવાને સારૂં તેઓના ધારેલા એક શબદ અથવા વાકયયને બે તરણવાર લ ખેછે, તેનીબી પેહલ આપણા અવસ્તા ઉપરથી થઈછે.

આપણી ઈજશનેનો ૧૨ મો હા આખો દીન ઉપર ઈમાન લાવી ભલા કામો કરવા અને બુરા કામોથી બાજ રેહવાનાં બાબમાં લખાએ લોછે. તેમાં ઉપર મુજબ લખાણ થએલુંછે. તેમાં લખેછે કે, હોરમજદ સાથની જરતોશતની તમામ પુછપરછ અને મુલાકાતમાં જે એક બીજા સાથે વાતચીત થઈછે, તેમાં જરતોશને દેવની શરદારી (દેવ પર સતી) ને ધીકારીછે. જેમ તે અશો જરતોશને તેઓ (દેવો) ને ધીકારી આછે, 'તેમજ તેમજ' હું પણ જે મજદયસની જરતોશતી છેઉં, તે ખચીત દેવની તાબેદારી (દેવ પરસતી) ને ધીકારૂં છું ૪૦).

હોરમજદની હજુર પોહચવાની ઉમેદવારીમાં એવીજ અસર બત લાવનારો ફકરો ઈજશનેનાં ૩૬ માં હામાં આવીએ છે. ઓ ગેમી વ રધી કરનાર હોરમજદ ! આતશની ખેદમત બજાવી લાવવા (આતશને કેબલો કરવા) ની મારફતે "તુને તુનેજ," હમો સરવ તરફથી પરથ મ પોહચીએ ૪૧). યાને આતશને કેબલો કરી તેના વશીલાથી હમો તુને મલીએ.

નામસેતાએશનેના છઠા ફકરામાં હું તાહરી મોકલેલી ખાલેસ જ રતોશતી દીનને કબુલ કરૂં છઉં, યાને તે ઉપર ઈમાન લાવું છઉં, એ વી પટનારને મોહડે કબુલાત અપાવીછે: તે ઈજશનેનો ૧૨ મો હા, કે જે જરતોશતી દીન ઉપર એકરાર કરવામાં, અને એક ખરા જરતો

શતોએ આએ દુનીઆમાં કેમ વરતવું, તે બાબમાં રચાએલોછે, તેહ નાં પેહલા ફકરાને આધારેછે. એ ફકરો આપણ જરતોશતીઓ દરેક બંદગીની શરૂઆતમાં પટતા આવીઆ છેઈએ. એ વગર કોઈબી બંદગી ભણેલો જાયજ નથી. તે એકે, હું દેવથી જુદો, અને હોરમજદી રાહવાલો મજદયશની જરતોશતી દીન રાખનાર થવાને કબુલ થાઉં છું(૪૨).

એવોજ એક બીજો ફકરો એજ હામાં આવેલોછે, કે જે આપણ જરતોશતીઓ દર વખતે કુશતી કરવાની બંદગીમાં પઢીએ છઈએ. માજદયશની દીન કે જે હોરમજદી જરતોશતીછે, અને જે શકને દુર કરનાર, હથીઆર મુકાવનાર, (સલાહ સંપજ વધારનાર) ઉદીયોગી કરનાર, અને રાસતછે; અને જે તમામ દીનો કે હાલમાંછે, અને હવે પછે થશે, તે સરવેમાં અતીઘણી બુજોરગ, ભલી અને સરસછે, તે ઉપર હું ઈમાન લાવુંછું(૪૩).

એ પછે, હું તે દીનને શીખું, એવો એકરાર કરવામા આવેછે, તે ઈજશનેનાં ૨૨ મા હામાં આવેલુંછે. ભલી માજદીએસની દીનનાં લામબા વખત સુધીનાં અબીઆસને હું શીખી તેને અજબર રાખવાની ખુશીને હું યજશનેની મારફને ચાહુંછું(૪૪).

એ પછે, દીન શીખીને બીજાઓને દીન શીખવવાની કબુલાત આપીછે, તે ઈજશનેના ૨૮ માં હાનાં લખાણ ઉપરથીછે. અતીશે ફયદેમંદ હોરમજદને વાસતે ભલાં મન, મરતબો અને તાબેદારીને જાણીતો થઈ, બુરા માણસોને હું કેયારે પુરતું શીખવશ; અને ઓ સચાઇ હું તને કેયારે આવી મલશ ! (૪૫).

હું દીનને અખતીઆર કરૂં, એવું લખુંછે, તે ૧૯ મી પરગરદના અવસતા ઉપરથીછે. સપેતમાનના જરતોશતે તે (અંગરેમીનો) ને જવાબ દીધો કે (મારૂં) તન, જાન, અને રૂહ એક બીજાથી જુદાં પડે, તોબી હું ભલો મજદીએસની દીનને તજનાર નથી(૪૬).

એ પછે સવાબના કામો કરવાને હું સદા ઉસતવાર રેહશ, એવી કબુલાત આપીછે, તે ઈજશનેના ૨૮ મા હામાં આવેલુંછે. હોરમજદ! તમો (તું) ખોરાક અને પેયાર ભરેલા સખુનો (બંદગી) ની હાજત વગરનાં છેઓ; અને જે લોકોને તું પવીતરાઈથી ભલા વીચારવાલી અને સાચી પેદાએંસ જાણેછે, તેઓની તમામ મુરાદને તું બર લાવેછે, એ હું (સારીપઠે) જાણુંછું; તેથી હું માહરા પોતામાં હમેશાં

અશોઈ (સવાબના કામો કરવા) અને નેક વીચારને પકડી રાખશ(૪૭) યાને મારા મોતના બીછાના સુધી હું મારા નેક વીચારને આગલ દોરાવી, તારા ફરમાવેલાં સવાબના કાંમો કરી લેશ.

એને મલતો એક બીજો એકરાર, આપણે કુશતી કીધા પછે દીનના કલમા તરીકે 'જસમે અવંગે મજદ' પઢીએ છેઈએ, તેમાં આવેલોછે. ભલા વીચાર, ભલી વાણી અને ભલાં કાંમ કરવાને હું એકરાર કરૂંછું(૪૮).

એ પછે તમામ ગુનાહના કામોનો પસતાવો કરી પાછો રેહવાની કબુલાત આપેછે, તે આપણા અવસતાની પતેત 'ફરસતુયે હુમતોઈ બીયશચા' ના અવસતા ઉપરથીછે. તમામ બદ વીચાર, બોલવું, અને કામોને હું તજવું આપુંછું(૪૯), યાને તજુછું.

બદ કામોથી પસતાવાનાં બાબમાં વીસપરદના ૨૦ માં હાનાં અવસતામાં આવેલુંછે. મારા તમાંમ બદ વીચાર, બોલવું, અને કામોના પસતાવાને સારૂં (હોરમજદની) ભલી સરદારીને હમો ચાહીયે છેઈએ(૫૦).

ગુનાહનો પસતાવો નહી કરનારને ચીનવદ પુલ મલવો કઠણ પડેછે, તે વીશે વંદીદાદની ૧૩ મી પરગરદમાં આવેલુંછે. એઓમાંનો જે કોઈ પોતાની હયાતીમાં પોતાના ગુનાહની તોબા કરી પાછો ફરતો નથી, તેને ચીનવદ પુલ મલવો કઠણ પડશે(૫૧).

નામસેતાએશનેના ૭ માં ફકરામાં પઢનાર પોતાના ખોદાતાલાની હજુરમાં એકરાર કરી કબુલાત આપેછે, કે ભલા વીચાર, વાણી અને કરણીથી હું તાહરી બંદગી કરૂં, તે ઈજશનેના ૩૬ માં હાના અવસતાને મલતુંછે. ઓ હોરમજદ! હમો હમારા તમામ ભલા વીચાર, વાણી અને કરણીથી તુને સર નમાવી બંદગી કરીએચ; તાહરી (અપાર બખશેશનાં હેસાનમાં) હમો પોતાને કરજદાર સમજીએચ; અને તાહરી હજુરમાં પોહચીએચ(૫૨).

એવોજ એક વધારે ખચીતાઈ ભરેલો એકરાર ઈજશનેના ૩૧ માં હામાં કરવામાં આવીઓછે. ઓ મજદ! જાહેર રીતે ભલા વીચારનો પેદા કરનાર, પવીતરાઈથી દુનીઆનો બનાવનાર, અને (દરેક ઉતપતીને ઉતપન) કરવામાં દુનીઆનો આપઅખતીઆર માલેક તુંજછે, એ જ જેયારથી મેં તુને મારી નજરે જોયો, (યાને હું તુને સારીપેડે પીછા

ણી શકીએ) તેયારથી તુંજ દીલોજાનથી બંદગી કરવાને લાયકછે, એમ મેં પરથમ વીચાર (નકી) બાંધીએ(૫૩).

એ પછે, હું માહરા રવાનને વાસતે રોશન મારગ ખોલલો કરૂં, જેથી મારા રવાનને દોજખનો અજાબ નહી પોહચે; અને ચીનવદ પુલને આસાનીથી પાર કરી મારા રવાનને બેહશતમાં મોકલું, એવો એ કરાર કરવામાં આવેછે, તે ઈજશનેના ૨૮ માં હાના અવસતા ઉપરથીછે. હોરમજદી કામોના બદલાઓની (કીમત) પીછાણીને હું માહરા પોતા ના રવાનને ભલા વીચારની મારફતે ગરૂથમાન આપું(૫૪); યાને હોર મજદનાં ફરમાન બજાવી લાવાથી મહને ભલો બદ્દલો મલશે તેની ક દર પીંછાણીને હું મારા રવાનને બેહેશતમાં પોંહચાડું.

ઉપલા કામોથી ઉલટા ચાલનાર પાપી શખસને દોજખનાં ભારે અજાબનું પોંહચવુંછે, તે ઈજશનેના ૪૬ મા હામા આવેલુંછે. જે લોકો સાંભલવાની શકતી હોવા છતાં દીનની નસીહેતને નહી સાંભલે અને જોવાની શકતી હોવા છતાં દીનનો મારગ નહી સોધે (દીનમાં ફરમાવીઆ મુજબ નહી ચાલીને આરો મારગ સોધે), તેઓ પોતાની બદ કરણીઓથી માણસનાં ઉપયોગમાં આવતી દુનીઆની ચીજોનો નાશ કરાવાને સારૂં બુરી સતાને જોડે (વધારે) છે. જેથી તેઓનું પોતાનું રવાન અને તેઓની પોતાની દીન (કેરદાર), એ બેહુ ઘાતકી બનેછે. એથી તેઓ જેવા ચીનવદપુલ તરફ આવેછે, તેવાજ તેઓ હમેશ સુધીનાં ભારી અજાબ વાલાં અને ઉંડાંમાં ઉંડાં દોજખમાં મુકાએછે(૫૫).

માણસનું રવાન પછે શું સવાબકાર કે પાપીને મીનોઈ જેહાન માં દાખલ થતાં ચીનવદપુલ પાર કરવો પડેછે, તે વંદીદાદની ૧૯ મી પરગરદમાં આવીઉંછે. જે શખસ કે સવાબકાર અથવા ગુનેહગારછે, તેને સારૂં મજદનો પેદા કીધેલો અને પવીતર ચીનવદપુલ, તે જે જ માનાની સાથે પેદા થએલો રશતોછે, તે (વચે) આવેછે(૫૬).

પુરની સુખાકારીવાલું બેહશત માંગીઉંછે, તે આપણા 'અહમાએરે શચ' ના અવસતા ઉપરથીછે. પુરની સુખાકારી વાલું, રોશન અને અશો લોકોનાં (રવાનનું રેહવાનું) મકાન જે બેહશતછે, કે જેમ હું દુવા માગુંછું તેમ, તેને પોંહચો(૫૭).

જવાહેરથી જહેલું બેહશત લખીઉંછે, તે વીશતાસપ યશતમાં આ વેલુંછે. હોરમજદનાં ગરૂથમાનને કે જે તમામ જવાહેરથી જડેલું અને સુંદર બનાવેલુંછે તેને(૫૮).

નામસેતાએશનેના આઠમાં ફકરામાં બોદાતાલાના ફરમાન પરમાંણે ચાલનાર અશોને સવાબના કાંમોના નેક બદલા આપેછે, એવું લખાણ આવીઉંછે, તે હોરમજ્દ યશતના અવસ્તા ઉપરથીછે. એ જરતોશત, હીયાં ખોરદાદ અને અમેરદાદ અમશાસપંદો માહ્રશ પેદા કીધેલાછે, જે બેહુ અમશાસપંદો શરીર ધરાવનારી દુનીઆંથી ગુજરી ગએલા અશો લોકોના રવાનને ભલો બદલો આપનારાછે ૫૯).

આએ મતલબને મલતા બીજા અવસ્તા ઇજશનેનાં ૨૮ માં હામાં આવેલાછે. હોરમજ્દનાં કાંમોના બદલાની (કદર) પીછાણીને હું મારાં રવાનને ભલા વીચારની મારફતે ગરૂથમાન આપું(૬૦).

એ પછે કેયામતને વખતે દોજખમાંથી ગુનેગારોનેબી મોકલા કરી દુનીઆને ખાલેસી ભરેલી યાને પાપ વગરની કરશે, તે ફરવરદીન યશતમાં આવેલુંછે. જે (કેયામત કરનાર) શખસ સોશીઓસ, બેહરામ, અને અસતવત--એરેત (એ તરણ) નામવાલો જનમ પાંમશે તેનું સોશાંઓસ નામ એટલા વાસતે (આપવામાં આવીઉંછે), કે તે તમામ શરીર ધરાવનાર દુનીઆને બંચાવશે, (યાને રવાનને દોજખનો અજાબ પોહચવાથી બંચાવાનો ફાએદો કરશે), તેનું અસતવત--એરેત નામ એટલા સારૂ (રાખવામાં આવેઉંછે), કે તે (ગુજરેલાંનાં) તનને જીવતા કરશે (યાને પાછા ઉઠારશે), અને (તેનું બેહરામ (ફતેમંદ) નામ એટલા ઉપરથી બોલાયેલુંછે, કે તે) શરીર ધરાવનારાઓનાં નાશ (પાપી) કરનાર (હરેમન) ની શાહમને, બુરા તોખમનાં દરૂજની શાંહમને અને અશો લોકોને કચરી નાખનાર દુખ (પાપ) ની શાહમને હરીફાઈ કરી લડશે(૬૧), યાને માણસોને ગુનાહ કરવાથી બાજ રાખી દુનીઆને ખાલેસી ભરેલી કરશે.

કયામત કરવા પછે, દુનીઆ ખાલેસી ભરેલી, અને મોહત વગરની રેહશે; તે વીશે વધારે ખોલાસા ભરેલું લખાણ જમીઆદ યશતમાં આવેલુંછે, જેયારે (સોશાંઓસ) દુનીઆને તાજી, બુઢાપો, મોહત, નજીસાઈ અને કોહવાટ વગરની તથા હમેશાં સુધી જીવનાર, હમેશાં સુધી ફાએદો કરનાર, મરજી પરમાંણે હકુમત ચલાવનાર કરશે, અને જેયારે ગુજરી ગએલાં જીવતાં થશે, (તેયારે) જીવતાઓને અમરગી પોહચશે (૬૨); યાને સદા નહી મરે એવાં કરશે.

નામસેતાએશનેના ૬ ઠા અને ૭ મા ફકરાની લગભગ સઘલી કબુલાતોને મલતી મોતેબર નસીહેતો આપણા સાસાની તબકાનાં પરથવી ઉપર વખણાઈ ગએલા નામવર પાદશાહ નોશેરવાન આદેલે પોતાનાં લખેલાં પેહલવી 'પંદનામા' માં આપીછે, જે જરતોશતી આલમને એક સારો ઢડો આપનારી, અને નેક મારગ સુચવનારી ધારીને અતરે દાખલ કીધીછે.

પરથમ દીન ઉપર ઈમાન લાવી તે ઉપર ઉસતવાર રેહવું; (તે પછે) તેને અખતીઆર કરી પુરતું માન આપવું; અને તે દીનની મારફતે (તેમા ફરમાવીઆ મુજબ પોતાની કરણીને ચલાવીને બેહશતને) લાયેકનાં બનવું; પોતાના ઈમાન અને મનને ભલી માજદીએસની દીન ઉપર (ચોસત) રાખવાં; અને (તે દીનની રેહનુમાઈએ કરી) ફાયેદાને નુકસાનથી, ગુનાહને સવાબથી, ભલાઈને બુરાઇથી, રોશનીને અંધારાથી, અને ખોદાપરસતોને દેવ (બુત) પરસતોથી (જુદાં પાડી યાને પીછાણીને ભલાં કાંમોને) અખતીઆર કરવાં; ગુનાહનાં કાંમો કરવાથી દુર રેહવું, અને સવાબનાં કાંમો કરવા ઉપર કોશેશ કરનાર થવું. દરેક શખસે પોતાના દીલમાં દરરોજ (આએ પરમાંણે વીચાર) કરવો કે આજ રોજે મેં (મારા ભાઈબંધ માણસોનાં હકમાં) કયું ફાયદા ભરેલું અને કયું નુકસાનકારક, તેમજ (મારે પોતાને વાસતે) કયું સવાબને લગતું, અને કયું ગુનાહ ભરેલું કાંમ (કીધું છે); અને ભલા મારગ ઉપર કેટલો, અને બુરા મારગ ઉપર કેટલો, હું ચાલીઓછું. તાહરે આએ બીના પણ ખુબ ધેયાનમાં રાખવી કે આએ દુનીઆ તરણ પાંચ દાહડા (એક પખવાડીઆં) નીબી નથી, એક દાહાડાનાં જેટલી છે. સદા તો તાંહાં (મીનોઈ જેહાંનમાં) રેહવુંછે; (તાંહાં દરેક માણસના) સવાબ અને ગુનાહનો હેસાબ થનારછે; (તે મારે પણ આપવો પડશે). વલી આએ પણ તારે ખુબ યાદ રાખવું કે જે શખસનું સવાબ તેના ગુનાહના કામો કરતાંને વધારેછે, તેને પવીતર સરોશ હાથ પકડીને બેહશતમાં પોંહચાડેછે, તેમજ જે શખસનું પાપ તેના સવાબના કામો કરતાં વધારે થાયછે, તેને 'વીજરશ' (નામનો) દેવ હાથ પકડીને દોજખમાં લઈ જાયછે. પછે તે વખતે તે પાપી શખસ ઘણાબી કાલાવાલા કે જારી કરશે, તોબી તેના ઉપર દેવો (દયા લાવી) તેના કસુરને બખશનાર નથી, તેમજ તે ગુનેહગારનું રવાન ગને એટલીબી માત

મ કે પોકારવું કરશે, તોબી દેવો (તેના ઉપર મયા લાવી) તેનું સાંભ લવાના નથી. ટુકમાં એવી વખતે કોઈબી તાહરી મદદે આવનાર ન થો. એવે વખતે તાહરી મદદે આવવાનો કુલે આધાર તારી પોતા ની કરણી ઉપરજ રહેલોછે(૬૩).

નામસેતાએશને ઉપર ભાશાણ.

નામસેતાએશને બંદગીમાં આપણે જોયું, કે તેમાંથી પાક પરવર દેગારની હીકમત, કુદરત અને દાનાઈ વીશે આપણ માણસ જાતને સારા અસરકારક હડા મલે, એવું પોખત લખાણ થયલુંછે, તેમજ તે માં દાદગર દાદાર હોરમજદને આપણ ઈનસાનને જનમ આપવાનો સબબ તથા તે જીંદગીનો કેઈ નેક રીતીએ આપણે ભલો ઉપયોગ ક રીએ, તે વીશે પણ સારી ચકુનમ ઉપજાવનારા સબકો સમાવેલાછે. તેમાં પરથમથી તે પાંચમા ફકરા સુધી ખોદાએતાલાની ખોદાઈ, બુલં દી અને પુરતી અજમતનું વરણન કીધુંછે. એ વીશેઓ ઉપર એટલું બધુંતો લખાઇ અને બોલાઈ ચુકુંછે, કે આજ દીન સુધોમાં માણસ ની જેટલીબી મનશકતી અને અકલ પોંહચીછે, તેટલું લખાઇ અને બોલાઈ ચુકુંછે; તોએપણ તે મોટી કુદરતનાં માલેકનાં લાખો અવસા ફોમાંનો એકબી આજ દીન સુધી કોઈથી પુરેપુરો વખણાઈ ચુકો નથી. તે મોટી ખોદાઈના ખાવંદની કુદરત આગલ આપણી અકલ અને વીચારશકતી શું બીશાદમાં? અને ખુદ આપણી હકીકત તે કીશ ગ ણતરીમાં? દાખલા તરીકે આએ આપણી નામસેતાએશને બંદગીમાં ખોદાની કુદરતનું બીઆન આપતાં આપેલા આફતાબ, આપણી પર થવી અને ગરેહમંડલને લઈએ અને તેઓનો મુકાબલો કરી આપણા પેદા કરનારની અજીમ કુદરતનો, આપણો પોતાનો અને આપણી કી ધેલી વખાણોનો વીચાર કરીએ; જેથી આપણી હકીકત તે શું, આ પણે શું બીશાતમાં, અને આપણી કીધેલી વખાણો તે કીશ ગણતરી માંછે? એ સરવે દેખાઈ આવશે.

હાલ જમાનેનાં સીતારેસોધકોની ખરી ખોળ પરમાણે આપણી પ રથવીનો ઘેરાવો નજદીક ૨૫ હજાર માઈલનો અને તેની શપાટી લગ ભગ ૨૦ કરોર ચોરસ માઈલનીછે: આવી મોટી પરથવીને આફતા

બર્તી આસપાસ અતીઘણી જડપથી દોડતી કીધીછે. આવા મોટા પ દારથના બનાવનાર અને તેને અતરંગ ફરતા કરનારની શકતી અને હીકમત કેટલી બધી મોટી હશે ! એક મુવેલા હાથીને એક જગાએથી બીજી જગાએ લઈ જવાને સારૂં આપણને કેટલીબધી શક્તી અને શાંચાનું બલ જોયછે ? તો પછે પરથવી આગલ હાથી કેટલો ?

એ પરથવી આટલી બધી મોટી છતાં જ્યારે આફતાબની મોટાઈ સાથે સરખામની આપેછે, તે જોતાં વલી આપણી પરથવી કંઈજ બીશા દમાં નથી, એમ દેખાયછે. જેમ આપણી પરથવીની મોટાઈ આગલ હાથી, તેમ સુરયની મોટાઇ આગલ આપણી પરથવી ! એમ કહીએતો ચાલી શકે. આપણી પરથવીનાં કદ કરતાં સુરજ ૧૩ લાખ કરતાંનેબી વધારે મોટોછે. સારામાં સારી દુરબીનની મારફતે આફતાબની સપાટી ઉપર હાલમાં બે તરણ કાલા દાઘ સોધી કાહડવામાં આવાંઆછે, જે માનો મોટામાં મોટો દાઘ ઉપલી દુરબીનથી એક લીલી દરાખનાં જેટ લો દેખાયછે. એ દાઘનાં ઘેરાવા આગલબી આપણી પરથવી કશો ગણતરીમા નથી. એ ઘેરાવા અને આપણી પરથવીને, એક કુવામાં એક સોપારી નાખીએ તેની સાથે સરખાવેછે ! ખોદાએતાલાની આ વી નાહાનામાં નાહની પેદાએશની ઉપર રેહનારા આપણે માણસજા ત, તે પોતાના હાવા મોટા પેદાના કરનારની કુદરતને પુરેપુરી કાંહથી જોઇ, જાણી અને વખાણી શકીએ. બલકે આપણે શા હેસાબમાં છઈએ.

હવે આપણી પરથવી અને આપણો પોતાનો મુકાબલો લઈએ અને આપણે તે મોટામા મોટી કુદરતવાલાની કેટલીબધી અતીઘણી નાહનામા નાહની ખલક છઈએ, તે તપાશીએ તથા આપણે આવી ઝીનામા ઝીની પેદાએશ હોવા છતાં આપણામાં તે કામેલ કુદરતનાં સાહેબે પોતાની કુદરત, હીકમત અને ખોદાઈ કેટલીબધી વાપરીછે અને તેને આપણે કેટલી જોઇ અને જાણી શકીએ છઈએ તે જોઈએ. આપણી પરથવી ઉપરનો મોટામાં મોટો પદારથ લઈને તેની ધારણ ક રતા પરથવીની સાથે સરખાવી જોઈશું, તો તે તેની આગલ કેટલો બધો નાહનો નીપજવાનો ? આપણી પરથવી ઉપરનો મોટામાં મોટો પાહાડ અને ઉંડામાં ઉંડી ખીણ ખુદ પરથવીનાં કદ કરતાં કેટલાં બ ધાં નાહનાંછે. તેઓ એક હાથીનાં કદ ઉપર એક મગતરાની આંખ ની કીકી અને પાંપણ બરાબરનાંબી નથી. હવે એવા મોટા પાહાડ

અને ખીણની નજદીક આપણે માણસ કેટલાબધા પરમાણમા નાહ નામા નાહના છઈએ ? આપણા તન ઉપરના ઝીનામા ઝીનાં રૂવાં ઉગવાના બારીક છીદરના પરમાણ કરતાંબી આપણે નાહના છઈએ ! જેયારે આપણે એવા પાહાડ અને ખીણની નજદીક આટલી બધી ઝીનામા ઝીની પેદાએશ છઈએ, તેયારે ખુદ આપણી પરથવી અને સુરયની નજદીક આપણે કેટલાબધા પરમાણમાં ઝીના ! કંઈજ ગણતરીમાં નહી, એમ કહીએતા ચાલે.

ખોદાએતાલાની આપણે ઉપર પરમાણે નાહનામાં નાહની પેદાએશ છઈએ, તેથી તે સાહેબે આપણામાં પેતાની થોડામા થોડી કુદરત વાપડી હશે. તોએપણ તે સાહેબે આપણામાં જે કુદરત અને હીકમત કામે લગાડીછે, તે જોતાં તે કેટલી બધી મોટામા મોટી દેખાયેછે. જો કે એ કરવું તે સાહેબની નજદીક એક રમત જેટલુંછે. એ વાપરેલી કુદરત અને હાકમત આપણી પોતાને લગતી બલકે ખુદ આપણી અંદરનીછે તેને મજાલ આપણે આજે પુરેપુરી જોઇ અને જાણી શકતા નથી, તો પછે આપણે ખોદાની બીજી કુદરતને શું જોઈ અને જાણી શકીયે ? જો કે આજ દીન સુધીમાં આપણે ઉપલી કુદરતમાથી નીચે પરમાણે સોધી કાહડીઉંછે, તોએપણ હજુર જોવા અને જાણવાનું ઘણામા ઘણું બાકી રહેલુંછે.

આપણા તનમાં તરાંહ તરાંહનાં યોગીયે યતરોનું લાયેક રીતીએ ગોઠવાવું, તેની મારફતે આપણા શરીરનાં સઘલા કામો બરાબર ચાલું થવાં, ઉપલા સાંચાઓની મારફતે આપણા ખાધેલા ખોરાકોનું બે તરણ જગાએ જઈ પાચન થવું, એ પાચન થયેલા ખોરાકમાથી તેના રસકસ અને કુચાનું જુદુ પડવું, વલી એ રસ એકવરી અને બેવરી નલીઓ (રગો) ની મારફતે ગલાઈને જુદી જુદી ચોકરા જગાઓમા તેના ખાલેસ લુબ અને કુજલાનું છુટું પડવું, એ ગલાયલા માવાનું તેનાં ભોજણ કરનારા આપણા શરીરના ભાગોને ભાવતા સવાદીશટ બનવું, એ જુદા જુદા લેજતવાલા ખાનાઓની, તેના ખાનારા આપણ તનનાં જુદા જુદા અવયવોને તેમની ઇછા પરમાણે:— મીઠું ખાનારને મીઠું અને ખાટું ખાનારને ખાટું એમ, પરીસની થવી, અને એ પરીસેલાને તેના જમનારાઓનાં ભોજણમાં જઇ તેના ખવાઇ ગીએલા જાતી ભાગને પુરાવો થવો ઇતીઆદી ઇતીઆદી

કામોને જો કે આપણે આજ દીન સુધીમાં સોધી કાહડીઆંછે; તોએપણ હજુર આપણા તનનું અને તનદરોસતીનું ઘણું જાણવાનું બાકી રહીઉંછે, જે આપણે આજે નહી જાણવાથી નાચાર થઈ બેઠા છઈએ.

આપણા શરીરનાં શાંચાઓ દર પલે ઘણી જડપથી ફરવાએ કરીને ઘસાઈ પીસાઈ જાયછે, જેથી નબલા થઈ સેવટે નાશ પામેછે તેના પુરતા અટકાવો; આપણે બચપણમાંથી આગલ વધી જવાન થવા બાદ જઈફી હાલતમાં આવીએ છઈએ તે ન બને; જઈફી આવાથી આપણા તનની ખુબસુરત ચામરી ચીમરાઈ જઈને બેડોલ બની જઈએ છઈએ, બાલ પાકા જાયછે, દાંત ખરી પડેછે, આંખે દેખાતું નથી, કાણે સંભલાતું નથી, પગે ચલાતું નથી, કમરમાથી વાંકા વલી જઈએ છઈએ અને બુધીની હાની થાયછે, એ સરવે ન બને તેના પોખ્ત ઉપાયો; આપણા બદનનાં ભાગો દરરોજ ખવાતા જઈને ઓછા થતા જાયછે, તેનાં આપણા ખાધેલા ખોરાકમાંથી બચપણની મીસાલે પુરેપુરી પુરણી થવા ઉપરાંત વધારાઓ બનતા જારી રેહવા; તેમજ આપણે પાણીમાં પડવાથી ડુબી જઈએ છઈએ, આતશમાં પડવાથી બલી મરીએ છઈએ, હવામાં અતરંગ ફરવાથી તુટી પડીએ છઈએ, જેહરી જાનવરોનાં કડવાથી અથવા જેહર જેવી નાશકારક ચીજ ખવાવાથી મરણ પામીએ છઈએ, ટુકમા આપણે આપણી ચોકશ મુદત પછે મરી જઈએ છઈએ, એ સરવનાં અટકાવનાં કારગર એલાજો આપણે હજુર કાંહાં જાણીએ છઈએ ? એ સરવે જાણવાથી આજે આપણે ઘણાજ અસમપુરણ છઈએ, એથીજ ઉપર કહેલું સરવ પરકારનું નુકસાન આપણામા બનીઉં જાયછે, આજે આપણી નજર આગલ પુર જવાની અને ગોશત ચરબથી ભરપુર શકતીવાલો શખ્સ સખ્ત ખઈ, આતેશાર, સનેપાત અથવા જેહરી જાનવરનાં દંશવાથી તફરી તફરીને મરી જાયછે, તેને આપણે ગરામાં હાથ ઘાલી જોયા કરીએ છેઈએ, તેનું કારણ શું ? એજ કે આપણે તેના મુજરરબ એલાજો હજુર જાણતા નથી.

તે મેહરબાન સાહેબેતો આપણા સરવ દુખ અને બીમારીઓનાં સેહલા, સુતરા, અને કારગર ઉપાયો બનાવી મુકેલાછે, તેબી વલી આપણને તેને દુરવેર સોધવા કે ખોળવા જવું નહી પડે, તેમ જાંહાં જાંહાં આપણું કદમ તાંહાં તાંહાં બનાવીઓ જાયછે અને તેને આપણી નજર આગલ બલકે પગ તલે રખ્ખરતા મેલીઆછે. પણ આપ

ગેજ તે બોહુલી કીમત વાલા પદારથોની જુદાં જુદી અને તેમનાં એક બીજા સાથે જુદા જુદા પરમાણમા મલવાની પુરેપુરી ખાસીયતથી હજુર અતીઘણા અનવાકેફ છઈએ. એ આપણી ખામી અને નાવાકેફીને લીધેજ તે ખરા જવાહેરની ઉંચી કીમત વાલા પદારથો હોવા છતાં પથરા અને ધુલના મુલ બરાબર પગ તલે રજરેછે !

ખોદાએતાલાએ જેમ આપણામાં ઉપર પરમાણે અવયવોનાં યોગીયે પંતરો મેલી પોતાની કામેલ કુદરત બતલાવીછે. તેમ આપણા કરતાંબી ઝીનામાં ઝીનાં જાનવરો, જે હવા અને પાણીની અંદર જ હાબત વસેછે અને જેને આપણે જોવાનાં યોગીયે કાચોની મદદ વગર જોઈ શકતા નથી, તેમાંબી દેખાડીછે. તે માહુ શકતીવાન સાહેબે એવા અતી ઝીનાં જાનવરોમાંબી આપણીજ મીસાલે આંખ, નાખ, ભેજું, ગુરદો, કલેજું ઈતીઆદી બનાવી તેમને ખાતાં, પીતાં, ફરતાં અને સુતાં કીધાંછે. એવાં બારીકમાં બારીક અવયવોને બનાવાને સારૂં આપણને કેહવી આંખ અને કેહવાં ઝીનાં હથીઆરો જોય ? જેને તે અજીમ કુદરતનો આપઅખતીઆર ખાવંદ વગર હાથે અને વગર હથીઆરે બેશુમાર બનાવીએ જાયેછે.

આપણે એટલા બધા તો નાકેસ વીચાર શકતીવાળા છઈએ, કે આપણી નજર આગલ બલકે પગ તલે રખરતી તે કામેલ હકીમની બનાવેલી અમુલીએ નેયામતોની પુરેપુરી માહેતી ધરાવતા નથી, એટલુંજ નહી, પણ આપણી ખુદ પોતાની અંદરની બાબતોથીબી ઘણાજ અનવાકેફ છઈએ; એટલા બધા અધુરા છઈએ, તો પછે ખોદાએતાલાની બીજી કુદરત પીછાણવાને સારૂં આપણી પરથવીનાં જેવા બીજા દુરના ગરેહોની હકીકતને તે કાંહાંથી જાણી શકીએ ? હાલ જમાનેનાં સીતારે સોધકોનાં કેહવા મુજબ જેમ આપણી પરથવી ઉપર આફતાબની પુરતી અસર પોંહચી રુતુઓ બનેછે અને તેની અસરથી આપણી પરથવીનાં પદારથોની ઉતપતી અને તેમના ફેરફાર, કદ, રંગ અને સવાદો બનેછે, તેમ સુરજની આસપાસનાં તમામ ગરેહોમાબી સુરજની અસર પોંહચી બનેછે, તે છેક 'નેપચીયુન' ગરેહ કે, જે છેલલો સોધી કાહડવામાં આવીઓછે અને તે સુરજથી ૨ અબજ અને ૮૦ કરોર માઈલ વેર દુરછે, તે છતાં તેમાં પણ આફતાબની અસર પોંહચી આપણી પરથવીની મીસાલે રુતુઓનો ફેરફાર થાયછે. એ સરવે ફેરફાર થવા અને

રૂતુઓનું બનવું કંઈ ખોદાએતાલાએ અમથું નકામું બનાવીઉં ન થી, તાંહાં પણ આપણી મીસાલે ખોદાની ખલક હશે અને આપણી મીસાલે સરવ ચીજની ઉતપતી બનતી હશે. એ સરવે ખલકને આ પણે કાંહાં જોઈ અને જાણી શકીએ છઈએ ?

આએ તપાશતો હજુર આપણે આપણાજ સુરયમંડળની કરીએ છેઈએ, અને તે માહ શકતીવાન સાહેબેતો એવા એવા અગણીત સુ રયમંડળો બનાવીઆં હશે, જે આપણે હજુર સુધી જોઇ અને જાણી શકીઆ નથી. કોઈ દાહાડો એવોબી આવશે કે જેમ 'હરસચલ', 'નેપચીઉન' અને 'વલકન' ગરહો હાલમાં નવા સોધી કાહડીઆમા આ વીઆછે તેમ આપણા જેવાં સુરયમંડળોબી ખોળી કાહડવામાં આવશે.

ઉપર પરમાણે જોતાં તે મોટી કુદરતનાં સાહેબે પોતાની અગ ણીત પેદાએશો બનાવીને તેની બેશુમાર વખારો ભરી મુકીછે, તેમાની એકમાં આપણે ફેંકાએલા છઈએ, તેબી વલી એ આપણી વખારનાં બોહલા જથાવાલા પદારથોનાં દબાનમાં ખોદા જાણે આપણે કીઆ ખુણામાં પહેલા છઈએ. એથી હજુરતો આપણે આપણો વખારમા જેટલી નખાયલી પેદાએશોછે, તેને પુરેપુરી જોઈ અને જાણી શકતા નથી, તો પછે આપણી પાશે કુદરતની બીજી વખારો કેટલીછે, અને તેમાં શું શું પદારથોછે, તે આપણે કાંહાંથી જાણી શકીએ ?

આપણીતો હદજ બંધાઈછે કે આપણે જે જોઈ શકીએ અને ઘ ણ થાયેતો જે ઉપર આપણી અકલ પોહચી શકે, તેવી બાબતો ઉપર થીજ આપણે આપણા પરવરદેગારની પુરતી કુદરત, હીકમત અને ખો દાઈના વખાણો ગાવા મંડી જઈએ છેઈએ. હવે ઉપર પરમાણે આપ ણું જોવું અને જાણવું તે, તે મોટી કુદરતવાલા સાહેબની બોહલી રચ ના આગલ કેટલું ? આપણે પંદર વીશ ગરહો, સાત પાંચ ચાન અ ને એક સુરજ જોયા તેથી શું ? શું ખોદાની ખોદાઈ જોઇ વલીઆ ? અને તે ઉપરથી તેની કુદરતના ગુણો ગાઈ ચુકા ? શેખ ફરેદુદદીન અ તતારનાં બોલોમાં એ માણવી ! ખોદાની ખોદાઈ જોવા, જાણવા અ ને તે ઉપરથી તે સાહેબના વખાણો ગાવામાં તારી અકલ અને શ મજ શકતીનો પરકાશ કેટલો ? દાહડાના પુરતાં અજવાલામાં તારા માંથા ઉપરના એક બાલનું જીનું અની શલગાવીએ અને તેનાથી જે રોશની મલે તેટલોછે ! હવે તે અજીમ કુદરતના ખાવંદની આવી

મોટી અને માહબારત ખોદાઈ, કુદરત અને હીકમતને આપણે આપ ણા ઉપલા રોશનીનાં બલથી કેટલી જોઈ, જાણી અને વખાણી શકીએ! એથી તે જગત કરતાની કીરતીના કીરતનો જેટલાંબી આપણે ગાઈએ તે અધુરાં અને અધુરાંજછે. માટે એ આપણી નામસેતાએશને ની બંદગીનાં પેહલા પાંચ ફકરાની આવી મુશકેલ બાબતને આપણે રહવા દઈને તેના છઠા અને સાતમાં ફકરાઓ કે જેમાં આપણે આએ જેહાનમા જીંદગી કેમ ગુજરવી જોઈયે તે વીશેની મોટી અગતની બીનાઓ શમાવીછે, તે ઉપર આવીએ છઈએ.

આએ દુનીઆમાં જીંદગાની ગુજારવાના બાબમાં ઉપલા ફકરાઓ અગત કરીને આપણને ઘણા જરૂરના, બલકે પેહલી ફરજનાં અને પુરતી તાકીદ સાથે ગોખીને યાદ રાખવા જોગછે. એ ફકરાઓમાં પઢનાર ધણી પોતાના પરવરદેગારની હજુરમાં પોતાને મોહડે દીલોજાનથી એકરાર કરેછે, કે તે તેની મોકલેલી ખાલેસ જરતોશતી દીન ઉપર ચોસ્તછે; એ ઉપરાંત તે નવ બાબતો વીશે કબુલાત આપેછે, કે તારી ભલી દીનને હું કબુલ કરૂં; શીખું, શીખાડું અને તે ઉપર વાઅજ કરી તેનો પુરતો ફેલાવો કરૂં; સવાબનાં કામો કરવાને સદા તતપર રેહું; તમામ ગુનાહ ભરેલાં કામો કરવાથી પસતાવો ખાઈને અલગો રેહું; મારી પોતાની કરણીઓને જીંદગીનાં છેલલા દમ સુધી પાક રાખું; નેક મનશની, નેક ગવશની, અને નેક કુનશનીથી મારા મોતનાં બીછાના સુધી તારીજ બંદગી કરૂં; મારા રવાન માટે રોશનીનો મારગ એખતીઆર કરૂં; ચેનવદ પુલ આસાનીથી પાર કરવાને લાયક બનવાની હરદમ કોશેશ લેઉં અને મારા પીઆરા રવાનને બેહેશત અને ગરોથમાન આપું.

ઉપલી કબુલાતો જેવી મોટીછે, તેવી પાર પડવામાં અતીઘણી શખતછે; માટે જે શખ્સ દીનદારીનો પેશો ધરાવી તેને પાલવાને કશી પાંતીએ કસુર નહી રાખે, અને તે બજાવવામાં પોતા ઉપર પડતું માહબારત દુખ અને રંજને ખેંચેતો, બેશક તેના જેવો આ દુનીયામાં જાહોજલાલી અને મીનોઈ જેહાનમાં ખરૂં સુખ અને મરતબો ભોગવનાર ભાયગશાલી નર બીજા કોઈને નહી જાણવો. જોકે દીનને લગતી આવી કીમતી નસીહેતો આએ બેઉ ફકરામાં સમાવીછે અને આપણા જરતોશતીઓમાના ઘણાખરાઓ એ બંદગીને દરરોજ પઢેછે, પણ આ

પણી દીનને લગતી ભાશાઓનું તેમનામાં ગનેયાન નહી હોવાને લીધે તેઓ તેનો અરથ સમજી શકતા નથી; જેથી ઉપલી કીમતી નસીહેતોની પુરતી કદર પીછાણવામાં તેઓ અશકત રહેછે. બંદગી કરવાનો મુલ મતલબ એ છે, કે આપણે તેમાં દીધેલી નસીહેતને સારી રોતે સમજી ખરો ઉપયોગ કરીએ, અને તેનાથી આપણી પોતાની કરણીને સુધારીએ, તથા તેની મદદથી આપણે આએ દુનીઆમાં કીરતી મેલવવાને લાયેકના અને મીનોઇ જેહાનમાં બેહશત અને ગુરૂથમાન ભોગવવાને યોગીયના બનીએ. આએ મતલબ ઉપર પરમાણે આપણે અરથ નહી શહમજવાથી વીઅરથ જાયછે. આપણામાં દીનને લગતી ભાશાઓનું પોખત ગનેઆન મેલવવા, અને તેને લગતી વાએજો થવાની કેટલી બધી અગતછે, તે આ ઉપરથી શીધ થાયછે, તેમજ આપણને દીનને લગતી ભાશાઓ શીખવાની તથા તે ઉપર વાઅજો કરવાની ફરજછે કે નહી ? અને છેતો તે કેટલી બધી તાકીદનીછે, તે આવતી બાબતો ઉપરથી ખચીત થાયેછે.

નામસેતાએશનેનો પઢનાર ઉપર પરમાણે દીનનાં કામો કરવાની સરવથો પેહેલી કબુલાત, દીન શીખવા, શીખવવા, અને તેની ઉપર વાયજો કરી ફેલાવો કરવાની આપેછે. આએ ઉપરથી સાબેત થાયછે, કે જરતોશતીઓને શરૂથી પેહલલી ફરજ પોતાની દીન શીખવાની અને તે ઉપર વાઅજો કરી તેનો પુરતો ફેલાવો કરવાનીછે; ઉપલા એકરારને સરવે જરતોશતીઓ વખતે વખત પઢેછે, પણ તેમ કેટલા ચાલેછે ? પરથમતો હાલ જમાને આપણને એવાબી જરતોશતીઓ મલી આવશે કે જેઓનું દીલ દીન ઉપર ઉસતવાર નથી, અને જેઓ જાહેરમાં દેખાવેજ માતર જરતોશતી છે; અંદરખાનેથી તેઓ તેવા નથી. એ બનાવનું મુખીઅ કારણ એજ, કે ઉપર કહીઉં તેમ તેઓને આપણી દીનને લગતું ખરેખરૂં જાતી ગનેઆન નથી. હાલ જમાને આપણામાં આપણી આગલી નેક ચાલથી એવીતો ઉલટી એક બુરી રસમ પડી ગઈછે, કે પોતાના ઉછરતાં ફરજંદોને દીનનું પુરેપુરૂં ગનેઆનતો રહીઉં, પણ તેના મુલ તતવોનું ગનેઆનબી આપતા નથી અને લાગલા જેવું એક બચું શીખવાને લાયકનું થયું કે તેને તરતજ આપણે પેટ ભરવાને લગતી કેળવણી આપવા મંડી જઈએ છઈએ. બચપણથીજ જે તેમના ખીલતાં મગજ

માં આપણા આગલા નેક કાનુન મુજબ દીનના એલમની જડ બેશા ડવી જોઈએ, તે આપણે હાલમાં પેટ ભરવાના નીચ મતલબે બેશાડ તા નથી; એટલુંજ નહી, પણ તેઓ દુનીઆનું ગુજરાણ ચલાવવાની તા લીમ લીધા બાદબી દીનની વીદીઆ ઉપર લખશ આપે, અને તેને પ ણ દીલોજાનથી પેટ ભરવાની વીદીઆની મીસાલે પુરતી કોશેશ લઈ ને શીખે, એવા ઉપાયો લઈ બંદોબસતબી કરવામાં આવીઆ નથી, તેથી જેમ એક જવાહેર પીછાણવાની નજર કે વીદીઆ વગરનું મા ણસ જવાહેરની ખરી કીમતને પીછાણી શકતું નથી, તેમ તેઓ દીન નહી શીખવાથી આપણી બરહક, બેહતર, અને બોહોલી મજમુન વાલી દીનની ખરી ખુબી અને બુલંદીને પીછાણી શકતા નથી: જેથી આએ જગાએ આપણી દીનની મોટાઈનું થોડુંક વરણન આપણા ઉપર પર માણેના ચાલાક બુધીના જરતોશતીઓની વાકેફગારીને સારૂં આ પવાની જરૂરછે.

જરતોશતી દીનની બુલંદી.

પાક પરવરદેગારની આપણી ઉપર મોટી શુકરગુજારીછે, કે તે મહેરબાન સાહેબે આપણી ઉપર મોટું મન કરી ખરી નવાજશ કીધી છે, અને તેને માટે આપણે સદાના આભારી છઈએ, તે નવાજેશ એ છે, કે તેણે આપણી રાહબરીને સારૂં જરતોશત જેવા પાકીજેહ નર ને પસંદ કરી તે સાહેબની મારફતે પોતાની માજદયસની જરતોશતી જેવી મોતેબર દીન મોકલીછે. એ દીન તમામ પવીતરાઈ અને ભા લાઈમાં અતીઘણા સાચા પાયા ઉપર રચાઈછે(૬૪). એ દીનની રેહનુ માઈએ ચાલવાથી આપણે આપણા તન અને રવાનનું પુરતું સુખ તેમના ખરાબ થવાનો આગમજ હાંશલ કરી શકીએ છેઈએ.

આએ દુનીઆમાં જનમ લઈ જાન અને તનની જાલવણી કરવા સારૂં માતર એ દીનના કાનુંનો પર અમલ કરી ચાલવાનેજ બસછે: અને તેનો બતલાવેલો રોશની ભરેઓ મારગ એવોતો સુતરોછે, કે તે ઉપર ચીત દઈ ચાલવાથીજ મીનોઈ જેહાન પોંહચવાની સઘલી અડ ચણો દફે થાએછે; ટુકમાં કહીએતો અતરે અને તતરે ખરૂં બેહેશત અને કીરતી એ જરતોશતી જેવી બરહક માજદીએશની દીનથીજછે.

એ દીનની નીતી અને ખુબી એટલી બધીતો ઉમદાછે, કે આએ દુનીઆમાં એના ચાલુ થવાથી આગમજ ચાલુ થએલો અને હવે પ છેની કયામત સુધીનીં તમામ બદી અને બુરાઈનો નાશ થએઓછે, અને થતો ચાલુ રેહશે; અને સરવ તરફ દીનદારી, સચાઈ, પવીતરાઈ, નેકી, સખાવત, સંતોશ, સંપત, મદદ, દયા, નમરતા, અમાનત, ખાલેસો, પાક દામની, ઈનસાફ, બરદાશત, ઉદીયોગ, વીદીઆ, આબાદાની અને તંદરોસતી ઈતીઆદી ભલા ગુણો ફેલાયાછે, અને એથી ઉલટા તમામ બદ ગુણોનો નાશ થયોછે. ઈજશનેના ૭૧ મા હામાં ફરમાવેછે, કે હોરમનજદના કહેલા તમામ વચનો (જરતોશતી દીન) જેમ આતશ ચો તરફથી તપાસેલી સુકી, અને સાફ કીધેલી કાડીને બાલીને ભશમ કરી નાખેછે, તેને ખાઈ જાયછે, અને નાશ કરેછે; તેમ (માણસોનાં) તમામ બદ વીચાર, બદ વાણી, અને બદ કરણીને શદંતર રજકણે રજકણ નાશ કરી નાખે હેવાછે; તમામ ભુંડી મનશની, અને ભુંડી કુનશનીને અની ટાલનારાછે અને સઘલા બુરા વીચાર, વાણી અને કામોને જડએખથી ઉખેરી નાખનારાછે તથા જે તમામ (ઉપલા હોરમનજદના સખુનો) જોરાવર, ફતેહમંદ, અજમત ભરેલા અને શકતીવાનછે, તેને હમો માન આપીએ છેઈએ(૬૫).

એ દીનની આવી બુલંદીને લીધેજ, તેના આએ દુનીઆમાં પરગટ કરનાર પેગમબર સાહેબ અશો જરતોશતનો જનમ થતાંજ, આએ દુનીઆના તમામ બુરી નીશટાવાલા અને બદશકતી ધરાવનાર માણસો અને માણરારૂપી દેવદરૂજોએ પોતાનાં નાબુદ થવાના ભયમાં પડી, એ દીન અતરે રેવાજ નહી પામે એવી બદ ધારનાથી તે પાક જાતનો જાન લેવાને તરેહ તરેહના અનંત અંત લાવનારા ઉપાયો લીધા હતા અને હજારો હજાર યુકતીઓ કરવા છતાંબી આપણા ચમતકારી પેગમબર સાહેબનો નાશ કરી નહી શકીઆ. જેમકે એ વીશે આપણે જરતોશતનામાં વગરે પાછલી કીતાબોમાં વાંચીએ છેઈએ. એજ ખીસાલે વંદીદાદની ૧૯ મી પરગરદમાંબી લખેછે, કે એ અશોઈની શકતી ધરાવનાર અજમતી પેગમબરના જનમવાથી તમામ બુરા દેવો અને બદ હવાસો પોતાના નાશની દેહશતથી ભારે ગભરાટમાં પડીઆ, તેથી તેઓએ ઉપલી ભલી જરતોશતી દીન આએ જેહાનમાં ચાલુ નહીં થાએ એવી બદ નીશટાથી, તેનાં ફતેમંદ રેવાજ આપનાર

ને મારી નાખવાની બોહોલી કોશેશ અને મજબુત યુકતીઓ કાને લ
ગાડી, પણ એ આપણા પેગમબર સાહેબની અરાઈ ભરેલી અજાય
તી ખુરેહ આગલ તે બદ નઈએતવાલા નાપેકારોનું કંઈ ચાલેકિ ન
હી; અને તેઓની ઉપલી સઘલી કોશેશ અને યુકતી નીશફલ ગઈ,
તેવારે તેઓ હાર ખાઈને અંતે આએ જમીનની શપાટી ઉપરથી શદં
તર નાશ પામી દોજખના ઉંડા ગારમાં દફે થાયા(૬૬).

હમદીન સાહેબો ! આવી આપણી બેહુતર અને બાલાતર દીન
છે, જેનાથી ઉપર પરમાણે આટલીબધી બદીઓ આએ દુનીઆમાંથી
નાબુદ થઈછે અને માણસજાતનાં તમામ તંદરોસતી આપનાર સુખ
નાં ગુણો ઉતપન થયાછે. નામશીતાએશાનના ભલા રચનારે એટલાજ
માટે તમારા મોહોડામાં તમારા પોતાના પેદા કરનાર દાદગર દાદાર
હોરમજદની હજુરમાં ઉપર પરમાણેની ખુબી ભરેલી ચમતકારી દીન
ઉપર દીલોજાનથી ઈમાન લાવી, તેને કબુલ રાખવાનો એકરાર સરવે
થી પેહલલાં મેલીઓછે કે "ઓ પરવરશીના કરનાર! ઓ ખલકના
ખાવંદ ! હું તાહારા હોકમ મુજબ તારી મોકલેલી ખાલેસ જરતોશ
તી દીનને માહારા ખરાં અંતઃકરણથી કબુલ રાખુંછું." આએ ત
મારાં ખરાં દીલથી આપેલા એકરારને યાદ કરો અને તેનાં મજમુનને
મલતા આપેલા અવસતાના અરથ ઉપર તમો તમારૂં ધેઆન પોખત
રીતે આપો અને જોવો, કે એ તમારી દીન કેટલી બધી મોટી અને
બુલંદ ખાસીએત વાલીછે, અને તમોને તમારી એ દીન શીખવાની
કેટલી બધી અગત, બલકે પેહલલી ફરજછે. જેમ આંખની રોશની વ
ગર આપણે કુદરતની રચના જોઈ શકતા નથી તેમ દીનનાં એલમ વગર
અતરે આપણને કેહવી રીતે જીંદગી ગુજારવી જોઈએ, તે મારગ રોશની
ભરેલી રીતે દેખાતો નથી. માટે તમો તમારા ફરજંદોને દુની
આઈ એલમ શીખવો છેઓ તેની સાથે દીનના અભીઆસની તા
લીમ પેહલલી તકે આપતા રેહો. અને તેમનાં કુમલાં દીલ, દેમાગ
અને જેહનમાં આપણે કુશાતી કીધા બાદ દીનના કલેમા તરીકે જસને
અવંગેહ મજદ દાહાડાના વખતે વખત પડીએ છેઈએ, તેમાંનાં અર
થનો મજબુત ચીતાર બેસાડો, તથા તેઓને દરરોજ દીનના એલમની
તાલીમ લઈને અજબર રીતે યાદ કરીઆ કરે એવો શોખ વધારો અ
ને કેહો કે "આપણી ભલી જરતોશતી દીન તમામ દીનો કે જે છે

અને થશે તે તમામમાં સરવથી મોટી, સરવથી ભલી, અને સરવથી ઉતમછે, જે શકને દફે કરનાર, હથીઆર મુકાવનાર, ઉદીયોગી રેહેવાની તાલીમ આપનાર, અને ખાલેસમાં ખાલેશછે. તમો દોલાજાનથો પેહલલી જોગવાઇએ શીખો."

અશો જરતોશતની મોટાઈ અને તેનાં અજમતી ખુરેહ વીશે.

આપણી દીનની ખુબી અને બુલંદી વીશે થોડુંક બીઆન કરવા બાદ તેના આએ દુનીઆમાં ચાલુ કરનાર પેગંમબરોના પેગમબર અશો જરતોશત સપેનતેમાતની મોટાઇ અને અજમત વીશેબી થોડુંએક વરણન કરવાનો અતરે અગતછે. ખોદાતાલાએ જેમ આપણી ભલી દીનને સરવે દીનો ઉપર બુલંદી બખશી બીજી તમામ દીનોની નેકી, નીતી અને સફાઈ ઈતીઆદી ભલા ગુણોનું મુલ બનાવીઉંછે, તેમ તેના આએ દુનીઆમાં ચાલુ કરનાર સાહેબનેબી તમામ માણસ જાતમાંથી સરવેથી સરસ અને અજમતી ખુરેહવાલા પસંદ કરવામાં આવીઆછે અને તે સાહેબની મારફતે પોતાની ઉપર પરમાણેની ઉતમમાં ઉતમ અને ભલી દીન અતરે ચાલુ કરાવીછે તથા તે આપણા તન અને રવાનનાં અતી નેકખાહ સાહેબની નેક રેહબરથી આપણને બેહુ જેહાનનું ખરૂં સુખ બખશી પોતાનાં મોટા હેસાંનમંદ કીધાછે.

આપણા પેગમબર સાહેબ પોતાની મનશકતી અને અશોઈના બલથી તમામ પેગમબરોમાં પેહેલો દરજો ભોગવી ગીઆછે. તે સાહેબની શકતી અને ફતેહમંદી માણસ જાત માતરમાં સરવથી ચડતી ગણાઈછે અને તે સાહેબને આએ જેહાનમાં કોઈ જીતી શકીઉં નથી. તે સાહેબમાં એ સરવ જોર અને ફતેહમંદી જે હતી, તે કંઇ આએ પરથવા ઉપરના જેહાં પહેલવાનીમાં વખનાઇ ગએલા નામદાર કેરસાસપની માંસાલે તનને લગતી નહીં હતી, પણ ખોદાઇ એલમ અને ખુરહેની હતી. આપણે આપણી દીન અને તવારીખને લગતી પાછલા વખતમાં લખાએલી કીતાબો, જેહવી કે જરતોશતનામું, અંગરધાંયનામું, શાહનામું અને રવાએતોમાં વાંચીએ છઇએ, કે જે વેલાએ આપણા પેગમબર સાહેબે આએ દુનીઆમો પોતાની ભલી દીનને

રેવાજ આપીઓ, તે વેલાએ શાહ ગુશતાસપે કંઇ એખલા જરતોશ તના કેહેવાથીજ તેની દીનને એકદમ કબુલ કીધી નહી હતી. પરથ મતો તેણે ડાહપણની રાહે દેશદેશથી જાણીતા વીદવાનો, હકીમો, અ ને ફીલસુફોને બોલાવીઆ; અને તેઓની મોટી મજલેસો ભરી; તેઓ થી એ દીનની પુરતી તે હકીકાત, તપાસ અને તકરાર કરાવી હતી, તે સરવને એ આપણા ખોદાઇ એલમથી વાકેફગાર સાહેબે પુરતી ખાતરી ભરેલા જવાબો દઈ સરવેની મજબુત ખર્ચાતાઇ કરી આપી હતી. એ તમામ ઓલમાએ જે જે સવાલો કીધા, તે તેના તે સાહેબે એવાતો પોખત દાનાઇ વાલા જવાબો આપીઆ, કે તેમના દીલનાં તમામ વસ વસા અને શકો ભાગી ગીઆ હતા, જેથી તેઓ એ પાક જાત ઉપર એવાતો દીલોજાનથી ફેદા થવા લાગા, કે તે ભર મજલેસમાં તેઓ બેઅ ખતીઆર થઇ બાપોકારે બોલી ઉઠીઆ કે "આએ શકતી કંઇ સાધા રણ માણસમાં હોય નહી! ઈનસાનતો કંઇને કંઇબી બાબતે ખામી ભરેલું હોવું જોઈએ. આએતો કોઇ ખોદાઈ પસંદગી વાલો અજમતે સાહેબછે, જેને તે પુર હીકમતવાલા સાહેબે પોતાની હીકમતથી સરવ પરકારે સંમપુરણ બનાવીઓછે." એ પરમાણે તે મજલસનાં સરવે વીદવાન, હકીમ અને ફેલસુફોએ પોતાના ખરાં દીલથી એકમતે એકરાર કરી તેની બરહક પેગંમબરીના દાવા ઉપર પોતાના ખરાં અંતઃકરણથી એતેકાદ લાવીયા, અને તેની બરહક દીનને દીલોજાનથી પોતે કબુલ કીધી, એટલુંજ નહી, પણ તેને પોતપોતાના દેશમાં જાનફેશાનીથી ફેલા વાની પુરતી કબુલાતો આપીને પોતપોતાને દેશ પાછા ગીઆ હતા. આવી રીતે પોખત જોસતેજે અને પુરતી તજવીજાતથી શેહનશાહ ગુશતાસપે એ આપણી ભલી દીનને કબુલ કીધી હતી. તે વખતે એ આપણી ચમતકારી જરતોશતી દીન માતર ઈરાનમાંજ ફેલાઈ હતી. એમ નથી, બલકે બીજા ઘણા દેશોમાં તેનો ફેલાવો થયો હતો. જેમક આપણે ઉપલી કીતાબોમાં અને જુની તવારીખોમાં એ વીશે વાંચીએ છઈએ, તે ઉપલા વીદવાનો, હકીમો અને ફીલસુફોએ પોતપોતાની ઉ પલી કબુલાત પરમાણે પોતાના દેશોમાં એ દીનનો ફેલાવો કીધો હતો.

એજ પરમાણે આપણા અવસતામાંથી એ આપણા રૂહ, રવાન અને તનના ખરા ખેરખાહ પેગમબર સાહેબને આએ દુનીઆના તમામ માણસો જેઓ થાઈ ગીઆચ, છે, અને થશે તે સઘલામાં સરવથી ફતે

હુનરમંદ, જોરાવર અને અજમતી ભરેલા લખેઆંછે. આપણા જરતોશતીઓ સારીપરે જાણેછે, કે આએ જમીનની સપાટી ઉપર જોરાવરમાં જોરાવર અને જેહાંપહેલવાનમાં જેહાંપેહલવાન નામદાર કેરસાસપ થઈ ગીઓછે. એ નામદારનાં જેવી મોટી જીયાંગાર લડાઈઓ અને માહ ભારત કામો આએ પરથવી ઉપર બીજા કોઈએ ઉઠાવેલાં નથી. એ તેહમતને આએ દુનીઆનાં ઘણા જોરાવર અને બુરા દેવોને તથા જીઆંકાર જાનવરોને મારી નાખી માણસોનો પુરતો બંચાવ કીધોછે; જેની એ અદભુત તવારીખ આપણે કેરસાસપનામામાં, કે જે એક પરકોમ વાલાની કલમથી લખાયલુંછે, તેમાં વાંચીએ છઈએ. એ નામામાં આવેલી બીના શાએરની સહરાગત અને રેઆએત સીવાએ લગલગ સઘલી ખરીછે, એ કંઈ કથા યા કાહાનીની મીસાલે જોડી કાહડેલી નથી.

એ નામદાર કેરસાસપના આએ પરથવી ઉપરનાં જેહાંપેહલવાની ભરેલાં કેટલાંએક કામો આપણા અવસતામાંબી ઉપલા કેરસાસપ નામાને મલતાં લખાયલાંછે, જે તેનાં લખનારને આજે સચાવેછે. આવાં યશતમાં લખેછે, કે તેણી (આવાં અરદવીસૂર) ને નરીમાનનાં કેરસાસપે પેસનેહ (નામની) નદીની પછાડી શો સારા ઘોડા, હજાર બલ અને દશહજાર ગોસપંદો (ની ભેટ) સાથે ઇંજી,* તે પછે તેણીનીથી મુરાદ ચાહી, કે ઓ ભલી, ફાયદો પોંહચાડનાર અને ખાલેસ અરદવીસૂર ! તું મહને આએ બખશેશ આપ, કે હું સુનેરી એડી વાલા 'ગંદરવ (ગંદરૂબ)† ને મારનાર થાઉં અને જે તરફ વેરોકશ દરીઆનાં બે કી

---

* આપણો જરતોશતી ધરમ ચાલુ થવાની પેશતર પોતા ઊપર આવી પડેલી આફતો ટાલવાની બંદગી કરતી વખતે હીંદુ, યુનાની અને રોમના લોકોની મીસાલે જાનવરોની ભેટ (ભોગ) આપવાનો રવઇઓ હતો, તેને આપણા પેગમબર સાહેબે રદ કરી, મોકુફ કીધોછે.

† કેરસાસપનામાંમાં અને આપણી દીનની રવાએતોમાં એ 'ગંદરવ'ને ગંદરૂપ કરીને કેહછે, તેમાં એનું વરણન આપેછે કે, એ દેવ વેરોકશ દરીઆમાં હુસ્નો રેહતો હતો, એની એરી દરીઆને તલીએ, માથું આસમાન સાથે લાગેલું અને ગુહણે પાણીની સપાટી આવી રહી હતી. દરીઆમાંથી મોટી માછલીઓ પકડીને ખુરશેદને જરા દેખાડતાંજ ભુંજાઇ જતી હતી, તેને તે ખાતો હતો. 'ખુરાહાનેકાતેબ' નામનાં કેતાબમાં એને મલતો 'કંદોરૂ' બોલ લખી જોહકનો વજીર લખીઓછે. પાજંદ મીનોખેરદમાં એને 'ગંદરપ દેવ' લખી, તેને સામે મારીઓ હતો એમ વરણન આપેછે. હીંદુ લોકોમાંથી એવું એક નામ મશાહુરછે, જેને તેઓ 'ગંધરવ' કરીને કેહછે. એ 'સોમ' (હોમ) ઉપર

નાર જોડાયછે, તાંહુ બોહલી અને છેડો નહી આવે એવી ગોલ પરથવી ઉપર તે દરવંદ (પાપી) નું ઘરછે, તાંહાં હું (વાહાણનાં બેરાંને) બાહદુરીથી જઉં (અને તેને મારૂં)(૬૭). એ ઉપરાંત આપણા અવસતામાં એ નામદાર કેરસાસપે એક 'સનાવીધક' નામનાં ઘણાજ જોરાવર અને માણસ જાતને દુખ દેતાર બદકાર શખસને મારીઓછે, જે પોતાના કુવત ઉપર ઘણોજ મગરૂર હતો અને નીચે પરમાણે કેહતો હતો, કે "હું એવોતો જોરાવર છેઉં, કે જો કેરસાસપ સાથે મને નાહની વએમાં લડવાનું કામ નહી પડે અને તે મહુને મારી નહી નાખે, તથા હું મારી પુર જવાનીમાં આઉં, તો માહરામાં એટલી બધી શકતીછે કે આસમાનને માહરી લડવાનો રથ બનાવશ અને જમીનને તેનું પઈડું કરશ તથા રોશન ગરોથમાનમાંથી સપેનામીનોને નીચે ઘશડી લાવી અને ગંધાતા દોજખમાંથો અંગરેમાનોને ઉપર ખેંચી કાહડી, એ બેહુને માહરી રથમાં જોડશ." પણ અંતે એવા નેબી નામદાર કેરસાસપે મારી નાખ્યોઓ(૬૮).

એ કેરસાસપનાં આવાં બાહદુરી ભરેલાં જોરાવર કામોથી જરતોશતીઓ સારીપઠે વાકેફછે, બલકે આપણી બાનુઓ અને બાલકો મજાલ સારીપઠે જાણેછે. પણ આપણા અવસતામાંતો એ નામદારનાં કરતાંબી આપણા પેગમબર સાહેબ અશો જરતોશતને જોરાવરમાં જોરાવર લખ્યોઆછે, સરવ માણસોનો જોરાવરમાં જોરાવર જરતોશત સીવાએ જેહાંપેહેલવાન કેરસાસપછે! (૬૯).

વલી આપણે આએબી જાણીએ છઈએ, કે આએ પરથવી ઉપર માણસ જાતમાં સરવેથી ફતેહમંદમાં ફતેહમંદ પાદશાહ ફરેદુન થઈ ગએોછે. ગઈઓમરદથી તે યજદેજરદ સુધીનાં આપણા નામાકીત પાદશાહોમાં જેવું ફતેહમંદી ભરેલું કામ પાદશાહ ફરેદુને કીધુંછે. તેવું કોઈએ કીધું નથી. એ નામદારે જોહાક જેવા જબરદશત કાબુ વાલા અને માણસોના જડાબન નાશ કરનાર ખુની પાદશાહને પોતા પાસે

મવકનછે. વલી એરે નામનો અપસરા (ઈંદરની રામશાગરો) નો ડવો (તખતચી) બંછે. એન નમેછે. વલી આપણા અવસતામાં 'ગંદરવ' નામ બીજાંનો અવેછે. જેના છિકરો પશાંન નામનો દોઢ પરીખ્યાત કામ કરનાર અશો નર થઈ ગીઓછે, જેનાં ફરોહરને ખોત પરઊપકારી કામ કરનારાઓનાં ફરોહરોની મીસાલે ફરવશીમાં આરાધેલુંછે.

લશકર, ખજાંનો અને દેશ નહી હોવા છતાં જીતી લઈને તેને મારી નાખ્યોઓછે અને તેની બોહલી સલતનતનો એકદમ પાદશાહ થઇ મુલકોમાં વધારો કરી શેહનશાહ થયો હતો. એ બાનાબા ખરાંછે, એ પણ કંઇ કીસા કાહનીની મીસાલે જોડી કાહડેલી નથી.

આપણા અવસતામાં એ ફતેહમંદ પાદશાહનું બી જોહાક સાથની લડાઈનું વરણન આવેલું છે. આંવાં યશતમાં આવેલું છે, કે તેણી (આંવાં અરદવીસૂર) ને આબતીનનાં બાહદુર અને ટોલાં વાલા બેટા ફરેદુને ચોતરફી રશાતા વાલાં ગેલાન શેહરમાં શો સારા ઘોડા, હજાર બલ અને દશહજાર ગોસપંદો (ની ભેટ) સાથે ઈજી, તે પછે તેણીનીથી તેણે આએ મુરાદ ચાહી, કે ઓ ભલી, ફાયદો પોહચાડનાર અને ખાલેસ અરદવીસૂર ! તું મહને આએ બખશેશ બખશ, કે હું તરણ મોડાં વાલા, તરણ માથાં વાલા, છ આંખ વાલા, પુર જોર વાલા, દેવને લગતા, જુઠા અને દુનીઆનાં ગુનેગાર દરવંદ જોહાકને, કે જેને અંગરેમીનોએ પુરતાં જોરવાલી દેવીની મીસાલે અશોઈ વાલી દુનીઆની ખરાબી કરવાને સારૂં બનાવીઓછે, તેને મારનાર થાઉં, તેમજ પેલી બે ખુબસુરત અને દુનીઆની પેદાએશમાં અતીઘણા સરસ તન વાલી 'શેહરનવાજ' અને 'અરનવાજ' (જમશેદ પાદશાહની બે બેહનો) કે જેણીઓ છેક ઉંડામાં ઉંડાં (મકાનને) તલીએછે, તેણીઓને બી હું દુનીઆ (ની તેઓની બાકી જીંદગી) ને સારૂં છોડવું(૭૦). એ પરમાણે એ આપણા નેક ટોલા વાલા પાદશાહ ફરેદુનને આપણા અવસતામાં શાહનામા મુજબ સરવ માણસોમાં ફતેહમંદ ગણી ઓછે. પણ એ ફતેહમંદ પાદશાહ ફરેદુનનાં કરતાંબી આપણા પેગમબર સાહેબને અવસતામાં વધારે ફતેહમંદ લખ્યીઓછે, કે સરવ માણસોમાં ફતેહમંદમાં ફતેહમંદ જરતોશત સીવાએ પાદશાહ ફરેદુનછે(૭૧).

એ આપણા અજમતી પેગમબર સાહેબને આએ દુનીઆના સઘલા માણસોમાં સરવથી જોરાવર અને ફતેહમંદ ગણીઆછે, તે વાજબીછે; કારણ કે તેના દેખાઈતા સબબો મોજુદછે. જેહાંપેહલવાન કેરસાસપે અને ફતેહમંદ ફરેદુનેતો પોતાના વખતના અને પોતાની હદના બુરા દેવો, બદ માણસો, અને જીઆગાર જાનવરોનો નાશ કરી માણસોનો બનતો બચાવ કીધોછે અને એવાં પરઉપકારી અને જવાંમરદીનાં કાંમો કરવાને લીધેજ તેઓના નામોની સાથે આજદીન

સુધી "જેહાંપહેલવાન" અને "ફતેહમંદ" જેવા નામીચા એલકાબો જોડાઇ રહેલાછે; પણ આપણા પેગંબર સાહેબ અશો જરતોશતેતો ઉપલા બેહુ નામવરો કરતાનેબી અતીઘણાં પરાકરમી ભરેલાં કામો પોતા ઉપર અતીઘણી શખતી અને રંજ ખેંચીને કીધાંછે, જેવાં કોઇએ કીધાં નથી અને કોઇથી બનશેબી નહી. એ આપણા જેહાંપેહલવાનતાં જેહાંપેહલવાન અને ફતેહમંદનાં ફતેહમંદ સાહેબેતો આખી પરથવી ઉપરનાં માણસ રૂપી બુરા દેવો, બદ માણસો, ખરાબ હુવસો અને નુકશાંનકારક નજીસાતોનો નાશ કરીને, માણસ જાત માતરનું આએ દુનીઆની તમામ બદી અને ખરાબીથી રોજે રસતાખેજ સુધીનું પુરેપુરૂ રખશણ કીધુંછે ! આટલુંજ કરીને તે માણસોનાં ખરા ખેરખાહ સાહેબ અટકીઆ નથી, પણ બીજાઓમાં તેમ કરવાની શકતી આવે એવા નેક, સુતરા, સેહલા અને મુજરરબ ઉપાયો બતલાવીઆછે ! આટલુંબી કરી તે માણસોના નેક રાહબર સાહેબ સંતોશ પામીઆ નથી, પણ ઉપલા ઉપાયો માણસોમાં કયામત સુધી ચાલુ રેહ તેને સારૂં પુરતી કોશેશ લઇને તેને શીખવાની તાકીદની ફરજ નાખીછે, જેથી તેના શીખનારાઓ સદા અને સદા ઉપલી બુરાઇઓથી બચીઆ જાયે ! આએ તેમના આવા નેક કાનુન અને અજમતી દીનની તાલીમથી, તે નેક જાતના વખતની આગમજથી તે રોજે રશતાખેજ સુધીની આએ દુનીઆની તમામ બદીઓ જે પરથવી ઉપર પંથરાઇ રહી હતી, અને હવે પછે જે ઉતપન થશે તે સરવનો પુરતો નાશ થયોછે, અને થતો જારી રેહશે. એથી એ સાહેબે અગણીત માણસોનો નથાબન નાશ થતો બંચાવ કીધોછે. વલી એ આપણા અતી શકતીવાલા પેગમબર સાહેબને ઉપર વરણેલી શકતો કરતાનેબી વધારે જોરાવર અને ફતેહમંદ આપણી ઇજશનેનાં ૯ માં હામાં લખીઆ છે. સપેતમાતનો જરતોશત સપેતામીનો અને અંગરેમીનો એ બેહુ શકતીના પેદાશોમાં સરવથી જોરાવર, શકતીવાન, ઉદયોગી, જહડપવાલો, અને ફતેહમંદ હતો; જેણે પોતાની આગમજ આએ જમીન ઉપર જે દેવો માણસનાં રૂપમાં ફરતા હતા તે સરવને જમીનદોશ કીધાછે(૭૨).

આપણે જોઇએ છેઇએ કે આએ દુનીઆની પેદાએશ બે પરકાર નીછેઃ એક બુરી, અને બીજી ભલી. એ બેહુ પેદાએશને હેડવેલે વ

ખતે પેદા કરી તેનો કારોબાર ચલાવાને સારૂં ખોદાએતાલાએ ઉપલી પોતાની બે શકતીઓ બનાવીછે, જેમાની એકને આપણે સપેનામીનેઃ અને બીજીને અંગરેમીનોને નામે ઓલખીએ છઇએ; એ બેઉ શકતીઓથી પરવરદેગારે પોતાનો આએ દુનીઆનો ઉપર પરમાણેનો સઘલો કારોબાર ચાલુ રાખીઓછે. ઉપલા ઇનજશનેના ૯ મા હાનાં ફકરામાં ફરમાવીઆ મુજબ એ બેહુ જાતની તમામ પેદાએશોઃ ભલી અને બુરી કરતાંબી આપણા પેગમબર સાહેબ સરવે બાબતમાં શકતી વાન અને ગાલેબ હતા. આએ લખાણ દેખાડી આપેછે, કે એ સાહેબના જેવું માહભારત કામ આએ પરથવી ઉપર કોઇએ કીધું નથી, અને કરશે પણ નહી.

એ આપણા પેગમબર સાહેબમાં આએ દુનીઆની તમામ નાપાકી, બદફેલી, અને વેરાનીને દફે કરવાની તથા સચાઇ, પવીતરાઇ, અને આબાદાનીની વરધી કરી તેનો પુરતો ફેલાવો કરવાની એટલી બધી તો શકતી હતી, કે તે સાહેબના જનમ પામતાંજ સપેનામીનોની પેદાએશ બેહદ ખુશહાલ થઇ, અને મુબારકબાદીનાં પોકારો ઉડાવીઆ અને બોલી કે "ધનછે આપણા, કે આપણી આબાદાનીનો વધારનાર અને બીજાઓને તેનો વધારો કરવાને શીખવનાર સપેતમાનનો જરતોશત જનમ પામીઓછે(૭૩)." એથી ઉલટું અંગરેમીનોની પેદાએશ એ પાક જાતના જનમથી બેહદ નાખુશ થઇ, અને પોતાના નાશની માતમમાં પડીને, હાએ નીશાસો મારવા લાગી, તથા અફસોસનાં પોકારો ઉડાવી બોલવા લાગી, "કે બદ નસીબ આપણા કે આપણી આબાદાનીનો નાશ કરનાર અને તેના ઉપાયો બીજાઓને શીખવનાર અશો જરતોશત જનમીઓછે(૭૪)".

એ આપણા પેગમબર સાહેબની અજમતી શકતી એટલી બધીતો મોટી હતી, કે માણસોતો શું, પણ ખોદાતાલાની તમામ પેદાએશોમાં ઉંચામાં ઉંચી શકતી અને પદવી ધરાવનારા ઇજદ અને અમશાસપંદો કરતાંનેબી ચહડતી હતી! એ આપણા ખોદાઇ ખુરેહ ધરાવનાર સાહેબે આપણી દુનીઆની જુઠાઇ, નાપાકી, ગોસસો, કીનો, અદેખાઇ, તંગી ઇતયાદી હેરમનનાં લશકરને અને તેના જોરાવર સેપેહસાલારોને આએ જમીનની સપાટી ઉપરથી જેર કરીને નેસત નાબુદ કીધાછે, એટલુંજ નહી; પણ જે શેતાનોનો શેતાન અને નાપાકોનો ના

પાક અંગરેમીનો હેરેમન, કે જે કોઈબી અજમતી ઈજદો, કે ફતેહ મંદ અમશાસપંદોથી, બલકે ખુદ સપેનામીનોની ઓહલી અજમત વાલી શકતીથીબી જેર અને નેસત થઈ શકીઓ નહી હતો, અને પોતાની ખરાબી અને બદફેલીમાં ઉનમત થઈ આગલ વધીઓ જતો હતો, તે જેવાનેબી એ આપણા ચમતકારી ખોરેહવાલા પેગમબર સાહેબે એકલાએ જેર કીધોછે ! અને અતરે તેને તેનાં ખરાબી અને બદફેલીના જેહેરી કદમો આગલ ભરતાં અટકાવીને પાછો હટાવીઓછે.

પરથમતો એ આપણા જેહાપેહલવાંનનાં જેહાંપેહલવાંન અને ફતેહમંદનાં ફતેહમંદ પેગમબર સાહેબે એ નાપેકાર, બુરા અને જીઆંગાર અંગરેમીનોની સાહમને હરીફાઈ કરી લડાઈનાં મેદાનમાં ઉતરવાને સારૂં તઈઆરી કીધી, તેમાં પેહલાં હુમતેનું ખુરેહમંદ તાજ શર ઉપર મેલીઉં, હૂખતનું અજમતી બખતર પેહરીઉં, અને હવરશતેનો કુદરતી કમરબંદ ઉસતવાર બાંધીઓ, પછે પોતાનાં રાસતીના હીમતી રખશ ઉપર સવાર થાયા, અને પવીતરાઈનો ભારી ગરૂજ હાથમાં ધરી અંગરેમીનોનાં ભુંડા અને ભારી લશકર ઉપર ધસારો કીધો, અને ઉપલા ભારી ગરૂજે બદફેલી દેવનું સર કુટી નાખ્યો તેને ગરદાપેચ કરી નાખી; સચાઈના તીના નેજાએ જુઠાઈ દરૂજને કમરમાંથી આરપાર વીધો, હવામાં ઉંચકી લઈને જમીન ઉપર લોટતી કીધી; ઉદીયોગની તેજ તલવારે તંગી દેવનું સર દડીની મીસાલે જમીન ઉપર ગબરતું કીધું; સંપજ અને સગાઈનાં આબદાર જેહરી ખંજરે બદ હવસ દેવીનો સીનો ચાક કરી નાખીઓ; સંતોશના ખદંગી તીરે લોભ દેવની આંખને આરપાર વીધો નાખી; વીદોઆનો આબદાર બરછીએ તારીક (અગનાન) દેવીનું જીગર ચીરી નાખીઉં અને પાક દામનીની પેચદાર કમંદે અનીતીની વીએભીચારી દેવીના મુશકા બાંધી જકડી લીધી(૭૫). એ પરમાણે બુરા અંગરેમીનોના બદકાર લશકરમાંથી તેનાં નામીચા સેપેહસાલાર અને જોરાવર સરદારોને મારી નાખીઆ, જેથી તમામ અનીતી, બદી, અને નાફરમાની નાબુદ થાઈ: તમામ લોભ, હવસ, અને બદ નફસાનીનો નાશ થયો; તમામ જુઠાઈ, દગલબાજી, અને વીશવાસઘાટની કજા બની: તમામ કીનો, વેર, અને અદેખાઈ ફના થઈ; તમામ આલસાઈ, તંગી, અને અગનેઆનપણું નેસત થયું; તમામ ગુમરાહી, બુતપરસતી, અને કાફરી મરણ પામી અને

સેવટે તમામ ભુંડા વીચાર, ભુંડી વાણી અને ભુંડી કરણી દફે થઈ. એ આપણા અશો જરતોશતના અજમતી ખુરેહનું જોર આટ લેથીજ અટકી બસ થતું નથી, એથીબી આગલ વધેછે.

એ પરમાંણે જેઆરે સરકશ અને હઠીલાં અંગરેમીનોએ પોતા નાં નામીચા સરદારો અને જોરાવર સેપેહસાલારોને જમીન ઉપર ગ બરતા અને લોટતા જોયા તથા પોતાના લશકરનો પુરેપુરો નાશ થય લો જોયો અને અશો જરતોશતની ફતેહ આગલ વધતી જોઈ, તેયારે તે બદ અકલના હરેમંને પોતાનો જાન બચાવાને સારૂ તે મેદાનમાં થી નાહશવા માંડીઉં, તે જોઈ આપણા બેહુ જેહાનનાં ફતેહમંદ જેહાં પેહલવાન અશો જરતોશતે જોશમાં આવો એક પોકાર મારીઓ, કે અએ નાપેકાર અને હીચકારા અંગરેમીનો ! તું કાંહાં નાહસેછે. મા રા અજમતી ખુરેહથી તુને કેથે પનાહ મલનાર નથી, એમ કેહી શી તાબ પોતાના હાથમાં પવીતરાઈનો ભારી ગરૂજ ધરી, રાસતીનાં રખ શને તે નાપેકારની પાછલ દપટાવીઓ; અને તે જીઆંગાર મોતમંદ હેરમનનો કમરબંદ પકડો તે નાપાકને જમીન ઉપરથી દડીની મીસા લે ઉડાવી લેઈ અને હવામાં ફેરવી તે જીંઆગારને જમીન ઉપર જીં હકીઓ; તથા શેરની મીસાલે શીતાબીથી તે બદકારના સીના ઉપર ચ હડી બેસી પોતાનાં 'હોનુંવર' (યથાહુવેરીઓ) નાં અજમતી હથીઆ રે તે બદ વમાસનારનું માથું કુટી નાખોઉં; અને ઉતમ પવીતરાઇ (અશેમવોહુ) નાં આબદાર ખંજરે કરી તે બદ મનશાનીવાલાનું પેહે લુ ચાક કીધું, જેથી તેના ભુંડાઈ ઉતપન કરનાર તનમાંથી બદીનાં લોહીની નેહેર વેહવા લાગી, અને તેમાં બેકરારીથી તે તફડવા લાગો. તે વખતે તે નાપાકારે એ આપણા પેગમબર સાહેબની બેહુ જેહાન ની ખરી જેહાંપેહલવાની, જવાંમરદી, શકતી અને ફતેહમંદી ઉપર નીચે પરમાંણે હાએ મારી એકરાર કીધો, કે "અફસોસ ! માહરી મ રજીની સાહમને જેવો (આ વખતે) એક જરતોશત આવેછે, તેવો સ ઘલા ઈજદોમાંથી કોઈ માહરી ઈછાની આડે આવીઓ નથી. તે મ હને 'હોનુવર' (યથાહુવેરીઓ) કે જે એક 'કતે' નાં જેટલું મોટું પથરનું હથીઆરછે, તે વટે મારેછે; તે મહને જેમ ધાતુને ભઠીમાં તા વે તેમ ઉતમમાં ઉતમ પવીતરાઈ (અશેમવોહુ) એ બાલેછે. એખલો સપેતમાનનો જરતોશતજ (એવોછે), કે જે મને નેક મારગે ચાલવાની

જબરદશતીની ફરજ પાડેછે; અને જો હું એમ ન કરૂતો, તેજ એખલો (એવોછે, કે) મહને આએ જમીન ઉપરથી નાબુદ થવાની જોરજુલમની જરૂર પાડેછે(૭૬)." આવા નરની શકતી તે કેટલી ! આવા નરનો દરજો તે કેટલો ! અને આવા નરના ખેતાબ તે શું જોઈએ !

અવસતાના ઉપલા ફકરાથી ખોલું માલમ પડેછે, કે આપણા પેગમબર સાહેબની શકતી અને ફતેહ એટલી બધી તો મોટી હતી, કે તે ખુદ ખોદાએતાલાથી બીજી ગણાઇછે. એ સાહેબને કોઇ માણસ જાતમાંથી હરાવી શકીઉં નથી તો નથી, પણ કોઇ અંગરેમીનોની શકતી કે ખુદ અંગરેમીનો પોતેબી એને હરાવી શકીયા નથી(૭૭) તેમજ જે એક એવી માહભારત શકતીનું કામ કે જે યજદ અમશાસપંદો જેવાથી કે ખુદ સપેનામીનો શકતીથીબી બની શકીઉં નહી, તે એ આપણા અજમતી ખુરેહવાલા પેગમબર શાહેબે એખલાએ બજાવીઉંછે.

આપણ માણસજાતનાં બેહુ જેહાનનાં સુખમાં એ અશો જરતોશતે જે ઉપલાં સરવ માહભારત કામો બજાવીઆં અને તેમાં નેક કોશેશો લઈને આપણ માણસજાતની ખરી ખેરખાહી કીધી તથા આપણને બેહશતનો રોશની ભરેલો મારગ દેખાડીઓ, તેમજ આપણા કરોર દર કરોરો તન, જાન, રવાન, અને રૂહને બુરા દરદો અને બદ કાંમોમાં ફસી જતાં બંચાવીઆં અને બંચાવીઆ જાયછે, એવાં માહભારત કાંમ બજાવાની ભલી મેહનતના બદલામાં ખોદાએતાલાએ તે સાહેબને 'યજદ' નાં જેવો નામીચો ખેતાબ બખશીઓછે, એટલુંજ નહી, પણ પોતાની અને પોતાના નુરી યજદ અમશાસપંદોની મોસાલે એ આપણા અને ખોદાની કુદરતનાં ખરા ખેરખાહ સાહેબની 'ખશનુમન' પણ પટવામાં ચાલુ કીધીછે(૭૮). યજદોમાં ચહડતા અને ઉતરતા દરજાઓછે, તેમાં આપણા પેગમબર સાહેબને ચહડને દરજેનાં યજદનો ખેતાબ મલીઓછે. ઈનસાનજાતમાંથી કોઈને આવો નામીચો ખેતાબ કે હક મલીઓ નથી. ધનછે આપણા, જરતોશતીઓ ! કે આપણે માથે આવો અજમતી ખુરેહ વાલો પેગમબર ! અને મોટા ભાયગછે આપણા, મજદયસનાનો ! કે આપણે આવી ખુબી ભરેલી બરહક અને ચમતકારી દીન માનનારા છઈએ !

જરતોશતી દીન શીખવાની ફરજ.

નામસેતાએશનેનો પઢનાર આગલ જણાવેલી નવ કબુલાતમાની પેહલલી કબુલાત, પોતાની દીન ઉપર ઉસતવાર રહો, તેને શીખવાની આપેછે, તે ઉપર આપણે પાછા આવીએ છઈએ. આપણા જરતોશતીઓની પેહલી ફરજ પોતાની પવીતર દીન શીખવાની અને તે વીશે થતી વાઅજો સાંભળવાનીછે; તેને આપણે હાલ જમાને બીલકુલ ભુલી ગયા છઈએ, એ ખરી દલગીરી ઉપજાવનાર બીનાછે. ઘણાખરા જરતોશતીઓ અવસતાની બંદગી અને આએ નામસેતાએશને ભણેછે; પણ વખતે વખત બંદગી ભણવાનું મુખીએ કારણ, જે તેમાં ખોદાતાલાની મોટાઈ અને કુદરતના ચકુનમ ઉપજાવનાર ઢડાઓ, અને આપણી પોતાની કરણી સુધારવાની નશીહેત ઉતપન કરનાર સબકોના શંગરહો સમાવીઆછે, તેને આપણે સારી પેઠે જાતી ગનેઆનથી સહમજીએ, અને તે પરમાંણે ચાલી આપણા ભાઈબંદોના સુખ, આબાદાંની અને ભલાઈનાં કાંમોમાં વધારો કરીએ તેનુંછે; તેનેતો આપણે તે બંદગીઓને લગતી ભાશાઓનું ગનેઆન નહીં હોવાને લીધે મુતલગ જાણતા નથી.

ખોદાતાલાએ આપણને આએ દુનીઆમાં જનમ બખશીઓછે, તેનું મુલ કારણબી એજ, કે આપણે તે સાહેબની બરહક દીનને શીખી તેમાં ફરમાવીઆ મુજબ ચાલીએ, બીજાઓને ચલાવીએ અને તે સાહેબની મરજીનો સોદો કરી લઈએ. વલી તે સાહેબે પોતાના બખશેશના ખજાનાંમાંથી આપણને અકલનાં જેવું કીમતી જવાહેર બખસીઉંછે; તેનું પણ કારણ એજ, કે આપણે તેની મારફતે તે સાહેબની મોકલેલી જરતોસતી દીનને શીખી, તેમાં ફરમાવેલાં ભલાં ભુંડાં કાંમને પીછાણીએ અને ભલાને અખતીઆર કરી ભુંડાને તજીએ; તથા તેમાં ફરમાવીઆ પરમાણે આપણે ચાલી પોતાની આએ જેહાનની સફરને સફલ કરીએ; અને પેલી જેહાનનું બોહલું તેમજ ખરૂં સુખ અને માન મેલવવાને લાયેકનાં બનીએ. એ સરવ નેક મતબલને આપણે હાલ જમાને ઉપર કહીઉં તેમ જાણતા નથી. આએ ઉમદા મતલબને આપણા જાન અને તનના ભલું ઈછનાર પેગમબર સાહેબે આએ દુનીઆમાં સરવથી પેહલલાં પીછાણી અને તે દીનને લગતી વીદીઆ

ના અભીઆસ વીશે તાકીદનું ફરમાનબી તેજ સાહેબે સરવેથી પેહલ લા લોકોને શીખવીડું: એટલુંજ નહીં, પણ એ આપણા બેરખાહ સા હેબને માણસજાતને એહું જેહાનનું પુરતું ખરૂં સુખ મલે તેને સારૂં હમેશાં નેક દીલસોજી અને ચીંતા એજ હતી, કે માણસો પોતાનાં પે દા કરનારની મોકલેલી જરતોશતી દીનને પોખત રીતે કેયારે શીખે, અને તેના પુરતો અભીઆસ કરી, તેમાં ફરમાવીઆ મુજબ ચાલીને પોતાનાં તન અને રવાનને આકેબતનાં ભારે આજાબથી કેયા રે બંચાવે. ઉપલી ચીંતા અને કાલજી સાથે વલી એ આપણા સુખને સારૂં તે મેહરબાન સાહેબની સદા ભલી દુઆબી એજ હતી, જે વીશે ઈજશનેનાં ૫૧ મા હામાં તે સાહેબ દાદાર હોરમજદ પાસે માણસ જાત માતરનાં ખરાં સુખને સારૂં દુવા માગેછે. એ મજદ! તારા વચનો (જરતોશતી દીન) કે જે બદકાર માણસોને સારૂં દુખ અને અજાબ ભરેલા, અને નેક કામ કરનારાઓને વાસતે સુખ અને ખુશ હાલી ભરેલાછે, તેને માણસો પોતાનાં (તન અને રવાંનનાં બંચાવને અરથે) ગનેઆનમાં વધારો કરવાને સારૂં (શદા) શીખતાં રેહ[૭૯].

એ ભલી ચીંતા, દીલસોજી અને દુવાની પુરતી અશર તે વખત નાં આપણા નીઆગાનો ઉપર થઈ હતી. તે વખતે આખા ઈરાનમાં દીન શીખવી, શીખવવી, અને તેના ઉપર ભાશાણો કરવાં એવાં કા મોનો બોહલો ફેલાવો થયો હતો; અને સરવ કોઈ એ કામોને પોતા ની પેહલલી ફરજ સહમજતા હતા, તથા એ કામનો શોખ લોકોમાં વધે તેને સારૂં સારાં સારાં ઇનેજનો પણ આપવામાં આવતાં હતાં, જે વીશે આપણે આગલ જોઈશું. આએ ઉપરથી માલમ પડેછે, કે આપણને આપણી જરતોશતી દીન શીખવાની કેહવી મોટી ફરજછે.

જરતોશતી દીન શીખવવા અને તેના ઉપર વાઅજો કરવા બાબે.

જરતોશતી દીન શીખવા બાબેતી આપણા પેગમબર સાહેબની ઉપલી નેક ચીંતા અને દુવાની પુરતી કદર તે વખતના આપણા ની આગાનાએ યોગીય રીતે બુજીછે: અને તે સાહેબના એ નેક ખાહેશ ને તેઓએ પુરતું માન આપી પોતાના અને પોતાનાં ભાઈબંદોનાં

ખરાં સુખને અરથે દીન શીખવવાનાં અને તેની ઉપર વાઅજો કરાવાના પુરતા ઉપાયો લીધાછે, એમ ખોલલું દેખાએછે. આપણે કદીમ તવારીખોમાં વાંચીએ છઈએ, કે પાદશાહ ગુશતાસપ થોતે યજદેજરદ સુધીના વખતના આપણા પાદશાહો અને બુજોરગ નીઆગાનો આપણી ખુબી ભરેલી દીનથી લોકોને વાકેફ કરવા, શીખવવા અને તેના ઉપર અસરકારક વાઅજો કરી તેનો પુરતો ફેલાવો કરવાની મકસદ રાખીને, અથોરનાનો (દીન શીખવનારાઓ) ને દરેક દેશ, શેહર અને ગામોમાં મોકલતા હતા. તેઓનું કામ અને ઓહદો એજ હતો, કે લોકોને દીનની તાલીમ આપવી અને તેના ઉપર સારાં સારાં રસીક ભાશણો કરવાં. આ નેક કાનુંનથી આખા ઇરાનમાં અને ઇરાનની સલતનતને તાએના દરેક દેશ, શેહેર, અને ગામોમાં આપણી ભલી માજદીઅસની જરતોશતી દીન શીખાતી હતી; અને જાબજા તેની વાઅજો કહી શંભલાવામાં આવતી હતી. તવારીખની આએ બીનાને આજેબી આપણા અવસતા સચાવેછે. તે વખતના લોકોમાં ઉપલા બેહુ વીશેઓ ઉપર એટલો બધોતો શોખ વધી ગયેલો અને એટલાં બધાંતો સારાં સારાં ઉતેજનો અપાએલાં દેખાયછે, કે જો તેઓના પોતાનાં રેહવાનાં દેશ, શેહર અથવા ગામમાં સારા શીખેલા અથોરનાનો નહી મલી આવતા, તો તેઓ તેમને મેલવવાને સારૂ અનંત કોશેશ લેતા હતા; અને પોતાનાં વખતના પટેલ, હાકેમ અથવા પાદશાહથી તેઓની માગણી કરીને તેઓનાં પોતાની તરફ આવવાને વરશાદની મોસાલે ઉમેદવારીથી રાહ જોતા હતા, એટલુંજ નહી, પણ તેવા અથોરનાંનને દીલોજાનથી પુરતું માન આપી તેમની રેહનુમાઇએ દીન શીખતા, અને ભાશણો સાંભલતા હતા. એ આપણને ઇજશનેના ૪૨ માં હા ઉપરથી માલમ પડેછે, એ હામાં લોકો અથોરનાનોને ઉપર પરમાણે ચાહીને માન આપેછે, કે હમો પવીતરાઇને ચાહનાર અથોરનાન (દીનનાં એલમ શીખવનાર) ને ચાહીએ છઇએ અને તેઓના દુરવેરથી આવવાને માન આપીએ છઇએ(૮૦). અવસતાના વખતમાં લોકો દીન શીખવા અને દીનની વાઅજો સાંભલવાને એટલા બધા ખંતી હતા, કે અથોરનાનોને પોતાનાં ખરાં અંતઃકરણથી ઉપર પરમાણે ચાહતા હતા.

આપણા પેગમબર સાહેબને લોકો દીન શીખે અને શીખ

વે તે વીશેની એટલી બધીતો દીલસોજી અને ચીંતા હતી, કે જેમ એ દીન શીખવવાની અને તેની વાએજો કરી સંભલાવાની ભલી રીતને તે સાહેબે સરવેથી પેહેલાં ચાલુ કીધીછે, તે મજ તેના અભીઆસ કરવાના વખત અને રીતભાંતનીબી તેજ સાહેબે સરવથી પેહલાં અને સરવથી સરસ બતલાવીછે, જેનાં જેવી હાલ વીદીઆનાં ચહડતા વખતમાંબી બતલાવામાં આવી નથી. આપણા અવસતામાં એક વીદીઆરથીએ અભીઆસ કેમ, કેટલો, અને કએ વખતે કરવો તેને સારૂં વંદીદાદની ચોથી પરગરદમાં આવેલુંછે, કે હમદીન શખસો જો ભાઈ અથવા દોસતની મારફતે માલ ચાહતા, ઓરત ચાહતા, કે વીદોઆ ચાહતા આવેતો, માલ ચાહનારાઓને ઉદીયોગ કરતાં તું શીખવ, ઓરત ચાહનારાઓને તું પરણાવી આપ, અને વીદીઆ ચાહનારાઓને તું પવીતર માંથરેવાણી શીખવ. તે માંથરેવાણીની તાલીમ તારે આએ પરમાણે આપવી, કે તે જવાન શખસ નમનતાઈ (તાબેદારી) અને પવીતરાઈ (પોતાનું તન, મન અને કપડાં સોજાં રાખવા) થી (ઉસતાદની આગલ) બેશે અને તે શખસ વીદીઆનો વધારો કરવાને સારૂં, અને અજબર રીતે યાદ કરવાને સારૂં, દાહાડાનો પેહલલો અને પાછલો ભાગ, તથા રાતનો પહેલો અને પાછલો ભાગ, (યાને પાછલી રાતનાં તરણ વાગા થીતે સહવારના નવ કલાક સુધી, વલી પાછલા પોહોરના તરણ કલાક થીતે રાતનાં નવ વાગા સુધી એમ) વીદીઆનો અભીઆસ કરે; તથા દહાડા અને રાતનો મધીએ ભાગ તે જવાન વીદીઆરથી આરામ લે. એ પરમાણે તે અભીઆસી જેમ આગલા ઉસતાદો સીખી ગીઆછે તેમ તેઓની હદ સુધી એલમ હાંસલ કરે(૯૧).

અવસતાનાં આએ ફકરાઓ આપણને પાંચ અગતની બાબદો સુચવેછે, તેમાં પેહલલી એકે આપણી દીન આપણી ઉપર પોતાના ભાઈબંદોનું ભલું ચાહવાની કેહવી જરૂરની ફરજ નાખેછે; બીજી એ કે તેઓને પોતાને આબાદ થવાના, અને દુનીઆની આબાદાની વધારવાનાં ભલા ઉદીયોગો કરતાં તેઓને શીખવવું; તરીજી એકે પોતાના મુફલેસ હમજાતીઓને પરણાવી આપવા જેવાં પુણનાં કામો કરવાં, કે જેથી તેઓ બદફેલીમાં ફસી જતા બચે, એટલુંજ નહી, પણ પોતાની કોમમાં નીતી અને ઓલાદ એ બેનો પુરતો વધારો થાયે;

ચોથી એકે જે વખતે લગભગ આખી દુનીઆ અગનેઆન અને વગર સુધરેલી જંગલી હાલતમાં હતી, તેવે હજારો વરશને દુરને વખતે આપણા જરતોશતીઓ વીદીઆ અભીઆસમાં અને લોક સુધારાનાં કાંમમાં ઘણા આગલ વધેલા હતા, એટલુંજ નહી, પણ હાલની ઝીસાલે લોકોને નેકી, નીતી, આબાદાની અને વીદીઆ શીખવવામાં ભલી કોશેશો માંથે લેતા હતા અને પાંચમી એકે એક વીદીઆરથીએ કેહવે તને, કેહવે મને, કેહવે લેબાસે, કેહવે અદબે, કયે વખતે અને કેટલી હદે અભીઆસ કરવો, તે વીશે આટલે બધે હજારો વરશને જુને વખતે હાલના સુધરતા જમાનાના કરતાંબી વધારે સરસ ગોઠવણો ચાલુ કીધી હતી. એ પરમાણે આએ ફકરાઓ આપણને અગતની પાંચ બાબતો જણાવેછે.

એ ફકરાઓમાં અભીઆસ કરવાનો ચોકસ વખત બતલાવામાં આવીઓછે, તે અગત કરીને ધેયાન પોંહચાડવા જોગ તેમજ અજાએબી ઉપજાવનારોછે; જે આજ દીન સુધી જાહેરમાં મેલાયો નથી, તે વીદવાન પરજા હજુર રજુ કરી તે ઉપર ધેયાન આપવા અને વીચારો બાહેર પડવાને અરથે અતરે દાખલ કીધોછે અને તે વીશે ઉપર મારો અલપ વીચાર પંડીત જનોની શભામાં નીચે પરમાણે મેલુંછું.

આએ વખત જોકે આપણા હાલના સુધરતા જમાનાનાં અભીઆસ ચલાવાનાં વખત કરતાંને તદન જુદો બલકે ઉલટો બતલાવીઓછે, તોપણ તે મારા વીચાર પરમાણે ઘણો સરસ, વીદીઆરથીઓને ફાયદાકારક, અને તેમની તંદરોસતીને નહીં હાની પોંહચાડનારોછે. હાલ જમાને નાહનામાં નાહની નીશાલથી તે મોટામાં મોટી સરકારી મદરેસામાં સહવારના દશ કલાકનાં વખતથી તે પાછલા પોહરના ચેયાર વાગા સુધી અભીઆશ કરાવામાં આવેછે. એથી ઉલટું આપણા અવસતામાં તેવે વખતે અભીઆસ તદન બંદ પાડી વીદીઆરથીઓએ એવે વખતે આરામ લેવો, એમ ફરમાવીઉંછે! એ ઉપરાંત વલી હાલ જમાનેનાં સઘલા અભીઆસખાતાંઓ રાત અને દીવસ મલી માતર છ કલાકજ ઉઘાડાં રાખી પાઠ શીખાડવામાં આવેછે, પણ અવસતાનાં વખતમાં રાત અને દીવસ મલી બાર કલાકના બોહલા વખત સુધી મદરેસાઓ ખોલી રાખી સબકો આપતા હતા! એ પરમાણે આએ બેહુ કાલના વીદીઆ અભીઆસના એકએકથી ઉલટા અને વધતા ઓછા વખતો

હાલમાં આપણી આગલ મેલાયાછે, તેની આપણે તપાસ લઈએ અને જોઈએ, કે વીદીઆરથીઓને સારૂં એ બેમાથી વધારે લાભકારક અને દાનાઈ ભરેલો વખત કીઓછે તથા અભીઆસીઓની તંદરોસતી બીગાડનારો અને નહી બીગાડનાર કીઓછે? હજારો વરસના જુના કાલમાં પસંદ કીધેલો વખત વીદીઆરથીઓના તંદરોસતીને અનુકુલ પડેછે, કે હાલ વીદીઆના ચહડતા વખતની પશંદગી વાલો?

આપણે સારીપઠે જાણીએ છઈએ, કે વીદીઆ શીખવી અને તેને લગતી તકરારો ચલાવવી, એ આપણા શરીરનાં બીજા ભાગો કરતાં ભેજાંની સાથ વધારે સંબંધ ધરાવેછે, અને કુદરતે આપણા ભેજાંને થંડીની ખાસીએત વાલું યાને થંડોથી પોશાતું બનાવી ઉંછે, તેથી એને જેવી થંડીની જગા અને વખત વધારે અનુકુલ આવેછે, તેવાં બીજાં આવતાં નથી; એમ બનવું એ સભાવીક જછે. એવાં થંડાં દેશો અને વખતોમાં ભેજાંને સુખ ચેન વધારે મલેછે, અને તેની હાલત જેવી ગરમીમાં વીખરાએલી રેહછે, તેવી રેહતી નથી; જેથી તે પોતાને મલતાં સુખ અને શાંતીને લીધે કઉવતમાં આગલ વધી પોશાએલું અને નક્કર બનેછે. આએ કુદરતી કારણને લીધે એવી થંડી વાલી જગા અને વખતમાં વીદીઆનો બોહલો અભીઆસ કરવા છતાંબી તેને આપણી તરફના ગરમ હવાની મોસાલે જાજું નબલું કરી શકતું નથી. એથી ઉલટું, ગરમીના શેહરો અને વખતો કુદરતને કાયદે ભેજાંને માફકતાં નથી. એવી જગા અને વખતમાં તેને સુખ ચેન પુરતું મલતું નથી, બલકે તે વીખરાએલી સથીતીમાં અને બેચન રેહછે, જેથી તે તપી જઈને નાતવાનીમાં આગલ વધી રોજ બરોજ સુકાતું જાએછે. આએ ખોદાઈ કારણથી એવાં શેહરો અને વખતોમાં એલમની કસરત તેને વધારે અને વધારે નબલું કરી નાખેછે. ટુંકમાં વીદીઆનો અભીઆસ ભેજાંની સાથે કેટલો બધો અતલગનો સંબંધ ધરાવેછે, અને તે તેને કેટલું બધું નબલું કરી નાખેછે, તેની ખરી માહેતી અને બીનાને વીદીઆનાં ખરા મોહીતો અને સાચ્ચા આશેકો જેવી જાણેછે, તેવી બીજાઓ થોડીજ જાણેછે. આએ દલીલ દાખલાથી વીદીઆનાં અભીઆસ કરવા જેવા ભેજાંની સાથનાં મોટા સંબંદ વાલા વખતને કુદરતનાં બંધારણ પર માગે તેને મુવાફેકની ખાસીઅત વાલો વખત પસંદ કરવો એ આપણી એન ફરજછે; નહી કે તેની ઉલટી ખવાસ વાલો વખત મુકરર કરવો.

આપણા અવસતામાં અભીઆસ કરવાના બે વખતો જે બતલાવીઆછે તે કુદરતના કાયદા પરમાણે બીલકુલ ભેજાંને અનુકુલછે, જરાએ તફાવત નથી; બલકે તેના ખવાસને તદન મલતાછે. એ વખતોમાંનો એક વખત પાછલી રાતનાં તરણ વાગાથી તે સહવારનાં નવ કલાક સુધીનોછે, જે અભીઆસ ચલાવાને સારૂં સરવ પરકારેં માકુલછે, કારણ કે તે વખત જેમ થંડાનો તેમજ શાંતછે અને એવેજ વખતે આપણા ભેજાંને પુરતું સુખ અને ચેન મલેછે, જેથી તે ઘણી સપષટ સથીતીમાં રેહછે. એવા એક માકુલ વખતે આપણા અવસતામાં અભીઆસ કરવાને ફરમાવીઉંછે. એ વખત પછે ગરમીની ચહડતીનો વખત થાયછે, તે છેક પાછલા પોહરનાં તરણ ચેયાર વાગા સુધી રેહછે. એ વખત જેમ ગરમીનાં શોરજોરનો, તેમજ તે સંસારનાં ગરબરાટ ભરેલોબીછે. એવે વખતે આપણા દેમાગને પુરતો કચવાટ અને પીડા મલેછે, જેથી તે ઘણી ગલીચ હાલતમાં આવી પડેછે. એવે બેચેન વખતે આપણા અવસતામાં ડાહપણની રાહે વીદીઆરથીએ અભીઆસ નહી કરવો, અને આસાએશ લેવી, એમ ખોલી રીતે ફરમાવેઉંછે. એથી ઉલટું આપણા હાલ જમાનેના વીદીઆરથીઓના અભીઆસનો બધો વખત ઉપર પરમાણેની ગરમી, ગરબરાટ અને બેચેની ભરેલો નેમાયોછે! આપણા અવસતામાં અભીઆસ કરવાનો એક બીજો માકુલ વખત પાછલા પોહોરના તરણ વાગાથી તે રાતના નવ કલાક સુધીનો કહેલોછે, એ પણ આપણાં ભેજાંને ઉપર કહેલા પેહલલા વખતની મીસાલે સરવ રીતે મુજરરબ અસર વાલો અને અનુકુલ પડતોછે. એ વખત પછે ઉંઘના સારા ગલબાનો વખત થાએછે, એ વખતે આપણા ભેજાંની ઉપર આપણા પેટનાં ધુમાડા વધારે ચહડેછે; તેથી તે સુસત હાલતમાં આવી ગદલું બની જાએછે. તેવે વખતેબી વીદીઆરથીઓએ પોતાનો અભીઆસ નહી ચલાવવો, અને આરામ લેવો, એમ દાનાઈ ભરેલું ઉમદા ફરમાન આપીઉંછે. આપણા અવસતામાં ઉપર પરમાણે પુરતી દાનાઇ વાલા વીદીઆનાં અભીઆસ કરવાના બે જુદા જુદા વખતો કહી બતલાવીઆછે. એ બેહુ વખત મલીને એક વીદીઆરથી એક દીવસમાં બાર કલાકના બોહલા વખત સુધી પોતાનો અભીઆસ ચલાવી શકે એટલો બધો બોહલો વખતછે. વલી આપણા અવસતામાં એ બે જુદા જુદા વખતો કહી બતલાવામાંબી એક

ખુબી ભરેલી ઉંચી મકસદ રાખેલી જણાયછે; અવસતામાં અભીઆ સ કરવાને સારૂં ઉપર પરમાણે સરાસર છછ કલાકનો વખત કહેલો નથી. તેમાતો દાહડાનો પેહલો અને છેલો, તથા રાતનો પેહલો અને છેલો ભાગ વીદીઆરથી અભીઆસ કરવા બેશે, એમ લખ્યુંછે. આએ ઉપરથી એમ ભાશેછે, કે એક અભીઆસી હરી અથવા તરણ કલાક સુધી લાગટ પોતાનો અભીઆસ ચલાવે, પછે અરધો યા એક કલાક પોતાનાં અભીઆસથી ખેંચાયલાં અને કચવાએલાં ભેજાંને શાંતી આપે, વલી લાગલો બીજા હરી યા તરણ કલકના અમલ સુધી પોતાનો અભીઆસ પાછો ચાલુ કરે, એ પછે સરાસર છ કલાકનો વખત રમત, ગમત અને આરામમાં કે વાંચવામાં કાહડે. એવાજ બીજા બે બાકીનાં ભાગમાં અભીઆસ કરે. એથી રાત અને દાહડો મલીને એક વીદીઆરથી પોતાનો અભીઆસ ચેયાર આંતરે ચલાવે. આએ નજરે જોતાં ઉપર કહેલા દરેક વખતનાં પેહલલા અને છેલલા ભાગની વચે જેમ હાલમાં છ કલાક સુધી લાગટ અભીઆસ ચલાવતા નથી અને તેનાં મધીએ ભાગમાં વીદીઆરથીઓનાં મગજ તાજાં થવા સારૂં અરધો કે એક કલાક રજા આપવામાં આવેછે, તેમ કંઈએક વખતનો ખાંચો નાખતા હતા, એમ આપણને આપણી અકલ દોરવેછે. એટલાજ વાસતે દાહડાનો પેહેલો અને છેલો ભાગ અભીઆસ કરે, એમ વખત કહી બતલાવીઓછે. એ પરમાણે અભીઆસનાં ચેયાર આંતરામાં વીદીઆરથીઓને પોતાનું મન તાજુ કરવાને સારૂં ખચીત વખત મલતો હશે; એમાં કશો શક નથી. કારણ કે આપણી અકલ કેહછે, કે જે શખસ કે આવી રીતે કુદરતની બાંધનીને સરવ પરકારે સારીપઠે સમજી શકે, અને વીદીઆ અભીઆસને સારૂં ઉપર પરમાણે સરવ રીતે માકુલ અને અનુકુલ વખત ઠેડવે, તેજ શખસ શું એક વીદીઆરથી છ કલાકના લાંમબા વખત સુધી લાગટ પોતાનાં ભેજાંને અભીઆસ પાછલ રોકી રાખે તેનાં નુકસાનને નહી સહમજી શકે ?

આપણા અવસતામાં બતલાવેલા બેહુ વખત જેમ થંડીનાં તેમજ તે દુનીઆઇ સંસારનાં ઘોંગાટ વગરનાં શાંતછે. એવે વખતે આપણું ભેજું ઘણું સફાઈ ભરેલું અને મન ઘણું સવછ રેહછે, જેથી એવે વખતે એલમની મુશકેલ તકરારો ઘણી રોશની ભરેલી રીતે થઇ શ

કેછે, ઘણી સેહલાઈથી તકરારનું સેત્રટ સહમજમાં આવી જાએછે અ ને તે વધારે મજબુતાઈથી જેહનનશીન થાએછે તથા એવે વખતે એ લમની માહભારત મજમુન અને મુશકેલ એબારત આપણા મનમાં ઘણી મુજરરબ રીતે ઉતરી શકેછે. ટુકમાં એવે વખતે વીદીઆની સ રવે બાબતો આપણી યાદદાશત શકતીમાં ઘણી સફાઇ અને ઉસતવા રીથી ઠશી રેહછે; જેથી થોડા વખતમાં, થોડી મેહનતે અને થોડું તન ગાલવે ઘણો, તેમજ પોખ્ત એલમ હાંસલ થાયેછે. એ ઉપરાંત વલી એ વખત ભેજાંને ઘણો અનુકુલ હોવાથી જેમ હાલ જમાનેનાં વીદીઆર થીઓ પોતાના અભીઆસનો વખત તેમના દેમાગની શકતીને માફકનો નહી હોવાને લીધે થોડા વખતમાં એલમનો અભીઆસ કરવાથી નાત વાન બની જાયછે અને તેમનું ભેજું ખાલી પડી દોદરૂં થઇ જઇને નબલું થતું જાએછે તથા ભેજું કમજોર થવાથી તેમની તંદરોસતીમાં રંગા રંગ બીગાડો થઇ, તેઓ ખુદ પોતે એકેકું બીમારખાનું બનતા જાએછે, જે બનવું કુદરતીજછે; તેમ આપણા અવસતામાં બતલાવેલા વખતે અ ભીઆસ કરવાથી બનતું નહી હશે, એ પણ કુદરતીછે. હાલ જમાને એક વીદીઆરથી જેટલો અભીઆસ કરેછે, તેના કરતાં બમનો વખત અભીઆસ કરવાને સારૂં આપણા અવસતામાં ફરમાવીઉંછે, તે પણ ભેજાંને માફકનાં થંડીનાં વખતને પસંદ કરવાથીછે, તે સાથ વલી આ પણો ઇરાન દેશ માફકની થંડી વાલો, ખુરરમ આબોહવા વાલો, લો હીઆર ફલ ફુલ વાલો અને જીનનતી પખ્શી વાલો બેહશતનાં નમુ નાનાં જેવોછે. જાંહાંનું પગ તરે રજલતું અને જંગલે જંગલ ઉગતું ઘાંસ મજાલ લોહીઆર, દેલ, દેમાગ અને જીગરને પુરતી તરા વત અને શકતી આપનારૂંછે; જે અતરે એક રૂપીએ રતલ વેચાએછે! એવું આપણી પરથવીનાં કલેજાં જેવું મુલકછે, તેથીછે. એથી બેશક તે વખતનાં વીદીઆરથીઓની તંદરોસતીમાં ઉપર પરમાણેનો બોહલો વખત અભીઆસ કરવા છતાં કોઇબી પરકારનો હાલ જમાનાના જે વો તંદરૂસતીનો બીગાડો થયો નહી હશે. આ વીશે ઉપર ખુદ કુદ રતનું બંધારણજ શાખ્શી આપેછે.

હાલ જમાનેનાં સુધરતા વખતમાં જે વખતે અભીઆસ ચલાવામાં આવેછે, તે જેમ આપણા અવસતામાં બતલાવેલા વખતથી બીલકુલ ઉ લટોછે, તેમજ તે દેખાઈતી રીતે કુદરતને મલતોબી નથી; તેવે વખતે અ

ભીઆસ નહી કરવો, એમ બોલલી રીતે અવસતામાં મનાઈ આવીછે. એવો વખત બેશક આપણા ભેજાંને તપાવેછે, બેચેન કરેછે અને આપણા વીચારો ગદલા કરી નાખેછે. એ ઉપરાંત આપણું હીંદોસતાન દેશ ગરમ હવા વાલોછે, તેથી તે ભેજાંની ઉપર વધારે અસર કરી તેને વધારે અને વધારે બેચેન અને કમજોર કરી નાખેછે. ભેજાંની આવી હાલત સાથે વલી તેનાં ઉપર વીદીઆ શાખવાનાં જેવા ભારી બોજો જેયારે આવી પડે, તેઆરે તે કેટલું બધું કમજોર થઈ પડે, એ દેખાઈતુંછે. વલી એવે ગરમીને વખતે આપણું દેમાગ ઘણું સુસત, ગદલું અને આંગ આલસથી ભરપુર રેહેછે; તેથી એવે વખતે એલમની તકરાર જેવી જોઈએ તેવી સફાઈ અને જાહડપથી થઈ શકતી નથી, તેમજ તકરારનું સેવટ પણ જલદીથી બેઆનમાં ઉતરી શકતું નથી, એવે વખતે એલમની મોતેબર મતલબો મુશકેલાઈએ આપણા જેહનમાં ઉતરી શકેછે; અને તે ઘણેવારે, ઘણી મેહનતે અને થોડી ઉંડાઈએ આપણી યાદદાશતમાં ઠસેછે. એ સાથે વલી એ વખત દુનીઆઇ વેહેવારનાં ગરબરાટ ભરેલોછે; તેથી આપણી મનશકતી સથીર સથીતીમાં રેહતી નથી. આ સઘલી અડચણોથી ઘણો વખત જવે, ઘણી મેહનત લેવે અને ઘણું તન ગાલવે થોડો એલમ હાંશલ થાએ એમાં થોડોજ શકછે. આવું છતાં જેયારે વીદીઆરથીઓ એક બીજાની સરસાઈ જોઈ શીખવામાં અરસાઅરસી કરી પોતાનાં આવાં નબલાં ભેજાં ઉપર અભીઆસના જેવો નુકસાનકારક ભારી બોજો વધારે નાખે, તેયારે કુદરતી કાયદે તે વધારે કમજોર થઇ પડે, અને તેનાં એવા નાતવાન થવાથી તે વીદીઆરથીમાં તરેહ તરેહની બીમારીઓ પોતાનું ઘર ઘાલી મજબુત જડ બેશાડે, એમાં કશો શક નથી.

ઉપર પરમાણે આપણે હાલમાં જોઈએ છઈએ, કે આપણી તરફના ઘણાખરા વીદીઆરથીઓ એલમનો અભીઆસ કરવાથી પોતાની ઉગતી જવાનીમાં તંદરેસતીએ બીગડી જાએછે: કોઈને ખાવાનું પચતું નથી તો, કોઈની આંખે દેખાતું નથી અને કોઈને ખઈની બીમારી તો, કોઈને દમનો આજાર, એ પરમાણે તેઓ સદા બીમારીના ઘર બની જાએછે. આપણા અવસતામાં બતલાવેલો વખત જો કે હજારો વરસ ઉપર મુકરર થયોછે, તોપણ ઉપલી તકરાર મુજબ તે હાલ જમાનેની વીદીઆની ચહડતી કલાનાં મુકરર થએલા અભીઆસ

નાં વખત કરતાંને વધારે ઉતમ, દાનાઈ ભરેલો, કુદરતને મલતો અને તંદરોસતીને નહી બીગાડનારોછે.

આપણા અવસતામાં અભીઆસ કરવાને ફરમાવેલા વખતે જો હાલ જમાનેનો અભીઆસ ચલાવામાં આવે, તો આપણી તરફના વીદીઆરથીઓ જે ઉપર પરમાણે તંદરોસતીએ બીગડી જાએછે, તે નહી બને, તેમાં અગત કરીને આપણો હીંદોસતાન દેશ ઇરાન અને ઇંગલંડ કરતાં ઘણી ગરમી વાલોછે, તેથી વીદીઆ ખાતાનાં લગતા વલગતાઓને અભીઆસ ચલાવાને સારૂ ઉપલો વખત ઠેડવવાની વધારે જરૂરછે. કોઈબી અનુભવી તબીબ કહી શકશે, કે આ વખત વીદીઆ ભીઆસને અતીસે લાભકારકછે. ટુકમાં એ ખુબી ભરેલા વખતની ખરી ખુબી અને કીમતને ફીલસુફો, આલેમો અને વીદીઆના ખરા આશેકો, કે જેઓ પોતાની મનશકતી અને તનની સુખાકારીને વીદીઆ ઉપર મોહોત પડીને ઘસી પીસી નાખેછે અને તેનો ભોગ આપવાને જરાએ આચકો ખાતા નથી; તેઓ સારીપેઠે બુજેછે. આએ અમુલીએ દાનાઇ ભરેલો વખત જેવો અભીઆસ કરવાને સારૂં કીમતીછે, તેવોજ નીયાય ચલાવાના અદાલત ખાતાંઓનાં કામો, કે જે વીદીઆ શીખવાની મીસાલે ભેજાં અને વીચાર શકતી સાથે સંબંધ રાખેછે, તેને પણ અનુકુલ અને અમુલીયછે.

જેવી આપણી પાકીજેહ દીન, જેવો આપણો અજમતી ખુરેહ વાલો પેગમબર અને જેવી આપણી દીન શીખવા અને શીખવવાની દાનાઈ ભરેલી ઉમદા રીત, સરવ પરકારે સરવથી ઉતમ અને હાલ જમાને પણ વખાણવાજોગછે, તેવીજ આપણી દીનના પાઠ શીખવવાની ગોઠવણબી સરવથી ઉમદા અને દાનાઈ ભરેલી; બલકે બીજી દીન લાવનારાઓને નકલ કરવા જોગછે. આએ નેક ગોઠવણ શરૂ થવાને જોકે હજારો વરશ ગુજરી ગીઆંછે અને તેની સાથે આપણા ઉપર રાજદુવારી અનેક પરકારનાં હાદેસાઓ પડીઆછે, તોપણ આપણા સારા નસીબે તે હજુર સુધી આપણામાં સચવાઇ રહીછે. તે એકે કોઈબી જરતોશતી બચું શીખવાની ઉમરે પોહચીઉં કે તેને આપણા આગલા વડવાઓ મકતબમાં પેહલ વેહલો સબકજ 'અશેમવોહુ' યાને "માણસોને સારૂં આએ દુનીઆમાં અશોઇ કરી લેવી, એજ મોટામાં મોટી દોલતછે," એમ શીખવતા હતા અને આપણે પ

ણ આજે એજ મીસાલે સરવથી પેહલો સબક એજ શીખવી એ છેઇએ. આએ નેક ગોઠવણુથી જરતોશતી દીનની અને તેના લાવનાર અશો જરતોશતની મોટાઇ દેખાડવાને કાંઇ કમ નથી. 'અશોઇ' એ બોલ એવોતો બોહલો અરથ ધરાવનારછે, કે તેમાં તમામ નેકી, નીતી અને પુણનાં કામો એક નુકતામાં સમાઇ ચુકાંછે. એનો અરથ ખોદાના પસંદ પડતાં સઘલા કામો કરી લેવાં અને તેના ના પસંદ કામોને તજવાં, એવો થાએછે. બીજા બોલોમાં આપણે પેલી જેહાનમાંથી જેવા અશો અને ખાલેસ અતરે આ ફાની દુનીઆમાં આવીઆ છઇએ, તેવાને તેવાજ અતરે નેક રીતીએ જીંદગી ગુજારી ને ખાલેસી ભરેલા અને પાક દામન જવું. અશોઇ અથવા પવીત રાઇનો અરથ આએ પરમાણેનો બોહલોછે.

શુકરછે દાવરે દાદગરનાં, કે ઉપર પરમાણે દીન શીખવવાનાં સબ કોની ગોઠવણની મીસાલે ખુબી ભરેલાં બીજા કાનુનો આપણી દીન ની ખરી ખુબી અને બુલંદી દેખાડવાને સારૂં હજારો વરશ ગુજરી જવા છતાં અને આપણા ઉપર આફતના હજારો જાપટાં વરશી જવા છતાં સારાં નસીબે એક બે નહી, પણ અનેક બંચી રહાછે.

ઉપર પરમાણેની આપણા આગલા નીઆગાનોની દીન શીખવા, શીખવવા, અને વાએજો કરવાની રીતભાંત જોતાં આપણને ખોલો રીતે માલમ પડેછે, કે આપણા આગલા બુજોરગવારો કંઇ હાલ જમા નેના જરતોશતીઓની મીસાલે દીનની તાલીમ લેવા જેવી પેહલલી ફરજથી બેનસીબ નહી રેહતા હતા, બલકે દુનીઆઇ એલમથી પેહલ લાં તેને શીખતા હતા.

ઈરાનમાં ફેલાએલા આપણા દીન શીખવવાનાં આએ નેક કાનુન ને બીજી દીન લાવનારાઓએ જોઇને આગલ વાંચી ગએલા ખરાનો થરે હોરેહે મજદાઓના ફકરાની મીસાલે પોતપોતાનાં મજહબોમાં તેને ચાલુ કીધોછે, જેને આપણે આજેબી તેઓની દીનોમાં પુરતી તા કીદ સાથે ચાલુ રહેલો જોઇએ છઇએ, અને તેને જોઇ હસરતની આં ખે સંતોશ પામીએ છઇએ, તથા ખુદ આપણા પોતામાંથી, કે જેમાં થી તેણે પોતે જનમ લીધોછે, તેમાંથી તે બીલકુલ નાબુદ થઇ ગીઓછે. તે એટલે લગે દરજજે કે જાણે તેની હસતી આપણા પોતાનામાં હતી જ નહી, અને પરકોમવાલાઓનો પોતાનોજ એ કાનુનછે; એમ આ

પણ હાલમાં જાણી આપણા પોતાનાંમાં એવા નેક રેવાજની ખુટ વીશે બરાપો કરીએ છઈએ અને તેને ચાલુ કરવાની ઉમેદમાં ફરીએ છઈએ ! આએ ફરતી સથોતીવાળી દુનીઆ પોતાના સદા ફેરફાર બનાવોમાં એવા બનાવોબી ઘણા કરેછે, કે જેનું પરથમમાં અસલ, તે તેનું નકલ જેવું અને જેતું પરથમમાં નકલ, તે તેનું અસલ જેવું, એમ બનાવી મુકેછે. આવા બનાવોનાં દાખલા જો આપણે જોવા માગીશું તો જમાનાના દોરે જેવા આપણ જરતોશતીઓમાં બનાવીઆછે, તેવા બીજી કોઈ કોમવાલાઓમાં બનાવીઆ નથી.

કુદરત પોતાનાં કામમાં હમેશાં ફેરફાર હાલતને વધારે પસંદ કરે છે. પોતાની કોઈબી પેદાએશને એકજ સથોતી ઉપર રાખતી નથી. એથી તેનો આએ કાનુનજ થઈ પડીઓછે, કે પોતાની દરેક બનાવટની એકવાર ચહડતી કરવી, અને તેની પાછી પડતી દશા લાવી મુકવી; વલી પાછી તેહની ચહડતી કરવી, એમ ફેરફાર કરીઆ કરેછે.

એજ કાનુને એક વખત આપણ જરતોશતીઓનો એવો હતો, કે આપણે દીન, ધરમ, નેકી, નીતી, વાદીઆ, હુનર, જાહોજલાલી અને પાદશાહીમાં, તે વખતની જાણીતી દુનીઆમાં સરવેથી પરખીઆત અને સરવ પરજામાં ચહડતા ગણાતા હતા, તેમજ ઉપર પરમાણે દીન શીખવા, શીખવવા અને વાએજોની મારફતે તેનો પુરતો ફેલાવો કરવાનાં બાબમાંબી સરવથી પેહલા વાંધેનાં ગણાતા હતા. આજે આપણે ઉપલી લગભગ સરવ બાબતોમાં શરવથી ઉતરતા ગણાઈએ છઈએ, બલકે હીંદોસતાનનાં એક ખુનામાં કશોબી ગણતરી વગરે પડી રહયા છઈએ ! આપણી પાદશાહી ગઈ, આપણો ઠાઠ, માઠ અને દમામ ગીઓ, આપણો બાગે બેહશતનાં જેવો દેશ ગીઓ, આપણો જીનનતી લેબાસ ગીઓ, અને આપણી બુલબુલી જબાન ગઈ, ટુકમાં આપણે જેવા શેરડી ખાતા હતા તેવા કુચા ચાવતા થયા ! તે સાથે વલી અફસોસ ! ઉતમમાં ઉતમ આપણી દીન શીખવા અને શીખવવાનાં જેવા નેક કાનુનોબી જતા રહયા ! દુનીઆ ! તું એ આએ એક કેહવો એબરત અને હેરત ઉપજાવનાર ફેરફાર કરી મુકીઓછે ! તબી વલી હમો મજદયસ્નની જરતોશતી જેવાએ ઉપર !

આપણી શલતનત જવા પછે, જેમ જેમ વખત આગલ વધતો ગીઓ, તેમ તેમ દીનની વીદીઆ શીખવાનો શોખ અને તેના ભાશણો

સાંભલવાનો આતશ આપણમાંથી ધીને ધીને નરમ પડી બુજતો ચા લીઓ. તે હીઆંશુધીની હદે પોહચીઓ, કે ચઆર પાંચ સદીનાં જ રતોશતીઓમાંથીતો તે બીલકુલ બુજાઈ ગીયો, જેથી નીચે પરમાણેની બુરાઈઓએ તેમનામાં દીનને લગતાં જાતી ગનેઆતની રોશની બીલ કુલ બુજાઈ ગએલી જોઈને પોતાનો બદ પગપેસારો આગલ ભરીઓ હતો; જેના પરીણામમાં દીન ઉપર બેફીકરતવારી, ખોદાપરસતીમાં જુદદીનના રેવાજો, બંદગીમાં બેદીલી, આદબ વગરની એબાદત, લોભ, કીનો, હસદ, હેંકાર, આલસાઈ ઈતીઆદી બદશાકતીઓએ આપણામાં જડ ઘાલી મકાન કીધું હતું.

આએ સરવે બદ ઉતપતીઓનાં ઘર ઘાલવાનાં મુલ કારણો બે હતાં, તેમાં એક આપણું પોતાનું અદલ ઈનસાફી રાજનું જવું અને બીજું એથી ઉલટું આપણા ઉપર જુલમી મુસલમાનોનાં રાજનું આવવું. એ જુલમી રાજમાં આપણી ઉપર હાદેસાઓ પડતા ગીઆ, જેથી આપણા વડાવાઓએ પોતાની ખાલેસ દીનની ખરી ખુબી અને બુલંદીની કદર પીછાણીને તેનાજ ઉપર ઉસતવાર રહી, તે દીન પાલવાનાં હેતુથી પરથવી ઉપરનો સરવેથી રેસાળો, સારી આબોહવા વાલો, બેહસતની મીસાલે રંગારંગ ફલ ફુલવાલો અને ખુશનુમા મેવાઓથી ભરેલો પોતાનો પેયારામાં પેયારો દેશ, જાગીર, બાગ બગીચા, માલ, મીલકત અને મતા ઈતીઆદીનો તીઆગ કરી, એ સરવનો પોતાની બરહક દીન ઉપર ભોગ આપી, તેને પાલવાનું પોતા ઉપર ભારે દુખ અને રંજ ખેંચી લીધું તથા એક દેશથી બીજે દેશ, એક શેહરથી બીજે શેહેર, અને એક ગામથી બીજે ગામ એમ નાહસતા અને ભમતા ફરીઆ; પણ પોતાનો એતેકાદ જરતોશતી જેવી બુલંદ દીન ઉપરથી ઉઠાવીઓ નહી. એ પરમાણે આપણી માઠી અવસથા બની ગઈ હતી. એવા આફતના વખતમાં, કે જે વખતે પોતાના જાનને પા સદીવાર વખતબી સુખચેન સાથે રેહવાનું બનતું નહી હતું, તેવા વખતમાં દીનની તાલીમ આપવા અને લેવા જેવું બોકટ કામ, કે જે પુરતી ખાતરજમાઈ, સુખ ચેન અને નીરાંતપણાથીજ બની શકેછે, તેનું બનવું કાંહાંથી બને ? આવા સબબોને લીધે આપણામાંથી દીન શીખવા અને શીખવવા તથા તેની ઉપર વાઅજો કરવા જેવાં પેહલી ફરજના કાનુનોને આપણે ભુલી ગીઆ અને આપ

ણામાંથી તે બીલકુલ નીકલી ગીઆ હતા, જેથી આપણે ઉપર પરમા ણેની કંગાલ અવસથામાં આવી પડીઆ હતા.

દુનીઆની ગરદેશે ઉપર કહીંઉં તેમ પાછી પોતાની કલાને ફેરવી, જેથી હાલમાં આપણ જરતોશતીઓના ઉપલા પડતા દાહડાનો અંત આર્વાઓ અને ચહડતી દશાનો વખત તલુ થવા માડીઓછે. આ જ અરધી સદી થઈ કુદરતે આપણા ઉપરથી પોતાની કરડી નજરને ફેરવીછે અને પોતાની રેહમ ભરેલી નજરે જોવા માડીઉંછે. તેણે આ પણી છેક પડતી હાલત ઉપર દયા લાવી પોતાનો શકતી ભરેલો મ યાલુ હાથ લમબાર્વીને આપણી ઉપરનાં ઉપર પરમાણેનાં ટીંગાઈ રહે લાં હજારો આફતનાં વાદલાંઓને ચીરો નાખીઆંછે અને તેનો પુરે પુરો નાશ કરી તેમાંથી આપણને મોકલા કીધાછે, એટલુંજ નહી, પ ણ આપણી ઉપર પોતાની રેહમદીલીમાં વધારો કરી એક એવુંતો અ દલ ઈનસાફી ભરેલું રાજ મોકલીઉંછે, કે જાણે તે આપણું પોતાનું કેયાની અને સાસાનીજ રાજછે.

એ ભલા રાજનો ઝુંડો એવોતો ઇનસાફીછે, કે તે જેમ પોતાને વા સતે સુખ, ચેન અને છુટાપણું ચાહેછે, તેમ પોતાની સરવ પરજાને વાસતેબી એકસરખી રીતે ચાહેછે, અને તેવા હકો સરવને આપવા ને તે સદા તતપર રેહછે. જે આપણને બાપોકારે કેહછે કે, "એ હમારાં રાજને તમારૂં પોતાનું કયાની અને સાસાનીજ રાજછે, એમ સહમજો, અને જેમ તમો તે વખતે દીન ધરમ પાલતા હતા, દીન અને દુનીઆનો એલમ શીખતા, અને શીખવતા હતા, તથા સરવ પરકારે જાહોજલાલી, હશમત અને સુખ ચેન, છુટાપણાથી ભોગવતા હતા, તેમ સુખેથી ભોગવો; તેમજ તમો આએ અને પેલી જેહાનની ખરી કીરતી, ખરૂં સુખ અને ખરી જાહોજલાલી ભોગવવાને લાયેક નાં તમામ યોગીય ઉપાયો લેતા હતા, તેમ સુખેથી લેવો. એમાં હમો ઘણા ખુશી છઈએ, બલકે એ બાબમાં હમારી તરફથી ઓર તમોને જોઈતી મદદ મલશે અને તેમ કરવાને હમો તઈઆર છઈએ." એ પરમાણે દુનીઆએ આપણી ઉપર આવો મેહરબાની ભરેલો ફેર ફાર કરો, આજે આપણને આવાં ઈનસાફી, નેક નઈએત અને રેહ મદીલીમાં ભરપુર રાજ તલે મેલીઆછે અને પાછા આપણને પોતાનાં ઉપકારી કીધાછે. એ રાજથી આપણી પાછી ચહડતી દશા થવા

ઝાડી અને આપણો આગલો જાહોજલાલી ભરેલો ખવાસ, જે જુલમી રાજોથી દબાનમાં આવી ગીઓ હતો, તે ખરાં જવાહેરનાં ઝીસાલે પાછો દીપી નીકલવા લાગોછે; જેથી આપણે આપણી જાહોજલાલી અને હશમત વધારવાના નેક ઉપાયો, જે દુનીઆઈ એલમની તારીફ લાયેક કેલવણી લેવી, વેપારમાં ખરી દેયાનતે હીમતથી આગલ વધીઆ જવું, અને હુનરના કાનોમાં વખાણવાજોગ કોશેશો લેવી એતીઆદીછે, તે પાછા લેવા લાગા; જેથી આપણે આપણી અસલી ચહડતી હીંમત અને નેક ખવાસથી થોડી મુદતમાં આપણા દેશની બીરજી પરજા કરતાં સરવ બાબમાં આગલ વધી આજે આપણે ચહડતા ગણાવા લાગા છઈએ. એ સાથે વધારે ખુશી ભરેલું એછે, કે આપણામાં દીનને લગતી ભાશાએ શીખવા અને શીખવવાનાં શોખનો આતશબી, જે મજકુર જુલમી રાજોનાં હાદેસાની આગ અને બેકરારીથી બુજાઈ ગીઓ હતો, તે આવાં અદલ ઈનસાફી રાજનાં શીતલ અને શાંત છાયાનાં સુખથી આજ વીશ પચીસ વરશ થયાં ધીમે ધીમે પાછો પજરીને સલગવા માંડીઓછે; જેથી તેના ઉપાયો લેવામાં આવેઆછે. દીનનો એલમ શીખવવાનાં જેવો ઉંચો અને પવીતર શોખ પેહલવેહલાં આપણા જરતોશતાં ટોલાનાં ખરા માનવંતા અને ખરા બખતાવર નામદાર સર જમશેદજી જીજીભાઈ પેહલા બારોનેટ સાહેબ, કે જેનાં જેવા આપણી પાદશાહી ગીઆ પછે આપણ જરતોશતીઓમાં સુવીવેકી, સહવીચારી અને સાદગુણી નરને આએ દુનીઆએ પોતાનાં ખોળામાં રમાડીઆ નથી, તેમનાં નેક દીલમાં પેદા થયો હતો. એ નામવર સાહેબે આવાં આપણી પેહલી ફરજનાં કામને પોતાનીજ મદદ અને મેહનતે પેહલવેહલું આરંભ કીધું હતું અને સુરત વાલા મરહુમ દસતુરજી સાહેબ જમશેદજી બરજોરજી સુગાજીનાને એ ખાતાંનાં વડા ઉસતાદ નેમી એક જંદ પેહલવીની મદરેસા સથાપી હતી, જેથી આપણા જરતોશતીઓ સારીપઠે જાણીતાછે. એ નેક ખાતું થોડી મુદત ચાલુ થઈ બંદ પડીઉં હતું. પણ એ ઉમદા શોખનો આતશ એ આપણા અમારા ઘરાણામાંથી નરમ પડીઓ હતો નહી, બલકે એમના નેકબખત કબીલામાં રોજ બરોજ તેજી પકડતો જતો હતો, જેનું ભલું પરીણામ એ નીપજીઉં, કે હાલમાં એજ આપણા જરતોશતીઓમાં શરવેથી ચહડતે દરજજેનાં ઘરાણાની

આગેવાનીથી આવાં ઉંચાં પુણનું એક નેક ખાતું સારા અને મુસ્તકીમ પાયા ઉપર રચાયુંછે અને તેનો કારોબાર પુરતી મનમાનતી રીતે ચાલીઓ જાયેછે, જેના એક નાહના ભલા ફલ તરીકે આએ રેસાલોછે. આએ નેક બાબતમાં એથીને વધારે આપણે કુદરતના આભારી એટલા માટે છેઈએ, કે તેણે આપણને દીન શીખવા અને શીખવવાને સારૂં ઉપલાં ખુબી ભરેલાં ઈનસાફી રાજથી દીલની ખાતરજમાઈ, અમનોઅમાન અને સુખ ચેન બખશીઉંછે, તેની સાથે વલી એ દીન શીખવા અને શીખવવાના સુતરા, સેહલા અને સસતા અસબાબોબી એજ રાજ વાલી ભલી પરજાથી અને એની જાતીના બીજા ભલા યોરોપીઅનોથી આપણને મલી આવતા કીધાછે. એ ઉપરાંત વલી શીખનાર, શીખવનાર અને શીખેલા જોવાને ઈનતેજારને સારાં સારાં માન અને ઉતેજનો યોરપખંડના તાસુબી વગરના વીદવાનો અને આપણા જરતોશતી અકાબરોથી મલીઆ જાયછે; તેમાં ખસુસ કરીને આપણા નામાકીત હીંદી ઉમરાવ બારોનેટ સાહેબના ભલા ખાનદાનથી એ બાબમાં વધારે આગેવાની ચાલેછે. આ સરવ બનાવો ખરેખર જરતોશતીઓને સંતોશકારક અને તેમની અહડતી દશાને સારૂં મુબારકબાદી આપનારાછે.

હાવે વખતે આપણા જરતોશતીઓની ઉધરતી ઓલાદ જેમ દુનીઆઈ સુખ ભોગવવાની વીદીઆ પછાડી તારીફ લાયેક કોશેશ લેછે અને તેની ઉપર ખરી દીલસોજી રાખી ચીનતાતુર મેહનત કરેછે, તેમ દીનની તાલીમ લઈ બેહેશતનું સુખ, કે જે ખરેખરૂં સુખછે, તેની પછાડી કોશેશ લેતા નથી, એ ખરેખર ભારે દલગીરી ભરેલુંછે. કેમકે પેહલી વીદીઆતો માતર પલવાર અને ખુવાબી, બલકે બદ નફસનાં સુખને માટેનીછે, અને છેલલી સદાની, નકકી અને રૂહ તથા રવાનનાં સુખને અરથેનીછે. દીન અને દુનીઆના બેહુ એલમથીજ માણુસ પરથમથી સંપુરણ ગણાતું આવીઉંછે. દુનીઆઈ એલમજ તેહસીલ કરવો, એ ગોયા એકજ આંખ, હાથ અને પગને શકતી આપવા બરાબરછે; તેબી વલી દાહબી બાજુનાનેજ, એથી માણુસ કેટલું સંપુરણ કેહવાએ? ખામી ભરેલુંજ ગણાતું આવીઉંછે. પણ જેયારે દીનની વીદીઆ કે, જે જમણી આંખ, હાથ અને પગને શકતી આપવા બરાબરછે, તેનોબી સાથે અભીઆસ કરવામાં આવે, તેયારેજ તે માણુસ

કામેલ ગણાતું આવીઊંછે. આપણી હાલની ઉપરતી ઓલાદ દુની આઈ એલમ પછાડીજ કોશશ લઈ સંતોશ પામેછે, તેથી તેઓ પોતા ની ઉપર પરમાંગુની એકજ આંખ, હાથ અને પગને શકતી આપેછે અને બીજાંનીતો કશો દરકાર રાખતા નથી; તેમનંતો તેઓ મુરદાર જેવાં નાકામાંજ પાડી રાખેછે. તેયારે એવું માણસ પોતાનું કામ કેટલું અને કેહવું કરી અને જોઈ શકે, અને કેટલું બધું તે અધુરૂં ગણાએ? પણ જેયારે તેઓ દુનીઆઈ એલમના સાથે દાનની વીદી આબી હાંસેલ કરેતો તેઓ પોતાની બેહુ આંખ, હાથ અને પગને શકતી આપેછે. હવે એવો પુરો કામેલ શખસ પોતાનું કેટલું અને કેહવું કામ જોઈ અને બજાવી શકેછે? તેબો વલી કેટલી બધી સફાઈ અને સેહલાઈથી કરી શકે?

દીન અને દુનીઆનો એલમ તન અને જાનની બરાબરનો સંબંધ ધરાવેછે, જેમને એકબીજા વગર ચાલેજ નહીં, એકની ગેરહા જરીએ બેહુ નકામાં થઈ પડેછે. તેમાં દુનીઆઈ એલમ તનની પદ વીએછે; અને દીનનો જાનની. જેમકે વઈદક શાસતરનો માતર આપણને શરીરને લગતા ઉપાયો શીખવેછે, પણ દીનનો એલમ જાન, રૂહ અને રવાનનાં એલાજો શીખવેછે; નીયાય શાસતરતો આપણ ને ફકત અતરેનાં હાકેમની સાહમને તનને લગતી સજાથી બંચાવા ની તકરારો કરતાં અને દલીલો લાવતાં શીખવેછે, પણ ધરમનું ગને આન આપણને હમેશનાં નીયાયાધીશની સાહમને આપણા પેયારા જાન, રૂહ અને રવાનને સદાનાં કેદખાનામાં ફસી જતા બંચાવાનાં મજબુત રદીયા અને ઉમદા પુરાવા શીખવેછે અને ગણીત શાસત રતો આપણને કેવળ આપણા આવક ખરચનો ચોકસ હેસાબ રાખ તાં શીખવી, કમારગે આવક નહીં ખરચાઈ જાએ, તેની અગમચેતી શીખવેછે, પણ મજહબની કેલવણી આપણને આપણી નેક અને બદ કરણીની બરાબર ગણતરી કરી, તેનો પુરતો હેસાબ રાખતાં શી ખવેછે અને આપણી જીંદગાનીના ખજાનાને બદ મારગે ખરચાઈ જતાં બંચાવાની અગમ બુધીની ઉમદા કેલવણી આપેછે. ટુકમાં ધ રમનું ગનેઆન એ એક જુદીજ આંખની રોશનીછે, જેની ખરી કેફી એતને ધરમ શીખેલાઓજ સારીપઠે જાણેછે.

ધરમનું ગનેઆન દુનીઆઈ લોભનાં ફાંદામાં ફસી પડેલા શખસ

ને બાહેર કાહડવાને સારૂં એક ચમતકારી અર્થીઆરછે; ધરમની વી દીઆ દુનીઆઈ લાલચથી આંધલી થએલી આંખને જોતી કરવાને સારૂં એક મુજરરબ સુરમો છે; ધરમનો એલમ દુનીઆઈ હવસ નાં હદ વગરનાં બીઆબાન જંગલમાં ગુમ થઈ ગએલા શખસને તેને પોતાની રેહનુમાઈ ભરેલી મનજલે સહીસલામત પોંહચાડવાને સારૂં એક સારાં ભાતા સાથનો કાફલોછે અને ધરમની તાલીમ દુનીઆઈ પેયારનાં કીનારા વગરના માહસાગરમાં ડુબી ગીએલા શખસને તેના ખોદાઈ તોફીક વાલાં શેહેરના સલામતી ભરેલાં બારાં ઉપર ઉતારવા ને સારૂં એક પુરતા સામાન સાથનું મજબુત બારકશછે; સેવટે દીન ની કેલવણી એ આએ અને બીનોઇ જેહાનનાં ખરાં અને પુરતાં સુખનાં ખજાનાની કુંચીછે.

પેયારા હમદીન સાહેબો ! એટલાજ વાસતે નામસેતાએશનેના રચનારે પરવરદેગારની હજુર તમારા મોહડામાં “એ પરવરશીના કરનાર સાહેબ, હું તાહરી મોકલેલી બરહક જરતોશતી દીનને તાહ રા હોકમ મુજબ કબુલ કરૂંચ, શીખુંચ, અને બીજા માહરા ભાઈબં ધોને શીખવુંચ;” એવા બોલો મેલીઆછે, તેને તમો દર પલે યાદ કરો. તે સાથે વલી આપણે આગલ અવસતા ઉપરથી સીધ કીધું છે, કે નામસેતાએશનેનાં એ લખાણ મુજબ આપણા કેયાની, અશ કાની અને સાસાની નીઆગાનોબી જરતોશતી દીનને પેહલલાં શી ખતા અને શીખવતા હતા અને એ બાબમાં તેઓ પોતાની પેહલલી ફરજ સહમજતા હતા તથા એ વીશે ઉપર તેઓ કોશેશ લેવાની સદા કાલજી રાખતા હતા, તેનેબી આએ જગાએ યાદ કરો અને તમારા સીનાંમાં ઉંડા કોતરાણે કોતરી રાખો તથા જરતોશતી જેવી બુલંદ ખાસીએત વાલી દીનને તમો પેહલલી તકે શીખી લેવો; એટલુંજ નહી, પણ તેની ઉપર જેમ બીજા દીન વાલાઓ પોતાના ધરમ પુસ તકો ઉપર શેંકડો અને હજારો શરેહ અને ટીકાઓ લખી ગીઆછે, લખેછે અને હવે પછે લખીઆ જાયે એવા ઉસતવાર નીયમો બાંધી આછે, તેમ તમોબી પોતાની એ અજમતી ખુરેહ વાલી દીન ઉપર લ ખો અને તમારી ઓલાદ પણ તમારે કદમે ચાલી તેઓબી લખે, એવી ચાલ ચલાવો અને એ વીશે મુસતકીમ કાયદાઓ રચો.

તમારા શેહરનો જડજ, ગવરનર, અથવા ગવરનર જનરલ તમોને

સારી નજરે જોએં, અથવા ઘણું થાએંતો તેઓ તમારે વીશે માહ શાણોની આગલ માન ભરેલી રીતે વાત કરે, તેને સારૂં તમે તમારા જાન ઉપર ખેંચીને દુનીઆને લગતી ઉંચી કેલવણી લેવોછો: તેઆરે તમારે સારૂં સરેશ્તા, અરદીબેહેશ્ત અને બેહમન જેવા મીનોઈ જેહાનનાં ઉંચા ઓધેદારો તમારી તરફ પેયારની નજરે જોએં, અને હોરમજદની દરગાહમાં તમારે વીશે ઉંચા મતથી વાતો કરે. તેહવા દીનનાં એલમની પછાડી તમે તમારા જાન ઉપર લઈને ઉંચી કેલવણી શામાટે નથી લેતા ?

સવાબના કામો કરી લેવા વીશે.

દીન ઉપર ઈમાન લાવી તેને શીખી, શીખવી, અને ફેલાવો કરવાની છેલલી મતલબ એજ કે, આપણે પોતાના પેદા કરનારનાં હોકમ મુજબ પોતાની કરણીને ચલાવી, તેને પાપના કામો કરવાથી બાજ રાખીએ અને સવાબનાં કામો પેહલલી તકે કરી લઈએ. ખોદાતાલાને આપણને પેદા કરી આપણા સુખને અરથે તમામ નેઆમતો બનાવાનું, આપણને પોતાનાં હીકમતી ખજાનામાંથી અકલનાં જેવું કીમતી જવાહેર બખ્શવાનું, પોતાની બીજી પેદાએશો ઉપર આપણને મોટાઈ આપવાનું અને આપણી રેહનુમાઈને સારૂં પોતાની પસંદ પડતી દીન અને પેગમબરને મોકલવાનું સેવટનું કારણભી એજ કે, આપણે સવાબના કામો પેહલલી જોગવાઈએ કરી લઈએ. દાદગર દાદાર હોરમજદની એજ મતલબ અને એજ કારણને લીધે આપણા પેગમબર સાહેબ અશો જરતોશતે તમામ માણસજાત માતરમાં સરવેથી પેહલલા અશોઈ (સવાબના કામ કરવા) ને વખાણીછે. ૮૨) વલી તે સાહેબે એજ નેમથી આપણી દીનનો પેહલલો પાઠભી 'અશેમ વોહુ' યાને માણસને સારૂં આએ દુનીઆમાં અશોઈના યાને સવાબના કામો કરી લેવા, એજ મોટામાં મોટી દોલતછે, એમ શીખવવાને ફરમાવીઉંછે. સેવટે એજ કાનુન પરમાણે નામસેતાએશનેના રચનારેભી આપણા મોહડામાં પોતાના પેદા કરનારની હજુરમા "હું સવાબના કામો કરવા ઉપર ઉસતવાર રેહુય," એવી કબુલાતો મેલીછે.

ઉપર પરમાણે જોતાં ખોદાતાલાને આપણને પેદા કરવાની સેવટની મતલબ એજ, કે આપણે તે સાહેબનાં ફરમાન મુજબ આએ જહાનમાં સવાબનાં કામો કરી લઈએ, પણ આપણે તો આએ સવપના રૂપી દુનીઆમાં જનમ લઇ અને તેનાં ફરેબબાજ હવસી ફાંદામાં ફસી પડી પોતાના પરવરદેગારની ઉપલી મરજીને ભુલી જઈએ છેઇએ. આપણે તો આ ફાની દુનીઆમાં કદમ મેલી, તેની જુઠી માયા અને લાલચને પોતાની અકલ ઉપર એવી તો ફાવવા દઈએ છઈએ, કે જેથી આએ દુનીઆ કેટલી બધી નાપાયદારછે, તે આપણે સારીપઠે જાણીએ છઈએ, ચોતરફથી એવા જાણવાના બોધો મલીઆ જાયછે અને ખુદ દુનીઆબી આપણને તે વીશે બીજાઓની ઉપર એવા સારી એબરત ઉપજાવનાર બનાવો બનાવીને પુરતી ચાનક આપેછે, તે છતાં આપણે ભુલાવો ખાઈએ છઈએ તથા ઉપર પરમાણેની નજીવી લાલચને અને ગંધીલી મોજ મજાહને વશ થઈ સવાબના કામો કરવાથી આપણા દીલને ફેરવીએ છઈએ, એટલુંજ નહી, પણ ઓર પાપના કામો કરી મોટા તકસીરવાર બનીએ છઈએ અને એમ કરવાને આપણે જરાએ આંચકો ખાતા નથી.

આપણે આપણી નજર દોરાવીને જોશું તો અતરે આપણને ઘણા શખસો દુનીઆના લોભી એવાંબી મલી આવશે, કે તેઓ સાથે કામ પડવાથી જો કોઈ શખસ તેના હાથ નીચે દબાનમાં આવી પડીઓ તો, તેઓ તેની એક માણસ તરીકેની પોતાની ખરી ફરજ પીછાણીને, બનતી કોશેશે મદદ કરવાને બદલે ઓર આએ દુનીઆના નજીવા અને નાપાયેદાર લોભથી તેને ઠોર મારશે; અને પોતાના લાભને અરથે જુઠું બોલવું, એતો તેઓને પોતાને તવંગર થવાનો ધરમજ; દગો કરવો, એતો તેઓને દોલતમંદ થવાનો તરીકોજ; કોઈનું ગલું ફાંસવું, એતો તેઓને માલદાર થવાનો મજહબજ; અમાનતમાં ખેઆનત કરવી, એતો તેઓને આબાદ થવાની દીનજ; લોભ લાલચનીતો તેઓ પોતે મોટી વખાર; અદેખાઈ અને કીનાનાતો તેઓ જાતે મોટા ભંડાર; તાત વાત અને ગીલલાનાંતો તેઓ સદા ભુખા; હવસી મોજ મજાહનાતો તેઓ હંમેશનાં પેઆસા; બદનફસનાંતો તેઓ ખરા નીમકહલાલ ગોલામ; અને બદ કરણીનાતો તેઓ સાચા વફાદાર દાસ; એવા હવસી બની ગીએલા આપણે ઘણાઓને જોઈશું.

જોકે આએ દુનીઆનો ખુવાબી તેમજ ખોટી મોજ મજાહનો વખત મીનોઈ જેહાનનાં ખરા અને પાયેદાર એશ આરામનાં અનંત વખત સાથે સરખાવતાં, તે એક રેતીના ખોહલા જંગલમાંથી તેના એક રજકણ બરાબરબી ઉતરતો નથી; આટલું છતાંબી ગફલતી ભરેલું માણસ પોતાનું આએ જેહાનમાં કદમ ધરી ઉપર પરમાણે લોભી થઈ જાએછે અને તેના ખોટા પેયારની કેફમાં પોતાના પેદા કરનારની ઉપલી સવાબનાં કામો કરવાની મતલબને, કે જે ખચીત મીનોઈ જેહાનના બેકીનાર વખતમાં અનંત સુખ બખશનારછે, તેને ભુલી જાએછે અને લાલચનાં બેકેનાર દરીઆમાં ઘસરાયા અને તનાયા જાએછે તથા તેમાંને તેમાંજ ગોતાં ખાઈ, પોતાની જીંદગીને બરબાદ કરીને પોતાના ખરા ખાવંદનો એક નીમકહરામ બંદો બની, શરમ ભરેલો અને સીહા રૂ અતરેથી પધારેછે.

ખોદાએતાલાએ આપણને જીંદગીનું રોકડ નાણું બખશીને પોતાની મરજીનો સોદોઃ—સવાબનાં કામો કરવાનાં વેપારને અરથે અતરે નાપાયેદાર દુનીઆમાં મોકલીઆછે, તેનેતો આપણે અતરે આવી, તેના ફરેબ ઉપર મોહીત પડીને ભુલી જઈએ છેઈએ; અને આએ દુનીઆની તકલીદી સુંદર દેવીના ભલા, ભોલા અને ભાવીક ભકત બની જઈ, તેણીનીજ સમરણમાં આપણે લોભની સમાધી એવીતો ચહડાવી મેલીએ છઈએ, કે આપણે આપણા ખરા ખોદાની શકતી, ભકતી અને રતીને ભુલી જઈએ છઈએ! આપણેતો અતરે જનમ લઈ આપણા ખરા જનમ આપનારની મરજીના ઉપલા સોદાની કશીએ ભાણ ન રાખતાં આપણી જનનારી દુનીઆનાંજ ફકત પુંજારા થઈ પડીએ છેઈએ અને જીંદગીની ઉપલી પુંજીને એ માતાનાં દેહડાનોજ સામાન ખરીદવામાં ગુમાવી નાખીએ છઈએ, જેથી સેવટે પોતાના ખરા હકદાર પંતાની હજુરમાં તેના મંગાવેલા સવાબનાં કામો કરવાનાં સેદા વગર આપણને ખાલી હાથે, સીઆહ મોહડે અને નીચી ગરદને જવું પડેછે.

ઉપર પરમાણે આપણે આએ દુનીઆંના પેયારમાં એટલા બધાતો બેભાણ બની જઈએ છેઈએ, કે જો અતરે આપણા તન અને જાન ઉપર કંઈ આફત અથવા સખત બીમારી આવી પડીતો, તેને દફે કરવાને સારૂં આપણે એટલી બધીતો તારાવીશ, બેકરારી અને કાળજી કરી, બલકે પોતાના જાન ઉપર લઈને પુરતી કોશેશે ઉપાયો

લઈએ છઈએ, કે કોઇ વખતે તો તે નીવારણ કરવાને સારૂં પોતાનો જનમ સુધીનો મેલવેલો જર, ખજાનો, માલ, મીલકત અને આબરૂ મજાલ આપી દેવાને તઈઆર થઈએ છઈએ; એ ઉપરાંત વલી મોટી આફતની વખતે તો માતર પોતાનાં જાનનીજ સલામતીમાં પોતાની પેયારામાં પેયારી ચીજ અને દોલત તો શું, પણ પેયારામાં પેયારાં ભાઈબંધ, કુટંબ અને ફરજંદો વટીક ખોઈ દેવાને ચુકતા નથી. આટલું બધું આપણે માતર આએ પલવારની ફાની દુનીઆંના જાનના સુખને અરથે કરીએ છઈએ અને એજ આપણા જાનને આવતી જેહાનના હમેશનાં ખરાં સુખને વાસતે તો આપણે અતરે કશી દરકાર રાખતા નથી ! અને ઉપર પરમાણે આએ દુનીઆની નજીવી અને નાપાયદાર દોલતનો તેની ઉપર ભોગ આપી અને પોતાના પેયારાં ભાઈબંધ, કુટંબકબીલો અને ફરજંદોની દરકાર ન રાખતાં પોતાના જીવ ઉપર ખેંચી લઈને તેનાં સુખનાં ઉપાયો તો આપણે લેતા નથી; કે જે આપણને અતરે પેહલલા કરી લેવા જોઈયે અને જે અરથેજ આપણનો અતરે જનમ થયોછે, તેહવી અગતની બાબતને તો આપણે ભુલી જઈએ છઈએ. એ આપણી કેહવી ભયંકાર ભુલ, એ આપણી કેહવી દુખદાયેક બેપરવાઈ અને સેવટે એ આપણી કેહવી નાશકારક ગફલતી ! એક હકીમના બોલોમાં "મહને આએ ઘણું અજાએબી ભરેલું લાગેછે કે માણસો એક હાથ ઉપર પોતાની બીમારી વધવાનાં ભયથી અને પોતાની તંનદરોસતી સુધારવાનાં લાલમાં નુકસાનકારક દવા અને ખાનુ ખાવાની ભારે ભય રાખી સારી સંભાલ અને પુરતી પરેહજી રાખેછે અને બીજા હાથ ઉપર આએ દુનીઆની દોલત અને મરતબાના ખોટા પેયારને અરથે ગુનાહ અને પાપના કામો, કે જેનાથી દોજખમાં જવું અને પોતાનાં એજ જાન ઉપર ભારી આજાબ અને સંકટનું પડવુંછે, તેનાથી તો તેઓ આંખવીચીને અખારા કરેછે !" યાને માણસો અતરે જનમ લઈ લોભથી એવાતો સુધ વગરનાં ગફલતી બની જાયેછે, કે અતરે પોતાની પેહલલી ફરજ અને ફીકર કેઈછે ? તેટલું મજાલ શાહમજતા નથી, એવા બેભાણ બની જાયછે !

આએ જેહાનમાં આપણે જનમ લઈ આપણામાનાં ઘણાખરાઓ હપલી ભુલેજ જીંદગી ગુજારેછે. એથી ઉલટું આપણામાંનાં ઘણાજ થોડા

પોતાના મોટા નસીબે આએ ફાની દુનીઆનાં લોભને તજી પોતાના પેયારા જાનને બીનોઈ જેહાનનાં નકકી સુખ દેખાડવાની ઉમદા મતલબ ઉપર નજર રાખી તે પરમાણે જીંદગાની ગુજારેછે. જોકે આવા નરો આપણને થોડા મલી આવેછે, તોપણ ખરા ભાગેશાલી નર તે તેઓજછે; પછે તેઓ ગમે એવી તંગ અને કંગાલ અવસથામાં હોય. માટે ઈનસાનને સજાવાર અને ભલુંતો એજછે, કે તે આએ જેહાનમાં પોખત શહુમજમાં આવી પોતાના પેદા કરનારની છેલલી મતલબ, જે સવાબનાં કામો કરવાનીછે, તેને ખુબ રવેશે ધેયાનમાં રાખે અને ગફલત ન ખાતાં એજ તરીકે પોતાની જીંદગી ગુજરે તથા આએ સવપના રૂપી દુનીઆનાં તકલીદી સુખને અરથે પાપનાં કામો કરી પોતાના પેયારા જાનને હમેશાનું દુખ ભોગવતાર નહી કરે. એજ મીસાલે આએ વીચારોબી પોતાનાં ખરા અંતઃકરણથી પોખત રીતે ધેયાનમાં રાખે, કે ખોદાતાલાએ આપણને પેદા કરી, આવો કીમતી જાન બખશી, આવી અમુલીએ વીચાર શકતી આપી, આપણી ઉપર હજારો નેઆમતના વરશાદો વરશાવી અને પુરતું સુખ, તંદરોસતી અને અમનોઅમાન એતાએત કરી આપણી પાશે માન માંગી માંગીને શું માંગીઉંછે ? એજકે તમો શવાબનાં કાંમો કરજો ! તેબી વલી એ માંગણી કંઈ મુફત નથી માગી ! એનોબી પરમાણ પરમાણે ભલો બદલો વાલવાની નકકી કબુલાત આપીછે. વલી એ માગણી કંઈ ખુદ ખોદાના પોતાના લાભની કે ગરજનીબી નથી. દુરઅંદેશીથી જોઈશુંતો તે ખુદ આપણા પોતાનાજ ફાયદાને અરથેનીછે. જો આપણે આપણા સારા નસીબે ઉપલી માંગણીને બજાવી લાવીઆતો, તે સખી અને રેહમદીલ સાહેબ કંઈ તેનો બદલો આએ દુનીઆંની અમુલીય અને અપાર નેઆમતો, જે આપણી ઉપર વરશાવીછે અને આવો કીમતી જાન બખશીઓછે તેનાથીજ વાલીને રેહતો નથી. તે મેહરબાન અને મોટા દીલનો સાહેબતો આટલો એક તેનો હોકમ બજાવી લાવવાનાં ઈનામમાં આપણી ઉપર બીનોઈ જેહાનમાં સુખનાં ફુલ ફુટાડે છે. આએ એક હોકમ બજાવી લાવવાથી તે ફરમાનબરદારીની ખરી કદર જાણનાર સાહેબ અશો રવાનો, તુરાની અમશાસપંદો અને અજમતી યજદોની ભર મજલેસમાં પોતાના નામીચા યજદ અમશાસપંદોથી આપણને પુરતું માન અપાવેછે, એટલુંજ નહી, પણ આ

પણને તેઓથી ચહડતા ગણી પોતાના દરીઆઈ પેયારવાલા દીલથી પોતાના ખાસ રેહવાના ગરૂથમાનમાં આપણી જગા કરેછે ! હમદીન સાહેબો, હવે આપણને એથીને વધારે શું જોયે ? માટે તમારી ગફલતી ભરેલો નજરને ખોલો અને તમારી આંખનાં લોભી પરને સવાબનાં કામો કરવાનાં મુજરરબ તેજાબે ઉપર તેરવી લાવીને આખુંને આખું બાહેર કાહાડો તથા જેવા તતરેથી અશો આવીઆછો, તેવાજ પવીતર પધારો.

પરથમતો આ ફાની દુનીઆમાંથી આપણે તે આપઅખતીઆર સાહેબનો ઉપલો હોકમ બજાવી વાસો ઉડાવતાંનેવાર તરતજ, તે મેહરબાન સાહેબ અતરે આએ દુનીઆમાં આપણી સાહમને સરોશ જેવા પોતાના નામીચા યજદને કે, જે ગુજરેલાઓનાં રૂહ, રવાન અને જાનની સંભાલ આએ જેહાનમાં કરવા ઉપર મવકલછે, તેને એસતકબાલ મોકલેછે, અને તેનાથી તરણ રાત સુધી અતરે આપણા રવાનની પુરતી માહવજત, મદારત અને પાસબાની કરાવેછે(૯૩). વલી તરીજી રાતરે જેવા આપણે મીનોઈ જેહાનમાં જવાને સારૂં ચીનવદ પુલ ઉપર કદમ મેલીએ તેવોજ એક ઘણીજ પાકીજેહ ખુશબોવાલો સુગંધી પવન કે, જેવો આપણે આએ દુનીઆમાં કધુ જોયો નથી, તેવો દખ્ખણ તરફથી વેહતો કરાવેછે; અને તેની અંદરથી આપણી નેક કરણી યાને કેરદારને એક ખુબસુરત પાકીજેહ ઓરતનાં આકારમાં હશમુખ ચેહરા બુલબુલી સખુન અને નાજુક અદાથી આપણી સાહમને એસતેકબાલ મોકલેછે. એ નેક કેરદાર પોતાનાં હાથમાં આપણી ભલી કરણીનો વધાવો લઈ ખીલતા અને હશતા ગોલાબી મુખરાથી ચીનવદ પુલનાં મથાલાં આગલ નાજથી આવીને આપણને મીનોઈ જેહાનમાં ફતેહમંદી સાથે કદમ મેલવાની મુબારકબાદી આપેછે અને આપણે, જે નેકીનો બદલો હાંસલ કરી લેવા આએ દુનીઆમાં સવાબનાં કામો કરી લીધાંછે, તેની કીરતીને પોતાની મધુર વાણીમાં ખુશનુમાં ગાયેને ગાઈ સંભલાવેછે અને પછે નીચે ઉતરી આપણો હાથ ધરી ચીનવદ પુલ આસાનીથી પાર કરાવેછે(૯૪). એ પછે તે નેક બાનું આપણી ઉપર ઉપલો વધાવો વધાવી આપણને કેહછે કે, ઓ અશો નર ! તું ભલે આવીઓ, અને ભલી તારી જીંદગી; એમ હશમુખથી ભલી વાણી ઓચરતી ખોદાતાલાનો નામીચામાં નામીચો અમશાસપંદ, જે બેહમનછે, તેનાં

સુનેરી તખ્ત તરફ રેહનુમાઇ કરતી આગલ ચાલેછે. અને દશ પાંચ કદમે પાછી ફરી પુર નજાકતથી પોતાના બેહુ હાથ આગલ ધરી મુબારક કદમ મેલો, બખતાવર પગલાં આગલ ભરો; એમ પાદશાહી માન અને અદાથી ગોલાબી ચેહરાએ શીરીન સખુનો બોલતી ભારી ખુશી, હલકા તને અને હંસતી ચાલે આગલ વધેછે. એ પરમાણે આપણને તે બેહમન અમશાસપંદનાં સુનેરી તખ્ત તરફ લઈ જાએછે.

અશો હોરમજદ આપણે, જે એક તેનું ઉપલું ફરમાન બજાવી લાવીઆ છેઈએ, તેનાં બદલામાં આટલું બધું માન અને સુખ બખશીનેબી ધરાતો નથી ! તે રેહમ દીલ સાહેબતો આપણને એથીબી વધારે આબરૂ અને અમનોઅમાન બખશાવાની ખુશીમાં આગલ વધેછે. અને પોતાના ઉપલા બેહમન જેવા નામીચા અમશાસપંદને તેના પોતાના સુનેરી તખ્ત ઉપરથી ઉઠાડીને તેનાં ખરા પેયાર સાથે આપણને એજજત અપાવેછે, અને તે ફરેશતાઓનાં સરદારને મોહહેથીબી આપણને ઉપલા સવાબનાં કામો કરી લેવાની મુબારકબાદી અપાવેછે !

ઉપર પરમાણે આપણે આપણી નેક કેરદારને દોરાવતા જેવા આગલ વધીએ છેઈએ, તેવા આપણને બેહમન અમશાસપંદ દુરથી આવતા જોઇને આપણને પોતાનાં અંતઃકરણથી મોટું માન આપવાને સારૂં પોતાનાં સુનેરી તખ્ત ઉપરથી ઉઠેછે અને આપણને મોનોઈ જેહાનમાં બખ્તાવરીથી કદમ મેલવાની મુબારકબાદી બાપોકારે આપેછે તથા આપણને કેહછે, કે અશો નર ! તારાં જીહી તાલે, કે તું દુખ દાયેક દુનીઆમાંથી આએ હમેશની એશ, આરામ અને સુખ ભરેલી દુનીઆમાં સહીસલામત અને ખુશીખુરરમી સાથે આવીઓ (૫). ભલાં તારાં ભાયગ, કે તુંએ પોતાની જીંદગીની સફરને સફલ કીધી, જેનો તું આજે આએ ભલો નતીજો જોયછે, કે હોરમજદની નજદીક તું હમો કરતાંબી ચડતી પદવીએ ગણાયો.

હયાંથી આપણો દબદબા ભરેલો સરગસ એકહો મલેછે અને આપણને બેહશતોમાં ફેરવેછે. આપણા જમના હાથ ઉપર બેહમન, ડાહબા હાથ ઉપર અરદીબેહશત, પછાડી સરોશ વગેરે યજદ અમશાસપંદો અને અશો નરોનાં ફરોહરોની દબદબા ભરેલી મજલેસ અને અગારી આપણી નેક કેરદાર પોતાનાં હાથમાં ઉપર પરમાણે બીજો વધાવો લઇ તથા આદરયજદ પોતાનાં અગર અને સુખરથી બલતાં બોખ્ખરદાન શા

થે, એ પરમાણે આપણે પાદશાહી દમામ સાથની નુરાની અને રૂહાની સવારીથી મોટી ખુશી સાથે તમામ બેહશતોમાં ફરીને યજદ અમશાસપંદોનાં મકાન તરફ, સુનેરી તખ્ત (અરશ) તરફ અને ગરૂથમાન તરફ આગલ વધીએ છઈએ(૮૬).

હમદીન સાહેબો, અશો હોરમજદના દેલનો આવો પેયાર ઉપલા સવાબકાર રવાનનાં જોવાથી તેની રગેરગમાં ખુશીનું લોહી કેહવું દોડતું હશે ! અને તે અશો રવાનની ખુશી કેટલી બધી ઉભરાઈ જતી હશે ! તે વીશેનો વીચાર આપણને, જો કોઈ શખસ અતરે જાવેદાન સુધી યાદગાર રહે તેવાં સાબાશી ભરેલાં નેક કાંમો કરે અને તેના ભલા બદલામાં તેને આએ દુનીઆની રાજદુવારી અથવા ખુદ પાદશાહી દરબારથી પુરતું માન મલે તથા તેના કીધેલા કામોની કીરતી મોટી દબદબા ભરેલો શબ્દાઓ અને નામીચી દરબારોમાં ગવાય, તો તે શખસની રગેરગમાં ખુશીનું લોહી કેટલું બધું દોડેછે અને તેનો ચેહરો ખુશીનાં લોહીથી ગોલાબની મીસાલે કેહવો ખીલી રેહછે; તે ઉપરથી આવી શકશે. હવે જેયારે આપણને આએ દુનીઆનાં હાકેમ, અમીર, વજીર અથવા પાદશાહથી આવું માન મલેતો આપણામાં આટલી બધી ખુશી ઉપજેછે અને તેનો જોશ ઉભરાઈ જાયછે, તો પછે સરોશ, અરદીબેહશત, બેહમન અને પાદશાહોનો પાદશાહ અને માલેકોનો માલેક કુલ જેહાનનાં શેહનશાહા દાદાર હોરમજદથી આપણને ઉપર પરમાંણેનું સમપુરણ માન અને આબરૂ, કે જે ખરેખરૂં માન અને ખરેખરી આબરૂછે, તે મલેતો પછે આપણામાં કેટલી બધી હદે લોહી દોડે અને કેટલી બધી હદે ખુશીનો જોશ વધે !

સવાબકાર અશો નરને મીનોઈ જેહાનમાં પુરતું માન અને આબરૂ અપાવાનો અશો હોરમજદનો ઉલટ, આટલીબધી આબરૂ, હશમત અને જાહોજલાલી આપવાથીબી બસ થતો નથી. તે થોડું માંગી અતીઘણું બખશનાર સાહેબતો એથીબી વધારે આગલ વધી ઉપર પરમાણેના અશો નરને પોતાના રેહવાના ખાસ ગરૂથમાનમાં જગા બખશેછે(૮૭) અને તેનો મુબારક ચેહરો જોઈ સદા મધન રેહછે ! દોનદાર સાહેબો આએ સુખ, આએ પેયાર અને આએ આબરૂ શું ! આપણે આપણી આએ દુનીઆનાં કયાં સુખ, કયા પેયાર અને કેઈ આબરૂ શાથે એને સરખાવીએ ? જરતોશતી

ઓ ! કેવો આપણો મયાલુ મજદ, કેવો આપણો દયાલુ દાદાર અને કેવો આપણો રલીયામનો જરતોશ્ત તથા કેહવી આપણી જરતોશ્તી દીન !

હમદીન સાહેબો ! આએ જગોએ તમારો નેક વીચાર દોરાવો, અને ગોરની નજરે જોવો, કે દાદાર હોરમજદ આપણી પાસે કેટલું બધું થોડું માગીને કેટલી બધી માહબારત બખશેશો અતરે અને મીનોઈ જેહાનમાં કરેછે. અશો હોરમજદની આપણા ઉપર કેહવી મેહર, કેહવી રેહમ અને કેહવો દીલગુરદો ! તેનો તમો જરા વીચારનો બાંધો, તેમજ તમો આએ દુનીઆની ખોવાબી, ગલીચ, ગંધીલી અને રોગી મોજ મજાહ તથા સુખ ઉપર અને મીનોઈ જેહાનનાં હમેશના, ચોખખાં, ઉચી કીસમનાં અને તંદરોસત એશ આરામ તથા રાહત ઉપરબી નેગાહ પોંચાડો, અને જોવો, કે તેમાંથી ઉતમ દાનાઈ ને પસંદ પડતી મોજ મજાહ અને સુખ કીઉંછે, તેને તમો પસંદ કરો અને જેમ તમો અતરે તમારા જાતને ઉપલી તકલીફો અને કંગાલ મોજમજાહ અને સુખ દેખાડવાને સારૂં આગલ વાંચી ગીઆ તેમ તમારા જર, માલ, કુટંબ, કબીલો અને પેયારાંમાં પેયારાં ફરજંદો મજાલથી ફેદાગરી બતલાવોછો, તેમ તમો તમારા એજ પેયારા જાનને ઉપલા હમેશનાં ખરાં અને ઉમદા એશ આરામ અને અમનોઅમાન ભોગવતું કરવાને શારૂંબી ઉપર પરમાણેની જાનફેશાની બતલાવો અને તેમાં તમારા ખરા દીલોજાનથી તમો નેક કોશેશો લેવો, તથા નામસેતાએશનેમાં દાદાર હોરમજદની હજુરમાં તમારી ચોખ્ખી આપેલી કબુલાત પરમાણે અતરે સવાબનાં કામો તમો પેહલલી તકે કરી લેઈ, બેઉ જેહાનનાં બખતાવર બનો. પાક મજદયસનાનો ! નામસેતાએશનેના પવીતર રચનારે તમારા મોહડામાં એટલાજ વાસતે આએ બોલો મેલીઆછે, કે "હું સવાબનાં કામો કરવાને સદા ઉસતવાર રેહું અને પાપનાં કામો કરવાથી હમેશા પસતાવો ખાઈ પાછો રેહું" એ તમારી આપેલી પવીતર કબુલાતને અતરે યાદ કરો, બલકે તમારાં હઈડાની તખતીમાં ઉંડાં કોતરાણે કોતરી રાખો. જો તમો તમારી દુરઅંદેશ અકલથી વીચાર કરશો, તો તમારે સારૂં આએ નેકીનો બદલો મેલવવાની જેહાનમાં એથી વધારે બીજું કંઈજ ભલું કામ નથી. સેવટે તમુને હું યાદ આપું છેઉં, કે એજ મીસાલે દાદાર હોરમજદે અશો જરતોશ્તને ફરમાવીઉંછે, કે

જરતોશત ! અતરે આએ ફાની દુનીઆંમાં માણસોને નેક કરણીનું (સવાબનું) કામ કરી લીધેલુંજ ભલું છે(૮૮). એ પછે તમો નામસેતા એશનેમાં એકરાર કરો છેઓ, કે પોતાની કરણીને જીંદગાના છેડા સુધી પાક રાખું અને મારા તન અને જાનને લગતી સરવ શકતીઓને બદ કામોથી પાછી રાખું. એ સરવે કબુલાતો ઉપલા સવાબના કામો કરી લેવામાં સમાઇ ચુકાંછે, તેને પણ તમો હરદમ યાદ કરી, આ એ દુનીઆનાં હવસી ફાંદામાં ફસી જતી વખતે તમારી બદ ખાહેશને સદા મારતા રેહો. અને તમારા ઉપર પરમાણેનાં સરવથી પેયારા જાનને મોટી આફત અને સદાનાં સંકટમાં સપડાઈ જતાં બંચાવો.

એખલા ખોદાતાલાનીજ બંદગી કરવા વીશે.

નામસેતાએશને બંદગીમાં પઢનાર શખસ સવાબનાં કામો કરી લઈ અને પોતાની કરણીને બદકામોથી દુર રાખીને નેક મનશની, નેક ગવશની અને નેક કોનશનીથી, હું તારીજ બંદગી કરશ, એમ હોરમજદને કબુલાત આપેછે; પણ હાલ જમાનેના ઘણાખરા આપણા જરતોશતીઓ તેમ કાંહાં કરેછે ! બલકે બંદગી તે શું, કોણને કેહવી, કેમ કરવી, સા કારણસર કરવી, અને તેમાં શું શું મતલબો સમાવેલી હોયછે, એટલું મજાલ સહુમજતા નથી, એમ ખોલલું દેખાયછે. હાલ જમાનેના ઘણાખરા જરતોશતીઓ બંદગી કરવી એટલે આપણી ઉપર પાંચે વખતની અવસતાની સતુતી પઢવાની ફરજછે, તે ભણી જવું એટલે સંમપુરણ બંદગી થઈ, એમ શહુમજેછે; પણ એમ નથી. જોકે, વખતે વખતની બંદગીના અવસતા ભણી જવા એબી બંદગીના ભાગોમાનો એક મુખ્યોય ભાગછે અને પછાડીથી તેને પણ એ બોલ લાગુ પડીએછે, તોપણ તેથીજ કંઈ સમપુરણ બંદગી થઈ, એમ શમજવું નહી. બંદગીના શબદ આગલ બતલાવેલા અશોઇ બોલની મીસાલે બોહલો અરથ રાખેછે. એનો ખરો અરથ ખોદાતાલાનાં તમામ હોકમો દીલોજાનથી બજાવી લાવવા, એવો બોહલો થાયછે. વખતે વખતનું ઠેડવેલું ભણવું, એતો ખોદાએતાલાનાં આપણ બંદાઓ ઉપરનાં અનેક હોકમોમાંનો એક હોકમછે, ત્યારે એટલુંજ બજાવી લાવાથી આપણે ખોદાનાં તમામ હોકમો બજાવી લાવીઆ, એમ શહુમજીએં, તો તે જાહેર રીતે ભુલ ભરેલુંછે.

હાલ જમાનેનાં જરતોશતીઓમાંથી ઘણાખરાઓ ઉપર પરમાંણે નો બંદગીનો અરથ નહી શહમજવાને લીધે તેઓ એક હાથ ઉપર પોતાનાં દુનીઆઈ ફાએદાને અરથે જુઠું બોલવું, વીશવાશઘાટ કરવો, અને પોતાના લાભને અરથે બીજા સાથે દગો કરી તને ફશાવવો, ઈતીઆદી બદકાંમો બેધરક કરેછે અને બીજા હાથ ઉપર, જેવો બંદગી કરવાનો વખત થયો, કે પોતે પોતાનું બીજું સઘલું કામ પડતું મેલી, હાથ મોહડું ધોઈ અને ચોખા સાજા બનીને હાથમાં અવસતાની ચોપડી લઈ બંદગીબી કરેછે: અને ઉપલા બંદગીનાં બોહલા અરથથી વાકેફી નહી હોવાને લીધે, પોતે ભુલાવો ખાઈને સંતોશ પામેછે, કે ખોદાતાલાની બંદગી ભણી જવાથી આજનો દાહાડો સફલ થયો ! એ પરમાણે તેઓ ભુલાવો ખાયેછે અને તેઓ જે ખુદ બંદગી ભણેછે, તેમાતો બદ કામો નહી કરવાં, કોઈનું ગલું નહીં ફાંસવું અને સવાબના કામો કરી લેવાં, એવું પાકીજેહ નસીહેતનું એક ઉતમ લીસટ આપેલુ હોયછે તેનાથીતો તેઓ બેનસીબ રેહી તેને તો જેવા બંદગીથી ફારેગ થયા કે તેવાજ બેધરક પેહલલાં કરેછે, બલકે બંદગી કરતાંજ તેવા વીચારોનાં ઘુટારામાં રેહછે. તેયારે એવી બંદગી કીધેલી અને ભણેલું શાકામનું ?

વલી કેટલાએકોને આપણે બંદગીનાં ઘેલા જેવાબી બની ગીયેલા જોઈએ છેઈએ, જેઓ પોતાના દાહાડાનો ઘણો ભાગ નાહવા ધોવામાં, ચોખાઈ રાખી પરકોમ વાલાઓને નહી અરકવામાં, અને બંદગી કરવાનાં મકાનમાં બેશીને અવસતાની ચોપડી લઈ બીજાઓ સાથે વાતચીત કરતા ભણ ભણ કરવામાં કાહડેછે: પણ તે પોતાનાં ભણેલા અને દીનમાં પોતાની કરણીને નેક રાખી બુરાં કામો નહી કરવાં, બુરા વીચારો નહી બાંધવા, લોકોની તાતવાત નહી કરવી અને પોતાનાં, પોતાના કુટંબ પરીવાર તથા પોતાના ભાઈબંધ માણસોના પોશણ અને લાભના ભલાં કામો પેહલલે કરવાં, એવા જે ઉમદા ધડાઓ આપીઆછે અને જેની પોતે ભણવામાં કબુલાતોબી આપેછે તેમજ જરતોશતી દીનની મુખીએ ખાસીએતબી એજછે, તેનાંથી તેઓ નાવાકેફ રહીને, તેને કરતા નથી, એટલુંજ નહી, પણ બીજા હાથ ઉપર જેઓ પોતાના જેવા આખો દાહડો ચોખાઈ નહી રાખીને ભણતા નથી અને દુનીઆઈ ભલા વેહવારમાંબી પોતાનો વખત કાહડેછે, તે

ઓને હેંકારનો શહે પાપી ધારેછે, બલકે બાપોકારે પોતે કેહછે; જેથી તેઓ પોતે પોતાનું ઉપલું સઘલું બનેલું અને ચોખ્ખાઇ કીધેલી ખોઇ દઈ, ઓર ગુનેહગાર બનેછે, તેનાંથી તો તેઓને કશી ખબર નથી. બંદગી કરવાની ઉપલી હાલતો ધેયાનમાં લેતાં બંદગી બોલનો અરથ, તેમાં શું શું બાબતો સમાવેલી હોએછે અને તેનું વખતે વખત પડ વાનું કારણ શુંછે, એ સરવે અતરે જણાવાની જરૂરછે.

બંદગી એ શબદ ફારસીનોછે, તે بند (બંદ) ઉપરથી બનેલોછે, એ નો અરથ બાંધવું, બેરીમાં લેવું અને તાબે કરવું થાયેછે, પછે એજ બો લ બેરી, ફાંદો અને તબેદારીને અરથે નામ તરીકેબી વપરાયેછે, જેને 'લ ગતો' અને 'લાયેકનો' એવો અરથ કરવાને સારૂં ه (હે) લાગી بنده (બંદેહ) બોલ બનીઓ, એનો અરથ બંધાએલો યાને છુટથી ફરી નહી શકે એવો થાયછે, એનો પરીયાય (પર્યાય) غلام (ગોલામ) બોલછે. એ બં દહ શબદને ભાવવાચકની ی (ઈ) લાગવાથી, ه (હે) નો گ (ગાફ) થઇ بندگی (બંદગી) શબદ બનીઓછે, તેયારે બંદગીનો બરોબર અરથ ગોલામગરીનો થાયછે.

હવે ગોલામ અને તેના માલેકનાં હકો શું હોયછે, તે અતરે થો ડુંક જણાવાની અગતછે. આપણે સરવ આપણા ખોદાનાં બંદા યાને ગોલામ છઇએ અને ખોદાતાલા આપણ બંદાઓનો ખરો માલેકછે. ખોદાતાલાનો હક આપણા ઉપર હોકમો કરવાનો અને આપણે તે હો કમો કેમ અને કાંય ? એમ પુછવા વગર બજાવી લાવાનોછે. એજ તરીકે માણસોબી દુનીઆઇ લોભથી પોતાના બીજા ભાઇબંદને પક ડી લાવી અથવા પકડી લાવનાર પાશેથી વેચાતા લઈ પોતાના ગોલામો કરવા લાગા અને તેનાં ઉપર ઉપલા ખોદાઈ હકો લાગુ પાડી જુલમ ક રવા લાગા, જે આજેબી કેટલાએક હલકા લોકોમાં ચાલુછે. માણસો પોતાનાં બીજા ભાઇબંધોને પોતાનાં ગોલામ કરે અને તેમની ઉપર પો તાના ઉપરનો પોતાનાં ખોદાતાલાનાં જેવો હક ધરાવે, એ અકલ, દીન અને ખોદાઈ પીછાણથી રદબાતેલ અને દુરછે.

હવે એક ગોલામ જેયારે પોતાનો માલેક તેને, જે કંઇબી કર વાને ફરમાવે; તે કેમ અથવા કાંય ? એમ પુછવા વગર કરવાને બંધાએલોછે, તેયારે આપણે પણ આપણા ખરા માલેક ખોદા તાલાનાં બંદા છઇએં, તેથી તે સાહેબે, જે કંઇબી આપણુને કરવા

ને ફરમાવીઉંછે, તે આપણે કેમ અને શા કારણસર ! એજ સવાલ કીધા વગર કરવાને બંધાએલા રેહવું અને તેના સરવ હોકમો આપણે સરોચશમથી બજાવી લાવવા એ એને ફરજછે. એ સરવે બજાવી લાવીએ તેને બંદગી કેહછે.

હવે બંદગી, કે જેને આપણે વખતે વખતનું ભણવાનું કહીએ છઈએ, તેની અંદર ઘણુંકરીને તરણ બાબત સમાવેલી હોયછે. તેના પેહલા ભાગમાં ખોદાતાલાની કુદરત, હીકમત અને દાનાઈ ઈતી આદીની સતુતી અને વખાણ હોયછે, બીજામાં આપણી કરણીને સુધારવાને સારૂં ખોદાતાલાનાં ફરમાવેલા હોકમોનું એક ચાનક આપનારૂં લીસટ હોયછે અને છેલલા તરીજા ભાગમા આપણી નાકેસ ખાસીએતને લીધે બીજા ભાગમાં ફરમાવેલા લીસટ પરમાણે બધા કામો, જે આપણાથી અદા થઈ શકતાં નથી અને તેમાંના બજાવવાનાં ઘણા બાકી રહી જાએછે તથા થોડાઘણા બજાવી લાવામાંબી ચુક બનેછે, તે વીશે પોતાનાં ખરાં અંતકરણથી પસતાવો કરવાનું અને આજેજી તથા જારી સાથે પોતાના કસુરોની માફી ચાહવાનું લખાણ હોએછે.

બંદગીને દાહડાનાં પાંચ વખત પડવાને ફરમાવેલુંછે, તેનું મુલ કારણ એજ, કે આપણે આએ ફાની દુનીઆમાં જનમ લેઈ આગલ કહીઉં તેમ તેના લોભમાં ફસી પડી ઈનસાની ખાસીએત ઉપરથી ફરેશતાઈ ખવાસ ઉપર આવવાને બદલે ઢોર હેવાની હવસી અવસથા ઉપર આવી જઈએ છઈએ, અને તેમ કરવાથી પોતાની જીંદગીના આખા ભાગને નફસને લગતી બદ ખાહેશોમાં ગુમાવી નાખીએ છઈએ, તેનો પુરતો અટકાવ થાએ; આ નેક હેતુથી વખતે વખત બંદગી ભણવાનું ફરમાન ઉતરીઉંછે. માટે પાંચ વખત બંદગી કરવાનું મુખીઅ કારણ એજ કે તેમાં ખોદાતાલાની મોટાઇ અને શકતીનું વરણન આપીઉંછે, તે યાદ આવેઆથી આપણી સુધ ઠેકાણે આવે અને આપણી પોતાની કરણી સુધારવાને સારૂં, જે ફરમાવેલી ટીપ આપીછે, તે આપણને સારીપઠે મજબુત અસરથી યાદ રેહે, જેથી પરધમનો બદકામો કરવાનો વીચારજ આપણામાં ઉતપન નહી થાએ, અથવા થાએતો આપણે હમણા ભણીને આવીને કબુલાત આપી આવીઆ છઈએ, કે મારે બદકામો નહી કરવાં અને ભલાં કામો કરી લેવાં, એવી યાદી આવવાથી આપણે ઉપલા હેવાની ખાસીએતનાં નફ

સાની વીચારોને પાછા હડાવી શકીએ. એવા મુલ હેતુથી દાહડાનાં પાંચ વખત બંદગી ભણવાને દીનમાં તાકીદનું ફરમાન ફરમાવી ઉંછે. એ ઉપરથી એવા વખતે વખતનાં ભણવાનેબી બંદગીનું નામ આપવામાં આવીઉંછે, જેથી હાલના આપણા ઘણાખરા જરતોશતીઓ ફકત એ પાંચ વખત ભણવું અને તેમાં ફરમાવેયા પરમાણે પોતાની કરણીને નહી સુધારવી તે તેને સંપુરણ બંદગી થઈ ચુકી, એમ શાહમજેછે, તે ભુલ ભરેલુંછે. હવે બંદગી કરવી તે કોણની કરવી, તે વીશે ઉપર આપણે આવીએ છઈએ.

નામસેતાએશનેમાં એખલા ખોદાએતાલાનીજ બંદગી કરવાની આપણે કબુલાત આપીએ છેઈએ, તેમજ આપણા પાક અવસતામાંબી જાબજા એખલા પરવરદેગારનીજ બંદગી કરવાને ફરમાન આવેલુંછે, તે છતાં માઠા ભાયગે આપણું રાજ જવા પછે જેયારે આપણા વડવાઓ પોતાનો પાક મજહબ સાચવી રાખવાના હેતુથી આ હીંદુસતાન દેશમા આવી વશેઆ અને એક હાથ ઉપર આગલ જોઈ ગીઆ તેમ આપણી ઉપર રાજદુવારી હાદેસાઓ પડવાથી આપણે આપણા દીનનાં એલમથી બેખબરા રેહતા ગીઆ, બીજા હાથ ઉપર આપણમાં દીનની વાઅજો કરી સંભલાવાનાં જેવા અતી ઉતમ નેક ચાલના રેવાજો જે ચાલુ હતા તે ગુમ થતા ગીઆ અને તરીજા હાથ ઉપર આપણે હીંદુઓની સંગતમાં લામબી મુદત શુધી રેહયા તેથી આપણામાં આપણા આગલા ઈરાની નીયાગાનોથી વારમવાર ધીકરાએલા અને તીરસકાર પામેલા બુતપરસતીના બદ રેવાજોબી ધીમે ધીમે આમેજ થતા ચાલીઆ. ઈરાનથી અતરે આવવા પછે જેમ જેમ એક તરફથી વખત જતે આપણામાંથી ધરમનું ગનેઆન કમી થતું ગીઉં, તેમ તેમ બીજી તરફથી હીંદુઓની સંગતના વધારાથી બુતપરસતીના રેવાજો આપણામાં મજબુત કદમે પગપેશારો કરી આગલ વધતા ગીઆ. દીનની તાલીમ અને વાઅજોની ગેરહાજરીએ આપણામાં આટલોજ ખરાબો થઈ અટકાવ પામીઓ નહી ! વલી મુસલમાની રાજ આપણા ઉપર આવવાથી અને એ લોકોની સંગતમાં લાંમબી મુદત રેહવાથી એનનાં બદ રેવાજોબી પાછલા વખતમાં આપણામાં દીનની અનવાકેફીને લીધે દાખલ થયા. ધરમની નાવાકેફીની ખરાબી આટલેથીબી અટકતી નથી ! છેલવેલા આ

પણા લોકો જ્યારે મુંબઈમાં આવી વસવા લાગા તેયાર ખ્રીસટી ધ રમની કીરીઆઓ અને માનતાઓ જોઈ તેમની માનતાબી આપણા લોકો કરવા લાગા ! એક ધરમના ગનેઆનની ગેરહાજરીમા આપણા લોકોની આવી માડી અવસથા થતી ચાલી. આ કેટલું બધું નુકસાન ! ધરમની વીદીઆની એક રોશની વગર આ કેટલું બધું અંધારૂં ! જેમ એક ધણી વગરનું ઢોર જાંહાં ગમે તાંહાં ભટકતું કરે અને જેમ આંખની રોશની વગરનું માણસ એતીગમથી પેલીગમ અફરાતું કરે, તેમ આપણા લોકો ધરમના ગનેઆનની તાલીમ, લગામ અને રોશની વગર, કાંહાં કાંહાં ભટકીઆ અને અફરાયા તથા પોતાની ખાલેસમાં ખાલેસ દીન છતાં અને તેમાં બેહુ જેહાનનાં પેદાના કરનાર સરવશકતીવાન ખોદાએતાલાનીજ બંદગી કરવાનું ખોલલું લખાણ અને ફરમાન હોવા છતાં બુતપરસતી, મુસલમાની, અને ખ્રીસટી ધરમનાં બદ રેવાજો ઉપર આપણે દોડી ગીઆ ! ધરમના ગનેઆનની ગેરહાજરીનું આએ ફલ !

આએ દુશટ કામોમાં ઘણાખરા આપણા કેળવણી વગરના મરદો અને લગભગ બધી બાઈઓ ફસેલી હતી. આપણામાં એ બુરા બનાવોને આપણે પચીશ વરશની આગમજ જોર શોરમાં ચાલતા જોતા હતા; તેમાં અગત કરીને આપણી ભોલી બાનુઓને એવાં બદ કામમાં આગળ દોડતાં વધારે જોતા હતા. કેટલીએક બાઈઓતો એક ગમથી આપણા અવસતા ભણે, આતશબેહરામમાં જાએ, ચોખાઇ પરખાઈ રાખી રવાનોના દાહાડા દીશાઓ કરે; અને બીજીગમથી વલી પોતાના વેહમી વીચાર અને અગનેઆની ખીઆલને વશ થઈ, હીંદુઓનાં પુંજવાનાં પુતલાંઓ કે જેઓ, માતરે કવીઓનાં સરાહગત ભરેલા કલપીત વીચારો, નેક અકલને નાપસંદ પડતી દંતકથાઓ અને હવાઈ કાંહાંનીઓ ઉપરથી બનેલાછે; જેઓ ફકત હાથના બનાવેલા પથરાનાં બીહામનાં બાહવલાંઓછે; જેઓને હનુમાન, માહદેવ અને ગણપતી ઈતાંઆદી કલપીત નામો આપોઆંછે; સેવટે જેઓનાં જેવા આગલ પુંજાતા બુતો તરફ પાક દાદારનાં ખાસ હોકમથી અશો જરતોશતે અતીઘણી કોશેશ લઈ અને ભારે શંકરો ખેંચીને પુરતો ધીકાર અને તીરસકાર બતલાવીઓછે અને તેમનાં બદ રેવાજોને પુરતી કોશેશે જડબેખથી ઉખેડી નાખીઆછે. એટલુંજ નહી. પણ

તેમ કરવાને લોકોને પુરતી તાકીદથી શીખવીઉંછે, જેથી ગુશતાસપ, જામાસપ, ફરશોશતર, મેદીઆમાહ અને આદરબાદ મારેસપંદ જેવા આપણા દીનદારો વગરે આપણા આગલા ઈરાની વડવાઓ ધીકારતા આવીઆછે: તેઓનાબી માનતા કરતી હતી અને તેમની પુંજામાં પોતાનો સખ્તાઈના જર ખરચી ગુનેહગાર બનતી હતી, તેમજ વલી તેણીઓ એક હાથ ઉપર પોતાના ગુજરેલાંઓનાં દોશલાં માંડી, દરાન દીસાઓ કરી, બીજા હાથ ઉપર રાંદેલ, ચોખીઆર, છઠી ઈતયાદી હીંદુઓની બદ રસમમાંબી પોતાના ખરા પશીનાનો પઈસો ખરચી અને તેમાં નાહવું ધોવું અને ચોખાઈ કરવાની ભારી મેહનત અને રંજ ખેંચીને પાપી બનતી હતી ! આએ આપણી અગનેઆની બાઈઓના વેહમ ભરેલા મગજો આટલે સુધીબી ભમોને અટકતાં નહી હતાં. આટલુંજ કરવાથીબી તેઓનું વેહમી મન ધરાઈને સંતોશ પાંમતું નહી હતું. એથીબી તેણીઓ આગલ વધી મુસલમાનોની પીરની દરગાહ, મસીદ, કબર, સુલતાનજીના ધોંગી ફકીરો, અને કામરાં, કાગજના હાથના બનાવેલાં તાબુતોનીબી માનતાઓ કરતી હતી અને જેઓને ફુલ, નાલીએર, રૂપાં શુનાંનાં કરાં અને પંજા ઈતીઆદી ચહડાવી ગરથ ખરચી, મેહનત લઈ અને પોતાની આબરૂમાં હાની ખમીને પોતાના ખરા ખોદા, પોતાના પવીતર રેહનુમા પેગમબર સાહેબ અને તેની ખાલેસ ચમતકારી દીનની મોટી તકસીરવાર બનતી હતી ! હજુરબી આપણી ભેલી બાનુઓ આટલું કરીને પણ ધરાતી નહી હતી, કે રખેને તેઓને બચાં છોકરાં થવાની, તેઓનાં વાહલાંઓની બીમારી અને આવી પડેલાં સંકટો દુર થવાની અને તેઓનાં ભરથારો તેમને વશ થવાની મુરાદ હીંદુઓનાં પુતલાં, રાંદેલ, રોજા, ચોખીઆર, છઠી અને મુસલમાનોનાં પીર, દરગાહ, મશીદ, સુલતાનજી અને કબરોબી બર નહી લાવે ! તેથી વલી 'મોઢમાવરી' ના ફરંગીનાં દેવલમાંબી તેણીઓ જતી હતી અને તાંહાં જઈ મીન, સુનાં અને રૂપાંનાં ઢીંગલાં અને પંજાબી ચહડાવતી હતીઓ ! આએંતો એક ખતમ થઈ ! તેણીઓ પોતાની ઉપલી મુરાદ બર આવવાને સારૂં કોણ ઉપર ઈમાન અને યકીન રાખતીઓ હતી ? હોરમજદ ઉપર, હનુમાન ઉપર, પીર ઉપર, હાસેન અને અલી અકબર ઉપર કે કરાઈસટની મે

રી ઉપર ! સારાં નસીબે એવા અગનેયાની દોરમાં કોઈ મુસાઈ ધરમ વાલો આપણો પરોસી નહી હતો, નહીંતો વલી આપણી ઉપલી અપ ટ બાઈઓ તેની પુજાનાં મકાનમાંબી સોરવારીને ઉપર પરમાણેની દોડી જતે અને માનતા માનવાનાં કામમાં પાચમો મુસાબા ઠુમેરાતે !

એવી પરકારની બુતપરસતી અને પરકોમવાલાઓની અકલથી દુર રસમો આપણા નબલા મગજવાલી અને બીન શીખેલી બાનુઓ પોતાનાં નાતવાન મનથી યજદાંપરસતી જેવી ખાલેસ દીનમાં આને જ કરતી હતી, અને તેમાં પોતાના ખરા પશીનાનો પઈસો, મેહનત. વખત અને કીવેલી સુઘડાઈ ફોકટ ગુમાવતી હતી, એટલુંજ નહી, પ ણ ઓર તેણીઓ ઉપર પરમાણે પોતાનો જાતી ગરથ ખરચી, જાન ઝોકા તી, માંથે રાત લઈ ઉજાગરાઓ કરી, કોશેશ લઈ અને દુખ ખમીને પોતા ના ખરા પેદાના કરનાર દાદગર દાદાર હોરમજદના જેવા મોટી શકતીવા લા અને છુપું અને જાહેર સરવને જોનાર અને જાણનાર સાહેબને ભુલી જવાનાં જેવા મોટા અપરાધમાં ફસી પડતીઓ હતી. અંતેતો તેઓની બેવકુફી ભરેલી બચાં છોકરાઓ થવાની, તેમના વાહાલા અને પેયારા ઓની ઉપર આવી પહેલી આફત કે મોટી બીમારીઓ દફે થવાની અ થવાતો પોતાનો છોકરો કે માતી વશ થવાની ઘેલી જેવી મુરાદતો બર આવતી નહી હતી. જે કંઈ ખોદાએતાલાનું કરવું હતું તેજ બન તું હતું. ઉપર પરમાણે આપણી નહી શીખેલી અને ભો લી બાઈઓ, જે તરેહ તરેહવાર ધરમોની ભેલસેલ માનતા ઓ કરતી હતી અને ચલીઆંની મીસાલે ઉડ ઉડ અને ભ મતું મગજ અને વીચારો રાખતી હતી, તે સારાં નસીબે ઉપર પરમાણે ની નજીવી મતલબથી હતી. તે બીચારીઓ કંઇ ઉપલા સરવેનાં દીન ધરમો જાણીને તેમની દીન આપણી કરતાં સરશછે, એમ ધારી તેની ઉપર ઇમાન લાવવા અને પોતાનો ધરમ ઉતરતોછે તે ઉપરથી યકીન ઉતારી મેલવાની મતલબથી નહી હતી. તે ભોલી બાઈઓ તો હનુમાન, માહદેવ, પીર, તાબુત અને મોથમાવરી તે કોણ ? અને એ ને આપણે માનીએ છઈએ તે કોણ અને કેહવા હતા તેતો મુદલ જા ણતીઓ નહી હતી. એકેકને જોઈ દેખાદેખીએ બીચારીઓ જરાએ વીચાર બાંધીઆ વગર ભમાતી હતી અને ઓલે દીલે ભારી પાપીઓ થતી હતી.

આએ સઘલી બુરી રસમો અને નાશકારક રેવાજોને અટકાવી હજારો જાન અને રવાનને ઉપર પરમાણેના પાપી થવાથી બચાવા નું ખરૂં પુણ, માન અને નામ રાહનુમાએ માજદીએસની સભાને, તેના સથાપન કરનારાઓને અને જરતોશતી છોકરીઓની કેલવણી આ પવાની આગેવાની કરનારા સાહેબોને ઘટેછે. એ બેહુ નેક કામો જારી થવાથી આપણમાંથી ઉપલા બદ રેવાજો ઘણા ખરા નાશ પામીઆછે. એ બુરા રેવાજોએ આપણામાં એવીતો મજબુત જડ ઘાલી હતી, કે જો ઉપલા બેહુ કામો એકબીજાની પછાડી નેક કોશેશથી ચાલુ નહી થયાં હતે, અથવા એકની ગેરહાજરી બનતે, તો ખચીત એ માઠી રસ મોનું તલીએ બેહેલું મુલ આપણામાથી નીકલવું માહ મુશકેલ હતું.

રાહાનુમાએ માજદીએસની સભાએ અને જરતોશતી છોકરીઓની કેલવણીએ ઉપલા બુતપરસતીનાં રેવાજોનો ઘણોખરો અટકાવ કી ધોછે; તોએ પણ હજુર સુધી એ બદ રસમની પુરેપુરી જડ આપણ માથી ગઈ નથી. આજ મુંબઈ જેવાં વાઅજ, વીદીઆ અને જાહેર વ રતમાન પતરોથી સુધરતા શેહેરમાંબી શોએ પાંચ ઘર એ નાશકારક રેવાજો કરતાં સાભલીએ છઇએ; પછે કોઈ જાહેરમાં, તો કોઈ પોતા ના ઘરનાં મરદોથી બીહને ચોરી છુપીએ બીજાના ઘરમાં હરૂશે મજ્તલબો કરેછે. આજેબી આપણે જાહેર વરતમાન પતરોમાં આપણી કોમની હ લકી કીશમની બાઈઓ અને તેવાજ મરદો વીશે તાબુત અને પંજાની માનતા કરતા, નાકઘશની કરી પગે લાંગતા, પોતાનાં છોકરાંને તાબુત ના ફોકર કરતાં અને તાબુત જતી વખતે રસતામાં પાણીનામતાં ત થા હનુમાનને તેલ ચહડાવતાં ઈતીયાદી ઘોંગોમાં ફસેલાં વારેઘડીએ સાંભલીએ છઇએ. એ સરવે બદ રસમોનો મજબુત પાયે અને મુસ તકીમ અસરે અટકાવ થવો ઘટેછે. તેમાં મુફસીલોમાં તો એ બુરા રેવાજો મુંબઈ કરતા વધારે ચાલેછે. એ બુરી રસમોનાં અટકાવ વીશે તે તરફ મુંબઇની મીસાલે છોડીઓની પોખત કેલવણી, દીનની વાએજો અને વરતમાન પતરોનો વધારો થવાની ઘણી જરૂરછે. એવી નહી શી ખેલી વેહમી બાઈઓને હમો આએ જોગવાઈએ બે બોલ કહીએ છઇએ.

જરથોશતી બાઈઓ અને યજદાંપરસત બાનુઓ ! બુતપરસતી જે વા પાપનો ધીકકાર કંઈ આજ કાલના દસતુર સાહેબોનો જોડી કાહ ડેલો નથી, એતો છેક આપણા કેયાની બાપદાદાઓના વખતથીછે.

દેવપરસતીના ધીકાર કરનાર આએ દુનીઆમાં પેહલ વેહલા આપ ણા પેગમબર સાહેબ હતા: તેઓએ પેહલા લોકોને બુતપરસતીનો તી રશકાર કરતાં શીખવીઆ,(૮૯) જેથી ગુશતાસપ, જામાસપ અને બી જા દીન માનનારાઓએબી દેવપરસતીના ધીકાર કરી, તેના પુરેપુરો નાશ કીધો હતો(૯૦); તે છેક આપણું રાજ ગીઆ પછે તરણશો, ચેયારશો વરશ સુધી ચાલુ રહયો હતો.

આએ ઉપરથી તમોને સહમજ પડી આવશે, કે બુતપરશતીનું કામ કેટલેબધે દરજજેનું બુરૂં અને મોટા પાપનુંછે. આએ જગા એ તમારી નેક અકલને દોરાવી વીચાર કરો, કે જે કોઇ શખસ પોતા નો સકમાઇનો પઇસો ખરચ કરી, જાતી મેહનત લઇ, અને કીમતી વખત ખોઇને, જે વીશે પોતાની દીનમાં સખત મનાઇ કીધી હોય અને જે વીશે તેમનાં દાનાવ અને દીનદાર વડવાઓ પુરતી કોશેશ લઇને નાશ કરતા આવીઆ હોય, તેવા મોટા પાપોનું કામ કરે, તો તે કેવી હીન અકલનો ગણાએ ! અને તેનાં જેવું બેવકુફ માણસ ત મો કોણને ધારશો ? માટે તમારો ખરા પસીનાંનો જર, મેહનત અને વખતને પોતાના ભોલા મને એવા બદ કામોમાં ખરચ કરવાથી બંચાવીને જાંહાંથી તે વવાઇ અને ગવાઇ નીકલે, અને જાંહાંથી તમોને આએ અને મીનોઇ જેહાનમાં પુરતું સુખ અને ખરી કીરતી મલે, તેવા નેક કામો, જે આપણા પેગમબર સાહેબે ભારે રંજ ખેંચીને બતલાવીઆ છે, તેમાં ખરચો અને તમો દુર અંદેશ અને દીનદાર બની પોતાના પેયારા રવાનને ઉપલાં માહ પાપી અને ધીકાર ભરેલાં બદ કરમની ભારી સજાથી બંચાવો; એટલુંજ નહી, પણ તમારી બીજી બેહનીઓ ને તેમ નહી કરવાને સારૂં આપણા કેયાની પાદશાહ ગુશતાસપ અને તેના નેક અને દાનેશમંદ વજીર જામસપની અશો બાનુઓ 'હુતોશ' અને 'પોરો ચેશત' ની મીસાલે દીન શીખીને વાએજો કરી સંભા લાઓ અને તે પાકજાત બાનુઓની મીસાલે આએ દુનીઆની કીર તી, માન અને વખાણનાં તથા મીનોઇ જેહાનનાં ખરાં સુખ, અ મનો અમાન, બેહશત અને ગરૂથમાનનાં કામો તમો પેહલલી તકે કરી લેવો. જુવો પેયારી બાનુઓ, ઉપર પરમાણેની દીન શીખેલી બાઇઓને કેહવાં બેહશત મલેયાંછે.(૯૧) અને ફરવશીમાં તેમની કેહ વી માન સાથે અશોઓની સંફમાં આરાધનાં ચાલેછે.(૯૨) એવી ભલી

બાનુઓની આરાધનાને સારૂ ફરવર્શીનો ૩૦ મો કરદો આખો રોકી આમાં આવીઓછે.

આપણી મમાઇ બપાઇઓતો બીચારીઓ પોતાનાં કમનસીબે વાંચવા લખવાથી બેનસીબ ગઇઓછે, તેઓના વખતમા કંઇ કેલવણી હતી નહી. તે વખતનાં લોકોમાતો હીંદુઓની બદ રસમ, જે સ્ત્રી કેલવણીની શાહમનેછે, તે હતી, જેથી કોઇએ એ નેક કામની આગેવાની કીધી નહી હતી. તમારાં તો મોટા નસીબ ! કે તમારા વખતમાં ઉપલો વેહેમ આપણમાંથી બીલકુલ નાબુદ થયોછે, અને આપણા જરતોશતીઓમો બારસો વરસ પછે પાછું હાલમાં પોતાની બેટીઓને સાસાની અને કેયાની નીઆગાનોની મીસાલે વીદીઆ શીખવવાનું સુહજ પડીઉંછે, જેથી તેઓ તમારે સારૂં શેહરે શેહર, કસબે કસબે અને ગામેગામ જેહાં જેહાં જરતોશતીઓની વસતી તેહાં તેહાં નીશાલો સથાપેછે, અને સારી કેલવણી આપવાની તારીફ લાયેક કોશેશો લેછે. તથા તમો પોતેજ પોતપોતામાં સારા સારા લખાણો કરી, તમારી બેહનીઓની મજલેસ ભરી સારા અસરવાલા સુભાષીત ભાશણો કરો અને દીનની બાબતો તમો શીખીને બીજીઓને શીખવો, અને સરવ તરફ નેકી, નીતી અને કીરતી ભરેલાં કામો ફેલાવો અને આપણો નામીચો ટોલો પાછો ઇરાનની અસલી તારીફ લાયેક વખાણ ઉપર આવે, એવાં નેક કાંમો કરો, તે વીશે તેઓ ભર ઉમેદમાંછે; એટલુંજ નહી, પણ તેઓતો તેવી ભાએગશાલી પુતરીઓને પોતાની તરફથી પુરતી મદદ અને ઉતેજન આપવાનેબી તઇઆરછે, ધનછે, નેક બાનુઓ તમારાં !

પેયારી બેહનો ! આએ નેક તકને તમો હાથથી નહી જવા દેઇને પેહલાં તમો ઉંચી કીસમની કેલવણી હાંસલ કરો, અને તે પછે ધરમ વાંચી અથવા શીખીને ઉપર પરમાણેની તમારી વેહમી બેહનોની મજલેસ ભરી અને વાએજો કરીને તેમને સુધારો, અને તેણીઓને બુતપરસતીના જેવી બુરી રસમથી બાજ રાખીને ઉપલી અશોહુતોશ અને પોરોચેશત બાનુઓની મીસાલે ખરૂ પુણ અને નેકનામી મેલવી લેવો, તથા તેણીઓને આપણે દર વખતની બંદગી શરૂ કરતાં, જે 'ફરવરાને મજદયસને' પઢીએ છેઇએ, તેના અરથો 'હું માજદીએસની જરતોશતી દીન, કે જે દેવપરસતી યાને બુતપરસતીથી

અલગછે, તે રાખનાર થવાને ઈમાન લાવું છેઉં' એમ સીખવો, વલી એખલા ખોદાતાલાનીજ બંદગી કરવાને તામસેતાએશનેમાની તમારી આપેલી કબુલાત પરમાણે તેણીઓને નેક બોધ આપો. એ ઉપરાંત વલી તેવી બાઈઓને સારી અસરની ધમકી આપીને શીખ વો, કે આપણો ખોદાતાલા કંઈ હનુમાન, માહદેવ, હોસેન, સઈએદ, પીર અને મેરીનાં જેવો અશકત કે પેદાએશ નથી. તે સાહેબનો સરવથી મોટી શકતી વાલો અને ઉપર કહેલાઓનાં જેવા બલકે તેથી ને ચંદાં સરસ શકતી વાલાઓનોબી પેદા કરનારછે. અને તે સાહે બની શકતીનાં ગુણો તો કંઈ અપરમ પારછે, જેમાનાં થોડાએક આ પણે તે સાહેબને ગફલત ખાઈને ભુલી નહી જઈએ, એવી ધમકીથી આપણી જાણુને શારૂં તે મેહરબાન સાહેબે પોતે જરતોશતને કહી સંભલાવીઆછે; જે હું તમોને કહી સંભલાઉં છેઉં, તે તમો દીલ આપીને સાંભલો.

દાદર હોરમજદ પોતે કેહછે, કે સરવનો પેદા કરનાર, રખશણ કરનાર, પાલનાર, જાણનાર, છુપી રીતે વરધી કરનાર, તંદરોસતી આ પનાર, સરવનો માલેક, સરવ જાણનાર, અશો, છુપું અને જાહેર જોનાર, દુર અંદેશ, તપાશ રાખનાર, સરવ ઠેકાણે મોજુદ, સખી, આપઅખતીઆર શેહનશાહ, નહી ઠગાનાર, દુખોનો ટાલનાર એક દમ આફતમાંથી બંચાવનાર, તમામનો નાશ કરનાર, તમામનો આ કાર આપનાર યાને મરજી ચાહે તેવી પેદાએશ બનાવનાર, પુરતા નુર વાલો, તમામ કામોનું સેવટ જાણનાર, કામોમાં ફાએદા પોહચાડનાર, બાહદુર, અતીઘણો ફાએદો કરનાર, ઈનસાફી, નેક દાનાઈ વાલો, અને સરવ તરફ નેઆમતનો પોહચાડનાર હું હોરમજદ પોતે છેઉં(૯૩). એ પરમાને અશો જરતોશતને પોતાની શકતીઓ કહીને આપણને કેહવડાવીછે, કે જેથી આપણે એવી માહભારત શકતી વા લા સાહેબને ભુલી જઈ, જેમ તમો હાલમાં પચરંગી ધરમોની માન તા ઠગાઈને કરો છેઓ, તેમ નહી કરીએ અને ઠગાઈએ નહી. તમો ઉપલી શકતીઓ ઉપર ગોર કરી ધેઆન આપો, કે જેની તમો. પો તાના ખરી શકતી વાલા ખોદાને ભુલી જાઈને, માનતા કરો છેઓ. તેઓમાં એ સરવ શકતીઓ તો રહી, પણ એની એક રેશબીછે ! તેમારે એવી નજીવી ચીજોની માનતા કરી પોતાનો જર ખરચીને પો

તાને માહ પાપી કરવાં એ કેવલ મુરખાઇછે. એ પરમાણે તમો ત મારી અન શીખેલ અને ઠગાનાર વેહમી બેહનીઓને દીનનાં નેક બોધ આપી અને ભલી સોચનાઓ કરી દર તકે સુધારતાં રેહવો, જેથી તમારી કીરતીખી અશો હુતોશ અને પોરોયશત બાનુંઓની મીસાલે ગવાએ.

બંદગીની અદબ અને અદા.

આપણા હાલ જમાનેના જરતોશતીઓ જોકે ખરાં દીલથી બંદગી ભણેછે, પણ તેને કેવા મન, મકાન, અદા અને અદબથી ભણવી જોયે, તે મુતલક જાણુતા નથી. કેટલાએક લોકો રસતે ચાલતાં, અને કેટલાએકો અગીઆરી અથવા ઘરના ઓટલા અથવા બારી ઉપર બેસીને તમાસો જોતા જોતા ભણેછે, તથા કેટલાએકો ભણુતા ભણુતા એક બીજા સાથે વાતો ચલાવેછે, જેથી પરકોમવાલાઓ જોઇને અજબ રેહછે, કે આએ તે કેવી બંદગી અને આએ તે કેહવું ભણવાનું ! એ ખામી આપ ણે પારકા મજહબવાલાઓની નજરે જોઇશું તો માલમ પડી આવશે, કે આપણે કેહવી અદબ વગરની બલકે મશખેરી કરવા જોગ બંદગી ક રીએ છઇએ, તેમજ આપણમાનાં ઘણાખરાઓ બંદગીમાં સમાવેલા અરથો નહી જાણવાથી દેવો, બદકાંમો અને બદ નફસોની તરફ ધી કકાર બતલાવાની વખતે વાંકા વલીને સલામ કરેછે, અને હોરમજદ, અમશાસપંદ અને યજદો તરફ માન આપી સર નમાવતો વખતે પુતલાંની મીસાલે ઉભા રેહછે, વલી કેટલાએકોતો એવી વખતે દીન શીખેલાનાં જેવું ડોલ ઘાલીને ધીકકાર બતલાવાની ટચાકરી ફોડેછે ! તેઓ એટલા બધાતો બેખબરા જોવામાં આવેછે, કે એવી ટચાકરી ફો ડવી, તે કીઆ હાથ તરફ ફોડવી, એટલું મજાલ જાણુતા નથી. કેઇ બંદગી પઢતી વખતે અદબ સાથે ઉભું રેહવું, કીઆ સખુનો બોલતી વખતે સર નમાવી સેજદો કરવો, કીયા કલામો ઓચરતી વેલાએ બેહુ હાથ ઉડાવીને આજેજી બતલાવી અને કેઇ બંદગી બેસીને કરવી તથા બંદગી કરતી વખતે આપણું દીલ, મન અને નજર કાંહાં રાખ વાં, એતો આપણા હાલ જમાનેના ઘણાખરા જરતોશતીઓ મુતલગ જાણુતા નથી.

બંદગી ભણવાને વાસ્તે દરેક જરતોશતીએ પોતાના મકાનમાં એક ચોકસ પાકીજેહ જગા મુકરર કરી રાખવી જોય અને તેવી જગા બીજા ઉપયોગમા નહી લાવવી. એવી જગામાં અથવા દરેમેહરનાં અંદરનાં ભાગમાં નામસેતાએ નેમાં ફરમાવેઆ મુજબ નેક મનશની, નેક ગવશની અને નેક કુનશનીથી યાને પોતાનાં ભલાં મન, વચન અને કરણીથી ચીત આપી અને પોતાના પેદા કરનારમાં દીલ બાંધીને બંદગી ભણવી સજાવારછે; વલી પોતાના કબીલા સાથે ચોકશ હેડવેલે વખતે એક સફમાં ઉભા રહી બંદગી કરવી વધારે અગતનીછે; એવી બંદગી કીધેલી તેજ ખરી બંદગીછે. નહી કે આપણું બેશવાનું કાંહ, મન કાંહ, ચીત કાંહ, નજર કાંહ અને કાણ કાંહ; એવી બંદગી તે બંદગીજ નહી, બલકે ખુદ બંદગીની અને પોતાની દીનની મસખરીછે. વલી બંદગીનાં અરથો નહી માલુમ હોવાને લીધે કેઇ બંદગી બેશીને અને કેઇ ઉભા રહીને કરવી, કાંહાં સલાંમ કરવી, કેઈ જગાએ સર નમાવવું, કયા મેહલમાં કુરનેશ બજાવવી, શું પઢતાં સર જમીન ઉપર ધરી સજદો કરવો, કીઆ કલામો પટતાં પોતાના બેહુ હાથ ચતા જોડીને ઉઠાવવા અને કીઆ અવસતા ભણતાં પોતાના બેહુ હાથ હથેલીથી જોડીને પોતાનાં કસુરની આજેજી, ઓજરખાહી અને કાલાવાલા કરવા તથા કયા કલાનો ઉંચે સવરે અને કયા નરમ આવાજે પટવા ઇતીઆદી અદબો અને અદાઓમાંનું આપણે હાલમાં કંઇ જાણતા નથી. માટે દરેક શખસે નેમેલે વખતે ટોલામાં શામેલ થઇ, દીન શીખેલા કાબેલ ધરમગુરૂને પોતાની સફનો પેશવા બનાવીને તેની બંદગી કરવાની નેક ધપછપ, અદબ અને આદાથી બંદગી કરવી એ, એને ફરજછે.

આપણા કેયાની, અશકાની અને સાસાની નીઆગાનો ઉપર પરમાણે સફબંદ ઉભા રહી અને દીન શીખેલા દસતુરને પોતાનો પેશવા બનાવી તેની અદબ અને અદાથી બંદગી કરતા હતા, એમ ચોકશ જણાએછે, જે આગલ ચાલતાં અવસતાની શાહદતો સાથે બતલાવામાં આવશે. જેમ આપણમાંથી બીજી ઘણી નેક ચાલો અને ભલા રવઇઆઓ નીકલી ગીઆછે અને તેની માતર નીશાની દાખલ તેનાં કંઇએક જુજ ભાગો અથવા ઇશારાઓ રહી ગઓછે. તેમ ઉપર પરમાણેની બંદગી કરવાની નેક રીતભાંત અને ભલા અદબ આદાઓબી

આપણમાંથી નીકલી ગીઆછે અને તેના એક નમુનાં દાખલ આપ ણામાં માતર એક ઉઠમણાની મજલેસની બંદગી આજદીન શુધી આ પણા સારા નસીબે સચવાઈ રહીછે. એ બંદગીને આપણે લામબી મુદત થઇ ઉપર કહીઉ તેમ હેડવેલે વખતે એક જગામાં એકઠા મલી, સફબંધ ઉભા રહી અને પોતાના દસતુરને પોતાની સફેનો આગેવાન બનાવીને કરતા આવીઆ છઈએ. જો કે આપણા કમનસીબે એ બંદગીમાં ઉપર કહીઉં તેમ બંદગી કરવાનાં સરવ અદબો જલવાઈ રેહા નથી, તોએપણ આપણી પાદશાહાતનાં વખતનાં આપણા બુજો રગવારો ઉપર પરમાણે હેડવેલે વખતે બંદગીનાં સરવ અદબો સાથે કાબેલ દસતુરની રાહબરીથી બંદગી કરતા હતા, એટલું દેખાડવાને આજે આપણી પાશે એ ઉઠમણાની બંદગી બચી રહીછે.

દીનની રોનક, અસર અને હશમત વધારવાનાં મુખીએ અથી આરો તરણછે, તેમાં પેહલલું, દીન માનનારાઓએ ધરમનું જાતી ગ નેઆન મેલવીને નેક ચાલ ચલાવવી અને પરેહજગારીની શાનશો કતે વરતવું; બીજું, બંદગી કરવાનાં જાહેર મકાનો સારાં આલીશા ન, ફરાખ, ખુશ હવાવાલાં અને રોનકદાર બનવાં અને તરીજું, બં દગી કરવાનાં હેડવેલા વખતે વખત સરવ દીનદારોએ ઉપર પરમાણે નાં બંદગી કરવાનાં મકાનમાં એકદીલીથી એકઠા મલી, સફબંદ ઉ ભા રહી અને દીન શીખેલા કાબેલ દસતુરને પોતાની સફેનો આગે વાન કરીને તેની ધપછપ અને અદાએ બંદગી કરવીછે. એજ મી સાલે દીનની ઉપલી સરવ બાબતોની હાનીબી ઉપલાં તરણે ઓજારો ઉપર બેપરવાઈ અને બદદીલીનાં કાટો ચહડી, તેમનાં નાશ પામ વામાંછે. માઠાં ભાયેગે આપણામાં ઉપલાં તરણે અથીઆરો લગભગ માંઠી અવસથામાં આવી પડેલાંછે, તેને સાફ કરી પાછાં દીપતાં કર વાની આપણા જરતોશતીઓની પેહુલલી ફરજછે.

આપણા પાક અવસતામાં દાદગર દાદાર હોરમજદની બંદગી કર વાની નેક રીતભાંત, અદબ અને અદાઓ કરી બતલાવાનાં ફકરાઓ આવીઆછે, તેનાં અરથો શહમજ સાથે અતરે આપવામાં આવેછે, તે પરમાણે આપણને બંદગી કરતી વખતે પોતાની ટપછપ, અદબ અને અદા બજાવી લાવાં અને આપણું હઇડું, ચીત અને નજર ન રમ, હેકાંણે અને એબરત ભરેલાં રાખવાં સજાવારછે.

"એ કુલ પેદાએશનાં માલેક, મારા ભલા વીચારની ખુબીની મા રફતે (તાહરી અપાર બખશેશનાં) હેસાનમાં 'મારા બેહુ હાથ ઉંચાવીને તાહરી કીરીઆ સાથની પવીતર બંદગી કરતો અને ગાથાવાણી પઢતો, તાહરી હજુરમાં પોહચું છેઉં.".(૯૪) આએ ફકરામાં બંદગી કરતી વખતે પરવરદેગારની જેનાબમાં આપણા બેહુ હાથ ઉંચાવીને આજેજી સાથે બંદગી કરવી એવી અદા બતલાવામાં આવીછે.

"એ પરવરદેગાર, જેયારથી 'મેં તુંને મારી નજરે જોયો,' તેયારથી 'મેં તુને દીલોજાનથી બંદગી કરવાને લાયેકનો' (સરવેથી) પેહલલાં પીછાણીઓછે"(૯૫). આએ ફકરામાં મેં મારી નજરે જોયો લખુંછે, તે પઢનારે બંદગી કરતી વખતે પોતાનું મન અને નજરને જાણે ખોદાતાલા પોતાની શાહમનેછે, એમ એકજ તરફ અને એ બરત ભરેલાં રાખવાં, એવી અદબ બતલાવીછે. દીલોજાનથી બંદગી કરવાને લાયેકનો લખીઓછે, તે પઢનાર બંદગી કરતી વખતે પોતાનું દીલ અને જાન ભમતાં નહી રાખવાં અને ખરાં દીલથી હઇડું રાંક રાખીને બંદગી કરવી, એવી ધપ દેખાડીછે.

"અએ હોરમજદ, બેહુ જેહાનમાં જે કંઈ ભલુંછે, તે તેંજ ચાહીઉંછે, ફરમાવીઉંછે, બખશીઉંછે અને કીધુંછે, માટે 'હમો પોતાને તુંને સોપીએચ, તાહરી ઉપર એતેકાદ રાખીએચ,' તાહરી બંદગી કરીએચ, 'તાહરી હજુરમાં સર નમાવી સજદો કરીએચ' અને હમો પોતાને તાહરા કરજદાર શાહમજીએચ"(૯૬). આએ ફકરામાં હમો પોતાને તુને સોપીએચ લખુંછે, તે પઢનારે બંદગી કરતી વખતે પોતાનાં ખોદા શીવાએ બીજીગમ વીચાર નહી રાખવો, બંદગી કરતી વખતે અમીર કે પાદશાહબી તેની આગલ આવેતો તેના તરફ નજર નહી રાખવી અને પોતાના ખોદાની મોટાઇનો અદબ તોડીને તેના માંનનાં અદઓ નહી બજાવા, યાને સંસારમાં તે જાણે છેજ નહી, એવું દેખાડવાની અદા બતલાવીછે. તાહરા ઉપર એતેકાદ રાખીએચ, એમ લખુંછે, તે બંદગી કરનારે પોતાનું દીલ ખરી યજદાંપરસતી ઉપર રાખવું અને પઢતી વખતે પઢનારે પોતાનો ચેહરો ખરા ખોદાપરસતનાં જેવો બતલાવો, એવી રીત દેખાડીછે. તાહરી હજુરમાં સર નમાવી સેજદો કરીએચ, એવું લખુંછે, તે પઢનારને બંદગી કરતી વખતે પોતાનું સર જમીન ઉપર મુકી સેજદો કરવો ઘટારતછે અને તે

સજદો કરવો, તે પોતાનાં ખરાં જીગરથી કરવો. એવી રીત બતલાવામાં આવીછે.

ઉપર પરમાણે જોતાં આપણામાં બંદગી કરતી વખતે આપણા પોતાના હાથો ઉઠાવા, આપણું મન અને નજર એકજ તરફ રાખવાં, આપણું દીલ અને જાન બંદગીમાં એવાંતો રોકવાં, કે જાણે આપણે સંસારમાં છઈએજ નહી, એમ દુનીઆઈ વેહવારની કસીએ ફીકર ન રાખતાં પોતાને ખોદાને સોંપવો, બંદગી કરતી વખતે એખલા ખોદાનીજ બંદગી કરૂંછેઉં, એવું મન બતલાવું અને ભણતી વખતે પોતાનુ સર જમીન ઉપર મેલાંને ખરાં દીલથી સેજદો કરવો ઈતી આદી ધપ, અદબ અને અદાઓ બજાવાની ઘટેછે. અને એ સરવે નેક રીતીઓ બજાવી લાવાને આપણા કયાની, અશકાની અને સાસાની દોરનાં બુજોરગવારો બંદગી કરતા હતા, એમ આપણા અવસતા ઉપરથી ખોલલું માલુમ પડેછે. વલી એજ પરમાણે આપણી હાલની બંદગી કરવાનાં અવસતામાંબી ઉપલી સરવ અદાઓ બજાવાની જગાઓછે. જેમકે "નેમો હોરાએ મજદાએ" પઢતાં શું કરવું, "વોહુ ઉખશીઆ મનંગા ખશથરા અશાયા ઉશાતા તનુમ" બોલતા કેહવી અદબ બજાવી લાવવી અને યથા અહુ વેરીઓ બે પઢતા શું અદા બતલાવી ઈતીઆદી બંદગીનાં અદબો બજાવાનાં મેહલોછે. તેમજ પાજંદ બંદગીઓમાંબી અદા અને અદબો બજાવી લાવાનુંછે, જેમકે આપણી આએ નામ સેતાએશનેમાં "સેપાસે ઓએ બુજોરગે હસતીઆન, પજશને ઓ નીઆએશને અજ ઓએ ખોદાએ કેરફેગર, નેમાજે ઓએ વીસપ આગાહ" અને "પ ફરમાને તો ખાવાર" ઈતીઆદી જગાઓમાં બંદગી કરવાની ધપ છપ અને અદાઓ કરી બતલાવાનું ઘટેછે. પણ એ સરવ બજાવી લાવવાનું હાલ જમાનેનાં જરતોશતીઓ કાંહાં જાણેછે ? હજારે એકબી જાણતું હોયે, એમ માનવામાં આવતું નથી. માટે બંદગી કરવી, તો શારા દીન શીખેલા કાબેલ પેશવાની રેહનુમાઈએ કરવી, શજાવારછે અને એવી બંદગી કીધેલી, તેજ ખરી બંદગી જાણવી. વલી ટોલાંબંધ સફમાં ઉભા રહીને બંદગી કરવાનો એક બીજોબી ઉમદા ફાએદોછે, તે એકે, એકેકની દેખાદેખી અને એબરતથી આપણું મન, નજર, કાણ અને હાથ ઠેકાંણે રેહછે અને તેમ રાખવાની આપણને ફરજ પણ પડેછે. એખલા બંદ

ગી કરવામાં ઉપલા અવયવો ઠેકાંણે રેહવા માટે મુશ્કેલાઈ. અને તે મ આપણે હાલમાં બંદગી કરનારાઓને જોઈએ છઈએ, કે તેઓ પઢતી વખતે તેમનું મન કાંહ, નજર કેનીગમ, કાણ વાત સાંભલવામાં, હાથ ઠેકાંણેસર અદબમાં નહી, ઉભું રેહવાના મેહલમાં બેશીને, બેશી રેહવાની જગાએ ફરતાં અને તપકીર મજાલ સુંગતાં (!) તથા બંદગી કરતાં કોઈ આવીઉંતો બંદગીમાંથી ચીત ખોશાડીને પોતાનાં ખોદાને તથા તેના મોટા માન અને અદબને ભુલી જઈ તેને લામબો હાથ કરી સલામ કરવી અને તેની સાથે પઢવાનું અધુરૂં રાખીને યાને બંદગીનાં કરતાં તેને વધારે માન આપીને (!) બાજમાં વાતો કરવી, વલી કોઈ મોટો શેઠીઓ આવીઓ, તો પોતે બંદગીનો અદબ છોડી બેશીને બંદગી કરતો હોય, તે છતાંબી તેને ઉઠીને તાજીમ તવાજો કરવો (!) યાને ખોદા કરતાંને તેની મોટી આબરૂછે, એવું દેખાડવું ઈતીઆદી ઈતીઆદી ખામીઓ દીન શીખેલા ધરમગુરૂની પેશવાઈ વગર અને સફબંદ ટોલામો શામેલ રહી બંદગી કરવા વગર આપણે આજે જોઈએ છઈએ. એવી બંદગી કીધેલી તે બંદગીજ નહી, પણ ખુદ બંદગીની અને આપણી દીનની મસખરી શહુમજવી. આપણે એક મોટા અમીર કે પાદશાહની આગલ જઈએ, તો તેનાં કેટલા બધા અદબો બજાવી લાવવાની આપણી ઉપર ફરજ પડેછે, તો પછે પાદશાહો અને શેહનશાહોનાં પેદા કરનાર ખોદાતાલાની હજુરમાં આપણે જઈએ તેયારે તે સાહેબનાં અદબો બજાવી લાવાની આપણી ઉપર કેટલી બધી ફરજ હોવી જોયે? આપણે આપણા ખોદાની બંદગી કરીએચ, એટલે તે સાહેબની હજુરમાં આપણી હાજરી આપીએ છઈએ, તેયારે એવી મોટી કુદરત, હશમત અને એજનતના સાહેબની આપણે કાએ નહી અદબો બજાવી લાવીએ? અને જેવારે એવા સાહેબની અદબો બજાવી લાવવામાં આપણે બેપરવાઈ બતલાવીએ, તો પછે આપણા જેવા ભુલાવો ખાનાર, અનશહુમજ અને હલકા બીજા કોણ? હલકામાં હલકી વરણવાલાઓ પોતાની બંદગીની અદબો બજાવી લાવેછે અને આપણુ જરતોશતી જેવાઓની આવી માંઠી અવસથા બની ગઈછે! એ ભારે દલગીરી ભરેલુંછે.

ઉપર પરમાણે સરવ અદબો શાયે ખરાં જીગરથી બંદગી કરનારને દાદાર હોરમજદે પોતાના ખાસમાં ખાસ ફરેશતા કરતાનેબી

વધારે ચાહેછે અને ચહડતામાં ચહડતો દરજ્જો બખ્શેછે. ઈજશ નેના ૧૦ માં હામા લખેછે, કે દીલો જાનથી બંદગી કરનારને દાદાર હોરમજદે અરદીબેહશત અમશાસપંદ કરતાને વધારે ઉતમ પેદાએશ કહીછે(૯૭).

પોતાના રવાનને સારૂં રોશન મારગ ખોલલો કરી તેને બેહશતમાં પોહચાડવા વીશે.

એ પછે નામસેતાએશનેમાં હું મારાં પોતાનાં રવાનને વાસતે રોશન મારગ ખોલલો કરૂં અને ચીનવદ પુલ આસાનીથી પાર કરી, બેહશત અને ગરૂથમાનમાં પોહચું, એવી કબુલાત આપવામાં આવીછે; તે કેહવી અગતની અને ઉમદા કબુલાતછે. પણ આપણેતો ઘણાખરા આએ ફાની દુનીઆમાં આવીને તેની માયામાં લપેટાઈ જઈ, પોતાના રવાનને વાસતે રોશની ભરેલો મારગ ખોલવાને બદલે ઘોર અંધારાનો રસતો ખોલીએ છેઈએ. ખોદાતાલાએ પોતાની પેદાએશોમાં શાહમજી શકે એવી પેદાએશ તરણ પરકારની બનાવીછે, તેમાં પેહલલીને સરવેથી ચહડતી બનાવીછે, જેની બનાવટ નુરથી કીધીછે, તેને આપણે ફરેશતાને નામે ઓલખીએ છેઈએ. બીજીને શરવેથી ઉતરતી બનાવી, તેની મેલાવટ ખાકથી કીધીછે, જેને આપણે હેવાનને નામે ઓલખીએ છેઈએ; યાને તમામ જાન ધરાવનાર પેદાએશ, કે જેમાં આપણ ઈનસાન અને બીજાં પરાણીઓબી દાખલ છે. ઉપલી બાંજી પેદાએશમાંથી આપણને જુદા પાડવાનાં હેતુથી ખોદાતાલાએ પોતાની તરીજી મધીયમ પેદાએશ તરીકે આપણ આદમ જાતને ઉપલી ચહડતામાં ચહડતી અને ઉતરતામાં ઉતરતી બેહુ પેદાએશની મેલાવટનાં મીશરથી બનાવીઉંછે, યાને માણસને ખાક અને નુર એ બેહુના ભેલ સેલ મુલથી બનાવીઉંછે. આએ કુદરતની બનાવટ પરમાણે આપણામાં ફરેશતાઈ અને હેવાની બેહુ ખાસીએતો મેલાઈછે. ફરેશતાઈ ખવાસથી આપણામાં દીન અને દુનીઆનાં એલમો શીખવા, ખોદાની કુદરતને પીછાણવી, તે સાહેબની બંદગી કરવી અને શવાબનાં કામો કરી લેવાં; તથા હેવાની ખાસીએતથી ખાવું, પીવું, સુવું અને આએ દુનીઆની ગલીચ મોજ મજાહનું સુહજ પાડવું, એવા મોટાર ગુણો

આપણા મા મેલાયાછે. કુદરતની આએ બનાવટ મુજબ ફરેશતા ઉતમમા ઉતમ પેદાએશ, આપણે મધ્યએમ અને બાકીના જાનદારો અધમ પેદાએશ ગણાતી આવીછે.

ઉપર પરમાણે જોતાં ખોદાતાલાએ આપણને બે આકરશનમાં મલીઆછે, એક ફરેશતાઈ અને બીજું હેવાની. આપણને એ બે બે ચાવટમાં મેલી, તે રેહમદીલ સાહેબ કંઇ નચીંત બેઠા નથી. તે સાહેબે આપણને અજમાએશ તરીકે ઉપલા બે આકરશનમાં મેલી પોતાના બખશેશનાં ખજાનાંમાંથી વીચારશકતીનું જવાહેર બખશાઉછે અને તેની મારફતે રોશનીને અંધારાથી, કાલાને શફેદથી અને નેકને બદથી જુદું પાડતાં શીખવી આપણને પોતાની અજમાએશમાં લીધાછે, કે જોઇએ તેઓ કોઉં અખતીઆર કરેછે ? એ ઉપરાંત વલી તે મેહરબાન સાહેબે આપણે ફરેશતાઇ ખવાસ ઉપરથી એકદમ ઉતરી પડી હેવાની ખાસીએત ઉપર નહી આવી જઇએ અને અંધકારનો રસતો નહી અખતીઆર કરીએ, તેને શારૂ પોતાની પસંદગીનો મારગ, જે જરતોશતી દીનછે, તે અને પોતાની પસંદગી વાલા પેગમબર અશો જરતોશત જેવા નેક ખુરેહ વાલાને મોકલીઆછે તથા તેની મારફતે આપણને કેહવડાવીઉંછે, કે જો તમો છેલા હેવાની ખવાસ તરફ નહી ખેંચાઈને પેહલી ફરેશતાઈ ખાસીએત ઉપર આવશોતો હું તમુને તે માહરી પેહલલી પેદાએશ, જે યજદઅમશાસપંદોછે, તેના કરતાં વધારે ચહડતા ગણશ, અને તેઓના કરતાં હું તમુને વધારે ચહડતો દરજ્જો, સુખ અને અમનોઅમાન બખશશ અને જો તમો ગફલત ખાઈ અને દુનીઆઈ હવસમા ફસી પડીને તમારી અકલ ઉપર છેલલી પેદાએશના ગુણોને ફાવવા દેશો, તો હું તમુને તે માહરી છેલલી પેદાએશના કરતાબી વધારે ઉતરતા ગણશ, યાને તમુને હું હેવાનથી બતતર શહમજશ, એટલુંજ નહી. પણ તમુને ભારી શજાનાં અજાબમાં ગેરફતાર કરશ.

આટલી બધી આપણને ચેતવણી આપવા છતા. આટલો બધો આપણી રેહબરી કરવા છતાં અને સેવટે આટલો બધો આપણી કદર ખાવા છતાં આપણે તે સાહેબની નેક મસલેહત પરમાણે કોહા ચાલીએ છઇએ ? કોઇ પુરેજ ભાગેગશાલી નર એવે મોયના પરમાણે ચાલતો હશે. આપણુમાનાં ઘણાખરાતો ઉલતરે આગેવે એક ઘણાજ ચાઆતાલો દુનીયામાં કદમ મેલી ઉપતો ગયો આખનથી ખેતાનો બેપર

વા રેહીએચ, અને હેવાની ખવાસમાં આપણે એટલા બધાતો ગેરફ તાર બની જઈએચ, કે ઉપલી પેહલલી પેદાએશના બધા ગુણો મેલવ વાનાતો રેહા પણ તેને પરછાએબી આપણે જતા નથી ! માતર હેવાન જેવાજ બની જઈ, અતરે ગોંતા ખાતા રહીએચ અને આપણે વાસતે રોશનીનો મારગ ખોલવાને બદલે અંધકારને રસતે ભટકીએ છઇએ, જેથી ચીનવદપુલ, બેહશત અને ગરૂથમાન, કે જે રોશની ભરેલા મા રગમાં ઉભાં કરયામાં આવીઆંછે, તે આપણને કાંહથી મલે ? આપણે તો અંધકાર મારગે ભમીએ છેઈએ, તેથી સેવટે અંધારામાં અંધારી જગા જે દોજખછે, તેમાં બેશક જઈ મલવાનાં. આપણને ઇરાન જ વુંછે અને આપણેતો તુરાનનો રસતો ધરીઓછે, તેથી આપણે ઇરાન માં કાંહાં પોહચવાનાં ? પેયારા જરતોશતીઓ તમો નામશેતાએશનેમા દાદાર હોરમજદની હજુર એકરાર કરોછો, કે હું મારા રવાનને વાસતે રોશન મારગ ખોલો કરૂં, ચીનવદ પુલ પાર કરી બેહશત અને ગરૂથ માનમાં પોહચું, તે પરમાણે તમારી કરણીને દોરવો, અને અતરે આ વવાની તમારી ખરી મતલબ, જે ઉપલી તમારી નેક કબુલાતછે, તે ઉપર તમારી આંખ ખોલી ધેયાન આપો તથા આએ ખુવાબી દુની આમાં આવી એકદમ ગફલતી નહીં બની જઈને પોતાના પેયારા જા નને હમેશાનું સુખ ભોગવનાર કરો તેમજ એ નેક તકને તમો એકદમ આંખ વીચી હેવાની ખવાસમાં ફસી પડીને હાથથી ખોઈ ના દેવો.

—

આએ રેસાલામાં શાહદત તરીકે ચહડતા આંકે આપેલા અવસતા વગેરેનાં દાખલાઓનાં ફકરાઓ તેનાં ગુજરાતી અરથ અને શરેહ સાથે.

અવસતાનાં ફકરાઓ પરોફેસર વેસટરગારડનાં છપાવેલા અવસતાનાં પુસતક ઉપરથી લીધામાં આવીઆછે.

(૧) [illegible]

હોરમજદ યશત ૧, ૨.

અરથ.

જરતોશતે હોરમજદને પુછીઉં, કે ઓ ગેબી વરધીનાં કરનાર અને હાડમંદ દુનીઆનાં પેદા કરનાર અશો હોરમજદ ! એવા પવીતર માંથરેવાણીનાં શબદોછે, કે જે, અતીઘણા હીમત આપનાર, ફતેહમંદ, અજમતી, અસર કરનાર, દુશમનને ટાલનાર, તંદરોસતી બખશનાર, બદ હવસો અને બદકાર માણસોથી પોહચતાં દુખોને ટાલનાર, હાડમંદ દુનીઆનાં તમામ લોકોને મનમાં ધારતાંનવાર તરતજ મદદ પોહચનાર અને કયા એવા કલામોછે, કે જે, માણસના જાનને અતી ઘણો પવીતર કરનારાછે ?

(૨) [illegible]

હોરમજદ યશત ૩. [illegible]

અરથ.

ઉપલો સવાલ કરવાથી હોરમજદે જરતોશતને જવાબ દીધો, કે અએ સપેતમાનનાં જરતોશત ! તે મારા નામોછે.

(૩) [illegible]

હોરમજદ યશત ૯.

અરથ.

અએ જરતોશત ! તું મહને (ઉપલા માહરા નામોને) રાત અને દાહડો પનજશનેનાં જોરોથી પઢ, કે જેથી હું જે હોરમજદ છેઉં, તે તાહરી મદદ અને ખુશીએ પોહચસ; (તેમજ) પાસબાનીનો કરનાર અને ભલો સરોશબી તાહરી મદદે અને ખુશહાલીએ પોહચશે; (એજ મીસાલે) પાણી, ઓરૂવર અને અશો લોકોનાં ફરોહર પણ તાહરી મદદ અને ખુશીને સારૂં પોહચશે.

(૪) [illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
હોરમજદ યશત ૧૬, ૧૭, ૧૮, ૧૯. [illegible]

અરથ.

ઓ સપેતમાન જરતોશત ! શરીર ધરાવનારી દુનીઆની અંદર જે કોઇ મારો (બંદા) આએ (માહરા) નામોને રાત અને દાહાડો, બેસતાં અને ઉઠતાં, કપડાં પેહરતાં અને છોડતાં, જગા, ગામ અને દેશથી બાહર જતાં અને આવતાં પડશે; તો તે નરને તે રાત અને દાહડામાં દરવંદનો હેરામ કે મીનોદરૂજ ઈજા પોહચાડી શકશે નહી, નહી તો તેને તે રાત અને દાહડમાં સાહમણેથી ફેંકાતી આંકરાંઓ, ગોફનો, તીરો, તલવારો, ગરૂજો અને પથરો દુખ દઇ શકશે કેમકે આએ નામોનું પડવું તે નરને એક મોટો ટેકો અને કીલલો થઇ પડેછે, તેથી એવા (પડનારા) નરો મીનોદરૂજથી, કીના ભરેલી દેવોથી, નુકસાન કરનાર બદકારથી, પુર આજાર ભરેલો દરવંદ, કે જે અંગરેમીનોછે, તો

નાથી બચેછે, (આએ માહરાં નાંમો) તે પઢનારનો બંચાવ, જેમ એક માણસનું એક હજાર માણસ રખશણ કરે, તેમ કરેછે.

(૫) کل أمر ذی بال لم يبدء فيه باسم الله فهو أبتر

અરથ.

અકલ ધરાવનાર (ગેહલા સીવાએ) માણસનું કોઈબી કામ, કે જેની શરૂઆતમાં બીસમલ્લાહ નહી હોયતો, પછે તે કામ વધારે રદ બાતલછે, (એમ શાહમજવું).

(૬) حکایت در اخلاق پیغمبران

شنیدم که یک هفته ابن السبیل — نیامد بمهمان سرای خلیل
ز فرخنده خوئ نخوردی پگاه — مگر بینوائ در آید ز راه
برون رفت و هرجانبی بنگرید — بر اطراف وادی نگه کرد ودید
به تنها یکی در بیابان چو بید — سرومویش از برف پیری سفید
بدلداریش مرحبائ بگفت — برسم کریمان صلائ بگفت
که ای چشمهای مرا مردمک — یکی مردمي کن بنان و نمک
نعم گفت و برجست و برداشت کام — که دانست خلقش علیه السلام
رقیبان مهمانسرای خلیل — بعزت نشاندند پیر ذلیل
بفرمود و ترتیب کردند خوان — نشستند بر هر طرف همگنان
چو بسم الله آغاز کردند جمع — نیامد ز پیرش حدیثي بسمع
چنین گفتش ای پیر دیرینه روز — چو پیران نمي بینمت صدق و سوز
نه شرط است وقتیکه روزی خوری — که نام خداوند روزی بری
بگفتا نگیرم طریقت بداست — که بشنیدم از پیر آذر پرست
بدانست پیغمبر نیک فال — که گبر است پیر تبه بوده حال
بخواری براندش چو بیگانه دید — که منکر بود پیش پاکان پلید

બોસ્તાન કીતાબનો બાબ ૨ જો, હેકાયત ૪ થી.

અરથ.

મેં સાંભલીઉંછે, કે ઇબરાહીમ પેગમબર જાંહસુધી કોઇબી ગરીબ મુસાફર તેનાં ઘરમા આવી ખાનાંનાં સફરા ઉપર જમવાને શામેલ નહી થતો હતો, તાંહસુધી તે પોતાની ભલી ખાસીએત પરમાંણે નાશતાનું ખાંનું નહી ખાતો હતો. એક વખત એવો સંજોગ બનીઓ કે તેનાં

ખાના ઉપર એક હફતા સુધી કોઇ ગરીબ મુસાફર આવીઓ નહી, જેથી તે એવા શખસની સોધને સારૂં ઘરમાંથી બાહેર નીકલીઓ અને હરતરફ તેવા શખસની સોધ કીધી, એવામાં તેણે એક ર્ખુણાની એક બાજુએ એક બુઢા મરદને બેહેલો જોયો, જેનો ચેહરો અને બાલ તેના બરફની ખાસીએતવાલા (પાણી બરફનાં આકારમાં આવે એટલી હદની સરદીવાલા) બુઢાપાથી સફેદ થઈ ગીઆ હતા અને જે એખલો બેસીને નેતરના ઝાડની મીસાલે ધુજતો હતો. ઇબરાહીમ તેની નજદીક જઈને પુરતા પેયાર સાથે બોલીઓ, કે મારાં મોટાં ભાયેગ કે તમો જેવાનું મલવું થયું; એમ આદરમાનનાં શબદો સાથે સખી લોકોની રીત પરમાંણે તેને ઇબરાહીમે જમવાનું ઇજન કીધું અને એ જરખાહીથી બોલીઓ, કે ઓ માહરી આંખની કીકીની મીસાલનાં પેયારા પીર મરદ ! તું આજનો દાહડો મારા નમક અને રોટી ઉપર શામેલ થવાની મેહરબાની કર. આવું પેયાર અને માન ભરેલું નોતરૂં સાંભલીને પેલા જઈફ મરદે એકદમ કબુલ કીધું, કેમકે તે ઇબરાહીમની આવી નેક ચાલને સારીપઠે જાણતો હતો અને તે તાંહાંથી મોટી ખુશી સાથે ઉઠીને તેની સાથે ચાલતો થયો. ઇબરાહીમનાં ઘરનાં ખેદમતગારોએ પેલા રાંક પીર મરદને આબરૂ સાથે બેસાડીઓ. હવે જેયારે ઇબરાહીમનાં ફરમાવાથી ખાનાનો સફરો તઈઆર કીધો અને ઇબરાહીમ પોતાના કબીલા સાથે પીર મરદને લઈને ખાનાં ઉપર બેહો તથા સરવ લોકો 'બીસ્મલ્લાહ' (બનામે યજદ) ભણીઆ તેયારે પેલો જઈફ મરદ કંઇ ભણીઓ નહી, જે જોઈ ઇબરાહીમે પીર મરદને ગોસસાથી કહીઉં, કે ઓ જઈફ ! તાહારાંમાં જઈફોની મીસાલનો ખોદા તરફનો પેયાર અને દીલસોજી હું જોતો નથી. શું ખાના જેવી નેયામતની વખતે તું પોતાના રજક પોહચાડનાર ખોદા તાલાનું નામ લે, એ તુંને ઘટારત નથી ? પીર મરદે જવાબ દીધો, કે હું તાહરા એવા બદ તરીકાને કબુલ રાખતો નથી, કેમકે એવા તાહરા બદ રસમ વીશે મેં મારા જરતોશતી દીનનાં દસતુરથી સાંભલીઉંછે. જેયારે નેક જાતનાં ઇબરાહીમે પેગંબરે જાણીઉં, કે આએ માકી અવસથા વાલો બુઢોતો જરતોશતીછે અને એતો આપણાથી અને આપણા ખોદાથી બેગાનો (કાફર) છે, તેયારે ગોસસાથી બોલીઓ, કે એવો નાપાક મરદ હમો પાક લોકોનો નજદીક નહી જોયે. એમ

કહીને પેલા પીર મરદને ખાના ઉપરથી ધીકકાર સાથે ઉઠાડીને કાહડી મુકીઓ.

(૭) [illegible]

હોરમજદ યશત ૨૬.

અરથ.

અશો જરતોશત ! મારી અકલ અને દાનાઇ, કે જેનાંથી પરથમ દુનીઆ બની હતી, બનેછે અને સેવટ સુધી બનશે, તેની મારફતે તં દરોસતી, કે જે હજારઘણી બલકે દશ હજાર ઘણી (કીમતી નેયામત) છે અને જે કેમ અને કેહવી રોતે બનેછે, તેને તું જાણ.

(૮) [illegible]

યજશનેના હા ૧૯ માનો ૧૦.

અરથ.

(મેં ઘણા સખુનો કહયાછે) તેમાના સરવથી સરસ આએ સખુન (યથા અહુવેરીઓનાં તરણ ભાગો) છે, જેઓને સારૂં હું (હોરમજદ) પરથમથી પુછતો આવીઓ છેઉં, પુછું છેઉં અને સદા પુછતો રેહશ.

(૯) [illegible]

યજશનેના હા ૧ લાનો ૧૦.

અરથ.

જે (હોરમજદે) આપણુને પેદા કીધાછે, જેણે આપણો ઘાટઘટમ ઘડીઓછે, જે આપણું (શરવ) પુરૂં પાડેછે અને જે શાહેબ કોઇને

પણ જાણ કીધા વગર (દુનીઆઓની ઉતપતીનો) અતીઘણો વરધી કરનારછે.

(૧૦) [illegible]

[illegible]

વીસપરદના હા ૨ જાનો ૪.

અરથ.

તું સરદાર હોરમજદ, કે જે છુપી પેદાએશોમાં (યજદ અમશાસપંદોને) બી છુપોછે, તેને હું યજશને કરવાથી ચાહું છેઉં.

(૧૧) જુઓ અંક ૩ જો.

(૧૨) [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

યજશનેના હા ૧ લાનો ૧.

અરથ.

પેદાનાં કરનાર હોરમજદને, કે જે નુરમંદ, અજમત ભરેલો, સરવથી મોટો, સરવથી ભલો, સરવથી સરસ, (ઈનશાફના કાંમમાં) સરવથી સખત, અતીઘણા દાહપણવાલો, અતીઘણો નેકજાત, અતીઘણો અશો, ભલા મનવાલો, અને બોહલી ખુશીવાલો શાહેબછે; જેણે આપણને પેદા કીધાછે, જેણે આપણનો આકાર ઘડીઓછે, જે આપણું પુરૂં પાડેછે અને જે શાહેબ છુપી રીતે અતીઘણી વરધીનો કરનારછે, તે સાહેબને હમો અરજ કરો (આએ યજશનેની) ભેટ આપીએ છઈએ.

(૧૩) [illegible]

હોરમજદ યશત ૧૪. [illegible]

અરથ.

તમામનો નાશ કરનાર નામે હું છું અને તમામનો બનાવનાર નામે હું છું.

(૧૪) જુઓ અંક ૭ મો.

(૧૫) [illegible]

યજશનેનાં હા ૪૭ માનો ૨.

અરથ.

મજદ પોતાનાં દાહપણથીજ પવીતરાઈનો માલેકછે.

(૧૬) [illegible]

હોરમજદ યસત ૨૫. [illegible]

અરથ.

જરતોશત ! બેહમન, અરદીબેહશત, શેહરેવર, અસપંદાદ, ખોરદાદ અને અમેરદાદ (એ છ અમશાસપંદો) માહરા બનાવેલાછે જે ઓમાંના છેલલા બે ખોરદાદ અને અમેરદાદ અમશાસપંદો દુનીઆથી ગુજરી જનારા અશો લોકોને નેકીનો બદલો આપનારછે.

(૧૭) [illegible]

[illegible]

ફરવરદીન યશત ૮૨, ૮૩, ૮૪.

અરથ.

અમશાસપંદો, કે જેઓ નુર ભરેલા, અસરકારક આંખવાલા, બુજોરગ, મદદ કરનાર, જોરાવર, અને હોરમજદી દીન રાખનારાછે; જેઓ અમરગ અને અશોછે, જેઓ સાતે એકસરખા વીચારના, એકસરખી વાણીવાલા અને એકસરખી કરણીવાલાછે; જેઓ છે મલતા વીચારવાલા, મલતા વચણવાલા, અને મલતી કરણીવાલા; જેઓનો એકસરખી રીતે માલેક અને હોકમ કરનાર પેદાનો કરનાર હોરમજદછે; જેઓમાના દરેક નેક વીચારોમાં યાદ કરતાં, નેક વાણીઓમાં યાદ કરતાં, નેક કરણીઓમાં યાદ કરતાં અને ગરોથમાનને યાદ કરતાં એક બીજાનાં રવાનને આરપાર જોઈ શકેછે અને જેઓનાં ઠીરીઆની તરફ ઉડીને આવવાનાં રશતાઓ રોશનો ભરેલાછે, તેઆની ફરવશીને.

(૧૮) جسم نورانی نیشکل باشکال مختلفه

અરથ.

(ફરેશતાને) નુરનુ તનછે અને તે (મરજી ચાહે તેવો) એક એકથી ઉલટી શીકલોમાં આકાર લેછે.

(૧૯) [illegible]

[illegible]

વેસ્પરદગારડનાં પુસ્તકના સફા ૭૩ નો ૨.

અરથ.

મીનો યજદો, કે જેઓ દુનીઆને ભલાઈ આપનારા અને અશો પેદા કીધેલાછે, તેઓ તાહરા ઈંજાયલા થાય.

(૨૦) [illegible]

યજશનેના હા ૬૮ માનો ૧૧. [illegible]

અરથ.

પુર સુખાકારીવાલું, રોશન અને અશો લોકોનું મકાન બેહશતછે, તે તેવા શખસને સારૂંછે.

(૨૧) [illegible]

[illegible]

વંદીદાદ ૧૯ મીનો ૩૨. [illegible]

અરથ.

ગરૂથમાન, કે જે હોરમજદ, અમશાસપંદો અને બીજા અશો લોકોનું મકાનછે, તે તરફ (તે અશોનું રવાન) જાએછે.

(૨૨) [illegible]

* * [illegible]

[illegible] * * [illegible]

[illegible]

યજશનેના હા ૪૪ માનો ૩, ૪.

અરથ.

સીતારા અને આફતાબને તેઓના મારગમાં કોણે ચાલતા કીધા ? તું (હોરમજદ) સીવાએ એવો બીજો કોણછે ? કે જેનાથી માહતાબ

(રોશનીમાં) વધી અને ઘટી શકે * * જમીનને અતરંગ પકડી રાખનાર કોણ છે ? * * કોણ પાણી અને ઓરવરને ધરી રાખના રછે ? અને એવો કોણછે, કે જે પવનની સાથે વાદલાંઓને જડપથી દોડતાં જોડેછે ?

(૨૩) [illegible]

યજશનેના હા ૩૭ નો ૧.

અરથ.

આએ જગાએ (નેઆમત ખાનું ખાતી વખતે અને પાણી પીતી વખતે) હમો હોરમજદને (આએ ટુક બંદગીની) ભેટ આપીએ છેઈએ; કે જેણે (હમારે સારૂં) ગોસપંદો અને અનાજ પેદા કીધાંછે, પાણી અને ખાવા લાયેક ફલ ફુલવાલાં ઝાડો પેદા કીધાંછે, રોશની, પરથવી અને (તેની ઉપરની) શઘલી નેઆમતો પેદા કીધીછે.

(૨૪) [illegible]

યજશનેના હા ૫૧ નો ૮.

અરથ.

ઓ મજદા ! તાહરાં ફરમાનો, કે જે ખચીત બુરા લોકોને શારૂ દુખ ભરેલાં અને ભલાઓને શારૂ શુખ ભરેલાંછે, તેને માણશો પોતાના ગનેઆનમાં વધારો કરવાને અરથે યાદ કરીઆ કરે.

(૨૫) [illegible]

યજશનેના હા ૪૬ નો ૧૫.

અરથ.

કેમકે તમો (હેચદસપની ઓલાદવાલાઓ) સાચાને જુઠાથી જુદું પાડી (પીછાની) શકોછેઓ.

(૨૬) [illegible]

યજશનેનો હા ૧૬ માનો ૮.

[illegible]

અરથ.

આએ શુશ અને ષરીતી શાહમને થવા, નાશ કરવા અને હાંકી કાહડવાને શારૂ તથા જુડી શહમજાવટ કરનાર ગુનેહગાર શખસ અને પુરતી શજાને લાયેકના જુલમગાર માણશાની શાહમને દુખ પોહચાડવાને શારૂ દેવ (બદ હવશ) થી ઉતપન થતા લોભના બે હરીફોઃ— વેહતા પાણીની મીઠાશ અને વરધી પામતા જાહાડોની તરાવતને હમો ચાહીએ છઇએ.

(૨૭) [illegible]

હોરમજદ યશત ૨૮.

[illegible]

અરથ.

તમો (માણસો) ભલી તાબેદારીની મદદથી તેઓ (દેવો યાને બદ હવસો) નાં પોહચતાં દુખને (જડએખથી) કાપી નાખો, તેઓની અકલને ચોમેરથી ધાંકી નાખો, તેઓનાં બેહુ હાથોને બાંધો, તેઓનાં બેહુ પગો બાંજે અને તેઓ ઉપર ફાંદાઓ નાખી ચોમેરથી શીકલી નાખો.

(૨૮) [illegible]
હોરમજદ યશત ૨૮.

અરથ.

એ મજદ, શું અશો નર પાપીને મારી શકેછે ! (હોરમજદ જવાબ દેછે, કે હા) અશો નર પાપીને મારેછે, એટલુંજ નહી, પણ જુઠાનેબી મારેછે.

(૨૯) [illegible]
યજશનેનાં હા ૨૯ નો ૭.

અરથ.

કોણ એવો તાહરો બંદોછે, કે જે (પોતાની) અકલથી આએબે (ખાશીએતવાલી તાહરી બનાવેલી માંથરેવાણી) ને માણસોને હમેશ શુધી આપે, યાને શીખવે.

(૩૦) [illegible]
યજશનેનાં હા ૨૯ નો ૮.

અરથ.

મહને આએ સપેતમાનનો જરતોશતજ માતર એખલો * મલીઓછે, કે જેણે માહરી શીખામણ શાંભલીછે.

(૩૧) [illegible]
આવાં યશત ૮૮, ૮૯.

---

* અવસતાનાં આએ ફકરા ઊપરથી ખોલી રીતે માલમ પડેછે કે ખોદાએતાલાએ પોતાનો પેગમબર એકજ બનાવીઓછે અને પેગમબરીનાં જેવા જોખમ ભરેલા ઓહદા માતર એખલા સપેતમાનનાં જરતોશતનેજ બખશીઓછે, બીજા કોઇને પેગમબરી આપી નથી.

અરથ.

તે વખતે ખાશ્નેસ અરદુસુર બોલી, કે સાચા અને પવીતર સપીતમ ! (જરતોશત) હોરમજદે તુંને શરીર ધરાવનાર દુનીઆનો સરદાર બનાવીઓછે, યાને માણસોમાં તુને પેગમબરી બખશીછે.

(૩૨) [illegible]

યજશનેનાં હા ૨૮ નો ૫. [illegible]

અરથ.

જાંહાં સુધી માહરામાં શકતીછે અને જાંહાં સુધી હું શકતીવાન રેહશ તાંહાં સુધી પવીતરાઈની ખાહેશ (દીન) તરફ (લોકોને ચાલતાં) હું શીખવશ.

(૩૩) [illegible]

[illegible]

[illegible]

[illegible]

ફરવરદીન યશત ૯૧. [illegible]

અરથ.

જે (જરતોશત) ની ઉપર તમામ માંથરેવાણી અને પવીતરાઇનાં સખુનો (હોરમજદથી કહી) સંભલાવીઆમાં આવીઆ હતા, જે દીન અને દુનીઆનો સરદાર (પેગમબર) હતો, જે સચાઇ કે જે, અતી ઘણી મોટી. સરસ અને ઉતમછે, તેની સતુતી કરનાર હતો અને જે સાહેબ કે સરવ દીનોમાં જે અતી ઉતમ દીનછે તેનો (માણસોને) શીખવનાર હતો.

(૩૪) [illegible]

[illegible]

[illegible]

યજશનેના હા ૭ નો ૨૧.

અરથ.

યજદનાં જેવો નામીંચા ખેતાબ ધરાવનાર જરતોશતની પવીતર ફરવશીને ખુશહાલ કરવાને સારૂં યજશને કરવા સાથે હોમ અને પરા હોમને હું ચાહું છેઉં.

(૩૫) [illegible]

ફરવરદીન યશત ૮૧.

અરથ.

જે (હોરમજદ) નો જાન સફેદ, રોશનીવાલી અને પવીતર માંથરે વાણીછે અને જે (માથરેવાણી) અમશાસપંદોનાં સોહામનાં, ખુબ સુરત અને ઉદીયોગી તનને બનાવેછે.

(૩૬) [illegible]

હોરમજદ યશત ૩૧.

અરથ.

માંથરેવાણીને (હમારી યાદદાસતમાં) અજબર કરી રાખવાને શારૂં હોરમજદી હોશ, યાદ કરી શીખવાને શારૂં હોરમજદી અકલ અને કહી શંભલાવા યાને ખલકના લોકોને શીખવવાને શારૂં હોરમજદી જબાનને હમો ચાહીએ છેઈએ.

(૩૭) [illegible]

હોરમજદ યશત ૪.

અરથ.

તે (માંથરેવાણી) તમામ હાદમંદ દુનીઆનાનાં જાનને અતીઘણો પાક કરનારછે.

(૩૮) [illegible]

સરોશ હાદોખ્ત ૩.

અરથ.

પવીતર માંથરેવાણી છુપા દરૂજને (બદ હવશને) અતીઘણો ન શાહાડનારછે.

(૩૯) [illegible]

રશને યશત ૨.

અરથ.

તેયારે હોરમજદે જવાબ દીધો, કે એ સાચા અને અશો સપીતમ (જરતોશત) ! તેં જે માંથરવાણી વીશે પુછીઉંછે, તે હું તુંને ખચીત કહી સંભલાઉં છેઉં. વરધીની કરનાર માંથરેવાણી તે છે, કે જે (મેં) બીજી પેદાએશો કરતાં પુર ખોરેહવાલી, અશોઇથી બનાવેલી, ઉમદા, વીખીઆત, તંદરોસતી આપનાર, નુરમંદ, શકતી ધરાવનારને ઉંચ દરજજાવાલીછે.

(૪૦) [illegible]

[illegible]
[illegible]
યજશનેના હા ૧૨ નો ૬. [illegible]

અરથ.

જરતોશતે અને હોરમજદે તમામ સવાલ જવાબોમાં અને તમામ બેઠકોમાં જે પુછપરછ કીધી, તે મધે જરતોશતે દેવની તાબેદારીને 'જે મીસાલે જે મીસાલે' ધીકારીછે, તેમજ હું પણ જે મજદયસનો જરતોશતી છેઉં, તે ખચીત દેવની ફરમાનબરદારીનો તીરસકાર કરૂં છેઉ.

(૪૧) [illegible]
[illegible]
યજશનેના હા ૩૬ નો ૧. [illegible]

અરથ.

એ ગેબી વરધીનાં કરનાર હોરમજદ ! આતશની ખેદમત બજાવી લાવા (આતશને કેબલો કરવા) ની મારફતે 'તુને તુને' હમો સરવ તરફથી પરથમ પોહચીએ.

(૪૨) [illegible]
યજશનેના હા ૧૨ નો ૧. [illegible]

અરથ.

હું દેવથી જુદો અને હોરમજદી દીનવાલો મજદયશની જરતોશતી દીન રાખનાર થવાને કબુલ કરૂં છું.

(૪૩) [illegible]
[illegible]
[illegible]
[illegible]
યજશનેના હા ૧૨ નો ૯. [illegible]

અરથ.

માજદયશની દીન, કે જે હોરમજદી જરતોશતીછે અને જે શકને દુર કરનાર, અથીઆર મુકાવનાર (શલાહ શંપજ વધારનાર) ઉદીયોગી કરનાર, અને રાસતછે અને જે, તમામ દીનો કે હાલમાછે અને હવે પછે થશે તે શરવેમાં અતીઘણી બોજોરગ, ભલી અને શરસછે, તે ઉપર હું ઈમાન લાઉછું.

(૪૪) [illegible]

યજશનેના હા ૨૨ નો ૨૫. [illegible]

અરથ.

ભલી માજદીએસની દીનનાં લાંબા વખત શુધીના અભીઆશને (હું શીખી તેને) અજબર રાખવાની (ખુશીને હું યજશનેની મારફતે ચાહુછું.)

(૪૫) [illegible]

યજશનેના હા ૨૮ નો ૬. [illegible]

અરથ.

અતીશે ફાએદેમંદ હોરમજદને વાસતે ભલુ મન, મરતબો અને તાબેદારીને હું જાણીતો થઇ, બુરા માણશોને હું આએ માંથરવટે કેયારે ઘણું શીખવશ; અને એ શચાઈ, હું તુંને કેયારે આવી મલશ.

(૪૬) [illegible]

વંદીદાદ ૧૯ મીનો ૭.

અરથ.

સપેતમાનના જરતોશતે તે (અંગરેમીનો) ને જવાબ દીધો કે (મારૂં) તન, જાન અને બુધી એક બીજાથી જુદાં પડે, તોબી હું ભલી માજદીએસની દીનને તોરસકાર કરનાર નથી.

(૪૭) [illegible]

યજશનેના હા ૨૮ નો ૧૧, ૧૨.

અરથ.

હોરમજદ ! તમો (તું) ખોરાક અને પેયાર ભરેલા શખુનો (બંદગી) ની હાજત વગરના છેઓ; અને જે લોકોને તું પવીતરાઇથી ભલા વીચારવાલી અને શાચી પેદાએશ જાણેછે, તેઓની તમામ મુરાદને તું બર લાવેછે એ હું (શારીપઠે) જાણું છેઉં; તેથી હું માહરા પોતામાં હમેશાં અશોઇ (શવાબનાં કામો કરવા) ને અને નેક વીચારને પકડી રાખશ.

(૪૮) [illegible]

યજશનેના હા ૧૨ માનો ૮.

અરથ.

નેક વીચારેલા મનને, ભલા બોલેલા વચણને અને ગુભ કીધેલા કામને હું એકરાર કરૂંછું.

(૪૯) [illegible]

યજશનેના હા ૧૧ માનો ૧૭. [illegible]

અરથ.

તમામ બદ વીચાર, બદ બોલવું અને બદ કામોને હું તજવું આપુછું.

(૫૦) [illegible]

[illegible]

વીસપરદના હા ૨૦ માનો ૨.

અરથ.

મારા તમામ બદ વીચાર, બદ બોલવું અને બદ કામોના પશતાવાને શારૂં.

(૫૧) [illegible]

[illegible]

વંદીદાદ ૧૩ મીનો ૩.

અરથ.

આવા (ગુનેહગાર) લોકોમાંથી જે કોઇ શખસ પોતાની હઇઆતીમાં પોતાના ગુનાહની તોબા કરી પાછો ફરતો નથી તેને ચીનવદ પુલ મલવો મુશકેલછે.

(૫૨) [illegible]

[illegible]

યજશનેનાં હા ૩૬ નો ૫.

અરથ.

ઓ હોરમજદ ! હમો હમારા તમામ ભલા વીચાર, વાણી અને કરણીથી તુને શર નમાવી બંદગી કરીએચ અને હમો પોતાને તાહરા કરજદાર શમજીએચ તથા તાહરી હજુરમાં પોહચીએચ.

(૫૩) [illegible]

યજશનેના હા ૩૧ નો ૮.

અરથ.

ઓ મજદ ! જાહેર રીતે ભલા વીચારનો પેદા કરનાર, પવીતરાઈ થી દુનીઆનો બનાવનાર અને (દરેક ઉતપતીને ઉતપન) કરવાના કામોમાં દુનીઆનો માલેક (તુંજ) છે, એમ જયારે મેં તુંને મારી એડુ આંખે જોયો, તેયારથી તુંજ દોલોજાનથી બંદગી કરવાને લાયેકછે, એમ મેં પરથમ વીચાર (મજબુત) બાંધીઓ.

(૫૪) [illegible]

યજશનેના હા ૨૮ નો ૫.

અરથ.

હોરમજદના કામોનાં બદલાઓની (કદર) જાણીને હું મારા રવાનને ભલા વીચારની મારફતે ગરૂથમાન આપું.

(૫૫) [illegible]

યજશનેના હા ૪૬ નો ૧૧.

અરથ.

જે લોકો સાંભલવાની શકતી હોવા છતાં દીનની નસીહેત નથી સાંભલતા અને જોવાની શકતી હોવા છતાં દીનનો મારગ નથી સોધતા તેઓ પોતાની બદ કરણીઓથી માણસનાં ઉપયોગમાં આવતી દુનીઆની ઉતપતીનો નાશ કરવાને સારૂ બુરી સતાને જોડેછે, જેથી તેઓનું પોતાનું રવાન અને તેઓની પોતાની કેરદાર ઘાટકી બનેછે, તેથી તેઓ જેવા ચીનવદ પુલ તરફ જાએછે તેવાજ તેઓ હમેશ સુધી દરૂજ નામ કાન (ઉંડાં દોજખમાં) તરફ નખાએછે.

(૫૬) [illegible]

વંદીદાદની ૧૯ મીનો ૨૯.

અરથ.

શું સવાબકાર કે શું ગુનેહગારને મજદનો પેદા કીધેલો પવીતર ચીનવદ પુલ, કે જે જમાનાની સાથે પેદા થએલોછે, તે (વચે) આવેછે.

(૫૭) [illegible]

યજશનેના હા ૬૮ નો ૧૧.

અરથ.

પુર સુખાકારી વાલું, રોશની ભરેલું અને અશો લોકો (નાં રવાનોનું રેહવા) નું મકાન, જે બેહશતછે, તે જેમ હું દુઆ માગું છેઉં તેમ તેને પોંહચો.

(૫૮) [illegible]

વીશતાસપ યશતનો ૩૩.

અરથ.

હોરમજદનું ગરૂથમાન, કે જે તમામ જવાહેરથી જડેલું અને સુંદર બનાવેલુંછે તેને.

(૫૯) જુઓ આંક ૧૬ મો.

(૬૦) જુઓ આંક ૫૪ મો.

(૬૧) [illegible]

ફરવરદીન યશત ૧૨૯.

અરથ.

જે (કયામત કરનાર શખસ) સોશીઓસ, બેહરામ અને અસતવત એરેત (એ તરણ) નામનો જનમશે, તેનું સોશીઓસ નામ એટલા વાસતે (આપવામાં આવીઉંછે) કે તે તમામ શરીર ધરાવનાર દુનીઆને (ગુનાહના કામો કરવાથી અટકાવાનો) ફાએદો કરશે; તેનું અસતવત એરેત નામ એટલા ઉપરથી (રાખવામાં આવીઉંછે) કે તે (ગુજરી ગીઅલાઓનાં) હાડ જીવતાં કરશે (યાને મુવેલાંને પાછા ઉઠારશે) અને (તેનું બેહરામ નામ એટલા વાસતે આપવામાં આવીઉંછે) કે તે શરીર ધરાવનારાઓનો નાશ (પાપી) કરનાર (હરેમન) ની શાહમને, બુરા તોખમવાલા દરૂજની શાહમને અને અશો લોકોને કચરી નાખંનાર દુખ (ગુનાહના કામો) ની શાહમને હરીફાઈ કરી લડશે, યાને માણસોને પાપના કામો કરવાથી બાદ રાખવામાં ફતેહમંદ થશે.

(૬૨) [illegible]

[illegible]
[illegible]

જમીઆદ યશત ૮૯. [illegible]

અરથ.

જે ખુરેહ ફતેહમંદ સોશીઓશને અને તેનાં હમકારીઓને મલી ઉં, જેથી જેયારે (સોશીઓસ) દુનીઆને તાજી, જઈફી વગરની, મોહત વગરની, નજીસાઈ વગરની, કોહાટ વગરની સદા જીવનાર, સદા (એક બીજાને) ફાએદો પોહચાડનાર અને મરજી પરમાણે રાજ ચલાવનાર કરશે તથા જેયારે ગુજરી ગોએલાં પાછાં ઉઠશે, તેયારે જીવતાઓને રોગ વગરની હાલત મલશે અને દુનીઆને (એક) નવી મુરાદ બખશશે.

(૬૩) [illegible]

[illegible]

નોશેરવાન આદેલનું પંદનામું. [illegible]

અરથ.

પરથમ દીન ઉપર ઈમાન લાવી તે ઉપર કાએમ રેહવું: (તે પ છે) તેને અખતીઆર કરી પુરતું માન આપવું અને તે દીનની મા રફતે (તેમાં ફરમાવીઆ મુજબ પોતાની કરણીને ચલાવીને બેહશતને) લાયેકનાં બનવું; પોતાનું ઈમાન અને મન ભલી માજદીયશની દીન ઉપર (ચોશત) રાખવાં અને (તે દીનની રેહનુમાઈથી) ફાયેદાને નુકશાનથી, ગુનાહને શવાબથી, ભલાઇને બુરાઈથી, રોશનીને અંધારા થી અને ખોદાપરસતીને દેવ (બુત) પરશતીથી (જુદાં પાડી ભલાં કા મોને) અખતીઆર કરવાં. ગુનાહના કામો કરવાથી દુર રેહવું અને શવાબનાં કામો કરવા ઉપર કોશેશ કરનાર થવું. દરેક શખ્સે પોતા ના દીલમાં દરરોજ (આએ પરમાણે વીચાર) કરવો, કે આજ રોજે મેં (પારકાના હકમાં) કયું ફાયદા ભરેલું અને કયું નુકશાન કરનાર, તેમજ (મારે પોતાને વાસતે) કયું સવાબને લગતું અને કયું ગુનાહ ને લગતું કામ (કીધુંછે) અને ભલા મારગ ઉપર કેટલો, અને બુરા મારગ ઉપર કેટલો હું ચાલીઓહું. તારે આએ બીનાં ખુબ ધેયાનમા રાખવી, કે આએ દુનીઆ તરણ પાંચ દાહાડા (એક પખવાડીઆં) નીબી નથી, એક દાહાડાનાં જેટલીછે. શદાતો તાંહાં (મીનોઈ જેહાંન માં) રેહવુંછે. (તાંહાં દરેક માણશનાં) સવાબ અને ગુનાહનો હે સાબ થનારછે (તાંહાં તારે પણ આપવો પડશે). વલી આએ પણ તારે ખુબ યાદ રાખવું, કે જે શખ્સનું સવાબ તેનાં ગુનાહનાં કામો કરતાંને વધારેછે, તેને પવીતર સરોશ હાથ પકડીને બેહશતમાં પોહચાડેછે: તે મજ જે શખ્સનું પાપ તેના સવાબનાં કામો કરતાં વધારે થશે, તેને 'વીજરશ' (નામનો) દેવ હાથ પકડીને દોજખમાં લઇ જાયેછે. પ છે તે વખતે તે પાપી શખ્સ ઘણાબી કાલાવાલા કે જારી કરશે, તો પણ તેના ઉપર દેવો (દયા લાવી) તેને બખશનાર નથી: તેમજ તે ગુને હગારનું રવાન ગમે એટલીબી માતમ કે પોકારનું કરશે, તોબી દેવો (તેના ઉપર મયા લાવી) તેનું શાંભલવાના નથી. ટુકમાં એવી વખ તે કોઈબી તાહરી મદદે આવનાર નથી. એવે વખતે તારી મદદે આ વાનો કુલે આધાર તારી પોતાની કરણી ઉપરજ રહયલોછે.

(૬૪) [illegible]

સરોશ હાદોખત યશતનો ૩.

અરથ.

માજદીએસની દીન તમામ ભલાઈઓમાં અને તમામ નેક તોખ મવાલી (ચીજો) માં અતીઘણા સાચા (પાયા) ઉપર રચેલીછે, તેમજ જરતોશતી દીન (બી) છે.

(૬૫) [illegible]

યજશનેના હા ૭૧ નો ૭, ૮.

અરથ.

હોરમજદનાં કહેલા તમામ વચનો (જરતોશતી દીન), જે મીસાને આગશ ચોતરફથી તપાસેલી, સાફ કીધેલી અને સુકી કાઢીને બા

ડી નાખેછે, ખાઇ જાએછે અને નાશ કરેછે; તે મીસાલે (નાનુસીના) તમામ બદ વીચાર, બદ વાણી અને બદ કરણીને અતીઘણા મારના રાછે; તમામ ભુંડી મનશની, ભુંડી ગવશની અને ભુંડી કુનશનીને ચોમેરથી કાપી નાખનારાછે; સઘલા બુરા વીચાર, બુરી વાણી અને બુરી કરણીને જડ મુળથી ઉખેરી નાખનારાછે અને જે વચનો જોરાવર, ફતેહમંદ, અજમતી ભરેલા અને શકતીવાનછે, તેઓ સરવને હું નમાન આપીએ છઇએ.

(૬૬) [illegible]

[illegible]

વંદીદાદ ૧૯ મીનો ૪૬, ૪૩, ૨, ૨, ૩, ૪૪, ૪૫, ૪૭.

અરથ.

(અશો જરતોશતનો જનમ થતાંજ અંગરેમીનો ભારી ગભરાટમાં પડી, ચોંકી ઉઠીઓ, કે) અરે ! અશો જરતોશત તો પોરોશસપનાં ઘરમાં (આખરે) જનમ પામીઓ ! હા ! એતોછે, દેવોનાં નાશનું (મુખી એ) અથીઆર, એતોછે, લુંડાઓનો (ભારે) હરીફ, એતોછે, જુઠું બોલનારાઓને (જબરદસતીથી) વાજબી મારગ ઉપર ચલાવનાર, એ તોછે, દેવોનાં પુંજારાઓને, દેવોથી ઉતપન થતી નજીસાતોને અને જુ

રા બોલાએલા વચનોને નીચે તોડી પાડનાર. (એ પરમાણે) પુર આ જાર ભરેલો દેવોના દેવ અંગરેમીનો (ભારી ગભરાટમાં પડી) એનીગમથી પેલીગમ અને પેલીગમથી એનીગમ બોલવા અને બબરવા લાગો તથા આ તરફથી પેલી તરફ અને પેલી તરફથી આ તરફ વીચારો કરવા લાગો. (તેને જોઈ તેના મુખીએ સેપેહસાલારો) ઈંદર, સારૂ, નાઓગેથય, તરરૂ, જર, ઘાટકી દીલનો હેશમ. અકતશ, બદ પેદાએશવાલી હીમ, માણસોને ઈજા પોહચાડનાર જરવ, * * બુત, દરવ, દવ, કસુ, પતી અને દેવોનો દેવ, એ સરવે દેવો અને દેવીઓ (મોટા ગભરાટમાં પડી) આ તરફથી પેલી તરફ અને એનીગમથી પેલીગમ બબરવા અને બકવા લાગાં, તથા એનીગમથી પેલીગમ (એકઠા મલી) વીચારો કરવા લાગાં, કે આપણે અશો જરતોશતનું મોહોત કેમ અને શી રાતે મેલવીએ ? એવાંમાં નાપેકારોનો નાપેકાર પુરતાં મોત ભરેલો અંગરેમીનો (ઉપલી મંડલીમાંથી એકાએક ઉઠીને) અવાખ્તર (દોજખ) ની તરફથી દોડતો બાહેર આવીઓ અને તે દેવોનો દેવ પુર આજાર ભરેલો અંગરેમીનો (ઉપલા ગભરાટ સાથે) આએ પરમાણે બોલીઓ, કે દરૂજ દેવ ! અશો જરતોશતની તરફ દોડ અને તેને જાનથી માર. (આએ હોકમ શાંભલીને) દરૂજ તથા બુરી નીશાટાવાલો અને માણસોને ઈજા પોહચાડનાર બુત દેવ જરતોશતની તરફ દોડી ફરી વલીઆ * * ઉપલા બુરા દેવો (અશો જરતોશતની તરફ પોહચતાંનેવાર) તેનાથી બીહુને (એક બાલનેબી ઈજા પોહચાડીઆ વગર ઉંચી પુછડીએ) પાછા નાઠા. દરૂજે (પાછો આવી ચીરડાઈ જઈને અંગરેમીનોને) જવાબ દીધો, કે ઓ આંધરા અંગરેમીનો, અશો જરતોશત એવાતો ખુરેહ વાલોછે. કે (તેનાં એવા અજમતી ખુરેહથી) હું તે સપીતમાન જરતોશતને સારૂં (કાઈબી ઉપાયે) મોત મેલવી શકતો નથી * * (આએ જવાબ સાંભલીને) બુરી વાકેફી ધરાવનાર પુર મોત ભરેલો અંગરેમીનો દેવ (ચીરડાઈ જઈને) આએ પરમાણે બોલીઓ, કે તમો (તમામ) બદીમાં માહેતગાર પાપી દેવો (જરતોશતને મારી નાખવા ગીઆ હતા તાંહાંથી આએ) અરજુર પાહાડના મથાલા ઉપર સાથે શું લાવી શકીઆ અને શું લાવીઆ ? (કંઈજ નહી, તનો ખાલી હાથે પાછા ફરીઆ ! અંગરેમીનોના આએ સખુનો સાંભલીને) તમામ બુરી માહીતી ધરાવનાર પાપી દેવો આ તરફથી પેલી તરફ (નો

ચી સુડી કરીને) દોડવા અને બમરવા લાગા તથા તેઓ સરવે રડવા અને બકવા લાગા. (સેવટે) તેઓ હસરત ભરેલી આંખે બોલવા લાગા, કે હમો અરજુર પાહાડનાં મથાલાં ઉપર આગ્એ (ખાલી હાથ) તો લાવીઆ છઈએ! (એમ કહી) તે તમામ બુરી નઈએત વાલાં નાપેકાર દેવો અને દેવીઓ દોડતાં અને બકબક કરતાં અંધારા અને ગંધાતા દોજખનાં ગારનાં તલીઆમાં (જઈ ઉંધે મસતકે પડીઆ).

(૬૭) [illegible]

આબાં યશત ૩૭, ૩૮.

અરથ.

તેણીને નરીમાનનાં કેરસાસપે 'પેસનેહ' નદીની પછાડી સો સારા ઘોડા, હજાર બલ અને દસ હજાર ગોસપંદો (ની ભેટ) સાથે ઈજી, પછે તેણીનીથી મુરાદ માગી, કે ઓ ભલી, અતીઘણો ફાયદો પોહચાડનાર અને ખાલેસ અરદવીસૂર! તું મહને આએ બખશેશ આપ, કે હું દરીઆને તલીએ બેઠી લાગેલા 'ગંદરવ' ને મારનાર થાઉં અને જે તરફ વોરકશ દરીઆનાં બે કીનારા જોડાયછે, તે તરફ બોહલી અને છેહો નહી આવે એવી ગોલ પરથવી ઉપર તે દરવંદ (ગંદરવ) નું ઘરછે, તાંહાં હું બાહદુરીથી વાહાણે જોઉં. તેણીએ તેને આએ મુરાદ બખશી.

(૬૮) [illegible]

જમીઆદ યશત ૪૩, ૪૫.

અરથ.

તે (સનાવીધક) આ પરમાણે પોતાનાં મનમાં વીચારતો હતો: કે "હજુરતો હું બચું છેઉં, હું પુર જવાનીમાં આવીઓ નથી: હું જો પુર જવાનીમાં પોંહચું, તો આસમાનને માહરી (લડવાની) રથ બનાઉં, જમીનને તેનું પઇડું કરૂં, રોશન ગરોથમાનમાંથી સપેનામીનોને નીચે ઘસડી લાઉં, ગંધાતા દોજખમાંથી અંગરેહ્મીનોને ઉપર ખેંચી કાહડું અને એ બેહુની (જોડી બનાવી) મારી રથમાં જોડું: પણ (એ સરવ કેયારે બને કે) જો મહને નરીમાનનો કેરસાસપ નહીં મારી નાખે"; પણ નરીમાનના કેરસાસપેતો તેને (અંતે) મારી નાખીઓ.

(૬૯) [illegible]

જમીઆદ યશત ૩૮.

અરથ.

તે (જમશેદનાં) ખુરેહને નરીમાનનાં કેરસાસપે મેલવીઉં, જે (કેરસાસપ) તમામ માણસોમાં જરતોશત શીવાએ અતીઘણો જોરાવર હતો.

(૧૮) [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

આંવાં યશત ૩૩, ૩૪, ૩૫.

અરથ.

તેણી (આંવાં અરદસૂર) ને આથવીઆનનાં ખાંદાન વાલા બાહાદુર અને ટોલા વાલા બેટા ફરેદુને ચોતરફી રશતા વાલા ગેલાન શેહરમાં શો સારા ઘોડા, હજાર ગાઓ અને દશ હજાર ગોસપંદો (ની ભેટ) સાથે યાદ કીધી, ત પછે તેણે તેણીનીથી આએ મુરાદ ચાહી, કે ઓ ભલી, અતીશે ફાયદો પોંહચાડનાર અને ખાલેસ અરદસૂર ! તું મહને આએ બખશેશ એનાયત કર, કે હું તરણ મોડાં વાલા, તરણ માથાં

વાલા, છ આંખ વાલા, હજાર [illegible] વાલા, પુર જોર વાલા, દેવની ખવાસ વાલા, જુઠા, પાપી અને દુનીઆને ખરાબ કરનાર અજદહાક, કે જેને અંગરેમૈન્યોએ અશોઈ વાલી દુનીઆને ખરાબી પોંહચાડવા સારૂં ઘણા જોર વાલા દરૂજની મીસાલે બનાવીઓ હતો, તેને મારનાર થાઉં; તેમજ પેલી બે ખુબસુરત અને દુનીઆની પેદાએશમાં અતીઘણા સરસ તન વાલી (જમશેદ પાદશાહની બેહેના) શેહેવાન (શેહેરનવાજ) અને અરનવાજ, કે જેઓ ઉંડામાં ઉંડા (મકાનને) તલીઆંક, તેણીઓને છોડવું. ખાલેસ અરદ્વીસુરે તે (ફરેદુન) ને આએ મુરાદ બખશી.

(૭૧) [illegible]

જમીઆદ યશત ૩૬.

અરથ.

તે (જમશેદનાં) ખુરેહને આતબીનનાં ખાનદાનનાં બાહાદુર અને ટોલા વાલા બેટા ફરેદુને મેલવીઉં, કે જે (ફરેદુન) જરતોશત શીવાએ ફતેહમંદ માણસોમાં સરવથી ફતેહમંદ હતો.

(૭૨) [illegible]

યજશનેનાં હા ૯ નો ૧૫.

અરથ.

ઓ જરતોશત ! (તારી) આગમજ, જે દેવો મરદના આકારમાં આએ જમીન ઉપર દોડતા હતા, તે સરવને તુંએ જમીનની અંદર

વુસેલા કીધા, જે (તું જરતોશત) બંધે મીનોની પેદાએશમાં ઘણોજ જોરાવર, ઘણોજ કુવતમંદ, ઘણોજ ઉદીઓગી, ઘણોજ જહડપ વાલો અને ઘણોજ દુશમનને મારનાર ફતેહમંદ હતો.

(૭૩) [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

ફરવરદીન ૯૩, ૯૪.

અરથ.

જે (જરતોશત) નાં જનમવા અને વધવામાં પાણી અને વનસ્પતી ખુશહાલ થયાં, જેની દાનાઈ અને બોલવામાં પાણી અને વનસપતી વધીઆં તથા જેના શીખવવા અને વાઅજ કરવામાં તમામ સપેના મીનોનાં તરીકા વાલી પેદાએશે મુબારકબાદીનો પોકાર ઉડાવીઓ, કે ધનછે આપણા! કે આપણે સારૂં સપેતમાનનાં જરતોશત જેવો અથોરનાન (બીજાઓને દીન શીખવનાર) જનમ પામીઓ; જે જરતોશત આપણે સારૂં કોરીઆ અને પાંથરેલાં બરસમ વડે ઈજવું (ખુશ કરવું) કરશે અને જેનાથી અતરે તમામ સાત ખતહો તરફ ભલી માજદીએસની દીન અને આબાદી ચોતરફ ફેલાશે.

(૭૪) [illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]
વંદીદાદ ૧૯ મીનો ૪૬.

અરથ.

અરે ! બદ નસીબ આપણા, કે પેરોશસ્પનાં ઘરનો પાક જરતોશ્ત જનમ પામીઓ. એનું મોત આપણે કેમ મેલવીએ ! એનો થશે દેવોનું મજબુત હથીઆર, એનો થશે દેવોનો ઉસતવાર હરીફ, એનો થશે જુઠાને સાચું બોલવાની ફરજ પાડનાર, અને એનો થશે દેવના પુંજારાને, દેવથી ઉતપન થતી નજીશાતને અને જુઠું બોલા એલી જુઠાઇને નીચે તોડી પાડનાર.

(૭૫) જુઓ અંક ૬૬ મો. [illegible]
[illegible]
જમીઆદ યશત ૭૯, ૮૦, ૮૧.

અરથ.

તે ખુરેહ લોકોને દીનનાં મત પરમાણે, દીનનાં વચન પરમાણે અને દીનનાં કામ પરમાણે ચલાવાને સારૂં અશો જરતોશતને મલીઉં, જેથી તે (જરતોશત) તમામ હાડમંદ દુનીઆમાં, અશોઈમાં, ઘણોજ અશોઈ રાખનાર, હોકમ ચલાવામાં ઘણીજ સારી શકતી ધરાવનાર, ખજાંનામાં સરવથી સરસ ખજાંનાનો માલેક, ખુરેહમા અતીઘણું ખુરેહ ધરાવનાર અને ફતેહમાં સરવથી ફતેહમંદ થયો. (એ પરમાણે) દેવો તે (જરતોશત) ને જોતાંને વાર તેની આગલથી નાહસી ગીઆ, તેને જોતાંને વાર (લોકોમાં વેહમથી ફેલાએલું) જાદુ ઉડી ગીઉં અને તેને જોતાંને વાર માણસોમાંથી (વહેમથી ભરાયેલા) જીનો દુર (પાછા નહી આવે એવા) ખેંચાઈ ગીઆ. જે જોઈ પેલા રડતા દેવો જબરદસતીથી વેહતાં આંસુઓ પાડવા લાગા. તેવામાં અશો જરતોશત * * એક હોતુવર ભણીઓ, જેથી તે તમામ દેવો નહી માન આપવા લાયક અને નહી વખાણ કરવા લાયેકનાં (થઈને) જમીનની અંદર ગરક થઇ ગીઆ.

(૭૯) [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

અશીશન યશત ૧૯, ૨૦.

અરથ.

જે (જરતોશતનાં લોકોને દીન) શીખવવામાં અને વાઅજ કરી સંભલાવામાં આએ જમીન કે જે પોહલી, ગોલ અને પાર કરવી મુશકેલછે, તે ઉપરથી અંગરેમીનો નાઠો અને (નાહસતાં નાહસતાં) તે બુરી બુધીવાલો અને પુરતાં દુખ ભરેલા અંગરેમીના આએ પરમાણે બોલવા લાગો, કે "(આજ રોજે) જેવો એક જરતોશત મારી મરજીને ઉલટો થઈ (મહને ચીરી નાખવાને સારૂં) આવી શકેછે, તેવા તમામ યજદો મારી મરજીની સાહમને થઈ મહને ચીરી શકીઆ નથી. તે (જરતોશત) મહને હોનુવર વડે (યથાહુ વેરીઓ ભણવાથી) કે જે આસમાનનાં કદ જેટલું મોટું હથીઆરછે, તે વડે મારેછે; તે મહને ઉતમમાં ઉતમ પવીતરાઈ વડે (અશેમવોહુ પઢવાથી) જેમ ભઠીમાં ધાતુને તાવે તેમ બાલેછે. એખલો સપેતમાનનો જરતોશતજ (એવો) છે, કે જે મહને આએ જમીન ઉપર (બદ મારગેથી પાછો ફેરવી) વધારે ભલો કરેછે અને તેમ મહને ચાલવાની ફરજ પાડેછે."

(૭૭) [illegible]
[illegible]
[illegible]
તીર યશત ૪૪. [illegible]

અરથ.

જે (જરતોશત) ને અંગરેમીનો મારી શકતો નથી; નથી તો તેને જીનોનાં જાદુગરો અને માણસોનાં જાદુગરો મારી શકતા; બલકે તમામ દેવો સાથે એકઠા મલીનેબી તે (અશો જરતોશત) ને મારી નાખવાને સારૂં હીમત ધરી શકતા નથી.

(૭૮) જુઓ આંક ૩૪ મો.

(૭૯) જુઓ આંક ૨૪ મો.

(૮૦) [illegible]
[illegible]
યજશનેના હા ૪૨ નો ૬.

અરથ.

હમો અથોરનાનોનાં આવવાને માન આપીએ છઇએ, જેઓ હમારા દેશોની અશોઇમાં વધારો ઇછતા દુરવેરથી આવેછે.

(૮૧) [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

વંદીદાદ ૪ થીનો ૪૪, ૪૫.

અરથ.

અને જો હીઆં હમદીન નરો માલ ચાહતા, ઓરત ચાહતા કે ગનેઆન ચાહતા ભાઇ અથવા દોસતની મારફતે આવે; જો તેઓ માલ ચાહતા આવે, તો તેઓ અતરે માલ મેલવે (તેવું તમે સીખવો ;) જો તેઓ ઓરત ચાહતા આવે, તો તેઓને તમે ઓરત પરણાવી આપો; જો તેઓ ગનેઆન ચાહતા આવે, તો તેઓને તમે પવીતર માંથરે શી

ખવો (તે એવી રીતે શીખવો કે) તે જવાન શખસ પોતાના ગનેઆનમાં વધારો કરવાને સારૂં અને અભીઆસને અજમ રીતે યાદ કરવાને સારૂં નમનતાઇ (ઉસતાદની તાબેદારી) થી, પવીતરાઇ (સફાઇ ભરેલા રેહવા) થી અને ભલું ચાહવાથી દીવસમા પેહલો અને પાછલો ભાગ તથા રાતમાં પેહલલો અને પાછલો ભાગ (અભીઆસ કરવાને સારૂં ઉસતાદની આગલ) બેશે તથા તે જવાન વીદીઆરથી દીવસમાં દાહડાઓનો મધીએ ભાગ અને રાતમાં રાતોનો મધીએ ભાગ સુવે. (એ પર માણે) તે અભીઆસીઓ જે હદ સુધી આગલા ઉસતાદો સીખી ગી આછે, તે હદ સુધી વીદીઆ તેહસીલ કરે.

(૮૨) [illegible]

ફરવરદીન યશત ૮૯. [illegible]

અરથ.

જે (જરતોશત) હાડમંદ પેદાએશનો પેહલલો હતો, જેણે અશોઇને વખાણી.

[illegible]

[illegible]

અશીશંગ યશત ૧૮. [illegible]

અરથ.

જે (જરતોશત) પેહલલો માણસ હતો, જેણે અતી ઉતમ અશોઇને વખાણી, જેણે હોરમજદને ઇજીઓ અને જેણે અમશાસપંદોને ઇજીઆ. †

(૮૩) [illegible]

[illegible]

[illegible]

† આએ ફકરા ઊપરથી માલમ પડેછે, કે માણસોમાંથી જેણે પેહલે પેહલા આદાતાલાની ખોદાઇ પીછાણીને તેની બંદગી કીધી, તે આપણો અશો જરતોશત પેગંબઅર હતો.

[illegible]

દાદસતાને દીની.

અરથ.

સતાવીશમો સવાલ એમ પુછવામાં આવીઓછે, કે સરોશની યજશની કરવાતું કારણ શું ? અને તરણ દાહડા સુધી સરોશની યજશ ને અને દરૂન ઈંજવાને ફરમાવેછે, કે (જરૂર) કરે, તેનો સબબ શું ? જવાબ આએ પરમાણે મલીઓ, કે જેયારે જાન અને રવાનને મીનોઇ

(તાઝુદીની) હાલતમાંથી અતરે આએ દુનીઆ તરફ આવવું થાએછે, તેયારે તેની ઉપર જનમ લેવાનું (તનની અંદર દાખલ થઈ પેદા થવાનું) દુખ આવી પહોંછે, જેથી તે ઘણું કમકુવત (અશકત) બનેછે. એથી તેની અતરે પરવરશી, ઉછારવું, ચાકરી કરવી, સંભાલ, પાસબાની, સારો આકાર આપવો (અવયવો સુધારવા) પુરતી શકતીવાલું કરવું, દુધ પાવું, આતશ (રોશન) રાખવો, અને તેની તપાશને સારૂં માણસોનું હાજર રેહવું, એટલી ચીજો તે (રવાન અને જાનનાં અતરે) કદમ મેલવા (જનમ લેવા) ની જગા આગલ (દીનમાં ફરમાવેલી મુદત સુધી) જાહુક રાખવાની જરૂરછે. એજ મીસાલે જેયારે તે જાન અને રવાન આએ તનની હાલતમાંથી જુદું પડી બાહેર જાએછે, (યાને માણુશ મરી જાએછે) તેયારે તેની ઉપર જાન ઉખરવા (Agony of death) નું દુખ આવી પહોંછે અને ઉપલા જનમ લેવાનાં વખતની મીસાલે પાછું કમકુવત થઈ અશકત બનેછે. એથી તે રવાનની પાસબાની, મદારત, અને મદદ કરવાની (જેમ તેના અતરે જનમ લેતી વખતે માણસોની જરૂર હતી, તેમ આએ દુનીઆંમાંથી પાછો જાન જતી વખતે) આએ દુનીઆને લગતા ફરેશતાઓમાંથી (કોઈનો મદદ પોહચવાની) વધારે જરૂર પહોંછે. તે ગુજરેલાં રવાનને મીનોઈ જેહાનમાં શકતી આપવાને સારૂં અને ખોદાએતાલાની બખ્શેશ મલવાને સારૂં જેમ મીનો નીરંગ (સરોશની યજશને) પુરતી મદદ કરનારછે, તેમજ તે (સરોશની) યજશનેમાં સારીપહે રોશન રાખેલો આતશબી મદદગારછે. આએ સબબથી તે ગુજરેલાં રવાનની પાસબાની, આસુદગી અને ઉધરભાવ કરવાને સારૂં (મરનારની નઈએતે સરોશની) યજશને, રોશન આતશ, (હરેક ચીજ) સાફ અને સફાઈ ભરેલી રાખવાની સંભાલ તથા દીનને લગતી બીજી કીરીઆઓ તરણ દાહડા સુધી જાહુક ચાલુ રાખવાને સારૂં (દીનની અંદર) ફરમાવેલુંછે. ઉપર પરમાણે (ની પાકીજગી અને પુરતી સંભાલે સરોશ) ની યજશને કરવાથી દાદારના હોકમ મુજબ પવીતર સરોશ યજદને દુનીઆના લોકો (માંથી ગુજરનારનાં રવાન) ની પાસબાની અને સંભાલ કરવાનો ધંધો થઈ પહોંછે. આએ કારણથી સરોશની યજશને કરવાની (આપણી ઉપર) એક તાકીદની ફરજ થઈછે. સરોશ ફરેશતો આએ દુનીઆની અંદર તરણ દાહડા અને તરણ રાત સુધી તે ગુજરે

લા રવાનની પાસબાની અને સંભાલ છુપી રીતે એટલા વાસતે (ઉપર પરમાણે સરોશ કરવાથી) કરેછે. અને એજ સબબથી સરોશ તે (રવાન) ને શકતી આપનાર થાએછે અને મદદે પોહચેછે. એટલા વાસતે (આપણી ઉપર) જરૂર સરોશ કરવાની ફરજ થઈછે. તરણ દાહડા અને તરણ રાત સુધી સરોશની યજશને ખસુસન કરવાને ફરમાવીઉં છે, તેનું મુખીએ કારણ એછે.

(૮૪) [illegible]

હાદોખ્ત યશતનો ૭, ૮, ૯, ૧૦ સફે ૨૯૬.

[illegible]

વંદીદાદ ૧૯ મીનો ૩૦.

અરથ.

તે અશો નરનું રવાન (પોતાના ગુજરવાની) તરીજે રાતે બામદાદની રોશનીઓની તરફ (ઉગમન દશા તરફ) શીતાબ જાએછે, અને તે જાહાહોની વચેથી સારી સુગંધી ખુશબો લેતું આગલ વધેછે. એવામાં દખ્ખશણ દશા તરફથી તથા દખ્ખશણ દશાની બધી બાજુએથી બીજા સારી સુગંધવાલા પવનો કરતાને ઘણો સારો ખુશબોદાર પવન તે અશો નરના રવાનની તરફ વારમવાર ફુંકતો વેહેછે, તે પવનને તે અશો મરદનું રવાન સુંગતું આગલ વધેછે (અને પોતાના મનમાં પુછે છે, કે) આએ ઘણીજ સારી ખુશબોવાલો પવન, કે જેને હું જાહુક સુંગતો આગલ ચાલું છેઉં, તે કાંહથી વેહછે ? એવામાં તે ખુશબોદાર પવનમાં ચાલતી તે અશો નરની પોતાની દીન (કેરદાર) એક ખુબસુરત પરણતી ઓરતનાં આકારમાં સોહામની, રાજ કરનારી, ફરાખ બાજુવાલી, હીમતવાન, સારા ઉછરભાવવાલી, પુરનજાકતવાલી, બુલંદ સીનાવાલી, વખાણવા લાયેક તનવાલી, સરવનાં જેવાં સીધાં કદવાલી, નુર ભરેલા ચેહરાવાલી, પંદર વરશની, પોતાના ઉછરભાવમાં એટલી બધીતો ખુબસુરત કે જેમ બીજી અતીઘણો ખુબસુરત પેદાએશનાં જેવી તે અશો મરદના રવાનની ઇસતકબાલે આવેછે. પછે તે અશોના રવાનને * * ચીનવદપુલ આસાનીથી પાર કરાવેછે.

(૮૫) [illegible]
[illegible]
[illegible]
વંદીદાદ ૧૯ મીનો ૩૧. [illegible]

અરથ.

બેહમન અમશાસપંદ પોતાના સુનેરી તખ્ત ઉપરથી ઉઠેછે અને તે અશો નરને કેહછે, કે એ અશો, તું પોતાની નાશ પામનાર દુનીઆથી આએ હમારી અમરગ દુનીઆ તરફ કેમ આવીઓ.

(૮૬) [illegible]

[illegible]

[illegible]

વંદીદાદ ૧૯ મીનો ૩૨.

અરથ.

અશોનાં રવાનો હોરમજદ અને અમશાસપંદોનાં (મકાન) તરફ, સુનેરી તખત તરફ અને ગરૂથમાન તરફ ખુશી ખુરરમી સાથે જાએછે.

(૮૭) [illegible]

[illegible]

વંદીદાદ ૧૯ મીનો ૩૨. [illegible]

અરથ.

(અશો લોકોના રવાનો) ગરૂથમાનની તરફ જાએછે, કે જે ગરૂથમાન હોરમજદનું, અમશાસપંદોનું અને બીજા અશો લોકોનાં રેહવાનું મકાનછે.

(૮૮) [illegible]

વંદીદાદ ૨ જીનો ૪૨. [illegible]

અરથ.

જરતોશત, અતરે (ફાની દુનીઆમાં) નેક કરણીનું કામ કરી લીધેલુંજ ભલુંછે.

(૮૯) [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]

ફ્રવરદીન યશત ૮૯, ૯૦. [illegible]

અરથ.

તે (જરતોશત માણસોમાં) પેહલો હતો, જે દેવો અને નહી સીખેલા માણસોનાં દોરનો છેડો લાવેઓ. આએ શરીર ધરાવનાર દુનીઆનો તે (જરતોશતજ) પેહલો હતો, જેણે અશોઈની વખાણ કીધી અને દેવોનો નાશ કીધો તથા જે માજદીયસની જરતોશતી દીનવાલો થવાને, દેવોથી જુદો પડવાને (બુતપરસતી તજવાને) અને હોરમજદી રાહ ઉપર ચાલનારો થવાને ઈમાન લાવીઓ. તે (જરતોશતજ) આએ તનોમંદ દુનીઆનો પેહલો ગણાયોછે, જેણે દેવથી જુદા પાડનાર અને હોરમજદી રાહ ઉપર ચલાવનાર સખુનો લોકોને શીખવીઆ. આએ હાડમંદ દુનીઆંનો તેજ પેહલો હતો, જેણે દેવથી જુદા પાડનાર અને હોરમજદી રાહ ઉપર ચલાવનાર સુખનો લોકોમાં વાઅજ કરી ફેલાવીઆ. જે (જરતોશત) આએ ફાની દુનીઆનો પેહલો હતો, જેણે તમામ દેવોની રાહ રસમ (બુતપરસતી વગેરે બદ રીતભાંતો) ને નહી પુંજવા લાયક અને નહી વખાણ કરવા લાયકની માણસોમાં કહી સંભલાવી.

(૯૦) [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]

આંવાં યશત ૧૦૮, ૧૦૯, ૧૧૦.

અરથ.

તે (આંવાં અરદ્વસુર) ને બુલંદ કએ ગુશતાસપે ફરજદાન નામની નદીની પછાડી શો સારા ઘોડા, હજાર ગાએ અને દશ હજાર ગોસપંદની ભેટ સાથે ઇંજી અને તેણીનીથી ઉમેદ ચાહી, કે એ ભલી, અતીશે ફાયદો પોહચાડનાર અને ખાલેસ અરદ્વસુર, તું મહને આએ ઉમેદ બખશ, કે હું આએ દુનીઆમાં લડાઇઓની અંદર બુરી દીન રાખનાર અને અંધકાર ભરેલા (બદીમા ગુમરાહ થએલા) પેશનને અને દેવોને પુજનાર (બુતપરસતી કરનાર) પાપી અરજાસપને મારનાર થાઉં. ખાલેસ અરદ્વસુરે આએ તેની માંગેલી મુરાદ બખશી.

[illegible]

આંવાં યશત ૬૮, ૬૯, ૭૦.

અરથ.

જાહરે જામાસપે દેવપુંજનારા દરવંદોનાં લશકરને લડાઇની સંફમા દુરથીઆવતું જોયું તેહારે તેણે તે (આંવાં અરદ્વસુર) ને શો સારા ઘોડા, હજાર ગાએ અને દશ હજાર ગોસપંદ સાથે ઇંજી અને તેણીનીથી

મુરાદ ચાહી, કે એ ભલી, અતી ફાએદો પોહચાડનાર અને ખાલેસ અરદુસુર, તું માહરી આએ દુઆ બખશ, કે જેમ "ઓજા તમામ એ રાનીઓ" (દેવ-બુત પુજનારાઓ ઉપર ફતેહ પામીઆછે) તેમ હું પણ ઉપલા બુતપરસતો ઉપર ફતેહ મેલવું. ખાલેસ અરદુસુરે તે (જામાસપ) ની આએ ચાહેલી મુરાદ બખશી.

(૯૧) [illegible]

હાદોખત યસત ૧૮.

અરથ.

ખાવા લાયેક ખોરાકોમાનો ખોરાક "જરમીઅ રોગન" નો * છે, તે ખોરાક નેક મનશનીવાલા, નેક વચનવાલા, નેક કરણીવાલા અને નેક દીન રાખનાર જવાનનોછે, જે તેના ગુજરવાપછે તેને (ગરોથમાનમાં) આપવામાં આવેછે. તેમજ ઘણી નેક વીચારવાલી, ઘણી નેક વચનવાલી, ઘણી નેક કરણીવાલી, ઘણી સારી પહે (દીન) શીખેલી, ખાવંદની ફરમાનબરદારી કરનારી અને અશો ઓરતને વાશતેબી તેના ગુજરવા પછે (ગરૂથમાનમાં) એજ ખોરાકછે. યાને જે પરમાણે અશો નરને બેહશત, ગરૂથમાન અને જરમીએ રોગનના સુખ ભોગવવાનો હક મેલવેછે, તેમજ અશો નારીનેબી સરવ હકો મલેછે.

* જરમીઅ રોગનનો અરથ 'વસંતરૂતુનું જોહર' એવો થાયેછે. બાહારની રૂતુમાં જેમ ઝાડોમાં નવો રસ કસ આવી ઝાડો ખીલેલાં રેહછે, તેમ ગુજરી જનારના અશો રવાનને મીનોઇ જેહાંનમાં નહી ખુટાપો આવે એવી બહારનાં જેવી ખીલતી હયાતી બખશવામાં આવેછે. એને આપણા લોકો અમરનું પયાલું કરીને કેહછે પાછલી કીતાબોમાં એને 'મીનોજરેમ, મેદીઓજરેમ, મેદીઓજરેમનું પેઆલું, આસેશીરીન અથવા ખુરશને ખાસતેહ' એટલા બોલોમાં લખેછે અને એને એક જાતનો શરાબ સહમજેછે.

(૯૨) [illegible]

ફરવરદીન યશ્ત ૧૩૯, ૧૪૦, ૧૪૧, ૧૪૨.

અરથ.

અશો હવોવ, પરીન, સરીત, પોરોચેસત,† હુતોસ, હોમાએ,
જર, ‡ વીસપ-તરવશ, ઉશતવત, તુશનમત, ઉસનેમહની ધણીઆણી
અશો પરીન, ફરાયજતનની ધણીઆની અશો પરીન, ખરોબરાસપનની
ધણીઆની અશો પરીન, ગયધાસતોર્ની ધણીઆની અશો પરીન, પ
રૂધાખશતીની ધણીઆની અશો અસબન, સતોથર વેહશતની ધણી
આની અશો ઉખશીયંત, § અશો કુમારી વધુત, અશો કુમારી જધરૂ

---

† પોરોચેસત સુધીના ચેઆર નામોનાં પેહલું નામ આપણા પેગમબર
સાહેબની ધણીઆનીનુ અને બાકીના તરણ નામો તેની બેટીઓનાછે.

‡ આએ તરણ નામોમાનું પેહલું નામ પાદશા ગુશતાસપની ધણીઆંનીનુ
અને બાકીના બે નામો તેની બેટીઓનાછે. શાહનામામાં એ બેહુ બેટીઆનું
વરણન આવેલુંછે; તેમા લખેછે, કે પાદશાહ ગુશતાસપે તુરાનનાં પાદશાહ અરજા
સપને લડાઇમા પેહલીવાર હરાવીને અસપંદીઆર ઊપર કંઇએક બાહને ગોસે થ
એઓ અને તેને કેદ કીધો, પછે પોતે બલખમાંથી જાબુલસતાનમાં જરતોશ
તી દીનનો ફેલાવો કરવાને ગીઓ. એ તક મેલવીને અરજાસપે પોતાનાં છોક
રાની સાથે મોટું લશકર લઇને બલખ ઊપર ધસારો કીધો, જાહાં તેણે ગુશતાસપ
ના બુધા બાપ લોહરાસપ પાદશાહને મારી નાખીઓ, મોબેદ અને દસતુરોની
મોટી કતલ કીધી, આતશબેહરામો ભાંજી નાંખાઆં, અવસતાને બાલી નાખી
આ અને પાદશાહ ગુશતાસપની ઊપલી બેહુ બેટીઓ હોમાએ અને જરને પો
તાની સાથે તુરાનમા કેદ પકડી લઇ ગીઓ. પાદશા ગુશતાસપને એ ખબર મ
લવાથી અસપંદીઆરને કેદમાંથી છોડી અરજાસપની શાથે લડવાને મોકલીઓ.
અસપંદીઆર અરજાસપને મારી પોતાની ઊપલી બેહુ બેહનોને કેદમાથી છોડવી
પોતાની સાથે ઇરાનમા પાછી લાવીઓ. શાહનામામાં એ શાહજાદીઓને હોમા
એ અને બેહઆફરીદ કરી લખેછે, પણ અવશતામાં હોમાએ અને જર નામો
લખેલાંછે. એ બેહું નામો આપણામા રાખવાની હજુર સુધી ચાલછે. પેહ
લાને આપણે હમાબાઇ, હમબાઇ, હમાએજી અને હમાએ તથા બીજાને આપણે
જરબાઇ, જરી અને જર એવે નામે બોલીએ છઇએ. એ જરબાનુ સુધીના
ઊપલાં સાત નામો અને તે પછેનાં બીજાં તરણ નામો મલી દશ અશો બાઇ
ઓના નામો તે વખતે સરવ લોકોને ઘણા જાણીતાં હતાં, તેથી તેઓની ઓલખ
તેમનાં ખાવંદ અથવા બાપથી આપી નથી. એ પછેના છ નામો તે વખતે
ઊપલી બાનુઓની મીસાલે ઘણા પરખીઆત નહી હશે, જેથી તેઓની ઓલખ
આપવાની જરૂર પડીછે, તેથી તેઓની ઓલખાણ તેમનાં બાપ સાથે નહીં, પણ
ખાવંદ સાથે આપી તેઓને આરાધેલીછે.

§ આએ પછેના અગીઆર નામોમાંથી તરણ નામ સીવાએ બધી અશો
બાઇઓની ઓલખાણ પરણવા વગરની એમ આપી આરાધેલીછે. એ ઊપ
રથી દેખાએછે, કે અવસતાનાં વખતમાં ગુજરેલી ઓરતોના નામની ઓલખ

ધ, અશો કુમારી ફરહાધ, અશો કુમારી રૂધયંત, અશો કુમારી પેસહ નવ, અશો હવરેધ, અશો હુચેહર, અશો કનુક, અશો કુમારી સરૂતત-ફેધર, અશો કુમારી વહુ-ફેધર, અશો કુમારી એરેદત-ફેધર કે જેણીને વીસપ-તરવરને નામેબી ઓલખેછે, તેના ફરોહરને હમો ઇંજીએ છેઇએ; યાને એ તમામ નેકબાનુઓના ફરોહરોને હમો આરાધીએ છઇએ.

(૮૩) [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

હોરમજદ યશત ૧૨, ૧૩, ૧૪, ૧૫.

બાપ સાથે આપી આરાધનાં નહી કરતા હતા; ઓરતોની ઓલખ તેનાં ખાવંદ સાથેજ આપવાનો ચાલ હતો, જેથી નહી પરણેલીને પરણવા વગરની એમ જણાવાની જરૂર પડીછે. એ અગીઆર નાંમોમાનાં બાકીના તરણ નામો ઊપલી દશ બાઇઓની મીસાલે તે વખતે લોકોમાં ઘણા જાણીતાં હશે, જેથી પરણવા વગરની અથવા ફલાનાની ધણીઆની એમ ઓલખાણ આપી નથી. અવસતાની શાહદત ઊપરથી જણાએછે, કે હાલમાં આપણા લોકોમાં ગુજરેલી બાઇઓનાં નામ તેનાં ખાવંદ હોવા છતાં તેના બાપ શાથે ભણવામાં લેછે, તે વાજબી નથી.

અરથ.

સરવનો રખશણ કરનાર, પેદા કરનાર, પાલનાર, જાણનાર, ખુબી રીતે વરધી કરનાર હું છેઉં, તંદોરસતી આપનાર નામે હું છેઉં, સરવનો માલેક નામે હું છેઉં, સરવ જાણનાર નામે હું છેઉં, અશો નામે હું છેઉં, પુરતું જોનાર નામે હું છેઉં, દુર અંદેશ નામે હું છેઉં, તપાસ રાખનાર નામે હું છેઉં, સરવ જગોએ ફેલાએલો (મોજુદ) નામે હું છેઉં, સખી નામે હું છેઉં, આપઅખતીઆર શેહનશાહ નામે હું છેઉં, નહી ઠગાનાર નામે હું છેઉં, દુખોને ટાલનાર નામે હું છેઉં, એકદમ આફતમાંથી બચાવનાર નામે હું છેઉં, તમામનો નાશ કરનાર નામે હું છેઉં, તમામનો ઘાટઘટમ ઘડનાર નામે હું છેઉં, તમામ નુર ભરેલો નામે હું છેઉં, કામોનુ સેવટ જાણનાર નામે હું છેઉં, કામોનો ફાયદો પોહચાડનાર નામે હું છેઉં, બાહદુર નામે હું છેઉં. અતીઘણો ફાયદો કરનાર નામે હું છેઉં, ઇનસાફી નામે હું છેઉં, નેક દાનાઈવાલો નામે હું છેઉં અને સરવ તરફ નેઆમતનો પોહચાડનાર નામે હું છેઉં.

(૯૪) [illegible]

[illegible]

[illegible]

[illegible]

યજશનેનાં હા ૫૦ નો ૮.

અરથ.

એ મજદ, મારા ભલા વીચારની ખુબીની મારફતે (મારા) બેહુ હાથ ઉંડાવીને તાહરી કીરીઆ સાથની પવીતર નેમાજ (બંદગી) કરતો અને ગાથાવાણી પઢતો તુંને સરવ તરફથી પોહચું છું.

(૯૫) જુઓ આંક ૫૩ માં.

(૯૬) [illegible]

[illegible]

[illegible]

[illegible]

યજશનેનાં હા ૩૯ નો ૪. [illegible]

અરથ.

એ હોરમજદ, બેહુ જેહાનમાં જે કંઇ ભલુંછે, તે જેમ તેંજ વીચારીઉંછે, કહીઉંછે, બખશીઉંછે અને કીધુંછે; તેમ હમો પોતાને તુને સોપીએ છઇએ, તેમ તારા ઉપર એતેકાદ રાખીએ છઇએ, તેમ તારી બંદગી કરીએ છઇએ, તેમ તારી હજુરમાં સર નમાવી સજદો કરીએ છઇએ અને તેમજ હમો પોતાને તારા એક કરજદાર શમજીએ છઇએ.

(૯૭) [illegible]

[illegible]

યજશનેનાં હા ૧૦ નો ૯. [illegible]

અરથ.

દાદાર હોરમજદે દીલોજાનથી બંદગી કરનારને અરદીબેહશતનાં કરતાંબી વધારે ઉતમ પેદાએશ કહીછે.

Harrnge